न्यायविशारद महामहोपाध्यायश्रीमद्यशोविजयजीविरचित

# द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् ।

## चतुर्थो भागः
(१५ थी २० बत्रीशी)


**પરિશીલન**

પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.



**આર્થિક સહકાર**

શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી, મહિધરપુરા, સુરત-૩.

यविशारद महामहोपाध्यायश्रीमद्यशोविजयजीविरचित

# त्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् ।

## चतुर्थो भागः [१५ थी २० बत्रीशी]

**પરિશીલન**

પૂ. પરમશાસનપ્રભાવક સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્ર સૂ.મ.સા.ના
લંકાર પૂ.સ્વ.આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્ર સૂ.મ.સા.ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ. અમરગુપ્ત સૂ.મ.સા.ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.


**પ્રકાશક**

અનેકાંત પ્રકાશન

**આર્થિક સહકાર**

શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી, મહિધરપુરા, સુરત-૩.

- પુસ્તક : द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् - चतुर्थो भागः
- આવૃત્તિ : દ્વિતીય, વિ.સં. ૨૦૭૪, મહાસુદ-આઠમ, તા. ૨૫-૦૧-૨૦૧૮, ગુરૂવાર
- નકલ : ૭૫૦
- મૂલ્ય : રૂા.૧૨૪૦/-(સેટના : ભાગ-૧ થી ૬)


**પ્રાપ્તિસ્થાન**


**મુકુંદભાઈ રમણલાલ શાહ**
૨૦૧, નવરત્ન એપાર્ટમેન્ટ, અન્નપૂર્ણા હોલની સામે,
નવા વિકાસગૃહ માર્ગ, પાલડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૭.
મો. ૯૯૦૯૪ ૩૧૩૬૨

**મુનીશભાઈ એસ. વખારિયા**
સી/૫૩, સર્વોદયનગર,
પાંજરાપોળ રોડ, **મુંબઈ**-૪૦૦ ૦૦૪.
મો. ૯૩૨૨૨ ૨૨૯૮૦

**જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયા શેરી,
મહીધરપુરા, **સુરત**-૩૯૫ ૦૦૩.
મો. ૯૮૭૯૫ ૪૫૮૮૦

**તનીલ એ. વોરા**
૪/૭૪, કૃષ્ણકુંજ, જુના પુલગેટ પાસે,
૨૩૯૨/૯૩, જનરલથીમૈયા રોડ, **પૂના**-૪૧૧ ૦૦૧.
મો. ૯૮૨૩૦ ૨૯૮૮૦

: મુદ્રક :

*Tejas Printers*
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road, Kalupur,
**AHMEDABAD**-380 001. • **(M) 98253 47620** • **PH. (O) (079) 22172271**


**સૂચના : આ પુસ્તક જ્ઞાનખાતાની રકમના ઉપયોગથી છપાયેલું હોવાથી તેની સંપૂર્ણ કિંમત અથવા યોગ્ય નકરો જ્ઞાનખાતામાં આપીને આ પુસ્તકનો ઉપયોગ કરવા શ્રાવકોને ભલામણ છે.**

# પરિશીલનની પૂર્વે

અનંતોપકારી શ્રી અરિહંત પરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ આ બત્રીશીમાં સમ્યગ્દૃષ્ટિ આત્માનું સ્વરૂપ વર્ણવ્યું છે. શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુદેવાદિની પૂજા : આ લિઙ્ગો દ્વારા થોડું વિસ્તારથી સમ્યગ્દૃષ્ટિ આત્માનું સ્વરૂપ વર્ણવીને તેમની કેટલીક બીજી વિશેષતાઓનું વર્ણન કર્યું છે.

બોધિસત્ત્વ, પરાર્થરસિકતા, બુદ્ધિમત્તા, માર્ગગામિતા, મહાન આશય, ગુણરાગ અને શ્રી તીર્થંકરનામકર્મના ઉપાર્જનનું કારણ શ્રેષ્ઠ સમ્યગ્દર્શન... વગેરે વિશેષતાઓને ધારણ કરનારા એ તારક આત્માઓ શિષ્ટ હોય છે.

અન્યદર્શનકારોની માન્યતા મુજબનું શિષ્ટત્વનું નિરૂપણ કઇ રીતે અસઙ્ગત છે, તે બત્રીશીના ઉત્તરાર્દ્ધથી જણાવ્યું છે. દાર્શનિક પરિભાષાને નહિ જાણનારા જિજ્ઞાસુઓને એ સમજવાનું ઘણું અઘરું છે. વિસ્તારથી વર્ણવેલી એ વાતનો સારાંશ એ છે કે જેમના અંશતઃ પણ રાગ, દ્વેષ અને મોહાદિ દોષો ક્ષય પામ્યા છે, તેઓ શિષ્ટ પુરુષો છે. માત્ર વેદને પ્રમાણ માનવાથી શિષ્ટત્વ આવતું નથી - એ વાત ખૂબ જ સ્પષ્ટ રીતે વર્ણવી છે. જેઓએ ગ્રહણશિક્ષા(માર્ગનું પરિજ્ઞાન) અને આસેવનશિક્ષા(માર્ગનું પરિશુદ્ધ આચરણ) પ્રાપ્ત કરી લીધી છે, તેવા જીવોને સામાન્ય રીતે શિષ્ટ કહેવાય છે. એમાં પ્રયોજક તરીકે ઉપર જણાવ્યા મુજબ અંશતઃ પણ દોષક્ષય છે.

મિથ્યાત્વમોહનીયકર્મના વિપાકને અનુભવનારા શિષ્ટ નથી. પરંતુ સમ્યગ્દૃષ્ટિ આત્માઓએ ગ્રંથિનો ભેદ કર્યો હોવાથી તેઓમાં જ શિષ્ટત્વ સઙ્ગત છે. અન્યદર્શનકારો જેને શિષ્ટ તરીકે વર્ણવી રહ્યા છે, તેમાં વાસ્તવિક રીતે શિષ્ટત્વ નથી. આ વાતનું વર્ણન કરવા માટે ગ્રંથકાર પરમર્ષિએ આ બત્રીશીના લગભગ પંદર-સોળ શ્લોકોની રચના કરી છે. એ જોતાં એમ જ લાગે કે આ બત્રીશીને સમ્યગ્દૃષ્ટિ બત્રીશીના બદલે શિષ્ટબત્રીશી વર્ણવવી જોઇએ.

સમ્યગ્દર્શન વિના શિષ્ટત્વ નથી : આ વાત સમજાવવાનો અહીં પૂરતો પ્રયત્ન કરાયો છે. આપણે ગમે તેને શિષ્ટ માની ના બેસીએ અને શિષ્ટને જ શિષ્ટ માનીએ - એ ખૂબ જ અગત્યનું છે. આજની પરિસ્થિતિ ખૂબ જ વિચિત્ર

છે. સમ્યગ્દર્શનાદિનો વિચાર કર્યા વિના ગમે તેને શિષ્ટ માની લેવાનું વલણ ખૂબ જ વધી ગયું છે. આવા સંયોગોમાં પૂ. ઉપાધ્યાયજી મ.નું માર્ગદર્શન સમયસરનું મહત્ત્વપૂર્ણ છે. દેવાધિદેવ શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા ગ્રંથકારશ્રીએ દર્શાવેલા માર્ગને સમજવા માટે વિશિષ્ટ પ્રજ્ઞા અપેક્ષિત છે. તેને પ્રાપ્ત કરવા માટે આવા ગ્રંથોનું અધ્યયન આવશ્યક બને છે.

આ બત્રીશીના અંતિમ ભાગમાં સમ્યક્શ્રુત અને મિથ્યા શ્રુતની વ્યાખ્યા કરી છે, જે નિરંતર સ્મરણીય છે. સમ્યગ્દષ્ટિથી પરિગૃહીત શ્રુત સમ્યક્ છે અને મિથ્યાદષ્ટિથી પરિગૃહીત શ્રુત મિથ્યા છે. શ્રુતને પણ સમ્યક્ કે મિથ્યા વર્ણવાય છે તે સમ્યગ્દર્શન અને તેના અભાવને લઈને વર્ણવાય છે. પ્રામાણિક પુરુષોની પ્રામાણિકતાનું પ્રયોજક સમ્યગ્દર્શન છે... ઈત્યાદિનું વર્ણન આ બત્રીશીમાં કરાયું છે. સમ્યગ્દષ્ટિ આત્માઓની અનેકવિધ વિશેષતાઓમાંથી ખૂબ જ થોડી વિશેષતાનું અહીં વિસ્તારથી વર્ણન કર્યું છે. એના વાંચનાદિથી આપણે નિર્મળ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક અભ્યર્થના...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

# अथ सम्यग्दृष्टिद्वात्रिंशिका प्रारभ्यते ।

अपुनर्बन्धकोत्तरं सम्यग्दृष्टिर्भवतीति तत्स्वरूपमाह–

આ પૂર્વે ચૌદમી બત્રીશીમાં અપુનર્બંધક આત્માના સ્વરૂપનું વર્ણન કર્યું. એ આત્માઓ જ કાલાંતરે સમ્યગ્દૃષ્ટિ થાય છે. તેથી હવે તેમના સ્વરૂપનું વર્ણન કરાય છે–

**लक्ष्यते ग्रन्थिभेदेन, सम्यग्दृष्टिः स्वतन्त्रतः ।**
**शुश्रूषाधर्मरागाभ्यां, गुरुदेवादिपूजया ॥१५-१॥**

लक्ष्यत इति–ग्रन्थिभेदेन अतितीव्ररागद्वेषपरिणामविदारणेन । स्वतन्त्रतः सिद्धान्तनीत्या । सम्यग्दृष्टि र्लक्ष्यते सम्यग्दर्शनपरिणामात्मनाऽप्रत्यक्षोऽप्यनुमीयते । शुश्रूषाधर्मरागाभ्यां तथा गुरुदेवादिपूजया त्रिभिरेतैर्लिङ्गैः । यदाह–"शुश्रूषा धर्मरागश्च गुरुदेवादिपूजनम् । यथाशक्ति विनिर्दिष्टं लिङ्गमस्य महात्मभिः ॥१॥" ॥१५-१॥

"શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુદેવની પૂજા - આ ત્રણ લિંગો દ્વારા આગમની નીતિથી ગ્રંથિભેદના કારણે સમ્યગ્દૃષ્ટિ આત્મા જણાય છે." - આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે. આશય એ છે કે અત્યંત તીવ્ર એવા રાગદ્વેષના પરિણામ સ્વરૂપ ગ્રંથિનો ભેદ કરવાથી આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. આગમમાં જણાવ્યા મુજબ સમ્યગ્દર્શનના પરિણામવાળા આત્માનું પ્રત્યક્ષ થતું ન હોવા છતાં શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુદેવની પૂજા : આ ત્રણ લિંગો દ્વારા સમ્યગ્દૃષ્ટિ આત્માનું અનુમાન કરી શકાય છે.

આ વાતને જણાવતાં યોગબિંદુ ગ્રંથમાં ફરમાવ્યું છે કે - શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુદેવાદિપૂજા આ ત્રણ લિંગો શક્તિ અનુસાર સમ્યગ્દૃષ્ટિ આત્માનાં હોય છે - એમ શાસ્ત્રકારોએ જણાવ્યું છે. 'યોગબિંદુ' ગ્રંથમાં (શ્લો.નં. ૨૫૩) જે જણાવ્યું છે તેનો આશય એ છે કે, સમ્યગ્દૃષ્ટિ આત્માનાં શુશ્રૂષાદિ ત્રણ લિંગો-અનુમાપક છે. તેઓ પોતાના સામર્થ્યને અનુરૂપ શુશ્રૂષાદિને ધરનારા છે. સદ્ધર્મ-પ્રતિપાદક શાસ્ત્રશ્રવણની ઇચ્છાને અહીં શુશ્રૂષા તરીકે વર્ણવી છે. માત્ર ઇચ્છા શુશ્રૂષા નથી, શ્રવણની ઇચ્છા શુશ્રૂષા નથી, શાસ્ત્રશ્રવણની ઇચ્છા શુશ્રૂષા નથી અને ધર્મપ્રતિપાદક શાસ્ત્રશ્રવણની ઇચ્છા પણ શુશ્રૂષા નથી; પરંતુ સદ્ધર્મ-

પ્રતિપાદક શાસ્ત્રશ્રવણની ઇચ્છા શુશ્રૂષા છે. તેવી શુશ્રૂષા જ સમ્યગ્દષ્ટિ આત્માના સમ્યગ્દર્શનને જણાવનારી છે. આથી આપણને આપણા સમ્યગ્દર્શનના પરિણામનો થોડો થોડો અણસાર લાવવો હોય તો આવી શકે છે.

ચારિત્રધર્મના અનુરાગને અહીં ધર્મરાગ તરીકે વર્ણવ્યો છે. માત્ર ધર્મ પ્રત્યેનો રાગ એ ધર્મરાગ નથી. માર્ગાનુસારી ધર્મ; સમ્યગ્દર્શન કે દેશવિરતિને અનુરૂપ ધર્મ પ્રત્યેનો રાગ પણ અહીં ધર્મરાગસ્વરૂપે વર્ણવ્યો નથી. પરંતુ ચારિત્રધર્મ પ્રત્યેનો જે અનુરાગ છે તેને ધર્મરાગ તરીકે વર્ણવ્યો છે. રાગનો રાગ અનુરાગ છે. રાગ અને અનુરાગમાં જે વિશેષ છે તે આપણે સમજી શકીએ છીએ. બાહ્ય ઇન્દ્રિયોથી દૂર થયેલા વિષયો પણ હૈયામાંથી દૂર થતા નથી. આવી અવસ્થા ખરેખર જ વિષયના અનુરાગની છે. ચારિત્રનો પણ આવો જ અનુરાગ સમ્યગ્દષ્ટિ આત્માને હોય છે. ચારિત્ર મળતું ન હોવા છતાં તેમના હૈયામાંથી તે(ચારિત્ર) ક્યારે પણ ખસતું નથી.

ધર્માચાર્ય, શ્રી જિનેશ્વરદેવ અને સાધર્મિક વગેરેની ઔચિત્યાદિપૂર્વકની જે અર્ચના છે તેને અહીં ગુરુદેવાદિપૂજા તરીકે વર્ણવી છે. સમ્યગ્દષ્ટિ આત્માઓ પોતાના સામર્થ્યને અનુરૂપ એ ત્રણેય લિંગોને સારી રીતે ધારણ કરતા હોય છે. તેમના સમ્યગ્દર્શનના પરિણામને જણાવનારાં શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુદેવાદિની પૂજા : આ ત્રણ લિંગો છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૧૫-૧॥

શુશ્રૂષાનું સ્વરૂપ વર્ણવાય છે–

**भोगिकिन्नरगेयादिविषयाधिक्यमीयुषी ।**
**शुश्रूषाऽस्य न सुप्तेशकथार्थविषयोपमा ॥१५-२॥**

भोगीति–भोगिनो यौवनवैदग्ध्यकान्तासन्निधानवतः कामिनः । किन्नरादीनां गायकविशेषाणां गेयादौ गीतवर्णपरिवर्ताभ्यासकथाकथनादौ विषयः श्रवणरसस्तस्मादाधिक्यमतिशयम् । ईयुषी प्राप्तवती । किन्नरगेयादिजिनोक्त्योर्हेत्वोस्तुच्छत्वमहत्त्वाभ्यामतिभेदोपलम्भाद् । अस्य सम्यग्दृष्टेः । शुश्रूषा भवति । न परं सुप्तेशस्य सुप्तनृपस्य कथार्थविषयः सम्मुग्धकथार्थश्रवणाभिप्रायलक्षणस्तदुपमा तत्सदृशी असम्बद्धतत्तद्ज्ञानलवफलायास्तस्या दौर्विदग्ध्यवीजत्वात् ॥१५-२॥

"ભોગી જનને, કિન્નરોએ ગાયેલા ગીત વગેરેને સાંભળવામાં જે રસ પડે છે, તેનાથી અત્યધિક રસવાળી આ (સમ્યગ્દષ્ટિ આત્માને ધર્મશ્રવણની ઇચ્છા) શુશ્રૂષા હોય છે. પરંતુ સૂતેલા રાજાની કથાશ્રવણની ઇચ્છા જેવી તે હોતી નથી. - આ પ્રમાણે બીજા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જે યુવાન છે, સંગીતકલામાં વિચક્ષણ છે અને મનોહર એવી સ્ત્રીના સાંનિધ્યવાળો ભોગી છે; તે અહીં ભોગી તરીકે વિવક્ષિત છે. સામાન્યથી બાળક કે વૃદ્ધ વગેરેને તેમ જ મૂર્ખ કે અજ્ઞાનીને અને દુઃખથી વ્યગ્ર માણસને, કિન્નરોનાં પણ ગીતગાનાદિમાં રસ પડતો નથી. તેથી અહીં ઉપર જણાવ્યા મુજબના ભોગીવિશેષનું ગ્રહણ કર્યું છે. આવા ભોગી જનોને પણ સામાન્ય કોટિના ગાયક વગેરેનાં ગીતગાનાદિમાં રસ પડતો નથી. તેથી અહીં ગાયકવિશેષ કિન્નરનું ગ્રહણ કર્યું છે. જન્મથી જ તેઓ સંગીતને વરેલા અને તેમાં રસિક હોય છે તેમના દ્વારા ગવાતા ગીતમાં, વર્ણપરિવર્ત્તના અભ્યાસમાં અને કથાકથનમાં જે સાંભળવાનો રસ છે, તેનાથી અત્યધિક રસ સદ્ધર્મશ્રવણમાં સમ્યગ્દષ્ટિ આત્માને હોય છે. આવા રસવાળી શુશ્રૂષા હોય છે. ગીતના વર્ણો સાંભળ્યા પછી તેનું પરાવર્ત્તન કરવું તેને પરાવર્ત્ત કહેવાય છે. વારંવારના પરાવર્ત્તનને અભ્યાસ કહેવાય છે. ગીતની કે તેના ગાનારની જે કથા કરાય છે તેને કથાકથન કહેવાય છે.

ભોગીના કિન્નરાદિગેયના શ્રવણ કરતાં સમ્યગ્દષ્ટિ આત્માના સદ્ધર્મશ્રવણનો રસ અત્યધિક હોવાથી બંન્નેની શુશ્રૂષામાં ઘણો જ ભેદ છે. ખરી રીતે આવો ભેદ પડવો ના જોઇએ. કારણ કે ભોગીને કિન્નરગાનમાં રસ છે અને સમ્યગ્દષ્ટિને સદ્ધર્મમાં રસ છે. વિષયભેદ હોવાથી રસભેદ થવાનું કોઇ કારણ નથી. પરંતુ કિન્નરગેય અને શ્રી જિનની ઉક્તિ (વચન), એ બંન્નેના હેતુમાં અનુક્રમે તુચ્છત્વ અને મહત્ત્વ હોવાથી શુશ્રૂષામાં ઘણો જ ફરક છે. કિન્નરનું ગીત ક્ષણિક શ્રવણેન્દ્રિયને સુખ આપનારું હોવાથી તુચ્છ (અલ્પસુખપ્રદ) છે. તદુપરાંત એ ગીતો; અશુચિથી પૂર્ણ એવા સ્ત્રી વગેરે તુચ્છ પદાર્થોનું વર્ણન કરતા હોવાથી તુચ્છ છે. તેથી તેની શુશ્રૂષા પણ તુચ્છ છે. શ્રી જિનેશ્વરદેવોના વચન સ્વરૂપ સદ્ધર્મ તો શાશ્વત સુખને આપનારો હોવાથી મહાન છે અને તે વચનો પરમપવિત્ર મોક્ષનું વર્ણન કરતા હોવાથી મહાન છે. તેથી તેની શુશ્રૂષા પણ મહાન છે. આ રીતે બંન્ને શુશ્રૂષામાં તુચ્છત્વ અને મહત્ત્વના કારણે ઘણું અંતર છે.

સમ્યગ્દષ્ટિ આત્માને સદ્ધર્મશ્રવણની જે ઇચ્છા હોય છે તે; સૂતેલા રાજાજીને કથા સાંભળવાની જે ઇચ્છા હોય છે તેના જેવી હોતી નથી. રાજાજીની તે ઇચ્છા અત્યંત મુગ્ધ જનની ઇચ્છા જેવી ઇચ્છા છે. કથાર્થશ્રવણનો અભિપ્રાય હોવા છતાં તે સંમુગ્ધજનોચિત છે. આવી ઇચ્છાથી કરેલા કથાર્થશ્રવણથી અસંબદ્ધ તે તે પદાર્થનું આંશિકજ્ઞાન થાય છે અને તેથી તે તે જ્ઞાનનો અંશ દોઢ ડહાપણનું કારણ બને છે. સમકિતી આત્માને એવી શુશ્રૂષા હોતી નથી. જેથી શ્રવણ દ્વારા પ્રાપ્ત થતો અગાધ બોધ વિદગ્ધતાનું બીજ બને છે. સંમુગ્ધપણે કથાર્થશ્રવણાભિપ્રાય રાજાજીનો હોવાથી એ શ્રવણાભિપ્રાય સુપ્તેશકથાર્થસંબંધી(વિષયવાળો) છે - એ સ્પષ્ટ છે. ॥૧૫-૨॥

ભોગી જનોની ગેયાદિશ્રવણની અપેક્ષાએ સદ્ધર્મશ્રવણની ઇચ્છામાં આધિક્ય કેમ છે - તે જણાવાય છે—

**अप्राप्ते भगवद्वाक्ये, धावत्यस्य मनो यथा ।**
**विशेषदर्शिनोऽर्थेषु, प्राप्तपूर्वेषु नो तथा ॥१५-३॥**

अप्राप्त इति-अस्य सम्यग्दृशः । अप्राप्ते पूर्वमश्रुते । भगवद्वाक्ये वीतरागवचने । यथा मनो धावति श्रोतुमनुपरतेच्छं भवति । तथा विशेषदर्शिनः सतः । प्राप्तपूर्वेष्वर्थेषु धनकुटुम्बादिषु । न धावति । विशेषदर्शनेनापूर्वत्वभ्रमस्य दोषस्य चोच्छेदात् ॥१५-३॥

"ભગવાન શ્રી જિનેશ્વરદેવોનાં પૂર્વે નહિ સાંભળેલાં એવાં વાક્યોને વિશે સમ્યગ્દષ્ટિનું મન જેવું દોડે છે, તેવું વિશેષદર્શી એવા તેનું મન પૂર્વે પ્રાપ્ત કરેલા (પરિચિત) પદાર્થોમાં દોડતું નથી." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે સમ્યગ્દષ્ટિ આત્માએ આ પૂર્વે શ્રી વીતરાગપરમાત્માનાં પરમતારક વચનોનું શ્રવણ કર્યું ન હતું તેથી તે ભગવદ્વચનો અશ્રુતપૂર્વ હોવાથી અપ્રાપ્ત છે. અપ્રાપ્ત એવા ભગવદ્વચનો હોતે છતે તે વચનોને સાંભળવા માટે સમ્યગ્દષ્ટિ આત્માનું મન દોડે છે. અર્થાત્ એ વચનને સાંભળવાની ઇચ્છા વિરામ પામતી નથી. સતત ભગવદ્વચનના પુણ્યશ્રવણમાં મન ઉત્કંઠાવાળું બની રહે છે.

આનાથી તદ્દન વિપરીત પૂર્વે પ્રાપ્ત પદાર્થોમાં બને છે. અત્યાર સુધીમાં અનેકવાર પ્રાપ્ત થયેલા ધન અને કુટુંબાદિને વિશે; વિશેષદર્શી એવા સમ્યગ્દષ્ટિ આત્માને હવે કોઇ ઇચ્છા રહી ન હોવાથી ત્યાં મન દોડતું નથી. પૂર્વે પ્રાપ્ત થયેલા

ધનાદિ પદાર્થોમાં 'તે અપૂર્વ-અદ્ભુત છે' - એવો અત્યાર સુધી ગ્રહ હતો. જેને લઈને ત્યાં જ મન દોડતું હતું. પરંતુ ભગવાન શ્રી તીર્થંકરપરમાત્માએ ઉપદેશેલાં પરમતારક વચનોના પુણ્યશ્રવણથી થયેલા વિશેષદર્શનના કારણે ધનાદિ પદાર્થોમાં અપૂર્વત્વના ભ્રમનું (ભ્રમાત્મક ગ્રહનું) નિરસન થાય છે. ધનાદિ પદાર્થો અપ્રાપ્તપૂર્વ નથી. પરંતુ અનંતશઃ પ્રાપ્તપૂર્વ છે. તદ્દન તુચ્છ અને અસાર છે... ઈત્યાદિ રીતે વિશેષ દર્શન થવાથી તે તે ધનાદિ પદાર્થોમાં અપૂર્વત્વનો ગ્રહ થતો નથી. એ ભ્રમાત્મક દોષના કારણે પૂર્વે ધનાદિ પદાર્થોમાં મનની દુષ્ટ ગતિ-પ્રવૃત્તિ હતી. પરંતુ હવે તે ભ્રમાત્મક દોષનો ઉચ્છેદ થયો હોવાથી પૂર્વની જેમ ધનાદિસ્વરૂપ પ્રાપ્ત પદાર્થોમાં મન દોડતું નથી... એ સ્પષ્ટ રીતે સમજી શકાય છે. ॥૧૫-૩॥

દ્વિતીય લિંગ 'ધર્મરાગ'નું વર્ણન કરાય છે–

**धर्मरागोऽधिको भावाद्, भोगिनः स्त्र्यादिरागतः ।**
**प्रवृत्तिस्त्वन्यथाऽपि स्यात्, कर्मणो बलवत्तया ॥१५-४॥**

धर्मराग इति–धर्मरागश्चारित्रधर्मस्पृहारूपः । अधिकः प्रकर्षवान् । भावतोऽन्तःकरणपरिणत्याः । भोगिनो भोगशालिनः । स्त्र्यादिरागतो भामिन्याद्यभिलाषात् । प्रवृत्तिस्तु कायचेष्टा तु । अन्यथापि चारित्रधर्मप्रातिकूल्येनापि व्यापारादिना स्यात् । कर्मणश्चारित्रमोहनीयस्य । बलवत्तया नियतप्रबलविपाकतया ॥१५-४॥

"ભાવને આશ્રયીને; ભોગી જનના સ્ત્રી વગેરેના રાગથી અધિક એવો ધર્મરાગ સમ્યગ્દષ્ટિ આત્માને હોય છે. કર્મની બલવદ્ અવસ્થાને કારણે કાયાની પ્રવૃત્તિ તો અન્યથા પણ થઈ શકે છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. ભાવાર્થ એ છે કે - ભોગી જનને સ્ત્રી વગેરે પ્રત્યે જે રાગ છે એના કરતાં અત્યધિક રાગ સમ્યગ્દષ્ટિ આત્માને ચારિત્રધર્મ પ્રત્યે હોય છે. ચારિત્રધર્મને છોડીને બીજો કોઈ ધર્મ નથી. કારણ કે મોક્ષની પ્રાપ્તિ; માત્ર ચારિત્રધર્મથી થાય છે. તે ચારિત્રધર્મની સ્પૃહા સ્વરૂપ તીવ્ર ધર્મરાગ હોય છે. ચારિત્ર ધર્મને ક્યારે, કઈ રીતે પ્રાપ્ત કરી શકાય - એવા અધ્યવસાયથી ગર્ભિત એવા રાગને સ્પૃહા કહેવાય છે. ભાવ-અંતઃપરિણતિને આશ્રયીને સમ્યગ્દષ્ટિ આત્માને ચારિત્રધર્મની પ્રત્યે એવો સ્પૃહાસ્વરૂપ ધર્મરાગ હોય છે.

પરંતુ પ્રવૃત્તિની અપેક્ષાએ; ચારિત્રમોહનીયકર્મની પ્રબળતાએ અર્થાત્ નિકાચિત કોટિના (અવશ્ય ભોગવવા પડતા વિપાકવાળા) ચારિત્રમોહનીયકર્મના ઉદયે ચારિત્રધર્મને પ્રતિકૂળ એવા વ્યાપારાદિના કારણે અન્યથા પણ શરીરની ચેષ્ટા(પ્રવૃત્તિ) હોય છે. અંતઃકરણની પરિણતિ ચારિત્રધર્મની સ્પૃહા સ્વરૂપ હોવા છતાં તેને પ્રતિકૂળ એવી શરીરની ચેષ્ટા સ્વરૂપ પ્રવૃત્તિ હોય - એ બનવાજોગ છે. કર્મની ગતિ વિચિત્ર છે. ॥૧૫-૪॥

સમ્યગ્દૃષ્ટિ આત્માને મનમાં ચારિત્રધર્મ પ્રત્યે અત્યધિક રાગ હોય તો કર્મના યોગે પણ શરીરથી અન્યથા(ચારિત્રધર્મને પ્રતિકૂળ) પ્રવૃત્તિ કરે તો ચારિત્રધર્મ પ્રત્યે થોડો મંદ રાગ છે એમ કેમ ના મનાય ? તે જણાવાય છે–

**तदलाभेऽपि तद्रागबलवत्त्वं न दुर्वचम् ।**
**पूयिकाद्यपि यद् भुङ्क्ते, घृतपूर्णप्रियो द्विजः ॥१५-५॥**

तदिति–तदलाभेऽपि कथञ्चिदन्यथाप्रवृत्त्या चारित्राप्राप्तावपि । तद्रागबलवत्त्वं चारित्रेच्छाप्राबल्यं स्वहेतुसिद्धं । न नैव । दुर्वचं दुरभिधानम् । यद्यस्मात्तथाविधविषमप्रघट्टकवशात् । पूयिकाद्यपि पूयं नाम कुथितो रसस्तदस्यास्तीति पूयिकम् । आदिशब्दाद्रूक्षं पर्युषितं च वल्लचनकादि । किं पुनरितरदित्यपिशब्दार्थः । घृतपूर्णाः प्रिया वल्लभा यस्य स तथा । द्विजो ब्राह्मणो भुङ्क्तेऽश्नाति । यदत्र द्विजग्रहणं कृतं तदस्य जातिप्रत्ययादेव अन्यत्र भोक्तुमिच्छाया अभावादिति । अन्येच्छाकालेऽपि प्रबलेच्छाया वासनात्मना न नाश इति तात्पर्यम् ॥१५-५॥

"સમ્યગ્દૃષ્ટિ આત્માને ચારિત્રનો લાભ ન થાય તોપણ 'મનમાં ચારિત્ર ગ્રહણ કરવાની ઈચ્છા તેમને પ્રબળ છે' - આ પ્રમાણે કહેવાનું દુષ્ટ નથી. કારણ કે પૂયિકાદિ(કુથિત રસવાળી ઘેંસ વગેરે)ને વાપરનાર બ્રાહ્મણ ઘેબરાદિના પ્રબળ રાગવાળો હોય છે." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે સમ્યગ્દૃષ્ટિ આત્માને, ચારિત્રમોહનીયકર્મના તીવ્ર ઉદયથી ચારિત્રની પ્રાપ્તિ ન થવા છતાં ચારિત્ર ગ્રહણ કરવાની ઈચ્છાની પ્રબળતા હોય છે. કારણ કે તે પ્રબળતા પોતાના હેતુથી જ સિદ્ધ થતી હોય છે. મિથ્યાત્વમોહનીયકર્મના ક્ષયોપશમવિશેષથી ચારિત્ર ગ્રહણ કરવાની પ્રબળ ઈચ્છા થતી હોય છે અને ચારિત્રની પ્રાપ્તિ તો ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમ-

વિશેષથી થતી હોય છે. ચારિત્રની ઇચ્છા અને ચારિત્રની પ્રાપ્તિ : એ બંન્નેના હેતુ ભિન્ન ભિન્ન છે. તેથી એકના કારણના અભાવે બીજાનો અભાવ થાય છે એ કહેવાનું શક્ય નથી. આથી સમજી શકાશે કે સમ્યગ્દૃષ્ટિ આત્માને કથંચિત્ ચારિત્રનો લાભ ન થવા છતાં તેમને ચારિત્રની ઇચ્છા પ્રબળ હોય છે - આ પ્રમાણે કહેવાનું દુષ્ટ નથી જ.

કારણ કે બ્રાહ્મણને; ઘેબર, માલપૂઆ વગેરે ઘીથી પૂર્ણ ભોજન પ્રિય હોવા છતાં વિષમ સંયોગોના કારણે કુથિત રસવાળા ઘેંસ વગેરે તેમ જ લૂખા સૂકા વાલ-ચણા વગેરે ખાવાની પ્રવૃત્તિ કરતી વખતે પણ ઘૃતપૂર્ણ ભોજનનો રાગ પ્રબળ જ હોય છે. તેથી પ્રવૃત્તિના અભાવમાં રાગ ન જ હોય - એવો નિયમ નથી. તેમ જ રાગની વિદ્યમાનતામાં પ્રવૃત્તિ થવી જ જોઇએ એવો પણ નિયમ નથી.

સામાન્ય રીતે ઉત્તમ ભોજનની ઉત્કટ ઇચ્છા હોય ત્યારે વિષમ સંયોગોમાં કોઇ પણ માણસ પૂયિકાદિને વાપરે છે છતાં અહીં બ્રાહ્મણનું જે ઉપાદાન કર્યું છે તે, બ્રાહ્મણજાતિના કારણે સ્વભાવથી જ તેને ઘૃતપૂર્ણ ભોજનને છોડીને બીજું ભોજન કરવાની ઇચ્છા હોતી નથી - એ જણાવવા માટે છે. વિષમ સંયોગોમાં કોઇ વાર બીજી ઇચ્છા થાય ત્યારે પણ પૂર્વની (ઘૃતપૂર્ણ ભોજનની) ઇચ્છાના (પ્રબળ ઇચ્છાના) સંસ્કાર તો પડ્યા જ હોય છે. તેથી અન્યની ઇચ્છાના સમયમાં પણ પ્રબળ ઇચ્છાનો વાસના(સંસ્કાર)સ્વરૂપે નાશ થતો નથી. ।।૧૫-૫।।

ગુરુદેવાદિપૂજા સ્વરૂપ ત્રીજા લિંગનું વર્ણન કરાય છે—

**गुरुदेवादिपूजाऽस्य, त्यागात् कार्यान्तरस्य च ।**
**भावसारा विनिर्दिष्टा, निजशक्त्यनतिक्रमात् ।।१५-६।।**

गुर्विति—अस्य सम्यग्दृशः । गुरुदेवादिपूजा च कार्यान्तरस्य त्यागभोगादिकरणीयस्य । त्यागात् परिहारात् । निजशक्तेः स्वसामर्थ्यस्यानतिक्रमादलङ्घनादनिगूहनात् । भावसारा भोक्तुः स्त्रीरत्नगोचरगौरवादनन्तगुणेन बहुमानेन प्रधाना विनिर्दिष्टा प्ररूपिता परमपुरुषैः ।।१५-६।।

"પોતાની શક્તિ ન છુપાવવાના કારણે અને બીજા કામનો ત્યાગ કરવાના કારણે આ સમ્યગ્દૃષ્ટિ આત્માની ગુરુદેવ વગેરેની પૂજા; ભાવસારા-બહુમાનવાળી

શ્રી તીર્થંકર પરમાત્માએ વર્ણવી છે.'' - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સમ્યગ્દષ્ટિ આત્મા દ્વારા કરાતી ગુરુદેવાદિની પૂજા ભાવથી સારભૂત વર્ણવી છે. કારણ કે તે પૂજા, ગૃહસ્થોચિત ત્યાગ(દાન) અને ભોગ વગેરે કાર્યોના પરિહારથી કરવામાં આવે છે. ગુરુદેવાદિની પૂજાના સમયે એ કાર્યો, પ્રતિબંધ કરતાં નથી. ગુરુદેવાદિની પૂજાને પડતી મૂકીને તે કાર્યો કરાતાં નથી. પરંતુ જરૂર પડે એ કાર્યોને પડતાં મૂકી ગુરુદેવાદિની પૂજા કરી લેવામાં આવે છે. સામાન્ય રીતે ગૃહસ્થજીવનમાં કંઈકેટલાંય કાર્યો કરવાનાં હોય છે. એ બધાં સાચવીને ગુરુદેવાદિની પૂજા કરવાનું થોડું અઘરું છે. આવા પ્રસંગે કાર્યાંતરનો પરિહાર કરી ગુરુદેવાદિની પૂજા, સમ્યગ્દષ્ટિ આત્માઓ કરે છે. તેમ જ આ પૂજા કરતી વખતે તેઓ પોતાની શક્તિનો પૂર્ણપણે ઉપયોગ કરે છે, સહેજ પણ છુપાવતા નથી. આને જ શક્તિનું અનતિક્રમણ કહેવાય છે. શક્તિ ઉપરાંત કરવું તેને શક્તિનું અતિક્રમણ કહેવાય છે અને શક્તિને છુપાવ્યા વિના જેટલી શક્તિ છે તેટલી ઉપયોગમાં લેવી, તે શક્તિનું અનતિક્રમણ છે.

કાર્યાંતરના પરિહારથી અને પોતાની શક્તિના અનતિક્રમણથી કરાતી ગુરુદેવાદિની પૂજા ભાવના પ્રાધાન્યવાળી છે. ભોગી જનને સ્ત્રીરત્નમાં જેટલું બહુમાન છે; તેના કરતાં અનંતગુણ બહુમાન સમ્યગ્દષ્ટિ આત્માને ગુરુદેવાદિની પ્રત્યે હોય છે. એ બહુમાન સ્વરૂપ જ અહીં ભાવ છે. આવા ભાવના પ્રાધાન્યવાળી ગુરુદેવાદિપૂજા સમ્યગ્દષ્ટિ આત્માનું લિંગ છે - એમ શ્રી તીર્થંકરપરમાત્માએ વર્ણવ્યું છે. સંસારના સુખ કરતાં અનંતગુણ સુખ જ્યાં છે તે મોક્ષ પ્રત્યે બહુમાન હોવાથી ગુરુદેવાદિની પ્રત્યે એવું બહુમાન હોય - એ સમજી શકાય છે. મોક્ષ સારભૂત લાગે તો તેનાં સાધક દરેક સાધનો પ્રત્યે ભાવનું પ્રાધાન્ય હોય જ - એમાં કોઈ જ શંકા નથી. સાધનની પ્રાપ્તિની ખરેખર જ ચિંતા નથી; ચિંતા સાધ્યના પ્રાધાન્યની છે. ॥૧૫-૬॥

ઉપર જણાવ્યા મુજબનાં શુશ્રૂષાદિ લિંગોથી જણાતું સમ્યગ્દર્શન જે રીતે થાય છે તે જણાવાય છે–

**स्यादीदृक्करणे चान्त्ये, सत्त्वानां परिणामतः ।**
**त्रिधा यथाप्रवृत्तं तदपूर्वं चानिवर्त्ति च ॥१५-७॥**

स्यादिति–ईदृगुपदर्शितलक्षणं सम्यक्त्वं चान्त्ये करणे "जाते सतीति" गम्यम् । स्याद्भवेत्। तत् करणम् । सत्त्वानां प्राणिनाम् । परिणामतः त्रिधा त्रिप्रकारम् । यथाप्रवृत्तमपूर्वमनिवर्ति चेति ।।१५-७।।

"છેલ્લું કરણ પ્રાપ્ત થયે છતે પ્રાણીઓને એવા પ્રકારનું સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. પરિણામને આશ્રયીને તે કરણ ત્રણ પ્રકારનાં છે. યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. તેનો આશય સ્પષ્ટ છે કે, આત્માના પરિણામવિશેષને 'કરણ' કહેવાય છે. યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ : આ ત્રણ ભેદથી કરણના ત્રણ પ્રકાર છે. આ ત્રણ કરણોનું સ્વરૂપ અન્યગ્રંથોથી સમજી લેવું જોઈએ. ।।૧૫-૭।।

ઉપર જણાવેલા આત્મપરિણામવિશેષ સ્વરૂપ કરણમાંથી કયું કરણ ક્યારે હોય છે - તે જણાવાય છે–

**ग्रन्थिं यावद् भवेदाद्यं, द्वितीयं तदतिक्रमे ।**
**भिन्नग्रन्थेस्तृतीयं तु, योगिनाथैः प्रदर्शितम् ।।१५-८।।**

ग्रन्थिमिति–आद्यं यथाप्रवृत्तिकरणं ग्रन्थिं यावद्भवेत् । द्वितीयमपूर्वकरणं तदतिक्रमे ग्रन्थ्युल्लङ्घन क्रियमाणे । तृतीयं त्वनिवर्तिकरणं भिन्नग्रन्थेः कृतग्रन्थिभेदस्य । योगिनाथैस्तीर्थकरैः प्रदर्शितम् ।।१५-८।।

"જ્યાં સુધી ગ્રંથિ છે ત્યાં સુધી પ્રથમ યથાપ્રવૃત્તિકરણ હોય છે. ગ્રંથિનું ઉલ્લંઘન કરતી વખતે બીજું અપૂર્વકરણ હોય છે અને ગ્રંથિનો ભેદ કરી લીધા પછી ત્રીજું અનિવર્ત્તિ (અનિવૃત્તિ) કરણ હોય છે : એમ યોગીઓના નાથ એવા શ્રી તીર્થંકરપરમાત્માઓએ જણાવ્યું છે." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે.

અહીં શ્લોકાર્થ સમજવા માટે એ યાદ રાખવું જોઈએ કે - અનાદિકાળથી જીવને કર્મનો યોગ છે. મિથ્યાત્વ અવિરતિ... વગેરે હેતુઓને લઈને જીવ સમયે સમયે કર્મબંધ કરે છે. અનવરતપણે આ કર્મબંધનો પ્રવાહ ચાલુ છે. અત્યાર સુધીમાં જે કર્મો બંધાયાં છે; એ બધાં કર્મોની સ્થિતિનો જો વિચાર કરીએ તો સમજાશે કે અનંતકાળનો એ કર્મનો સંચય છે. નદીઘોળપાષાણન્યાયે (અથડાતા અથડાતા જેમ નદીમાંના પથ્થરો ગોળ સુંવાળા થઈ જાય છે તેમ) જ્યારે

આયુષ્યકર્મ સિવાયનાં સાત કર્મોની સ્થિતિ; એક કોડાકોડી (એક કરોડ x એક કરોડ = એક કોડાકોડી) સાગરોપમથી થોડી ન્યૂન વર્ષ પ્રમાણ થાય છે ત્યારે જીવને ગ્રંથિદેશની પ્રાપ્તિ થાય છે. કુદરતી રીતે પ્રાપ્ત થયેલી સ્થિતિના કારણે જીવને ગ્રંથિદેશે આવેલા કહેવાય છે. અભવ્યોના આત્માઓ પણ આવી સ્થિતિ અનંતી વાર પામે છે. આ કાળ દરમ્યાન જીવને યથાપ્રવૃત્તિકરણ હોય છે. આ રીતે ગ્રંથિદેશે આવેલા જીવો ગ્રંથિને ઓળખવા વગેરેનો પ્રયત્ન ન કરે તો કોઈ વાર કર્મસ્થિતિને વધારીને 'ગ્રંથિદેશ'થી પાછા બહાર પણ જતા રહે છે. અહીં સુધી આવેલા જીવો પણ ગ્રંથિને ઓળખવા માટે સમર્થ બને જ એવું નથી બનતું. આ યથાપ્રવૃત્તિકરણ પછી શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ પ્રાપ્ત થાય તો જ તેઓ રાગ-દ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ ગ્રંથિને ઓળખી શકે છે.

ગ્રંથિને ઓળખ્યા પછી એ પરિણામનું ઉલ્લંઘન(ઓળંગી જવું) કરવા સ્વરૂપ જે અતિક્રમણ(હુમલો કરવો) છે, તેને જ ગ્રંથિનો ભેદ કહેવાય છે. આ ગ્રંથિભેદ કરતી વખતે બીજું અપૂર્વકરણ હોય છે અને ગ્રંથિનો ભેદ થઈ ગયા પછીની અવસ્થામાં અનિવર્ત્તિ (અનિવૃત્તિ) કરણ (ત્રીજું કરણ) હોય છે. સામાન્ય રીતે શત્રુ નજરે ચઢવો, તેને શત્રુસ્વરૂપે ઓળખવો, તેની ઉપર અતિક્રમણ કરવું અને શત્રુનો નાશ થવો : આ ચાર અવસ્થાઓનો જે ફરક છે તેને સમજી શકનારાઓ યથાપ્રવૃત્તિકરણ, શુદ્ધયથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ - આ ચારમાંનો ફરક પણ સમજી શકે છે. રાગ-દ્વેષનો પરિણામ નજરે ચઢે, તેને ભયંકર સ્વરૂપે ઓળખવામાં આવે, તે પરિણામ ઉપર અતિક્રમણ કરવામાં આવે અને તેનો સર્વથા નાશ થાય. આ ચારેય અવસ્થામાં ઘણું અંતર છે.

રાગદ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ ગ્રંથિ અનાદિ કાળની હોવા છતાં તે નજરે દેખાતી નથી. રેશમના સુતરના દડામાં ગાંઠ હોવા છતાં તે નજરે ચઢતી ન હતી. પરંતુ જેમ જેમ દડો ઉકેલાય તેમ તેમ તે ગાંઠ દેખાતી જાય છે. તેવી રીતે કર્મની સુદીર્ઘ સ્થિતિની વચ્ચે ગ્રંથિ દેખાતી જ ન હતી. પાછળથી કર્મસ્થિતિ અલ્પ થવાથી તે નજરે દેખાતી જાય છે. સદ્ગુરુભગવંતોના અચિંત્ય પ્રભાવથી તે ઓળખાય છે. એક દિવસ અચિંત્ય વીર્યોલ્લાસથી તેને ભેદવા માટે આંતર

પ્રયત્ન થાય છે અને તેથી તે અનાદિની પરિણતિ નાશ પામે છે, જેના કાર્યરૂપે આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. ॥૧૫-૮॥

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી કોઈ વાર સંક્લેશ-વિશેષના કારણે સમ્યગ્દર્શનથી પતન થાય તોપણ ગ્રંથિભેદના સમયે થતા કર્મબંધથી અધિક કર્મબંધ થતો નથી - એ જણાવાય છે. અર્થાત્ ગ્રંથિભેદના કારણે પ્રાપ્ત થનારી સિદ્ધિને જણાવાય છે–

**पतितस्यापि नामुष्य, ग्रन्थिमुल्लङ्घ्य बन्धनम् ।**
**स्वाशयो बन्धभेदेन, सतो मिथ्यादृशोऽपि तत् ॥१५-९॥**

पतितस्यापीति–अमुष्य भिन्नग्रन्थेः पतितस्यापि तथाविधसङ्क्लेशात् सम्यक्त्वात् परिभ्रष्टस्यापि । न नैव । ग्रन्थिं ग्रन्थिभेदकालभाविनीं कर्मस्थितिम् । उल्लङ्घ्यातिक्रम्य सप्ततिकोटिकोट्यादिप्रमाणस्थितिकतया । बन्धनं ज्ञानावरणादिपुद्गलग्रहणम् । तत्तस्मान्मिथ्यादृशोऽपि सतो भिन्नग्रन्थेः । बन्धभेदेनाल्पस्थित्या कर्मबन्धविशेषेण । स्वाशयः शोभनः परिणामः । बाह्यासदनुष्ठानस्य प्रायः साम्येऽपि बन्धाल्पत्वस्य सुन्दरपरिणामनिबन्धनत्वादिति भावः । तदुक्तं–"भिन्नग्रन्थेस्तृतीयं तु सम्यग्दृष्टेरतो हि न । पतितस्याप्यतो बन्धो ग्रन्थिमुल्लङ्घ्य देशितः ॥१॥ एवं सामान्यतो ज्ञेयः परिणामोऽस्य शोभनः । मिथ्यादृष्टेरपि सतो महाबन्धविशेषतः ॥२॥ सागरोपमकोटीनां कोट्यो मोहस्य सप्ततिः । अभिन्नग्रन्थिबन्धोऽयं न त्वेकोऽपीतरस्य तु ॥३॥ तदत्र परिणामस्य भेदकत्वं नियोगतः । बाह्यं त्वसदनुष्ठानं प्रायस्तुल्यं द्वयोरपि ॥४॥" "बंधेणं न वोलइ कयाई" इत्यादिवचनानुसारिणां सैद्धान्तिकानां मतमेतत् । कार्मग्रन्थिकाः पुनरस्य मिथ्यात्वप्राप्तावुत्कृष्टस्थितिबन्धमपीच्छन्ति, तेषामपि मते तथाविधरसाभावात्तस्य शोभनपरिणामत्वे न विप्रतिपत्तिरिति ध्येयम् ॥१५-९॥

"આ ભિન્ન ગ્રંથિવાળા(ગ્રંથિનો ભેદ જેમણે કર્યો છે તે) આત્માને; સમ્યગ્દર્શનથી પતન થાય તોપણ; ગ્રંથિનો ભેદ કરતી વખતની કર્મસ્થિતિનું ઉલ્લંઘન કરીને કર્મ(જ્ઞાનાવરણીયાદિ)નો બંધ થતો નથી. તેથી સમ્યગ્દર્શનથી પતન પામેલા મિથ્યાદૃષ્ટિ હોવા છતાં તેમણે ગ્રંથિનો ભેદ કરેલો હોવાથી કર્મબંધવિશેષના કારણે તેમનો આશય સારો છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે ગ્રંથિનો ભેદ કરનારા આત્માઓને ભિન્નગ્રંથિક કહેવાય છે. તેઓ કોઇ વાર તેવા પ્રકારના સંક્લેશના કારણે સમ્યગ્દર્શનના પરિણામથી પરિભ્રષ્ટ પણ થાય; તોપણ ગ્રંથિભેદ કરતી વખતે જે કર્મસ્થિતિનો તેઓ બંધ કરતા હતા, તેનું ઉલ્લંઘન કરીને સિત્તેર કોટાકોટિ વગેરે સાગરોપમ પ્રમાણ કર્મોની સ્થિતિનો તેઓ ક્યારેય બંધ કરતા નથી. અર્થાત્ જ્ઞાનાવરણીયાદિ કર્મપુદ્ગલોનું તેઓ તે રીતે ગ્રહણ કરતા નથી. તેથી ગ્રંથિનો ભેદ કર્યા પછી કોઇ વાર તેવા પ્રકારના સંક્લેશના કારણે સમ્યક્ત્વથી પડવા છતાં તે મિથ્યાદૃષ્ટિના પરિણામ સારા છે. કારણ કે તેઓ અલ્પસ્થિતિવાળો કર્મબંધવિશેષ કરે છે. ગ્રંથિનો ભેદ કર્યા પૂર્વે અને પછી : આ બંન્ને અવસ્થાઓમાં બાહ્ય અસદ્ અનુષ્ઠાન પ્રાયઃ સમાન હોવા છતાં કર્મબંધમાં વિષમતા ઘણી છે. મિથ્યાત્વપ્રત્યયિક કર્મબંધ હોવા છતાં એકત્ર અધિક કર્મબંધ અને બીજે અલ્પકર્મબંધ એમાં મુખ્યપણે તે તે આશયવિશેષ જ કારણ છે, જે ગ્રંથિનો ભેદ ન થવાના અને થવાના કારણે છે.

આ વિષયમાં યોગબિંદુકારશ્રીએ ફરમાવ્યું છે કે - ભિન્નગ્રંથિક આત્માઓને ત્રીજું અનિવર્ત્તિકરણ હોય છે. આ ત્રણ કરણના લાભના કારણે; સમ્યગ્દૃષ્ટિ એવા તે આત્માઓને કોઇ વાર સમ્યક્ત્વથી પડવા છતાં પણ ગ્રંથિનું ઉલ્લંઘન કરીને જે સિત્તેર કોટાકોટિ સાગરોપમાદિ પ્રમાણ સ્થિતિવાળો કર્મબંધ આગમમાં જણાવ્યો છે તે કર્મબંધ થતો નથી.

આ રીતે ગ્રંથિનું ઉલ્લંઘન કરીને ભિન્નગ્રંથિક મહાત્માઓ કર્મબંધ કરતા નથી; તેથી સામાન્યથી મહાબંધની અપેક્ષાએ તેઓના પરિણામ; મિથ્યાત્વનો ઉદય હોવા છતાં સારા છે. મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોટાકોટી સાગરોપમ પ્રમાણ જણાવેલી છે. જેમણે ગ્રંથિને ભેદી નથી એવા અભિન્નગ્રંથિક આત્માઓ જ એવો ઉત્કૃષ્ટ સ્થિતિવાળો કર્મબંધ કરે છે. ભિન્નગ્રંથિક આત્માઓ તો મિથ્યાદૃષ્ટિ હોય તો ય એક કોટાકોટી સાગરોપમ પ્રમાણ પણ કર્મબંધ કરતા નથી.

તેથી ભિન્નગ્રંથિક અને અભિન્નગ્રંથિક : આ બંન્નેમાં કર્મબંધને આશ્રયીને જે ભેદ છે તેનું ચોક્કસ કારણ પરિણામવિશેષ છે. બાહ્ય અર્થોપાર્જનાદિ અસદ્ અનુષ્ઠાન તો પ્રાયઃ તુલ્ય (સમાન) જ હોય છે. પરિણામને આશ્રયીને તેમાં થોડો ફરક હોવાથી પ્રાયઃ એ બંન્ને આત્માઓના અનુષ્ઠાનમાં ભેદ નથી પરંતુ તુલ્ય છે - આ પ્રમાણે જણાવ્યું છે.

ઉત્કૃષ્ટ કર્મસ્થિતિના બંધ વડે; ભિન્નગ્રંથિવાળા જીવો ગ્રંથિનું ઉલ્લંઘન કરતા નથી... ઇત્યાદિ અર્થને જણાવનારાં વચનોને અનુસરનારા સિદ્ધાંતિઓના મતને આશ્રયીને ઉપર જણાવેલી વાત સમજવી. કર્મગ્રંથના મતને અનુસારે ભિન્નગ્રંથિવાળા આત્માઓ ઉત્કૃષ્ટ સ્થિતિ (૭૦ કોટાકોટિ... વગેરે)નો પણ કર્મબંધ કરે છે પરંતુ ઉત્કૃષ્ટ રસનો કર્મબંધ કરતા નથી. તેથી તેમના પરિણામ સારા છે - એમાં કોઇ જ વિવાદ નથી... ઇત્યાદિ સમજી લેવું. ॥૧૫-૯॥

અન્યદર્શનકારોએ પણ જીવોની એવી અવસ્થા જે વર્ણવી છે તે અવસ્થા અહીં સમ્યગ્દૃષ્ટિ આત્મામાં સંગત છે : તે જણાવાય છે–

**एवं च यत्परैरुक्तं, बोधिसत्त्वस्य लक्षणम् ।**
**विचार्यमाणं सन्नीत्या, तदप्यत्रोपपद्यते ॥१५-१०॥**

एवं चेति–एवं च भिन्नग्रन्थेर्मिथ्यात्वदशायामपि शोभनपरिणामत्वे च । यत् परैः सौगतैः । बोधिसत्त्वस्य लक्षणमुक्तं तदपि सन्नीत्या मध्यस्थवृत्त्या विचार्यमाणम् । अत्र सम्यग्दृष्टावुपपद्यते ॥१५-१०॥

"બીજાઓએ 'બોધિસત્ત્વ'નું જે લક્ષણ જણાવ્યું છે; તે સારી રીતે વિચારવામાં આવે તો આ રીતે તે પણ; અહીં સમ્યગ્દૃષ્ટિ આત્મામાં સંગત બને છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે બૌદ્ધ લોકોએ 'બોધિસત્ત્વ' જીવોનું જે લક્ષણ જણાવ્યું છે, તેનો મધ્યસ્થદૃષ્ટિએ વિચાર કરીએ તો સમજાશે કે ભિન્નગ્રંથિવાળા આત્માઓના મિથ્યાત્વમોહનીયકર્મની ઉદયાવસ્થામાં પણ સારા પરિણામ હોય છે તેથી બોધિસત્ત્વ જીવોની હવે પછી વર્ણવવામાં આવતી અવસ્થા સમ્યગ્દૃષ્ટિ આત્માઓમાં ઉપપન્ન થાય છે. મારા કે તારા પણાનો વિચાર કર્યા વિના માત્ર તત્ત્વનો વિચાર કરવાથી સમજાશે કે; બોધિસત્ત્વોનું વર્ણવેલું સ્વરૂપ અને સમ્યગ્દૃષ્ટિ આત્માઓનું અહીં વર્ણવેલું સ્વરૂપ : બંન્ને એકરૂપે જણાવાયું છે.

તત્ત્વપ્રતિપત્તિ માટે માધ્યસ્થ્યદૃષ્ટિ ઉપયોગી છે. 'આ દર્શન મારું છે અને આ દર્શન તારું છે.' - આવી રાગદ્વેષમૂલક દૃષ્ટિથી તત્ત્વપ્રતિપત્તિ થતી નથી. શ્લોકમાંનું **सन्नीत्या** આ પદ એ અર્થને જણાવનારું છે. તત્ત્વ અને અતત્ત્વનો ભેદ માધ્યસ્થ્યદૃષ્ટિથી કરી શકાય છે. ॥૧૫-૧૦॥

'બોધિસત્ત્વ'નું લક્ષણ જે રીતે સમ્યગ્દષ્ટિમાં સંગત થાય છે, તે જણાવાય છે–

**तप्तलोहपदन्यासतुल्या वृत्तिः क्वचिद् यदि ।**
**इत्युक्तेः कायपात्येव, चित्तपाती न स स्मृतः ।।१५-११।।**

तप्तेति–तप्तलोहे यः पदन्यासस्तत्तुल्याऽतिसकम्पत्वात् । वृत्तिः कायचेष्टा । क्वचिद्गृहारम्भादौ । यदि परम् । इत्युक्तेरित्थंवचनात् । कायपात्येव स सम्यग्दृष्टिः । न चित्तपाती स्मृतः । इत्थं च कायपातिन एव बोधिसत्त्वा इति लक्षणमत्रोपपन्नं भवति । तदुक्तं–"कायपातिन एवेह बोधिसत्त्वाः परोदितम् । न चित्तपातिनस्तावदेतदत्रापि युक्तिमत् ।।१।।" ।।१५-११।।

"પરંતુ; તપેલા લોઢા ઉપર પગ મૂકવા જેવી કોઈ પણ સ્થાને સમ્યગ્દષ્ટિ આત્માની પ્રવૃત્તિ હોય છે - આ પ્રમાણે વચન હોવાથી તે સમ્યગ્દષ્ટિ આત્મા કાયપાતી જ છે, પણ ચિત્તપાતી નથી." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો શબ્દશઃ અર્થ છે. કહેવાનો આશય એ છે કે સમ્યગ્દષ્ટિ આત્માઓને સર્વથા પાપથી વિરામ પામવાની ભાવના હોય છે. પરંતુ કર્મપરવશ સંયોગોમાં ગૃહારંભાદિની જે પ્રવૃત્તિ કરવી પડે છે, તે અત્યંત કંપવાળી હોવાથી તપેલા લોઢા ઉપર પગ મૂકવા જેવી છે. તેઓ આ પ્રવૃત્તિ માત્ર કાયાથી કરે છે. પણ ચિત્ત(મન)થી કરતા નથી. આથી સ્પષ્ટ છે કે 'બોધિસત્ત્વ જીવો કાયપાતી(કાયાથી જ સંસારમાં રહેલા) જ હોય છે.' - આ બોધિસત્ત્વ જીવોનું લક્ષણ અહીં સમ્યગ્દષ્ટિ આત્મામાં ઉપપન્ન-સંગત થાય છે.

એ પ્રમાણે યોગબિંદુમાં પણ ફરમાવ્યું છે કે "આ જગતમાં બોધિ છે પ્રધાન જેમને એવા બોધિસત્ત્વ જીવો કાયપાતી(કાયાથી જ સાવદ્યક્રિયા કરનારા) જ હોય છે પરંતુ ચિત્તપાતી હોતા નથી - આ પ્રમાણે બૌદ્ધોએ જે જણાવ્યું છે તે અહીં સમ્યગ્દષ્ટિમાં પણ યુક્તિસંગત છે." ।।૧૫-૧૧।।

બોધિસત્ત્વ જીવોનાં બીજાં પણ લક્ષણો સમ્યગ્દષ્ટિ આત્મામાં સંગત છે, તે જણાવાય છે–

**परार्थरसिको धीमान्, मार्गगामी महाशयः ।**
**गुणरागी तथेत्यादि, सर्वं तुल्यं द्वयोरपि ।।१५-१२।।**

परार्थेति–परार्थरसिकः परोपकारचित्तः । धीमान् बुद्ध्यनुगतः । मार्गगामी कल्याणप्रापकपथयायी । महाशयः स्फीतचित्तः । गुणरागी गुणानुरागवान् । तथेति बोधिसत्त्वगुणान्तरसमुच्चयार्थः । इत्यादि शास्त्रान्तरोक्तम् । सर्वं तुल्यं समम् । द्वयोरपि सम्यग्दृष्टिबोधिसत्त्वयोः ॥१५-१२॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે બોધિસત્ત્વ જીવો પરાર્થરસિક, ધીમાન, માર્ગગામી, મહાશય અને ગુણરાગી હોય છે. પરોપકાર કરવાના ચિત્તવાળા આત્માને પરાર્થ-રસિક કહેવાય છે; સામગ્રી મળે કે ના મળે પરંતુ નિરંતર તેમનું ચિત્ત પરોપકારમાં લાગેલું હોય છે. તેઓ માર્ગાનુસારી બુદ્ધિવાળા-ધીમાન હોય છે અને તેથી જ માર્ગગામી એટલે કે કલ્યાણને પ્રાપ્ત કરાવનારા માર્ગે(મોક્ષમાર્ગે) જનારા હોય છે. ઉદાર-પ્રશસ્ત આશયવાળા હોવાથી તેમને મહાશય કહેવાય છે. તેમ જ આ બોધિસત્ત્વ આત્માઓ ગુણી જનોના ગુણો પ્રત્યે અનુરાગી હોય છે... આવા અનેકાનેક ગુણો શાસ્ત્રાંતરોમાં તે બોધિસત્ત્વ જીવોના વર્ણવ્યા છે. તે બધા જ ગુણો અહીં સમ્યગ્દૃષ્ટિ આત્મામાં હોવાથી બોધિસત્ત્વ અને સમ્યગ્દૃષ્ટિ : એ બંન્નેમાં એ બધા ગુણો તુલ્ય-સમાન છે. ॥૧૫-૧૨॥

अन्वर्थतोऽपि तुल्यतां दर्शयति–

સમ્યગ્દૃષ્ટિ આત્મામાં બોધિસત્ત્વ જીવોના ગુણોની અપેક્ષાએ તુલ્યતા જણાવીને હવે 'બોધિસત્ત્વ' - આ નામના અર્થની અપેક્ષાએ પણ તુલ્યતા છે, તે જણાવાય છે–

**बोधिप्रधानः सत्त्वो वा, सद्बोधिर्भावितीर्थकृत् ।**
**तथाभव्यत्वतो बोधिसत्त्वो हन्त सतां मतः ॥१५-१३॥**

बोधीति–बोधिः सम्यग्दर्शनं तेन प्रधानः, सत्त्वो वा । सतां साधूनाम् । हन्तेत्यामन्त्रणं । बोधिसत्त्वो मत इष्टः । यदुक्तं–"यत्सम्यग्दर्शनं बोधिस्तत्प्रधानो महोदयः । सत्त्वोऽस्तु बोधिसत्त्वस्तस्माद्धन्तेति पूर्ववत् ॥१॥" वाऽथवा सद्बोधिस्तीर्थकरपदप्रायोग्यसम्यक्त्वसमेतः । तथाभव्यत्वतो भावितीर्थकृद्यस्तीर्थकृद्भविष्यति स बोधिसत्त्वः । तदुक्तं–"वरबोधिसमेतो वा तीर्थकृद्यो भविष्यति । तथाभव्यत्वतोऽसौ वा बोधिसत्त्वः सतां मतः ॥१॥" भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादिपरिणामिको भावः ।

तथाभव्यत्वं चैतदेव कालनैयत्यादिना प्रकारेण वैचित्र्यमापन्नम् । एतद्भेद एव च बीजमिद्ध्याद्यादिफलभेदोपपत्तिः । अन्यथा तुल्यायां योग्यतायां सहकारिणोऽपि तुल्या एव भवेयुस्तुल्ययोग्यतासामर्थ्याक्षिप्तत्वात्तेषामिति सद्बोधेर्योग्यताभेद एव पारम्पर्येण तीर्थकरत्वनिबन्धनमिति भावनीयम् ।।१५-१३।।

"બોધિ-સમ્યગ્દર્શનના કારણે પ્રધાન એવો બોધિથી યુક્ત જે સત્ત્વ(જીવ); તેને સાધુજનો બોધિસત્ત્વ કહે છે. અથવા તથાભવ્યત્વના કારણે ભવિષ્યમાં જે તીર્થંકર થવાનો છે; એવો સુંદર બોધિવાળો જે જીવ છે તેને બોધિસત્ત્વ કહેવાય છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

કહેવાનો આશય એ છે કે - સમ્યગ્દર્શનને બોધિ કહેવાય છે. તે જેને પ્રધાન (સારભૂત) જણાય છે; એવા આત્માને સાધુપુરુષો બોધિસત્ત્વ તરીકે વર્ણવે છે. એ પ્રમાણે યોગબિંદુમાં જણાવ્યું છે કે - જેથી સમ્યગ્દર્શનને બોધિ કહેવાય છે; તે છે સારભૂત જેમાં એવો મહોદય (પ્રશસ્તગુણોના આવિર્ભાવવાળો) જીવ બોધિસત્ત્વ થાય, તેથી બોધિસત્ત્વ આ નામના અર્થને આશ્રયીને પણ (માત્ર લક્ષણને આશ્રયીને જ નહિ) સમ્યગ્દષ્ટિ અને બોધિસત્ત્વ : આ બંન્નેમાં સામ્ય છે.

અથવા તીર્થંકરનામકર્મના બંધ દ્વારા તીર્થંકરપદની પ્રાપ્તિ કરાવનાર એવા સમ્યગ્દર્શનને સદ્બોધિ કહેવાય છે. એવા સદ્બોધિથી યુક્ત તથાભવ્યત્વના કારણે ભવિષ્યમાં જે શ્રીતીર્થંકર થવાનો છે, તે આત્માને બોધિસત્ત્વ કહેવાય છે. એ પ્રમાણે યોગબિંદુમાં જણાવ્યું છે કે - વરબોધિથી યુક્ત તથાભવ્યત્વના યોગે ભવિષ્યમાં જે શ્રી તીર્થંકર થશે તે, સાધુજનોને બોધિસત્ત્વ તરીકે ઇષ્ટ છે. મોક્ષગમનની યોગ્યતા સ્વરૂપ અનાદિપારિણામિક ભાવ ભવ્યત્વ છે અને કાળ તથા નિયતિ વગેરે કારણસામગ્રીના યોગે વિચિત્ર પરિણામને પામેલું ભવ્યત્વ તથાભવ્યત્વ છે. આ તથાભવ્યત્વવિશેષના કારણે જ બીજ(યોગબીજ), તેનો પ્રરોહ અને ફળ વગેરેની સિદ્ધિ થાય છે. અન્યથા માત્ર ભવ્યત્વને જ કારણ માનવામાં આવે અને તથાભવ્યત્વને કારણ માનવામાં ન આવે તો ભવ્યત્વસ્વરૂપ યોગ્યતા સમાન જ હોવાથી બધા જ શ્રી તીર્થંકરપદાદિને પ્રાપ્ત કરનારા બનશે. પરંતુ આવું બનતું નથી.

આશય એ છે કે ભવ્યત્વ સમાન હોવા છતાં સહકારી કાલાદિ કારણસામગ્રીના સમવધાનના કારણે ફળની પ્રાપ્તિમાં વિષમતા થાય છે. તેથી

તથાભવ્યત્વ માનવાની આવશ્યકતા નથી - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે ભવ્યત્વ તુલ્ય હોતે છતે સહકારી કારણો પણ તુલ્ય જ હોવાં જોઇએ અને તેથી બધાને ફળ પણ એકસરખું જ મળવું જોઇએ. પરંતુ એવું બનતું ન હોવાથી સહકારીઓમાં વિશેષતા માનવી જોઇએ અને તેના માટે તથાભવ્યત્વ પણ માન્યા વિના ચાલે એવું નથી. આથી સમજી શકાશે કે સદ્બોધિથી યુક્ત એવા આત્માઓમાં યોગ્યતાવિશેષ છે; કે જેને લઇને પરંપરાએ તેમને શ્રીતીર્થંકરપણું પ્રાપ્ત થાય છે. શ્રીતીર્થંકરપણાની પ્રાપ્તિનું કારણ યોગ્યતાવિશેષસ્વરૂપ તથાભવ્યત્વ છે... ઇત્યાદિ વિચારવું જોઇએ. ।।૧૫-૧૩।।

સદ્બોધિથી યુક્ત એવા આત્માઓ તથાભવ્યત્વના યોગે જે રીતે શ્રીતીર્થંકરપણું પ્રાપ્ત કરે છે; તે જણાવાય છે–

**तत्तत्कल्याणयोगेन, कुर्वन् सत्त्वार्थमेव सः ।**
**तीर्थकृत्त्वमवाप्नोति, परं कल्याणसाधनम् ।।१५-१४।।**

तत्तदिति–तस्य तस्य कल्याणस्य परिशुद्धप्रवचनाधिगमातिशायिधर्मकथाऽविसंवादिनिमित्तादिलक्षणस्य । योगेन व्यापारेण । कुर्वन् विदधानः । सत्त्वार्थमेव मोक्षवीजाधानादिरूपं न त्वात्मम्भरिरपि । स सद्वोधिमान् । तीर्थकृत्त्वमवाप्नोति लभते । परं प्रकृष्टम् । कल्याणसाधनं भव्यसत्त्वशुभप्रयोजनकारि । स्वजनादिभवोद्दिधीर्षणया सद्बोधिप्रवृत्तिस्तु गणधरपदसाधनं भवतीति द्रष्टव्यम् । यत उक्तं–"चिन्तयत्येवमेवैतत्स्वजनादिगतं तु यः । तथा अनुष्ठानतः सोऽपि धीमान् गणधरो भवेत् ।१।" ।।१५-१४।।

"તે તે કલ્યાણના વ્યાપાર વડે મોક્ષના બીજાધાનાદિ સ્વરૂપ સત્ત્વાર્થ(જીવોના કાર્ય)ને કરનારા તે સમ્યગ્દષ્ટિ આત્માઓ; ભવ્યજીવોના કલ્યાણના શ્રેષ્ઠ સાધનભૂત એવા શ્રી તીર્થંકરપણાને પ્રાપ્ત કરે છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે શ્રી તીર્થંકરપદને પ્રાપ્ત કરાવનાર સદ્બોધિ(વરબોધિ-સમ્યક્ત્વવિશેષ)થી યુક્ત પુણ્યાત્માઓ; પરિશુદ્ધ પ્રવચનના જ્ઞાનથી શ્રેષ્ઠ એવી ધર્મકથા વડે અવિસંવાદિ (ચોક્કસ ફળને આપનાર) નિમિત્ત સ્વરૂપ કલ્યાણની પ્રવૃત્તિથી; મોક્ષનાં બીજો(સમ્યગ્દર્શનાદિ)ને પ્રાપ્ત કરાવવા સ્વરૂપ જીવોના પ્રયોજનને સિદ્ધ કરે છે. ભાવાર્થ એ છે કે જેમને

વરબોધિ પ્રાપ્ત થયું છે; તે પુણ્યાત્માઓ સતત પરકલ્યાણમાં પ્રવૃત્ત હોય છે. તાત્ત્વિક રીતે કલ્યાણ, મોક્ષનાં બીજોની પ્રાપ્તિથી થતું હોય છે. સામાન્યથી મોક્ષનાં બીજોનું આધાન કરવા સ્વરૂપ જ અહીં સત્ત્વાર્થ(પરાર્થ) છે. આ સત્ત્વાર્થને વરબોધિવાળા જીવો કરતા હોય છે. માત્ર પોતાનું જ કલ્યાણ કરનારા તેઓ હોતા નથી. તેથી તેઓ માત્ર સત્ત્વાર્થને કરતા હોવાથી આત્મંભરી પણ નથી.

આ રીતે સત્ત્વાર્થને કરનારા તેઓ ધર્મદેશનાસ્વરૂપ અવિસંવાદિ નિમિત્ત અને પ્રવૃત્તિ વગેરે સ્વરૂપ કલ્યાણને કરે છે. ધર્મદેશના; અતિશયવાળી - અચિંત્ય સામર્થ્યવાળી હોય છે. કારણ કે તે પરિશુદ્ધ પ્રવચનના જ્ઞાનથી થયેલી છે. બીજા જીવોને મોક્ષના બીજની પ્રાપ્તિ કરાવવા માટે એ પ્રબળ નિમિત્ત છે. તદુપરાંત આ આત્માઓની તે તે ઉચિત પ્રવૃત્તિ પણ પરોપકારના આશયથી ગર્ભિત હોય છે. તેથી આવી કલ્યાણકારિણી ધર્મકથાદિની પ્રવૃત્તિ દ્વારા સત્ત્વાર્થને કરતા આ વરબોધથી સમન્વિત આત્માઓને; ભવ્યજીવોના શુભ પ્રયોજન(કાર્ય)ને કરનાર એવા કલ્યાણના સાધનભૂત શ્રી તીર્થંકરપદની પ્રાપ્તિ થાય છે.

આવી જ સદ્બોધિથી યુક્ત પ્રવૃત્તિ; સમસ્ત સત્ત્વ(જીવ)ના વિષયના બદલે સ્વજનાદિને ભવથી પાર ઉતારવા સંબંધી હોય તો તે વરબોધિવાળા આત્માને ગણધરપદની પ્રાપ્તિ થાય છે. કારણ કે એ પ્રમાણે યોગબિંદુમાં જણાવ્યું છે. - "આ બધાને વરબોધિથી યુક્ત એવો હું સંસારથી પાર ઉતારું ! - આ પ્રમાણે જ જેઓ સ્વજનાદિના વિષયમાં ચિંતવે છે, તેઓ તે મુજબના પરોપકારસ્વરૂપ અનુષ્ઠાનથી પ્રશસ્ત બુદ્ધિવાળા ગણધર થાય છે." ॥૧૫-૧૪॥

પ્રાણીમાત્રને અથવા તો સ્વજનાદિને સંસારથી પાર ઉતારવાની ચિંતા જેમને ન હોય તેઓ કેવા થાય છે ? - આ જિજ્ઞાસામાં જણાવાય છે—

**संविग्नो भवनिर्वेदादात्मनिःसरणन्तु यः ।**
**आत्मार्थसम्प्रवृत्तोऽसौ, सदा स्यान्मुण्डकेवली ॥१५-१५॥**

संविग्न इति–संविग्नः "तथ्ये धर्मे ध्वस्तहिंसाप्रबन्धे देवे रागद्वेषमोहादिमुक्ते । साधौ सर्वग्रन्थसन्दर्भहीने संवेगोऽसौ निश्चलो योऽनुरागः ॥१॥" इतिकाव्योक्तलक्षण-संवेगभाक् । भवनिर्वेदात् संसारवैरस्याद् । आत्मनिःसरणं तु जरामरणादिदारुणदहना-त्स्वनिष्कासनं पुनः । यश्चिन्तयतीति गम्यते । आत्मार्थसम्प्रवृत्तः स्वप्रयोजनमात्र-

प्रतिबद्धचित्तोऽसौ । सदा निरन्तरं । स्याद्भवेद् । मुण्डकेवली द्रव्यभावमुण्डनप्रधानस्तथाविधबाह्यातिशयशून्यः केवली पीठमहापीठवत् ॥१५-१५॥

"ભવના નિર્વેદના કારણે જે સંવિગ્ન આત્મા ભવથી પોતાના આત્માને બહાર કાઢવા માટે ચિંતવે છે, તે પોતાના જ પ્રયોજનમાં પ્રવૃત્ત હોવાથી મુણ્ડ-કેવલી બને છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે - હિંસાનો પ્રબંધ જેમાંથી ધ્વસ્ત થયો છે; એવા તથ્ય ધર્મને વિશે; રાગ, દ્વેષ અને મોહથી રહિત એવા દેવને વિશે તેમ જ બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી સર્વથા રહિત એવા સાધુ મહાત્માને વિશે નિશ્ચલ જે અનુરાગ છે; તેને સંવેગ કહેવાય છે. આવા સંવેગને પામેલા આત્માને સંવિગ્ન કહેવાય છે. સંસારની વિરસતાને ભવનૈર્ગુણ્ય કહેવાય છે અને જરા-મરણાદિ સ્વરૂપ ભયંકર અગ્નિસ્વરૂપ ભવથી પોતાના આત્માને દૂર કરવા સ્વરૂપ અહીં આત્મનિઃસરણ છે.

સંસારની વિરસતાથી જે સંવિગ્ન આત્મા પોતાના આત્માને સંસારથી દૂર કરવાનું ચિંતવે છે, તે આત્મા સદા પોતાના જ પ્રયોજનમાં પ્રતિબદ્ધ ચિત્તવાળો હોવાથી મુણ્ડકેવલી બને છે. દ્રવ્યથી અને ભાવથી મુંડનની પ્રધાનતા હોવાથી તેને મુણ્ડ કહેવાય છે. કેવલજ્ઞાની બનતા હોવાથી તેઓ કેવલજ્ઞાની છે. પરંતુ બાહ્ય અતિશયથી રહિત હોવાથી તેઓ મુણ્ડકેવલી છે. સાધુપણામાં સંયમની સુંદર આરાધના કરવાથી પીઠ અને મહાપીઠ સર્વાર્થસિદ્ધવિમાનમાં દેવ બનીને બીજા ભવમાં કેવલજ્ઞાની થયા. પરંતુ શ્રી તીર્થંકર પરમાત્માદિ ન થયા. કારણ કે તેઓ પોતાના જ અર્થમાં પ્રતિબદ્ધ ચિત્તવાળા હતા... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૧૫-૧૫॥

શિષ્ટપુરુષનું લક્ષણ પણ સમ્યગ્દૃષ્ટિમાં સંગત છે તે જણાવાય છે–

**अंशतः क्षीणदोषत्वाच्छिष्टत्वमपि युक्तिमत् ।**
**अत्रैव हि परोक्तं तु, तल्लक्षणमसङ्गतम् ॥१५-१६॥**

अंशत इति–अंशतो देशतः । क्षीणदोषत्वाद्दोषक्षयवत्त्वात् । शिष्टत्वमपि । अत्रैव सम्यग्दृष्टावेव । युक्तिमद् न्यायोपेतम् । "क्षीणदोषः पुरुषः शिष्टः" इतिलक्षणस्य निर्बाधत्वात् । सर्वदोषक्षयेण सर्वथा शिष्टत्वस्य सिद्धे केवलिनि वा विश्रान्तत्वेऽपि सम्यग्दृष्टेरारभ्य देशतो विचित्रस्य शिष्टत्वस्यान्यत्रानपायत्वात् । न चैवं शिष्टत्वस्यातीन्द्रियत्वेन

दुर्ग्रहत्वाच्छिष्टाचारेण प्रवृत्त्यनापत्तिरिति शङ्कनीयं, प्रशमसंवेगादिलिङ्गैस्तस्य सुग्रहत्वात् । 'दोषा रागादय एव तेषां च दिव्यज्ञानादर्वाग् न क्षयमुपलभामहे न वा तेषु निरवयवेष्वंशोऽस्ति येनांशतस्तत्क्षयो वक्तुं शक्येतेति' चेन्न, अत्युचितप्रवृत्तिसंवेगादिलिङ्गकप्रबलतदुपक्षयस्यैवांशतो दोषक्षयार्थत्वाद्, आत्मानुग्रहोपघातकारित्वेन चयोपचयवतः सावयवस्य कर्मरूपदोषस्य प्रसिद्धत्वाच्च इत्यन्यत्र विस्तरः । हि निश्चितम् । परोक्तं तु द्विजन्मोद्भावितं तु । तस्य शिष्टस्य लक्षणम् । असङ्गतमयुक्तम् ॥१५-१६॥

"સમ્યગ્દષ્ટિ આત્માના આંશિક દોષોનો ક્ષય થયો હોવાથી શિષ્ટત્વ પણ અહીં સદ્-બોધિવાળા આત્મામાં જ યુક્તિસંગત છે. બીજા લોકોએ જણાવેલું શિષ્ટ પુરુષોનું લક્ષણ અસંગત છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનો આશય એ છે કે, 'ક્ષીણ થઇ ગયા છે દોષો જેના એવા પુરુષને શિષ્ટ કહેવાય છે." - આ શિષ્ટ પુરુષનું લક્ષણ સમ્યગ્દષ્ટિ આત્મામાં જ યુક્તિસંગત છે. કારણ કે અંશતઃ અર્થાત્ દેશથી રાગાદિ દોષોનો ક્ષય સમ્યગ્દષ્ટિ જીવોમાં છે. તેથી તેવું શિષ્ટત્વ પણ તેમનામાં ન્યાયસંગત છે. સર્વથા શિષ્ટત્વ સર્વ દોષોના ક્ષયથી પ્રાપ્ત થતું હોય છે. શ્રી સિદ્ધપરમાત્માઓમાં અથવા શ્રી કેવલીભગવંતોમાં એવું શિષ્ટત્વ હોવા છતાં દેશથી ભિન્ન ભિન્ન જાતિનું શિષ્ટત્વ તે તે આત્માઓમાં સમ્યગ્દષ્ટિ આત્માઓથી આરંભીને સંગત છે. ચોથા ગુણસ્થાનકથી આરંભીને સાતમા ગુણસ્થાનક સુધીના આત્માઓમાં આ રીતે શિષ્ટત્વનો વ્યવહાર થઇ શકે છે.

"આ રીતે દોષોના ક્ષય સ્વરૂપ શિષ્ટત્વને માનવામાં આવે તો દોષોનો ક્ષય અતીન્દ્રિય (બાહ્ય ચક્ષુ વગેરે ઇન્દ્રિયોથી જેનું પ્રત્યક્ષ ન થાય તેવો) હોવાથી શિષ્ટત્વનો ગ્રહ અશક્ય છે અને તેથી શિષ્ટના આચારથી જે પ્રવૃત્તિ થાય છે તે નહીં થાય. કારણ કે શિષ્ટાચારનું જ્ઞાન જ થાય તેમ નથી." - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે શિષ્ટત્વ અતીન્દ્રિય હોવા છતાં પ્રશમ, સંવેગ અને નિર્વેદ વગેરે લિંગો દ્વારા તેનું અનુમાન થતું હોવાથી શિષ્ટત્વનો સારી રીતે ગ્રહ(જ્ઞાન) કરી શકાય છે.

"રાગ, દ્વેષ અને મોહ વગેરે દોષો છે. દિવ્યજ્ઞાનની પૂર્વે (અવધિજ્ઞાનાદિની પૂર્વે) તે દોષોના ક્ષયનો ઉપલંભ શક્ય નથી. તેમ જ તે દોષોના કોઇ અવયવો

નથી કે જેથી તેનો અંશતઃ-દેશતઃ ક્ષય વર્ણવી શકાય.'' - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે ઉચિત પ્રવૃત્તિ તેમ જ સંવેગ અને નિર્વેદ વગેરેના કારણે જણાતો એવો પ્રબળ દોષોનો જે ક્ષય છે; તેને જ અંશતઃ ક્ષય કહેવાય છે. તેમ જ આત્માને અનુગ્રહ અને ઉપઘાત કરનારા કર્મનો ચય અને ઉપચય થતો હોવાથી કર્મ સાવયવ છે - એ વાત પ્રસિદ્ધ છે. અન્યત્ર એ વાત વિસ્તારથી સમજાવેલી છે.

વેદને અનુસરનારા બ્રાહ્મણોએ જે શિષ્ટનું લક્ષણ કર્યું છે તે અસંગત છે. ।।૧૫-૧૬।।

तथाहि--

બ્રાહ્મણોએ જે શિષ્ટનું લક્ષણ જણાવ્યું છે; તે અસંગત કઇ રીતે છે - તે જણાવાય છે—

**वेदप्रामाण्यमन्तृत्वं, बौद्धे ब्राह्मणताडिते ।**
**अतिव्याप्तं द्विजेऽव्याप्तं, स्वापे स्वारसिकं च तत् ।।१५-१७।।**

वेदेति—"वेदप्रामाण्यमन्तृत्वम्" एतावदेव शिष्टलक्षणम् । ब्राह्मणताडिते बौद्धेऽतिव्याप्तं, तेनापि "वेदाः प्रमाणम्" इत्यभ्युपगमात् । स्वारसिकं च तद् वेदप्रामाण्यमन्तृत्वं द्विजे ब्राह्मणेऽव्याप्तम् । अयं भावः—स्वारसिकत्वविशेषणेन बौद्धेऽतिव्याप्तिनिरासेऽपि 'स्वारसिकवेदप्रामाण्यमन्तृत्वं' यदाकदाचिद्वाच्यं सर्वदा वा ? आद्ये बौद्धे एवातिव्याप्तितादवस्थ्यं, तस्यापि जन्मान्तरे वेदप्रामाण्याभ्युपगमध्रौव्याद् । अन्त्ये च शयनादिदशायां वेदप्रामाण्याभ्युपगमाभाववति ब्राह्मणेऽव्याप्तिरिति ।।१५-१७।।

''**वेदप्रामाण्यमन्तृत्व** - અર્થાત્ વેદને પ્રમાણ માનવા - આ પ્રમાણે શિષ્ટ પુરુષનું લક્ષણ કરવામાં આવે તો જે બ્રાહ્મણથી તાડિત (બલાત્કાર કરાયેલ) બૌદ્ધ છે તેને લઇને લક્ષણમાં અતિવ્યાપ્તિ આવે છે. 'સ્વારસિક વેદને પ્રમાણ માનવા' આ લક્ષણ માનવામાં આવે તો શયનાવસ્થાપન્ન બ્રાહ્મણને લઇને લક્ષણમાં અવ્યાપ્તિ આવે છે.'' - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે 'વેદને પ્રમાણ માનનારા શિષ્ટ છે.' - આ પ્રમાણે શિષ્ટપુરુષોનું લક્ષણ બ્રાહ્મણોએ કર્યું છે. પરંતુ એ લક્ષણમાં અતિવ્યાપ્તિ આવે છે. કારણ કે બ્રાહ્મણ દ્વારા મારપીટ

કરવાના કારણે જે બૌદ્ધે પરાણે વેદના પ્રામાણ્યનો સ્વીકાર કર્યો છે; તે બૌદ્ધ શિષ્ટ ન હોવા છતાં તેમાં વેદપ્રામાણ્યમન્તૃત્વસ્વરૂપ લક્ષણ સંગત થાય છે.

પરાણે વેદને પ્રમાણ માનનારા બૌદ્ધને લઇને આવતી અતિવ્યાપ્તિનું નિવારણ કરવા લક્ષણમાં '**स्वारसिक**' આ પદનો નિવેશ કરવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે તે બૌદ્ધમાં વેદપ્રામાણ્યમન્તૃત્વ હોવા છતાં તે સ્વારસિક (પોતાની ઇચ્છાથી સ્વીકૃત) નથી. પરંતુ તે સ્વારસિક વિશેષણના નિવેશથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ આવશે. કારણ કે 'સ્વારસિકવેદપ્રામાણ્યમન્તૃત્વ કોઇ વાર માટે વિવક્ષિત છે કે સદાને માટે વિવક્ષિત છે?' આ બે વિકલ્પમાંથી પ્રથમ વિકલ્પને માનીએ તો જે પ્રથમ બ્રાહ્મણ હતો અને પછીના જન્મમાં બૌદ્ધ થયો. તે બૌદ્ધને લઇને લક્ષણમાં અતિવ્યાપ્તિ સ્પષ્ટ છે. કારણ કે બ્રાહ્મણના જન્મમાં તેણે ચોક્કસ જ વેદના પ્રામાણ્યનો સ્વીકાર કર્યો હતો. સદાને માટે વેદપ્રામાણ્યમન્તૃત્વ હોવું જોઇએ : આ બીજો વિકલ્પ સ્વીકારીએ તો તે બૌદ્ધને લઇને અતિવ્યાપ્તિ નહીં આવે; કારણ કે સદાને માટે તેણે વેદપ્રામાણ્યનો સ્વીકાર કર્યો નથી. પરંતુ એવી વિવક્ષામાં સૂતેલા બ્રાહ્મણને લઇને અવ્યાપ્તિ આવશે. કારણ કે શયન દરમ્યાન બ્રાહ્મણે તેવા પ્રામાણ્યનો સ્વીકાર કર્યો ન હોવાથી બ્રાહ્મણમાં સ્વારસિક સર્વકાલીન વેદપ્રામાણ્યમન્તૃત્વ નથી. આથી સમજી શકાશે કે **स्वारसिकवेदप्रामाण्यमन्तृत्वं शिष्टत्वम्** આ લક્ષણ અસંગત છે. શિષ્ટનું લક્ષણ 'શિષ્ટ અને અશિષ્ટ' બંન્નેમાં હોય તો અતિવ્યાપ્તિદોષ હોય છે. શિષ્ટનું લક્ષણ કોઇ શિષ્ટમાં ન ઘટે તો અવ્યાપ્તિદોષ હોય છે અને શિષ્ટમાત્રમાં એ લક્ષણ સંગત ન બને તો અસંભવદોષ હોય છે... ઇત્યાદિ યાદ રાખવું. ॥૧૫-૧૭॥

બ્રાહ્મણોએ જણાવેલા શિષ્ટના લક્ષણમાં જ અનુપપત્તિ જણાવાય છે–

**तदभ्युपगमाद् यावन्न तद्व्यत्ययमन्तृता ।**
**तावच्छिष्टत्वमिति चेत्तदप्रामाण्यमन्तरि ॥१५-१८॥**

तदिति–तस्य वेदप्रामाण्यस्याभ्युपगमाद् यावन्न तद्व्यत्ययस्य वेदाप्रामाण्यस्य मन्तृताऽभ्युपगमस्तावच्छिष्टत्वम् । शयनादिदशायां च वेदाप्रामाण्यानभ्युपगमाद् ब्राह्मणे नाव्याप्तिरिति भावः । अप्रामाण्यमननस्यापि स्वारसिकस्य ग्रहणाद् बौद्धताडिते ब्राह्मणे वेदाप्रामाण्याभ्युपगन्तरि नाव्याप्तिः, अप्रमाकरणत्वप्रमाकरणत्वाभावयोश्च द्वयोरपि

प्रामाण्यविरोधित्वेन सङ्ग्रहान्नैकग्रहेऽन्याभ्युपगन्तर्यतिव्याप्तिः । अत्राह–इति चेत्तद-प्रामाण्यमन्तरि वेदाप्रामाण्याभ्युपगन्तरि ॥१५-१८॥

"તેના સ્વીકારથી માંડીને જ્યાં સુધી તેના અભાવનો સ્વીકાર કરવામાં આવતો નથી ત્યાં સુધી (તેનું) શિષ્ટત્વ છે : આ પ્રમાણે જો કહેવામાં આવે તો તેના અપ્રામાણ્યનો સ્વીકાર કરનારમાં (અવ્યાપ્તિ આવશે... તેનું અનુસંધાન શ્લો.નં. ૧૯માં છે.)" - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે - વેદના પ્રામાણ્યનો સ્વીકાર કર્યા પછી જ્યાં સુધી વેદના અપ્રામાણ્યનો સ્વીકાર કર્યો ન હોય ત્યાં સુધી તે વ્યક્તિમાં શિષ્ટત્વ મનાય છે. શિષ્ટત્વના એવા પ્રકારના સ્વરૂપથી શયનદશામાં બ્રાહ્મણે વેદના અપ્રામાણ્યનો ગ્રહ કરેલો ન હોવાથી સૂતેલા બ્રાહ્મણને લઈને અવ્યાપ્તિ નહીં આવે.

યદ્યપિ વેદના પ્રામાણ્યનો સ્વીકાર કર્યા પછી બૌદ્ધની ધાકધમકીથી જે બ્રાહ્મણને વેદના અપ્રામાણ્યનો સ્વીકાર કરવો પડ્યો હોય તે બ્રાહ્મણને લઈને અવ્યાપ્તિ આવે છે, કારણ કે તેમાં વેદાપ્રામાણ્યમન્તૃત્વ છે; તેનો અભાવ નથી. પરંતુ અહીં પણ સ્વારસિક જ વેદાપ્રામાણ્યમન્તૃત્વ વિવક્ષિત હોવાથી, બૌદ્ધ દ્વારા પરાણે વેદના અપ્રામાણ્યનો સ્વીકાર કરાવેલા બ્રાહ્મણમાં સ્વારસિક(પોતાની ઈચ્છાથી સ્વીકારેલ) વેદના અપ્રામાણ્યના મન્તૃત્વનો અભાવ હોવાથી તેને લઈને અવ્યાપ્તિ નહીં આવે. આથી સમજી શકાશે કે જ્યાં સુધીને વેદને પ્રમાણ માનવામાં આવે છે અને અપ્રમાણ માનવામાં આવતા નથી, ત્યાં સુધી તે આત્મામાં શિષ્ટત્વ છે. વેદનું પ્રામાણ્ય પ્રમાકરણત્વ સ્વરૂપ છે અને અપ્રામાણ્ય અપ્રમાકરણત્વ સ્વરૂપ છે. અપ્રામાણ્યના ગ્રહનો અભાવ અને પ્રમાકરણત્વનો ગ્રહ : બંન્ને શિષ્ટત્વપ્રયોજક છે અને તેના અભાવ અર્થાત્ અપ્રમાકરણત્વ અને પ્રમાકરણત્વાભાવ શિષ્ટત્વના પ્રયોજક નથી. તેના અભાવ શિષ્ટત્વપ્રયોજક છે. **वेदा अप्रमाणम्**... ઈત્યાદ્યાકારક જ્ઞાનને અપ્રામાણ્યગ્રહ તરીકે અહીં વર્ણવ્યું છે અને **वेदाः प्रमाणम्**... ઈત્યાદ્યાકારક જ્ઞાનના અભાવ સ્વરૂપ; પ્રમાકરણત્વાભાવ છે.

ઉપર જણાવ્યા મુજબ શયનાદિદશામાં વેદના અપ્રામાણ્યના ગ્રહનો અભાવ હોવાથી તેવા બ્રાહ્મણને લઈને અવ્યાપ્તિ આવતી નથી. પરંતુ જ્યાં અપ્રમાકરણત્વનું અને પ્રમાકરણત્વનું જ્ઞાન આહાર્ય (બાધકાલીન ઈચ્છાના કારણે ઉત્પન્ન થયેલું) હોય ત્યારે પ્રમાકરણત્વના ગ્રહની સાથે અપ્રમાકરણત્વનો

ગ્રહ હોય તેમ જ અપ્રમાકરણત્વના ગ્રહની સાથે તેના અભાવનો પણ ગ્રહ હોય - એ બને. તેથી જે બૌદ્ધને અપ્રમાકરણત્વના જ્ઞાન પછી વેદના પ્રામાણ્યનો તેવો (આહાર્યગ્રહ) બોધ થાય તો તેને લઈને અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે અપ્રમાકરણત્વ અને પ્રમાકરણત્વાભાવ પ્રામાણ્યના વિરોધી વિવક્ષિત છે. આહાર્યાદિજ્ઞાન તેમ જ શયનાદિદશામાંનું પ્રમાકરણત્વાભાવાદિ પ્રામાણ્યનું વિરોધી નથી. તેથી તેને લઈને અતિવ્યાપ્તિ વગેરે નહિ આવે. આ પ્રમાણે કહેવામાં આવે તો અન્યત્ર દોષ આવે છે. ॥૧૫-૧૮॥

આ પ્રમાણે વેદને અપ્રમાણ નહિ માનનારને શિષ્ટ માનવામાં આવે તો જે દોષ આવે છે તે **तदप्रामाण्यमन्तरि...** ઇત્યાદિ ગ્રંથથી જણાવાય છે–

**अजानति च वेदत्वमव्याप्तं चेद् विवक्ष्यते ।**
**वेदत्वेनाभ्युपगमस्तथापि स्याददः किल ॥१५-१९॥**

अजानति चेति–वेदत्वं च वेदेऽजानति ब्राह्मणे अव्याप्तं लक्षणमेतत् । तेन वेदाप्रामाण्याभ्युपगमाद् । अथ चेद्यदि वेदत्वेनाभ्युपगमो विवक्ष्यते वेद एव वेदत्वम-जानतश्च न वेदत्वेनाप्रामाण्याभ्युपगमः किं त्विदमप्रमाणमिति इदन्त्वादिनैवेति नाव्याप्ति-स्तथाप्यद एतल्लक्षणं किल ॥१५-१९॥

"(વેદના અપ્રામાણ્યને માનનારા) અને વેદને નહિ જાણનાર એવા બ્રાહ્મણમાં વેદાપ્રામાણ્યમન્તૃત્વનો વિરહ ન હોવાથી શિષ્ટલક્ષણ તે બ્રાહ્મણમાં અવ્યાપ્ત છે. આ અવ્યાપ્તિદોષના નિવારણ માટે વેદસ્વરૂપે વેદના અભ્યુપગમની પણ વિવક્ષા કરાય તોપણ આ લક્ષણ... (આગળના વીશમા શ્લોકમાં જણાવ્યા મુજબ કાગડામાં અતિવ્યાપ્ત છે.) આ પ્રમાણે ઓગણીશમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે જે બ્રાહ્મણ વેદને પ્રમાણ માનતો નથી અર્થાત્ વેદને અપ્રમાણ માને છે અને વેદને વેદસ્વરૂપે જાણતો નથી; તે બ્રાહ્મણમાં શિષ્ટલક્ષણ સંગત થતું ન હોવાથી અવ્યાપ્તિ આવે છે. આ અવ્યાપ્તિના નિવારણ માટે શિષ્ટના લક્ષણમાં વેદસ્વરૂપે વેદના અભ્યુપગમનો નિવેશ કરી લેવો જોઈએ, તેથી અવ્યાપ્તિ નહીં આવે. કારણ કે જે બ્રાહ્મણે વેદના અપ્રામાણ્યનો સ્વીકાર કર્યો છે, તેણે વેદને વેદસ્વરૂપે જાણ્યા નથી. તેથી વેદને વેદસ્વરૂપે જાણીને તેમાં અપ્રામાણ્યનો ગ્રહ બ્રાહ્મણે કર્યો ન હોવાથી વેદત્વેન

વેદાભ્યુપગમવિશિષ્ટ વેદાપ્રામાણ્યમન્તૃત્વનો વિરહ બ્રાહ્મણમાં છે જ, જેથી તાદૃશ શિષ્ટલક્ષણમાં બ્રાહ્મણને લઈને અવ્યાપ્તિ નહીં આવે.

'વેદને વેદસ્વરૂપે જાણ્યા વિના વેદમાં અપ્રામાણ્યનો ગ્રહ કઈ રીતે થયો.' - આવી શંકા નહીં કરવી જોઈએ; કારણ કે **वेदा अप्रमाणम्** આવા પ્રકારનો ગ્રહ ન હોવા છતાં **इदमप्रमाणम्** આ રીતે ઈદન્ત્વાદિ સ્વરૂપે વેદમાં અપ્રામાણ્યનો ગ્રહ થઈ શકે છે. વેદને વેદસ્વરૂપે જાણ્યા હોત તો તેમાં બ્રાહ્મણે અપ્રામાણ્યનો ગ્રહ કર્યો ન હોત. જો તેમ છતાં એવો ગ્રહ કર્યો જ હોત તો તેને શિષ્ટ માનવાની આવશ્યકતા ન હોવાથી તે બ્રાહ્મણમાં શિષ્ટલક્ષણ ન જાય તે ઈષ્ટ જ છે. આથી સમજી શકાશે કે '**वेदत्वेन वेदाभ्युपगमविशिष्टवेदाप्रामाण्यमन्तृत्वविरहः शिष्टत्वम्**' આ પ્રમાણે શિષ્ટનું લક્ષણ છે. પરંતુ આ લક્ષણ આગળના શ્લોકથી જણાવાશે તેમ કાગડામાં અતિવ્યાપ્ત બને છે. ॥૧૫-૧૯॥

કાગડામાં લક્ષણ જે રીતે અતિવ્યાપ્ત બને છે, તે જણાવાય છે—

**ब्राह्मणः पातकात् प्राप्तः, काकभावं तदापि हि ।**
**व्याप्नोतीशं च नोत्कृष्टज्ञानावच्छेदिका तनुः ॥१५-२०॥**

ब्राह्मण इति–यदा ब्राह्मणः पातकात् काकजन्मनिबन्धनाद् दुरितात् । काकभावं प्राप्तस्तदापि हि स्याद् ब्राह्मणदशायां वेदप्रामाण्याभ्युपगन्तृत्वात् काकदशायां च वेदाप्रामाण्यानभ्युपगन्तृत्वाद् । उत्कृष्टज्ञानावच्छेदिका च तनुरीशं भवानीपतिं न व्याप्नोति । तथा च काकेऽतिव्याप्तिवारणार्थमुत्कृष्टज्ञानावच्छेदकशरीरवत्त्वे सतीति विशेषणदाने ईश्वरेऽव्याप्तिरित्यर्थः ॥१५-२०॥

"બ્રાહ્મણ પાપના યોગે કાગડાના જન્મને પ્રાપ્ત કરે ત્યારે પણ તેમાં લક્ષણ સંગત થશે. (અર્થાત્ એવા કાગડાને લઈને અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે) ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદક શરીરઘટિત લક્ષણ ઈશ્વરમાં નહિ જાય." - આ પ્રમાણે વીશમા શ્લોકનો સામાન્ય અર્થ છે. આશય એ છે કે, જ્યારે બ્રાહ્મણ કાગડાના જન્મની પ્રાપ્તિના કારણભૂત પાપવિશેષે કાગડાની અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે પણ શિષ્ટનું લક્ષણ તેમાં સંગત થશે. કારણ કે બ્રાહ્મણના ભવમાં વેદના પ્રામાણ્યનો સ્વીકાર કર્યો હતો અને કાગડાના ભવમાં વેદના અપ્રામાણ્યનો સ્વીકાર કર્યો નથી.

આ રીતે કાગડાને લઈને અતિવ્યાપ્તિ આવે છે; તેના નિવારણ માટે લક્ષણમાં 'ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરવત્ત્વ'નો નિવેશ કરાય તો કાગડામાં લક્ષણ નહિ જાય. કારણ કે કાગડાનું શરીર ઉત્કૃષ્ટ જ્ઞાનનું અવચ્છેદક નથી. એવું શરીર મનુષ્યાદિનું હોય છે. તિર્યંચોનું શરીર અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદક હોય છે. એ લોકોની(નૈયાયિકાદિની) માન્યતા મુજબ આત્મા વિભુ છે. આત્માના દરેક પ્રદેશમાં જ્ઞાનની ઉત્પત્તિ થતી નથી. સમસ્તજગદ્વ્યાપી આત્મા હોવા છતાં શરીરપ્રમાણ આત્માના પ્રદેશમાં જ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તેથી શરીરને જ્ઞાનનું અવચ્છેદક કહેવાય છે. તિર્યંચોનું જ્ઞાન મનુષ્યાદિના જ્ઞાનની અપેક્ષાએ અપકૃષ્ટ હોવાથી કાગડાનું શરીર ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદક ન હોવાથી '**उत्कृष्टज्ञानावच्छेदकशरीरवत्त्वे सति वेदत्वेन वेदाभ्युपगमविशिष्टवेदाप्रामाण्यमन्तृत्व-विरहः शिष्टत्वम्**' આ લક્ષણ કાગડામાં જતું નથી. પરંતુ આવું શિષ્ટનું લક્ષણ ભવાનીપતિ(શંકર) - ઈશ્વરમાં જતું નથી. કારણ કે પરમાત્મા-ઈશ્વરને શરીર જ હોતું નથી. તેથી ઈશ્વરને લઈને અવ્યાપ્તિ આવે છે... ઈત્યાદિ સમજી લેવું. ।।૧૫-૨૦।।

એ અવ્યાપ્તિના નિવારણ માટેના ઉપાયથી જે દૂષણ છે, તે જણાવાય છે–

**अन्याङ्गरहितत्वञ्च, तस्य काकभवोत्तरम् ।**
**देहान्तराग्रहदशामाश्रित्यातिप्रसक्तिमत् ।।१५-२१।।**

अन्येति–अन्याङ्गरहितत्वं च अपकृष्टज्ञानावच्छेदकशरीरराहित्यं च । तस्य ब्राह्मणभवानन्तरप्राप्तकाकभवस्य । काकभवोत्तरं देहान्तराग्रहदशां शरीरान्तरानुपादानावस्थामाश्रित्य अतिप्रसक्तिमदतिव्याप्तं तदानीमपकृष्टज्ञानावच्छेदकशरीरराहित्यात् ।।१५-२१।।

"પૂર્વે જણાવ્યા મુજબ ઈશ્વરને લઈને આવતી અવ્યાપ્તિના નિવારણ માટે અપકૃષ્ટ-જ્ઞાનાવચ્છેદક - શરીરરહિતત્વની વિવક્ષા કરાય તો બ્રાહ્મણના ભવ પછી મળેલા કાગડાના ભવ પછી શરીરાંતરનું ગ્રહણ કર્યું ન હોય તે દશાને લઈને અતિવ્યાપ્તિ આવે છે." - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

આશય સ્પષ્ટ છે કે પૂર્વે જણાવ્યા મુજબ પરમાત્મા અશરીરી હોવાથી ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરવત્ત્વ(શરીર) તેઓમાં નથી. એ રીતે શિષ્ટનું લક્ષણ

પરમાત્મા-ઈશ્વરમાં ન જવાથી અવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે **उत्कृष्टज्ञानावच्छेदकशरीरवत्त्वे सति** - એના બદલે અન્યાંગરહિતત્વ અર્થાત્ **अपकृष्टज्ञानावच्छेदकशरीररहितत्वे सति** આવો નિવેશ કરવો જોઈએ. જેથી કાગડામાં અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરરહિતત્વ ન હોવાથી અને ઈશ્વરમાં તે હોવાથી અનુક્રમે અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ નહીં આવે.

પરંતુ તાદૃશ વિવક્ષાથી પ્રથમ જે બ્રાહ્મણ હતો ત્યાર પછી તે તેવા પ્રકારના પાપના યોગે કાગડો થયો અને ત્યાર પછી બીજા ભવમાં જતાં પૂર્વે તે ભવનું શરીર ગ્રહણ કરતાં પૂર્વે જે શરીરરહિત અવસ્થા છે; (કાગડાનું શરીર જતું રહ્યું છે અને બીજું હજુ ગ્રહણ કર્યું નથી.) તે અવસ્થાપન્ન બ્રાહ્મણજીવમાં શિષ્ટનું લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ આવે છે. ।।૧૫-૨૧।।

અતિવ્યાપ્તિનું નિવારણ કરાય છે–

**अवच्छेदकदेहानामपकृष्टधियामथ ।**
**सम्बन्धविरहो यावान्, प्रामाण्योपगमे सति ।।१५-२२।।**

अवच्छेदकेति–अथ प्रामाण्योपगमे सति वेदप्रामाण्याभ्युपगमकाले । यावानपकृष्टधियामवच्छेदकदेहानामपकृष्टज्ञानावच्छेदकशरीराणाम् । सम्बन्धविरहः सम्बन्धाभावः ।।१५-२२।।

"વેદના પ્રામાણ્યનો સ્વીકાર કર્યે છતે અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરોનો જ્યાં સુધી સંબંધનો અભાવ છે..." બાવીસમા શ્લોકનો આટલો અર્થ છે, જે અપૂર્ણ છે. તેનો બાકીનો અંશ ત્રેવીશમા શ્લોકમાં જણાવાશે. તેથી શ્લોકાર્થનું અનુસંધાન કરીને એને યાદ રાખી આગળના શ્લોકનો અર્થ વિચારવો. ।।૧૫-૨૨।।

ઉપર જણાવ્યા મુજબ બાકીના અર્થને જણાવાય છે–

**अप्रामाण्यानुपगमस्तावत्कालीन एव हि ।**
**शिष्टत्वं काकदेहस्य, प्रागभावस्तदा च न ।।१५-२३।।**

अप्रामाण्येति–तावत्कालीन एव हि सकलतत्समानकालीन एव । अप्रामाण्यानुपगमो वेदाप्रामाण्याभ्युपगमविरहः शिष्टत्वम् । काकदेहस्य प्रागभावो वेदप्रामाण्याभ्युपगमसमानकालीनस्तदा च काकस्य मरणानन्तरं शरीरान्तराग्रहदशायां नास्तीति

नातिव्याप्तिः । इत्थं च यावन्तं कालं वेदत्वेन वेदाप्रामाण्याभ्युपगमस्य विरहो वेदप्रामाण्याभ्युपगमसमानकालीनयावदपकृष्टज्ञानावच्छेदकशरीरसम्बन्धाभावसमानकालीनस्तावन्तं कालं स शिष्टः । ब्राह्मणोऽपि बौद्धो जातो वेदाप्रामाण्यं यावन्नाभ्युपगतवान् तावच्छिष्ट एव । बौद्धोऽपि ब्राह्मणो जातो वेदप्रामाण्यं यावन्नाङ्गीकृतवांस्तावदशिष्ट एवेति फलितमाह पद्मनाभः । अत्र च वेदप्रामाण्याभ्युपगमसमानकालीनत्ववत्तत्सामानाधिकरण्यमपि वाच्यम् । अन्यथोत्तरकालं तत्कालीनं यत्किञ्चिद्व्यधिकरणापकृष्टज्ञानावच्छेदकशरीरसम्बन्धप्रागभावनाशेनाव्याप्त्यापत्तेः ॥१५-२३॥

"...તેટલા કાળનો જ વેદના અપ્રામાણ્યના અભ્યુપગમનો અભાવ, શિષ્ટત્વ છે. કાગડાના શરીરનો પ્રાગભાવ ત્યારે નથી." - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે સ્થૂલ રીતે અહીં એટલું યાદ રાખવું કે જે વખતે વેદને પ્રમાણ માનવાનું કાર્ય કર્યું છે તે સમય વેદના પ્રામાણ્યના અભ્યુપગમનો કાળ છે. જે કાળમાં વેદને વેદસ્વરૂપે જાણીને તેના અપ્રામાણ્યને સ્વીકાર્યું નથી, તે વેદત્વેન(વેદસ્વરૂપે) વેદના અપ્રામાણ્યના અભ્યુપગમના વિરહનો કાળ છે અને જ્યાં સુધી અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદક - શરીરની (કાગડાદિના શરીરની) પ્રાપ્તિ થઈ નથી; તે બધો કાળ અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરના સંબંધનો વિરહકાળ છે. આ ત્રણેય કાળ, સમાન (એક) કાળ હોય ત્યારે શિષ્ટત્વ હોય છે. અન્યથા શિષ્ટત્વ હોતું નથી. વેદપ્રામાણ્યના અભ્યુપગમનો કાળ; અહીં કાગડો થવાની પૂર્વે એટલે કે કાગડાના પ્રાગભાવ વખતે હતો. તે, કાગડાના મરણ પછી બીજા શરીરને ગ્રહણ કરવાની પૂર્વે (વિગ્રહ-ગતિમાં) નથી. તેથી અતિવ્યાપ્તિ નથી આવતી... ઇત્યાદિ સમજી શકાય એવું છે.

આથી નિશ્ચિત થાય છે કે "જેટલા કાળ સુધી વેદત્વેન વેદના અપ્રામાણ્યના અભ્યુપગમનો વિરહ; વેદપ્રામાણ્યના અભ્યુપગમ સમાનકાલીન યાવદ્ અપકૃષ્ટ જ્ઞાનાવચ્છેદકશરીરસંબંધાભાવ (પ્રાગભાવ) સમાનકાલીન છે, તેટલા કાળ માટે તે શિષ્ટ છે." આ મુજબ બ્રાહ્મણ પણ બૌદ્ધ થયો. જ્યાં સુધી તેણે વેદના અપ્રામાણ્યનો સ્વીકાર કર્યો નથી, ત્યાં સુધી તે શિષ્ટ છે જ. બૌદ્ધ પણ બ્રાહ્મણ થયો. પરંતુ જ્યાં સુધી તેણે વેદના પ્રામાણ્યનો સ્વીકાર કર્યો નથી; ત્યાં સુધી તે અશિષ્ટ જ છે. આ પ્રમાણે પદ્મનાભનામના વિદ્વાને જણાવ્યું છે.

યદ્યપિ; શિષ્ટ એવા બ્રાહ્મણમાં; વેદપ્રામાણ્યાભ્યુપગમસમાનકાલીન અન્ય (સ્વભિન્ન બૌદ્ધાદિ બીજા ભવમાં કાગડાદિ થયેલા) અપકૃષ્ટજ્ઞાના-વચ્છેદકશરીરના સંબંધનો વિરહ ન હોવાથી (તાદૃશ સંબંધ હોવાથી) શિષ્ટનું લક્ષણ સંગત થતું ન હોવાથી અવ્યાપ્તિ આવે છે. પરંતુ તેના નિવારણ માટે વેદપ્રામાણ્યાભ્યુપગમસમાનકાલીનત્વની જેમ અર્થાત્ કાલિકસામાનાધિકરણ્યની જેમ; દૈશિક સામાનાધિકરણ્યનો પણ નિવેશ સમજી લેવો જોઈએ. તેથી અન્યકાલીન વેદપ્રામાણ્યનો અભ્યુપગમ, અપકૃષ્ટજ્ઞાના-વચ્છેદકશરીરસંબંધનો વિરહ અને વેદના અપ્રામાણ્યના અભ્યુપગમનો અભાવ : આ ત્રણે ય જેમ એક(સમાન)કાલવૃત્તિ લેવાય છે તેમ એક (આત્મસ્વરૂપ) અધિકરણવૃત્તિ લેવાય છે. જેથી ઉપર જણાવ્યા મુજબ અન્ય(સ્વભિન્ન) અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદક-શરીરસંબંધને (શરીરસંબંધના વિરહના અભાવને) લઈને અવ્યાપ્તિ નહીં આવે. આથી સમજી શકાશે કે - **यावन्तं कालं वेदत्वेन वेदाप्रामाण्याभ्युपगमस्य विरहो वेदप्रामाण्याभ्युपगमसमानकालीनतत्समानाधिकरण - (वेदप्रामाण्याभ्युपगमसमानाधि-करण) - यावदपकृष्टज्ञानावच्छेदकशरीरसंबंधाभावसमानकालीनस्तावन्तं कालं स शिष्टः** ।... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઈએ. ॥૧૫-૨૩॥

લક્ષણના ઉપર્યુક્ત તાત્પર્યમાં દોષ જણાવાય છે–

**नैवं तदुत्तरे विप्रेऽव्याप्तेः प्राक्प्रतिपत्तितः ।**
**प्रामाण्योपगमात् तन्न, प्राक् तत्रेति न सेति चेत् ॥१५-२४॥**

नैवमिति–नैवं यथा विवक्षितं प्राक् । तदुत्तरे विप्रे काकभवोत्तरमवाप्तब्राह्मणभवे । प्राक्प्रतिपत्तितः प्राग्भवीयवेदप्रामाण्यग्रहमाश्रित्याव्याप्तेः । तदानीं तदीयवेदाप्रामाण्याभ्यु-पगमविरहस्य प्राक्तनब्राह्मणभवीयवेदप्रामाण्याभ्युपगमसमानकालीनयावदपकृष्टज्ञाना-वच्छेदकशरीरसम्बन्धविरहासमानकालीनत्वादान्तरालिककाकभव एव काकशरीरसम्बन्ध-प्रागभावनाशात् । प्रामाण्योपगमाद्वेदप्रामाण्याभ्युपगमात् प्राक् तत्र काकभवोत्तरब्राह्मणे तच्छिष्टत्वं न इति हेतोरलक्ष्यत्वादेव न साऽव्याप्तिः । वेदप्रामाण्याभ्युपगमे तु लक्षण-सम्पत्त्यैवेति भावः । इति चेन्नन्वेवं यत्किञ्चिद्वेदप्रामाण्याभ्युपगम एव ग्राह्यः ॥१५-२४॥

ઉપર જણાવેલું શિષ્ટનું લક્ષણ બરાબર નથી. કારણ કે કાગડાના ભવની પછીના બ્રાહ્મણના ભવમાં પૂર્વભવસંબંધી વેદપ્રામાણ્યના અભ્યુપગમને આશ્રયીને

અવ્યાપ્તિ આવે છે. વેદપ્રામાણ્યનો સ્વીકાર કરે નહીં ત્યાં સુધી તે બ્રાહ્મણમાં શિષ્ટત્વ મનાતું નથી. તેથી અવ્યાપ્તિ નથી - આ પ્રમાણે કહેવામાં આવે તો... (જે દોષ છે તે આગળ જણાવાશે)" - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો શબ્દાર્થ છે.

કહેવાનો આશય એ છે કે ત્રેવીસમા શ્લોકના અંતે શિષ્ટલક્ષણનું જે તાત્પર્ય જણાવ્યું છે, તે યુક્ત નથી. કારણ કે જે બ્રાહ્મણ હતો. ત્યાર પછી કાગડો થયો અને પછી બ્રાહ્મણ થયો. આ બ્રાહ્મણે; પ્રથમ બ્રાહ્મણના ભવમાં વેદના પ્રામાણ્યનો અભ્યુપગમ કર્યો હતો અને વર્તમાનમાં વેદના અપ્રામાણ્યના અભ્યુપગમનો વિરહ છે. પરંતુ તે વિરહ; પ્રથમ બ્રાહ્મણના ભવસંબંધી વેદપ્રામાણ્યાભ્યુપગમ-સમાનકાલીન, યાવદ્ અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરના સંબંધના અભાવના અસમાનકાલીન છે. કારણ કે વચ્ચેના કાગડાના ભવના કારણે કાકશરીરના સંબંધનો પ્રાગભાવ (વિરહ) નાશ પામ્યો છે. આથી આ બ્રાહ્મણમાં શિષ્ટનું લક્ષણ જતું નથી. તેથી અવ્યાપ્તિ આવે છે.

યદ્યપિ કાગડાના ભવ પછીના બ્રાહ્મણના ભવમાં જ્યાં સુધી એણે વેદપ્રામાણ્યનો સ્વીકાર કર્યો નથી ત્યાં સુધી તે અશિષ્ટ જ હોવાથી તે લક્ષ્ય નથી અને લક્ષ્યભિન્ન-અલક્ષ્યમાં લક્ષણ ન જાય તે તો ઇષ્ટ જ છે. તેમ જ જ્યારે તે વેદપ્રામાણ્યનો સ્વીકાર કરશે ત્યારે તો લક્ષણ સંગત થવાનું જ છે. એટલે અવ્યાપ્તિ નહીં આવે. આ પ્રમાણે કહી શકાય છે. પરંતુ આનો અર્થ એ થયો કે કોઇ એક વિશેષ જ વેદપ્રામાણ્યના અભ્યુપગમનું ગ્રહણ કરવું જોઇએ... (તેમ કરવાથી જે દોષ આવે છે; તે આગળના શ્લોકથી જણાવાય છે.) ॥૧૫-૨૪॥

तथा च–

ઉપર જણાવ્યા મુજબ તે બ્રાહ્મણને અલક્ષ્ય માનીને અવ્યાપ્તિનું વારણ કરવાથી જે દોષ આવે છે - તે જણાવાય છે–

**यत्किञ्चित्तद्ग्रहे पश्चात्, प्राक् च काकस्य जन्मनः ।**
**विप्रजन्मान्तराले स्यात्, सा ध्वंसप्रागभावतः ॥१५-२५॥**

यत्किञ्चिदिति–यत्किञ्चित्तद्ग्रहे यत्किञ्चिद्वेदप्रामाण्याभ्युपगमस्य लक्षणमध्यनिवेशे । काकस्य जन्मनः पश्चात् प्राक् च । विप्रजन्मनोरन्तरालेऽप्राप्तिविश्लेषाभ्यां मध्यभावे । ध्वंसप्रागभावतः काकशरीरसम्बन्धध्वंसप्रागभावावाश्रित्य । सा प्रसिद्धा-

ऽतिव्याप्तिः स्यात् । अयं भावः—यो ब्राह्मणः काको जातस्तदनन्तरं च ब्राह्मणो भविष्यति तस्य मरणानन्तरं ब्राह्मणशरीराग्रहदशायामुत्तरब्राह्मणभवकालीनवेदप्रामाण्याभ्युपगमसमानकालीनकाकशरीरध्वंसेनैव लक्षणसाम्राज्यादतिव्याप्तिः । प्राक्तनकाकशरीरसम्बन्धप्रागभावस्तु न तत्समानकालीन एवेति । तस्यैव च ब्राह्मणभवत्यागानन्तरं काकशरीराग्रहदशायां प्राक्तनब्राह्मणभवकालीनवेदप्रामाण्याभ्युपगमसमानकालीनकाकशरीरसम्बन्धप्रागभावेनातिव्याप्तिरिति । किं च यो ब्राह्मणः प्राग् बौद्धो वृत्तस्तस्य स्वापादिदशायां वेदाप्रामाण्याभ्युपगमविरहस्याग्रिमब्राह्मणभवीयनिरुक्तयावच्छरीरसम्बन्धाभावसमानकालीनत्वात्तत्रातिव्याप्तिरिति बोध्यम् ॥१५-२५॥

"યત્કિંચિદ્ વેદપ્રામાણ્યના અભ્યુપગમનો લક્ષણમાં નિવેશ કરાય તો કાગડાના જન્મની પૂર્વે અને પછીના બ્રાહ્મણના બંન્ને જન્મોના અંતરાલમાં કાગડાના શરીરસંબંધના ધ્વંસ અને પ્રાગભાવને આશ્રયીને અતિવ્યાપ્તિ આવશે." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. આશય એ છે કે પૂર્વે જે રીતે અલક્ષ્ય માનીને તેમ જ ભવિષ્યમાં વેદપ્રામાણ્યનો સ્વીકાર કરશે એટલે લક્ષણ સમન્વય થશે - એમ કહીને અવ્યાપ્તિનું નિવારણ કર્યું હતું તે રીતે તો અલક્ષ્યમાં પણ લક્ષણસમન્વય થવાથી અતિવ્યાપ્તિ આવશે.

યત્કિંચિદ્ - ગમે તે વેદપ્રામાણ્યના અભ્યુપગમના નિવેશથી; કાગડાના પૂર્વેનો અને પછીનો જે બ્રાહ્મણનો જન્મ છે, તે જન્મના શરીરને ગ્રહણ કરવા પૂર્વેની અંતરાલ-વચ્ચેની અવસ્થાને લઈને શિષ્ટલક્ષણમાં અતિવ્યાપ્તિ આવે છે. કારણ કે અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદક કાગડાના શરીરના સંબંધના ધ્વંસ અને પ્રાગભાવને લઈને ત્યાં લક્ષણ સંગત થાય છે.

આશય એ છે કે જે બ્રાહ્મણ મરીને કાગડો થયો અને ત્યાર બાદ મરીને બ્રાહ્મણ થવાનો છે, તે કાગડાના મરણ પછી; જે ઉત્તર ભવ સ્વરૂપ બ્રાહ્મણનો ભવ થવાનો છે, તે બ્રાહ્મણના શરીરને હજુ ગ્રહણ કર્યું નથી ત્યાં સુધીની અંતરાલદશામાં ઉત્તરકાળના બ્રાહ્મણના ભવસંબંધી વેદપ્રામાણ્યના અભ્યુપગમ-સમાનકાલીન જે કાગડાના શરીરનો ધ્વંસ છે; (અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીર-સંબંધાભાવ છે) તેને લઈને લક્ષણ સંગત બને છે. તેથી અતિવ્યાપ્તિ આવે છે.

પૂર્વબ્રાહ્મણભવ દરમ્યાનનો (કાગડાના ભવની પૂર્વેનો) કાગડાના શરીરનો પ્રાગભાવ; ઉત્તરકાલીન બ્રાહ્મણના ભવસંબંધી વેદપ્રામાણ્યાભ્યુપગમ સમાન-

કાલીન જ નથી; તેથી તે પ્રાગ્ બ્રાહ્મણના મરણ પછી; બ્રાહ્મણના શરીરનો ત્યાગ કર્યા પછી જ્યાં સુધી કાગડાના શરીરનું ગ્રહણ કર્યું નથી ત્યાં સુધીની અંતરાલદશામાં પ્રથમ બ્રાહ્મણ - ભવકાલીન વેદપ્રામાણ્યાભ્યુપગમ-સમાનકાલીન કાગડાના શરીરના પ્રાગભાવને લઈને લક્ષણ સંગત બને છે. તેથી અતિવ્યાપ્તિ આવે છે. આ બંન્ને અતિવ્યાપ્તિ શરીરાગ્રહણ-દશામાં આવતી હોવાથી તેના નિવારણ માટે શરીરવત્ત્વનો નિવેશ કરવાથી અતિવ્યાપ્તિ નહીં આવે. તેથી **किञ्च** ઇત્યાદિ ગ્રંથથી અન્યત્ર દોષ જણાવાય છે.

આશય એ છે કે જે પૂર્વે બ્રાહ્મણ (જન્મથી બ્રાહ્મણ) હતો. પછી તે, તે જન્મમાં જ બૌદ્ધ થયો; તેને શયનાવસ્થાદિ દશામાં વેદાપ્રામાણ્યના અભ્યુપગમનો વિરહ છે. તે વિરહમાં બ્રાહ્મણભવસંબંધી વેદપ્રામાણ્યાભ્યુપગમસમાનકાલીન યાવદ્ અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરસંબંધા-ભાવસમાનકાલીનત્વ હોવાથી તેવા બૌદ્ધમાં લક્ષણ સંગત થાય છે. તેથી અતિવ્યાપ્તિ આવશે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૧૫-૨૫॥

ઉપર જણાવેલા અતિવ્યાપ્તિ-અવ્યાપ્તિદોષના નિવારણ માટે ઉપાય જણાવીને તેમાં દોષ જણાવાય છે–

**जीववृत्तिविशिष्टाज्ञभावाभावग्रहोऽप्यसन् ।**
**उत्कर्षश्चापकर्षश्च, व्यवस्थो यदपेक्षया ॥१५-२६॥**

जीवेति–जीववृत्तिविशिष्टः क्षेत्रज्ञवृत्तित्वविशिष्टो योऽज्ञभाव उत्कृष्टज्ञानावच्छेदकशरीराभावस्तदभावग्रहोऽपि तदभावनिवेशोऽपि काकेश्वरयोरतिव्याप्त्यव्याप्तिवारणार्थमसन् न दुष्टलक्षणसमाधानसमर्थः । यद्यस्मादुत्कर्षश्चापकर्षश्च अपेक्षया व्यवस्थितः । कीटिकादिज्ञानापेक्षयोत्कृष्टत्वात् काकादिज्ञानस्य ब्राह्मणादिज्ञानस्य च देवादिज्ञानापेक्षयाऽपकृष्टत्वाद् । इत्थं च तदवस्थ एवातिव्याप्त्यव्याप्ती । न च काकादिज्ञानव्यावृत्तं मनुष्यादिज्ञानसाधारणमुत्कर्षं नाम जातिविशेषमाद्रियन्ते भवन्तः, अन्यथा कार्यमात्रवृत्तिजातेः कार्यतावच्छेदकत्वनियमेन तदवच्छिन्नऽनुगतकारणकल्पनापत्तिः, 'ईश्वरज्ञानसाधारण्यान्न तस्य कार्यमात्रवृत्तित्वमिति' चेत्तथापि देवदत्तादिजन्यतावच्छेदिकयाऽपकर्षविशेषेण च साङ्कर्यान्न जातित्वम् । तत्तद्ज्ञानावच्छेदकशरीरसम्बन्धाभावकूटस्तु दुर्ग्रह इति न किञ्चिदेतत् ॥१५-२६॥

"ઉપર જણાવેલા અતિવ્યાપ્તિ વગેરે દોષના નિવારણ માટે જીવમાં રહેનાર જે ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરનો અભાવ; તેના અભાવનો નિવેશ કરાય તો તે પણ અસત્ છે. કારણ કે ઉત્કર્ષ અને અપકર્ષ અપેક્ષાએ વ્યવસ્થિત છે." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે વેદના પ્રામાણ્યનો સ્વીકાર કરનાર અને વેદના અપ્રામાણ્યને હજુ સુધી નહિ સ્વીકારનાર; ઉત્કૃષ્ટ જ્ઞાનાવચ્છેદકશરીરના અભાવના અભાવવાળો હોય તો તે શિષ્ટ છે. આ પ્રમાણેના તાત્પર્યની વિવક્ષામાં કાગડામાં અતિવ્યાપ્તિ નહીં આવે. તેમ જ અંતરાલમાં પણ અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ત્યાં ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદક-શરીરનો અભાવ છે, તેનો અભાવ નથી. તેથી સામાન્ય રીતે એ નિવેશથી પૂર્વોક્ત અતિવ્યાપ્ત્યાદિ દોષનું નિવારણ થતું હોય - એવું લાગે; પરંતુ તે નિવેશ ખરી રીતે કાગડામાં અને ઈશ્વરમાં આવતી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિનું નિવારણ કરવા માટે સમર્થ નથી. કારણ કે ઉત્કર્ષ અને અપકર્ષ અપેક્ષાએ વ્યવસ્થિત છે. અર્થાત્ જે ઉત્કૃષ્ટ મનાય છે; તે બીજાની અપેક્ષાએ અપકૃષ્ટ છે અને જે અપકૃષ્ટ મનાય છે તે બીજા કોઈની અપેક્ષાએ ઉત્કૃષ્ટ હોય છે.

કીડીની અપેક્ષાએ કાગડાનું જ્ઞાન ઉત્કૃષ્ટ છે અને દેવની અપેક્ષાએ બ્રાહ્મણનું જ્ઞાન અપકૃષ્ટ છે. એ અપેક્ષાએ કાગડાનું શરીર અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદક નથી અને બ્રાહ્મણનું શરીર અપકૃષ્ટજ્ઞાનાવચ્છેદક છે. તેથી જીવવૃત્તિત્વવિશિષ્ટ (જીવમાં રહેનારો) ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરના અભાવ(કીડીમાં વૃત્તિ)નો અભાવ તો કાગડામાં પણ છે અને ત્યાં પૂર્વે જણાવ્યા મુજબ પ્રાગ્ભવસંબંધી વેદપ્રામાણ્યાભ્યુપગમ સમાનકાલીન વેદાપ્રામાણ્યાભ્યુપગમનો વિરહ પણ છે. તેથી કાગડાને લઈને અતિવ્યાપ્તિ આવે છે. તેમ જ બ્રાહ્મણમાં તેવા પ્રકારનો; વેદાપ્રામાણ્યના અભ્યુપગમનો વિરહ હોવા છતાં; ઉત્કૃષ્ટજ્ઞાનાવચ્છેદકશરીરનો (દેવની અપેક્ષાએ) અભાવ છે પરંતુ તેનો અભાવ નથી. તેથી બ્રાહ્મણને લઈને અવ્યાપ્તિ આવે છે.

"યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ અપેક્ષાએ ઉત્કર્ષ અને અપકર્ષ માનીએ તો અતિવ્યાપ્તિ વગેરે દોષનો સંભવ છે. પરંતુ ઉત્કર્ષ અને અપકર્ષને અહીં અપેક્ષાએ માનતા નથી, પારિભાષિક માનીએ છીએ. કાગડાદિ તિર્યંચોના જ્ઞાનમાં નહિ રહેનારી અને બ્રાહ્મણ-દેવ વગેરેના જ્ઞાનમાં રહેનારી મનુષ્યાદિના

જ્ઞાનસાધારણ ઉત્કર્ષ નામની જાતિવિશેષ છે (અને કાગડાદિના જ્ઞાનમાં રહેનારી અપકર્ષજાતિવિશેષ છે.) તેથી તેને આશ્રયીને કાગડાદિનું જ્ઞાન અપકૃષ્ટ (અપકર્ષાશ્રય) જ છે અને બ્રાહ્મણાદિનું જ્ઞાન ઉત્કૃષ્ટ(ઉત્કર્ષાશ્રય) જ છે. તેથી ઉપર જણાવ્યા મુજબ અતિવ્યાપ્તિ વગેરેનો સંભવ નથી." - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે આવું કહેનારાના મતે ઉત્કર્ષ અને અપકર્ષ નામની તે તે જાતિ માનવાનું શક્ય જ નથી.

કહેવાનો આશય એ છે કે આ રીતે કાર્યમાત્રવૃત્તિ જાતિનો સ્વીકાર કરવામાં આવે તો જેમ 'ઘટત્વાવચ્છિન્ન ઘટમાત્રની પ્રત્યે મૃત્તિકા(માટી)સામાન્ય કારણ છે.' - આ પ્રમાણે કાર્યકારણભાવ મનાય છે; તેમ ઉત્કર્ષાવચ્છિન્ન (ઉત્કૃષ્ટત્વાવચ્છિન્ન) જ્ઞાનમાત્રની પ્રત્યે મનુષ્યાદિ (મનુષ્ય-દેવ) સાધારણ કોઇ ધર્મવિશેષે કરી કોઇ અનુગત કારણની કલ્પના કરવી પડશે. યદ્યપિ ઇશ્વરીયજ્ઞાન નિત્ય હોવાથી તે કાર્ય સ્વરૂપ નથી અને ઉત્કર્ષ સ્વરૂપ જાતિ તો તેમાં પણ છે. તેથી તે કાર્યમાત્રવૃત્તિ જાતિ ન હોવાથી તદવચ્છિન્ન ઉત્કૃષ્ટજ્ઞાનની પ્રત્યે અનુગત કારણ માનવાની આપત્તિ નહીં આવે. પરંતુ દેવદત્તાદિજ્ઞાનનિષ્ઠ જન્યતાવચ્છેદક સ્વરૂપે જે અપકર્ષવિશેષ છે; તેને લઇને (તેની સાથે) તે ઉત્કર્ષ નામની જાતિવિશેષમાં સાંકર્ય આવે છે. તેથી તેમાં જાતિત્વ (તેને જાતિ) નહિ મનાય.

આશય એ છે કે દેવાદિની અપેક્ષાએ દેવદત્તાદિનું જ્ઞાન અપકૃષ્ટ છે. તે અપકૃષ્ટ જ્ઞાનસ્વરૂપ કાર્યસામાન્યની પ્રત્યે કોઇને પણ અનુગત કારણ માનવું પડે છે. તેમાં રહેલી કારણતાનિરૂપિતકાર્યતાનો અવચ્છેદક અપકર્ષ-વિશેષ છે, જે કાગડાદિના જ્ઞાનમાં પણ છે. ઉત્કર્ષને છોડીને અપકર્ષવિશેષ કાગડાદિના જ્ઞાનમાં છે. અપકર્ષને (અપકર્ષ વિશેષને) છોડીને ઉત્કર્ષજાતિવિશેષ ઇશ્વરીય જ્ઞાનમાં છે અને અપકર્ષવિશેષ તેમ જ ઉત્કર્ષજાતિ, બંન્ને દેવદત્તાદિના જ્ઞાનમાં છે. આથી આ રીતે સાંકર્ય આવતું હોવાથી ઉત્કર્ષવિશેષને જાતિ નહીં મનાય. તેથી ઉપર જણાવ્યા મુજબ ઉત્કર્ષ અને અપકર્ષને અપેક્ષાએ વ્યવસ્થિત માનવા જોઇએ. જેથી ઉપર જણાવ્યા મુજબ અતિવ્યાપ્તિ વગેરે દોષોનો ઉદ્ધાર શક્ય નથી. યદ્યપિ તે તે (જેને શિષ્ટ માનવાના નથી તે તે) કાગડાદિના જ્ઞાનાવચ્છેદક શરીરસંબંધાભાવકૂટ (સમુદાય) સ્વરૂપ ઉત્કર્ષને માનવાથી ઉપર જણાવેલા

દોષોનો સંભવ નથી. પરંતુ તાદૃશ સંબંધાભાવકૂટનું જ્ઞાન થઇ શકે એમ નથી. તેથી તેને લઇને કરાતું શિષ્ટત્વનું નિર્વચન વચનમાત્ર છે. ॥૧૫-૨૬॥

ननु एकजन्मावच्छेदेन स्वसमानाधिकरणस्वोत्तरवेदप्रामाण्याभ्युपगमध्वंसानाधारवेदप्रामाण्याभ्युपगमोत्तरकालवृत्तित्वविशिष्टवेदाप्रामाण्याभ्युपगमविरहः शिष्टत्वमिति निर्वचने न कोऽपि दोषो भविष्यतीत्यत आह–

"એક જન્મને આશ્રયીને પોતાના અધિકરણમાં રહેનાર અને પોતાના ઉત્તરકાળમાં રહેનાર જે વેદપ્રામાણ્યના અભ્યુપગમનો ધ્વંસ, તેના આધારથી ભિન્ન આધારભૂત કાળમાં ગ્રહણ કરેલા વેદપ્રામાણ્યના સ્વીકારના ઉત્તરકાળમાં રહેનાર જે વેદાપ્રામાણ્યના અભ્યુપગમનો અભાવ છે તેને શિષ્ટત્વ કહેવાય છે." - આ પ્રમાણે શિષ્ટનું લક્ષણ કરીએ તો કોઇ દોષ નથી. જે વેદને પ્રમાણ માને છે અને વેદને અપ્રમાણ માનતો નથી, તેને સામાન્ય રીતે શિષ્ટ કહેવાય છે. વેદના પ્રામાણ્યનો અભ્યુપગમ અને વેદના અપ્રામાણ્યનો અભ્યુપગમ, એ બંન્નેનો અભાવ, એ બંન્નેનો સમય અને એ બંન્નેના અધિકરણ... વગેરેને આશ્રયીને અહીં લક્ષણનો વિચાર કરવાનો છે.

એક જન્મને આશ્રયીને જ અહીં વેદપ્રામાણ્યાભ્યુપગમાદિની વિવક્ષા હોવાથી પૂર્વભવના કે આગળના(ઉત્તર) ભવના વેદપ્રામાણ્યને લઇને કાગડાદિમાં કે અંતરાલ(વિગ્રહગતિમાં) દશામાં લક્ષણસમન્વય નહિ થાય.

વેદના અપ્રામાણ્યના અભ્યુપગમનો વિરહ જે આત્માનો છે તે આત્માના જ વેદપ્રામાણ્યના અભ્યુપગમનું ગ્રહણ કરવા માટે **स्वसमानाधिकरण** પદનું ઉપાદાન છે. અન્યથા ચૈત્રના વેદપ્રામાણ્યના અભ્યુપગમને લઇને મૈત્રના વેદાપ્રામાણ્યના અભ્યુપગમને લેવાથી ચૈત્રાદિમાં લક્ષણ સંગત નહીં થાય.

વેદાપ્રામાણ્યના અભ્યુપગમનો વિરહ પણ; સ્વોત્તરવેદપ્રામાણ્યના અભ્યુપગમના ધ્વંસના આધારભૂત કાળમાં વૃત્તિ ન હોવો જોઇએ. અન્યથા જે વેદને પ્રમાણ માનતો હતો, પછી બૌદ્ધાદિ બની વેદને પ્રમાણ માનવાનું બંધ કર્યું; પરંતુ હજુ તેણે વેદના અપ્રામાણ્યના અભ્યુપગમનો સ્વીકાર કર્યો નથી, તે આત્માના વેદાપ્રામાણ્યના અભ્યુપગમના વિરહને લઇને અતિવ્યાપ્તિ આવશે.

પૂર્વે વેદપ્રામાણ્યનો સ્વીકાર કરતાં પહેલાં વેદના અપ્રામાણ્યનો સ્વીકાર જેણે કર્યો ન હતો. પરંતુ પાછળથી વેદપ્રામાણ્યનો સ્વીકાર કર્યો અને પછી

વેદાપ્રામાણ્યનો સ્વીકાર કર્યો, ત્યાં પૂર્વકાળમાં વૃત્તિ એવા તે વેદાપ્રામાણ્યાભ્યુપગમના વિરહને લઇને અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે વેદાપ્રામાણ્યાભ્યુપગમનો વિરહ; તાદશ વેદપ્રામાણ્યાભ્યુપગમના ઉત્તરકાળમાં વૃત્તિ હોવો જોઇએ. તેથી અતિવ્યાપ્તિ નહીં આવે.

શિષ્ટ બ્રાહ્મણ વેદને પ્રમાણ માને છે અને એ ભવમાં જ્યાં સુધી તે વેદના અપ્રામાણ્યનો સ્વીકાર કરતો નથી, ત્યાં સુધી તેનામાં વેદાપ્રામાણ્યાભ્યુપગમનો વિરહ છે. એ વિરહ-પોતાના અધિકરણમાં રહેનાર એવા પોતાનાથી ઉત્તરક્ષણમાં રહેનાર વેદપ્રામાણ્યના સ્વીકારના ધ્વંસના કાળમાં નથી. તેથી તે કાળ વેદપ્રામાણ્યાભ્યુપગમનો ઉત્તરકાળ છે અને તેમાં તે(વિરહ) વૃત્તિ છે. આથી સમજી શકાશે કે એક જન્મને આશ્રયીને વેદાપ્રામાણ્યના અભ્યુપગમના વિરહના અધિકરણમાં રહેનાર - તેમ જ વેદાપ્રામાણ્યના અભ્યુપગમના વિરહના ઉત્તરકાળમાં રહેનાર વેદપ્રામાણ્યના અભ્યુપગમના ધ્વંસના અધિકરણકાળથી ભિન્ન અધિકરણકાળભૂત વેદપ્રામાણ્યના અભ્યુપગમના ઉત્તરકાળમાં રહેનાર - જે વેદાપ્રામાણ્યના અભ્યુપગમનો વિરહ છે; તેને શિષ્ટત્વ કહેવાય છે. અર્થાત્ તાદશ વિરહ સ્વરૂપ શિષ્ટનું શિષ્ટત્વ છે. અત્યંત સ્થૂલ રીતે સમજવું હોય તો, "એક જ જન્મને આશ્રયીને વેદપ્રામાણ્યનો અભ્યુપગમ હોય; તેનો ધ્વંસ થયેલો ન હોય; ત્યાર પછી વેદના અપ્રામાણ્યનો અભ્યુપગમ થયેલો ન હોય તો તે એક વ્યક્તિની અપેક્ષાએ શિષ્ટત્વ છે." - આ રીતે સમજી શકાશે. આવી વિવક્ષામાં કોઇ પણ દોષ નહીં રહે, આ પ્રમાણે કહેનારા પ્રત્યે દોષ જણાવાય છે—

**अपि चाव्याप्त्यतिव्याप्ती, कात्स्न्र्यदेशविकल्पतः ।**
**आद्यग्रहे स्वतात्पर्यान्न दोष इति चेन्मतिः ॥१५-२७॥**

अपि चेति—अपि च कात्स्न्र्यदेशविकल्पतः कृत्स्नवेदप्रामाण्याभ्युपगमो विवक्षितो देशतदभ्युपगमो वेति विवेचनेऽव्याप्त्यतिव्याप्ती । कृत्स्नवेदप्रामाण्याभ्युपगमस्य ब्राह्मणेष्वभावात् । न हि वेदान्तिनो नैयायिकाद्यभिमतां श्रुतिं प्रमाणयन्ति, नैयायिकादयो वा वेदान्त्यभिमताम् । यत्किञ्चिद्वेदप्रामाण्यं च बौद्धादयोऽप्यभ्युपगच्छन्ति "न हिंस्यात् सर्वभूतानि, अग्निर्हिमस्य भेषजम्" इत्यादिवचनानां तेषामपि सम्मतत्वादिति । स्वतात्पर्यात् स्वाभिप्रायमपेक्ष्य । आद्यग्रहे यावद्वेदप्रामाण्याभ्युपगमनिवेशे । न दोषः,

स्वस्वतात्पर्ये प्रमाणं श्रुतिरिति हि सर्वेषां नैयायिकादीनामभ्युपगम इति चेन्मतिः कल्पना भवदीया ॥१५-२७॥

"ઉપર જણાવ્યા પ્રમાણે શિષ્ટલક્ષણમાં જે વેદપ્રામાણ્યના અભ્યુપગમનો નિવેશ કર્યો છે, તેમાં બે વિકલ્પો છે. સંપૂર્ણ વેદનું પ્રામાણ્ય વિવક્ષિત છે ? અથવા દેશથી વેદનું પ્રામાણ્ય વિવક્ષિત છે ? આ વિકલ્પને આશ્રયીને અનુક્રમે અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે એમ માનવામાં આવે કે પોતપોતાની માન્યતા મુજબ સંપૂર્ણ વેદના પ્રામાણ્યની વિવક્ષા કરી છે. તો..." (આના જવાબમાં અઠ્ઠાવીસમા શ્લોકમાં જણાવાશે.) - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે શિષ્ટના લક્ષણમાં જે વેદપ્રામાણ્યાભ્યુપગમનો નિવેશ છે; તે વેદનું પ્રામાણ્ય સંપૂર્ણ સ્વરૂપે વિવક્ષિત છે કે પછી દેશથી(અંશતઃ) વિવક્ષિત છે - આ વિકલ્પના વિવેચનથી લક્ષણમાં અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ થાય છે. નૈયાયિકોને અભિમત જે શ્રુતિ છે તેને વેદાંતીઓ પ્રમાણ માનતા નથી. તેથી વેદાંતીઓ સ્વરૂપ બ્રાહ્મણમાં સંપૂર્ણ વેદના પ્રામાણ્યનો અભ્યુપગમ નથી. આવી જ રીતે વેદાંતીઓને અભિમત શ્રુતિને નૈયાયિકો પ્રમાણ માનતા નથી. તેથી તેમનામાં પણ સંપૂર્ણ વેદના પ્રામાણ્યનો અભ્યુપગમ નથી. તેથી બ્રાહ્મણમાં લક્ષણનો સમન્વય ન થવાથી અવ્યાપ્તિ આવે છે. આ અવ્યાપ્તિના નિવારણ માટે દેશથી વેદપ્રામાણ્યાભ્યુપગમનો નિવેશ કરીએ તો બ્રાહ્મણમાં લક્ષણસમન્વય થવાથી અવ્યાપ્તિ નહીં આવે. પરંતુ નૈયાયિકાદિની જેમ બૌદ્ધાદિમાં પણ લક્ષણસમન્વય થવાથી અતિવ્યાપ્તિ આવે છે. કારણ કે '**न हिंस्यात् सर्वभूतानि**'; '**अग्निर्हिमस्य भेषजम्**'... ઈત્યાદિ વેદવાક્યોને તો બૌદ્ધાદિ પણ માને છે.

"એ દોષોના નિવારણ માટે પોતાના અભિપ્રાયની અપેક્ષાએ સંપૂર્ણ વેદના પ્રામાણ્યના અભ્યુપગમનો લક્ષણમાં નિવેશ કરીએ તો અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિ સ્વરૂપ દોષ નહીં આવે. કારણ કે વેદાંતીઓ અને નૈયાયિકો વગેરે બ્રાહ્મણો પોતપોતાના તાત્પર્યને આશ્રયીને વેદને સંપૂર્ણ પ્રમાણ માને છે. બૌદ્ધાદિ સંપૂર્ણ વેદને પ્રમાણ માનતા નથી." - આ પ્રમાણે જણાવવામાં આવે; તો... (તે બરાબર નથી... ઈત્યાદિ હવે પછી જણાવાય છે.)... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ॥૧૫-૨૭॥

ઉપર જણાવેલી વાતમાં દૂષણ જણાવાય છે–

**नैवं विशिष्य तात्पर्याग्रहे तन्मानताऽग्रहात् ।**
**सामान्यतः स्वतात्पर्ये, प्रामाण्यं नोऽपि सम्मतम् ।।१५-२८।।**

नैवमिति–एवं मति र्न युक्ता कस्याश्चिद् दुरवबोधायाः श्रुतेर्विशिष्य स्वकल्पितार्थानुसारेण तात्पर्याग्रहे । तन्मानतायास्तत्प्रमाणताया अग्रहात् । स्वतात्पर्ये सर्ववेदप्रामाण्याभ्युपगमस्य दुःशकत्वादनाकलिततात्पर्यायामपि श्रुतौ प्रमोपहितत्वाग्रहेऽपि प्रमाकरणत्वस्य सुग्रहत्वान्न दोष इत्यत आह-सामान्यतो नयरूपत्वेन । स्वतात्पर्ये स्वाभिप्रायप्रामाण्ये वेदप्रामाण्यम् । नोऽस्माकं जैनानामपि सम्मतम् । यावन्तो हि परसमयास्तावन्त एव नया इति श्रुतपरिकर्मितमतेः सर्वमेव शब्दं प्रमाणीकुर्वतः सकलवेदप्रामाण्याभ्युपगमोऽनपाय एवेति ।।१५-२८।।

"પૂર્વ શ્લોકમાં જણાવેલી માન્યતા યુક્ત નથી. કારણ કે શ્રુતિના કોઈ વચન દુઃખે કરી જાણી શકાય તેવા હોય ત્યારે તેનું જ્ઞાન પોતાના તાત્પર્યના અનુસારે ન થાય તો તેના પ્રામાણ્યનો ગ્રહ ન થવાથી દોષ આવશે. 'વિશેષ સ્વરૂપે તાત્પર્યનો ગ્રહ ન થવા છતાં સામાન્યથી ગ્રહ(જ્ઞાન) હોવાથી દોષ નથી.' - આ પ્રમાણે કહેવામાં આવે તો એવો સામાન્યથી ગ્રહ અર્થાત્ પ્રામાણ્યનો ગ્રહ તો અમને (જૈનોને) પણ છે. તેથી તેમને પણ શિષ્ટ માનવા પડશે." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે.

આશય સ્પષ્ટ છે કે પોતપોતાના તાત્પર્યના અનુસાર સંપૂર્ણપણે વેદપ્રામાણ્યનો સ્વીકાર કરનારાને શિષ્ટ માનવામાં આવે તો કેટલાંક દુરધિગમ વેદનાં વચનોનું જ્ઞાન પોતાના તાત્પર્યના અનુસારે ન પણ સમજાય ત્યારે તે બ્રાહ્મણને શિષ્ટ માની શકાશે નહિ. તેથી પૂર્વ શ્લોકમાં જણાવેલી વાત બરાબર નથી.

"પોતાના તાત્પર્યના વિષયમાં સંપૂર્ણપણે વેદપ્રામાણ્યનો અભ્યુપગમ ઉપર જણાવ્યા મુજબ શક્ય ન હોવા છતાં; જેનું તાત્પર્ય જાણી શકાયું નથી એવી શ્રુતિમાં પ્રમોપહિતત્વ(યથાર્થજ્ઞાનવિષયત્વ)નો ગ્રહ થતો નથી. પરંતુ પ્રમાકરણત્વ (પ્રામાણ્ય), તેમાં સારી રીતે ગ્રહણ કરી શકાય છે. (કારણ કે મને સમજાતું નથી પણ તે પ્રમાણ છે. - આવું જ્ઞાન થઈ શકે છે.) તેથી સર્વાંશે વેદપ્રામાણ્યનો અભ્યુપગમ ઉપર જણાવ્યા મુજબ શક્ય છે." - આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી.

કારણ કે નયસ્વરૂપે (વસ્તુના અંશને ગ્રહણ કરવાના અભિપ્રાયે) પોતાના અભિપ્રાય મુજબના પ્રામાણ્યના વિષયમાં વેદનું પ્રામાણ્ય અમને જૈનોને પણ સંમત છે. 'જેટલાં પરદર્શનો છે; તેટલા નયો છે.' - આવા પ્રકારની શ્રુતથી પરિકર્મિત બુદ્ધિને ધરનાર આત્માઓ સર્વ શબ્દને પ્રમાણ માને છે. તેથી વેદના પ્રામાણ્યનો અભ્યુપગમ તેમના માટે અપાયરહિત છે. ॥૧૫-૨૮॥

एतदेवाह–

ઉપર જણાવેલી વાતને સ્પષ્ટ રીતે જણાવાય છે–

**मिथ्यादृष्टिगृहीतं हि, मिथ्या सम्यगपि श्रुतम् ।**
**सम्यग्दृष्टिगृहीतं तु, सम्यग् मिथ्येति नः स्थितिः ॥१५-२९॥**

मिथ्यादृष्टीति–मिथ्यादृष्टिगृहीतं हि सम्यगपि श्रुतमाचारादिकं मिथ्या भवति, तं प्रति तस्य विपरीतबोधनिमित्तत्वात् । सम्यग्दृष्टिगृहीतं तु मिथ्यापि श्रुतं वेदपुराणादिकं सम्यक्, तं प्रति तस्य यथार्थबोधनिमित्तत्वाद् । इति नोऽस्माकं स्थितिः सिद्धान्तमर्यादा । प्रमानिमित्तत्वमात्रमेतदभ्युपगतं न तु प्रमाकरणत्वमिति चेन्न, त्वदुक्तं प्रमाकरणत्वमेव प्रमाणत्वमिति सर्वेषां प्रमातॄणामनभ्युपगमात् ॥१५-२९॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે મિથ્યાદૃષ્ટિ આત્માએ ગ્રહણ કરેલું આચારાંગાદિ સ્વરૂપ સમ્યગ્ પણ શ્રુત મિથ્યા છે. કારણ કે તે આત્માને તે સમ્યગ્ પણ શ્રુત વિપરીત બોધનું નિમિત્ત બને છે. સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલું વેદપુરાણાદિ સ્વરૂપ મિથ્યા પણ શ્રુત સમ્યક્ છે. કારણ કે તે આત્માને તે શ્રુત યથાર્થબોધનું કારણ બને છે. વિપરીત બોધનું જે કારણ બને તે શ્રુત મિથ્યા છે અને સમ્યગ્બોધ(યથાર્થ બોધ)નું જે કારણ બને છે તે શ્રુત સમ્યક્ છે. આ અમારી માન્યતા છે: અર્થાત્ સિદ્ધાંત-મર્યાદા છે.

યદ્યપિ આ રીતે તો વેદાદિમાં પ્રમાનિમિત્તત્વ(યથાર્થ બોધનિમિત્તત્વ) માત્રનો જ સ્વીકાર કર્યો ગણાય. પ્રમાકરણત્વસ્વરૂપ પ્રામાણ્યનો સ્વીકાર કરાયેલ નથી. તેથી તમારામાં (જૈનોમાં) વેદપ્રામાણ્યનો અભ્યુપગમ ન હોવાથી કોઈ દોષ(અતિવ્યાપ્તિ) નહીં આવે - એમ કહી શકાય છે. પરંતુ તમે (નૈયાયિકાદિએ) સ્વીકારેલ પ્રમાકરણત્વસ્વરૂપ જ પ્રામાણ્ય બધા પ્રમાતાઓએ (પ્રામાણિકોએ) માન્યું નથી. અવ્યભિચારીસ્વરૂપ પ્રામાણ્યનું નિર્વચન તે તે સ્થાને કરાયેલું છે.

આથી શિષ્ટલક્ષણમાં ઉપર જણાવ્યા મુજબ અતિવ્યાપ્તિ વગેરે દોષો છે જ, એ સ્પષ્ટ છે. ॥૧૫-૨૯॥

ઉપર જણાવેલા દોષોના નિવારણ માટે ઉપાય જણાવીને તેમાં દોષ જણાવાય છે–

**तात्पर्यं वः स्वसिद्धान्तोपजीव्यमिति चेन्मतिः ।**
**ननु युक्त्युपजीव्यत्वं द्वयोरप्यविशेषतः ॥१५-३०॥**

तात्पर्यमिति–वो युष्माकं स्वसिद्धान्तोपजीव्यं स्वसिद्धान्तपुरस्कारि तात्पर्यम् । तथा चान्यागमानुपजीव्यतात्पर्ये सकलवेदप्रामाण्याभ्युपगमनिवेशान्न दोष इति चेद्यदि तव मतिः, ननु तदा द्वयोरप्यावयोरविशेषतो युक्त्युपजीव्यत्वम् । अयं भावः–अन्यागमानुपजीव्यत्वं ह्यन्यागमासंवादित्वं चेत्तत्संवादिनि स्वाभिप्रायेऽव्याप्तिरयौक्तिकतदसंवादित्वं चेदस्माकमपि तात्पर्यमयौक्तिकागमासंवाद्येव, सर्वस्यैव भगवद्वचनस्य युक्तिप्रतिष्ठितत्वाद् मिथ्याश्रुततात्पर्यस्यापि स्याद्वादसङ्गतयुक्त्यैव गृह्यमाणत्वात् ॥१५-३०॥

"સ્વતાત્પર્યમાં તાત્પર્ય; અમારા(નૈયાયિકોના) સિદ્ધાંતને અનુસારે હોવું જોઈએ. આ પ્રમાણે જો કહેવામાં આવે તો, તમારે અને અમારે આપણને બંન્નેને યુક્તિને અનુસરનારું તાત્પર્ય સામાન્ય છે." - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે, પોતપોતાના તાત્પર્ય મુજબ સંપૂર્ણપણે વેદના પ્રામાણ્યના અભ્યુપગમની વિવક્ષા કરવાથી જૈનોને પણ ઉપર જણાવ્યા મુજબ શિષ્ટ માનવાનો પ્રસંગ આવે છે. તેના નિવારણ માટે નૈયાયિકો દ્વારા એમ કહેવામાં આવે કે - સ્વતાત્પર્ય એટલે અમારા(નૈયાયિકના) સિદ્ધાંતને અનુસરનારું તાત્પર્ય. તેથી અમારા આગમને છોડીને અન્ય જૈનાદિના આગમથી ઉપજીવ્ય (અનુસરનાર) ન હોય એવા તાત્પર્યમાં વેદના પ્રામાણ્યના અભ્યુપગમનો નિવેશ કરવાથી જૈનોમાં શિષ્ટનું લક્ષણ સંગત નહીં થાય. કારણ કે તેઓ અન્યાનુપજીવ્યવેદના પ્રામાણ્યને સ્વીકારતા નથી.

આ રીતે અતિવ્યાપ્તિનું નિવારણ યદ્યપિ થઈ જાય છે; પરંતુ આવી વિવક્ષાથી કોઈ પણ પ્રકારની વિશેષતા વિના આપણા બંન્નેમાં યુક્ત્યુપજીવ્યત્વ સમાન છે. આશય એ છે કે અન્યાગમાનુપજીવ્યત્વ અન્યાગમાસંવાદિત્વ સ્વરૂપ છે. પોતાના આગમને છોડીને બીજાના આગમની સાથે સંવાદી ન બને તો તે

તાત્પર્ય; સ્વસિદ્ધાંતોપજીવ્ય એટલે કે અન્ય આગમથી અનુપજીવ્ય કહેવાય છે. એવા તાત્પર્યની વિવક્ષા કરાય તો અન્ય આગમની સાથે સંવાદી વચનોના પ્રામાણ્યને લઈને અવ્યાપ્તિ આવશે. કારણ કે સંપૂર્ણપણે વેદના પ્રામાણ્યની વિવક્ષા અન્ય આગમથી અનુપજીવ્ય તાત્પર્યમાં અભિપ્રેત છે અને **न हिंस्यात्**... ઇત્યાદિ અન્ય આગમની સાથે સંવાદી વાક્યાંશમાં તાદૃશ પ્રામાણ્ય નથી.

એ અવ્યાપ્તિના નિવારણ માટે 'અન્ય આગમથી યુક્તિથી રહિત એવાં વચનોની અપેક્ષાએ અસંવાદિત્વ, તાત્પર્યમાં વિવક્ષિત છે.' આ પ્રમાણે કહેવાય તો જૈનોને પણ પોતાના અભિપ્રાયે યુક્તિથી રહિત વચનોની અપેક્ષાએ અસંવાદી જ તાત્પર્ય છે. કારણ કે ભગવાનનાં બધાં જ વચનો યુક્તિથી પ્રતિષ્ઠિત છે. મિથ્યાશ્રુત સ્વરૂપ વેદાદિનું પણ તાત્પર્ય સ્યાદ્વાદસંગત યુક્તિઓથી જ ગ્રહણ કરાય છે. તેથી જૈનોમાં પણ શિષ્ટત્વ માનવું પડશે... ઇત્યાદિ સ્થિરતાપૂર્વક વિચારવું. ॥૧૫-૩૦॥

યુક્ત્યુપજીવ્યત્વમાં કારણ જણાવાય છે–

**उद्भावनमनिग्राह्यं, युक्तेरेव हि यौक्तिके ।**
**प्रामाण्ये च न वेदत्वं, सम्यक्त्वन्तु प्रयोजकम् ॥१५-३१॥**

उद्भावनमिति–यौक्तिके ह्यर्थे युक्तेरेवोद्भावनमनिग्राह्यमनिग्रहस्थानम्, अन्यथा निग्रहाभिधानात् । यद्वादी–"जो हेउवायपक्खंमि हेउओ आगमे अ आगमिओ । सो ससमयपन्नवओ सिद्धंतविराहगो अन्नो ॥१॥" इति । अथ वेदत्वमेव प्रामाण्यप्रयोजकमित्यभ्युपगमे यावद्वेदप्रामाण्याभ्युपगमः स्यादित्यत आह प्रामाण्ये च वेदत्वं न प्रयोजकं किं तु सत्यत्वमेव, लोकशब्दस्याप्यविसंवादिनः प्रमाणत्वादिति श्रद्धामात्रमेतदिति न किञ्चिदेतत् ॥१५-३१॥

"યુક્તિથી સિદ્ધ થતા અર્થમાં યુક્તિનું જ ઉદ્ભાવન કરવું તે નિગ્રહનું સ્થાન નથી. પ્રામાણ્યમાં વેદત્વ પ્રયોજક નથી પરંતુ સમ્યક્ત્વ પ્રયોજક છે." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો ભાવ એ છે કે જે પદાર્થની સિદ્ધિમાં યુક્તિનો સંભવ છે, તે પદાર્થની સિદ્ધિ માટે યુક્તિનું જ ઉદ્ભાવન કરવું જોઈએ. અન્યથા યૌક્તિક પદાર્થની સિદ્ધિ માટે યુક્તિનું ઉદ્ભાવન કર્યા વિના માત્ર આગમનું જ પ્રામાણ્ય જણાવાય તો નિગ્રહસ્થાન

(વાદમાં પરાજય) પ્રાપ્ત થાય છે. તેથી યુક્તિસંગત પદાર્થની સિદ્ધિ માટે યુક્તિને પ્રમાણ તરીકે ઉદ્ભાવિત કરવાથી નિગ્રહસ્થાન પ્રાપ્ત થતું નથી.

આ વિષયમાં અન્યત્ર કહ્યું છે કે હેતુવાદપક્ષમાં (યૌક્તિક પદાર્થના નિરૂપણમાં) હેતુ(યુક્તિ)નું અને આગમથી સિદ્ધ થનારા આગમિક પદાર્થના નિરૂપણમાં આગમનું નિરૂપણ કરનારા સમય(સિદ્ધાંત)ના પ્રરૂપકો છે. બીજા, સિદ્ધાંતના વિરાધક છે. આથી સ્પષ્ટ છે કે યૌક્તિક અર્થને પ્રમાણ માનવામાં જ શિષ્ટત્વ સમાયેલું છે. આ વિષયમાં આપણા બધામાં કોઈ જ વિશેષતા નથી.

તેથી જૈનોમાં શિષ્ટત્વના વ્યવચ્છેદ માટે એમ કહેવામાં આવે કે વેદત્વ જ પ્રામાણ્યનું પ્રયોજક છે અને યાવદ્વેદપ્રામાણ્યાભ્યુપગમ શિષ્ટત્વ છે, તો તે કથન યુક્ત નથી. કારણ કે વેદત્વ પ્રામાણ્યનું પ્રયોજક નથી. પરંતુ સત્યત્વ (સમ્યક્ત્વ) જ પ્રામાણ્યનું પ્રયોજક છે. લોકવ્યવહારગત શબ્દોનું પ્રામાણ્ય પણ તેની અવિસંવાદિતા(સંવાદિતા)ના કારણે છે. આથી વેદત્વને પ્રામાણ્યનું પ્રયોજક માનવાનું માત્ર શ્રદ્ધા છે, બીજું કોઈ તત્ત્વ નથી... ઇત્યાદિ ઉપયોગપૂર્વક વિચારવું. ॥૧૫-૩૧॥

પ્રતિફલિત શિષ્ટત્વના નિર્વચનનો ઉપસંહાર કરાય છે—

**शिष्टत्वमुक्तमत्रैव, भेदेन प्रतियोगिनः ।**
**तमानुभविकं बिभ्रत्, परमानन्दवत्यतः ॥१५-३२॥**

शिष्टत्वमिति—अतः परोक्तशिष्टलक्षणनिरासाद् । अत्रैव सम्यग्दृष्टावेव उक्त-मंशतः क्षीणदोषत्वं शिष्टत्वम् । परमानन्दवति दुर्भेदमिथ्यात्वमोहनीयभेदसमुत्थ-निरतिशयानन्दभाजने । शिष्टत्वलिङ्गाभिधानमेतत् । प्रतियोगिनो दोषस्य क्षीयमाणस्य भेदेन तं भेदमानुभविकं सकलजनानुभवसिद्धं बिभ्रत् । भवति हि अयमस्मात् शिष्टतरो-ऽयमस्माच्छिष्टतम इति सार्वजनीनो व्यवहारः । स चाधिकृतापक्षयाऽधिकतराधिक-तमदोषक्षयविषयतया उपपद्यते । परेषां तु न कथञ्चित् सर्वेषां वेदप्रामाण्याभ्युपगमादौ विशेषाभावाद् । एतेन वेदविहितार्थानुष्ठातृत्वं शिष्टत्वमित्यपि निरस्तम् । यावत्तदेकदेश-विकल्पाभ्यामसम्भवातिव्याप्त्योः प्रसङ्गाच्च । यत्त्वदृष्टसाधनताविषयकमिथ्याज्ञाना-भाववत्त्वं शिष्टलक्षणमुच्यते तत्त्वस्मदुक्तशिष्टत्वव्यञ्जकमेव युक्तमाभाति, न तु परनीत्या स्वतन्त्रलक्षणमेव । गङ्गाजले कूपजलत्वारोपानन्तरमिदं कूपजलं नादृष्टसाधनमिति

भ्रमवतः, कूपजल एव गङ्गाजलत्वारोपानन्तरमिदं गङ्गाजलमदृष्टसाधनमिति भ्रमवतो गङ्गाजले उच्छिष्टत्वारोपानन्तरं नादृष्टसाधनमिति भ्रमवतश्चाशिष्टत्ववारणायादृष्टसाधनतावच्छेदकरूपपुरस्कारेण निषेधमुखेनादृष्टसाधनताविरोधिरूपापुरस्कारेण चादृष्टसाधनताविषयकत्वविवक्षायामपि स्वापादिदशायां बौद्धादावतिव्याप्तेरेतावदग्रहेऽपि सर्वत्र शमादिलिङ्गेन शिष्टत्वव्यवहाराच्चेति किमनया कुसृष्ट्या ? ।।१५-३२।।

આથી પૂર્વે જણાવ્યા મુજબ શિષ્ટત્વ, અંશતઃ ક્ષીણદોષત્વ સ્વરૂપ છે. તેના પ્રતિયોગી એવા દોષના ભેદથી (તારતમ્યથી) સકલજનપ્રસિદ્ધ એવા તે દોષક્ષયના તારતમ્યને ધારણ કરતું શિષ્ટત્વ પરમાનંદના ભાજન એવા આ સમ્યગ્દષ્ટિ આત્મામાં જ છે - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

કહેવાનો આશય એ છે કે - 'વેદપ્રામાણ્યનો સ્વીકાર કરે તે શિષ્ટ છે.'... ઇત્યાદિ શિષ્ટલક્ષણોનું નિરાકરણ કરવાથી; **अंशतः क्षीणदोषत्वं शिष्टत्वम्** - આ શિષ્ટલક્ષણ પ્રતિફલિત થાય છે. આ શિષ્ટત્વ અહીં - સમ્યગ્દષ્ટિ આત્માઓમાં જ સંગત થાય છે. દુઃખે કરીને ભેદી શકાય એવા મિથ્યાત્વમોહનીયકર્મના ભેદનથી ઉત્પન્ન થયેલા નિરતિશય આનંદના ભાજનમાં જ શિષ્ટત્વ મનાય છે. તેવા પ્રકારનો આનંદ શિષ્ટત્વનું લિંગ છે. અંશતઃ જેમના દોષો ક્ષીણ થયા છે તે શિષ્ટ છે. દોષના ક્ષયનો પ્રતિયોગી દોષ છે. તે દોષો બધા એકસરખા ન હોવાથી તેમાં ભેદ છે - તરતમતા છે. તે ભેદ સકલ જનને અનુભવસિદ્ધ છે. તેથી જ આ શિષ્ટ છે; આ આનાથી શિષ્ટતર છે અને આ આનાથી શિષ્ટતમ છે... ઇત્યાદિ તરતમતાના વિષયમાં શિષ્ટત્વનો વ્યવહાર સર્વ જનોને પ્રતીત છે. આ વ્યવહાર અધિકૃત દોષક્ષયની અપેક્ષાએ અધિકતર અને અધિકતમ દોષક્ષયના કારણે સંગત બને છે. સર્વથા વેદપ્રામાણ્યના અભ્યુપગમમાં કોઇ પણ જાતની વિશેષતા ન હોવાથી વેદને પ્રમાણ માનનારામાં કોઇ વિશેષતા ન હોવાથી અન્ય મતમાં તરતમતાસંબંધી શિષ્ટત્વનો વ્યવહાર સંગત નહીં થાય.

ઉપર જણાવ્યા મુજબ વેદપ્રામાણ્યાભ્યુપગમસ્વરૂપ શિષ્ટલક્ષણનો નિરાસ થવાથી '**वेदविहितार्थानुष्ठातृत्वं शिष्टत्वम्**' અર્થાત્ વેદમાં વિહિત જે અર્થ છે તે કરનારને શિષ્ટ કહેવાય છે - આ પ્રમાણે જે શિષ્ટનું લક્ષણ છે, તેનું પણ નિરસન થઇ જાય છે. કારણ કે વેદવિહિતયાવદર્થાનુષ્ઠાતૃત્વ હોવું જોઇએ કે

વેદવિહિતાર્થૈક - દેશાનુષ્ઠાતૃત્વ હોવું જોઈએ - આ બે વિકલ્પોની વિવક્ષામાં અનુક્રમે અસંભવ અને અતિવ્યાપ્તિ સ્પષ્ટ છે.

**'अदृष्टसाधनताविषयकमिथ्याज्ञानाभाववत्त्वं शिष्टत्वम्'** અર્થાત્ અદૃષ્ટ - ધર્માધર્મસાધનતાના વિષયમાં મિથ્યાજ્ઞાનના અભાવવાળાને શિષ્ટ કહેવાય છે - આ પ્રમાણે જે શિષ્ટલક્ષણ જણાવાય છે, તે અમારા જણાવ્યા પ્રમાણેના શિષ્ટત્વના અભિવ્યઞ્જક તરીકે યુક્ત જણાય છે. કારણ કે ધર્માધર્મના સાધનના વિષયમાં શિષ્ટ પુરુષોને મિથ્યાજ્ઞાન હોતું નથી. પરંતુ અન્ય દર્શનકારોની જેમ તેને સ્વતંત્ર રીતે શિષ્ટનું લક્ષણ માનવાનું ઉચિત નથી. કારણ કે ગંગાજળમાં કૂપજલત્વનો આરોપ કરી **इदं कूपजलं नादृष्टसाधनम्** (આ કૂપજળ અદૃષ્ટનું સાધન નથી.) ઇત્યાકારક જેને ભ્રમ થયો છે, તેને અશિષ્ટ માનવાનો પ્રસંગ આવશે. તેમ જ કૂપજળમાં આરોપ કરી (ગંગાજળનો) **इदं गङ्गाजलमदृष्टसाधनम्** - આવો જેને ભ્રમ થયો છે તેને અશિષ્ટ માનવાનો પ્રસંગ આવશે અને ગંગાજળમાં ઉચ્છિષ્ટત્વ(એંઠાપણું)નો આરોપ કરી **इदं गङ्गाजलं नादृष्टसाधनम्** ઇત્યાદિ ભ્રમ જેને થયો છે તેમાં પણ અશિષ્ટત્વ માનવાનો પ્રસંગ આવશે. કારણ કે અહીં સર્વત્ર ભ્રમાત્મક જ્ઞાન છે; પરંતુ આરોપને લઈને છે અને ભ્રમવાળો શિષ્ટ છે. તેમાં અદૃષ્ટસાધનતા - વિષયક મિથ્યાજ્ઞાનાભાવવત્ત્વ ન હોવાથી લક્ષણ સંગત થતું નથી.

આ અશિષ્ટત્વનું વારણ કરવા માટે (એટલે કે અવ્યાપ્તિનું નિવારણ કરવા માટે) અદૃષ્ટ-સાધનતાવચ્છેદકરૂપ પુરસ્કારથી અને નિષેધરૂપે અદૃષ્ટસાધનતા-વિરોધિરૂપના અપુરસ્કારથી અદૃષ્ટસાધનતાવિષયક જ્ઞાનની વિવક્ષા કરવી જોઈએ, તેથી અવ્યાપ્તિ નહીં આવે.

કહેવાનો આશય એ છે કે અદૃષ્ટસાધનતાવચ્છેદકરૂપ ગંગાજલત્વાદિ છે અને કૂપજલત્વ તેમ જ ઉચ્છિષ્ટત્વ વગેરે અદૃષ્ટસાધનતાવિરોધિરૂપ છે. ઉપર જણાવેલા સ્થળે ગંગાજલત્વાદિનો આરોપ કર્યો હોવાથી તે રૂપે તદવચ્છિન્નમાં તાદૃશ ભ્રમ નથી. તેથી વિવક્ષિત મિથ્યાજ્ઞાનનો અભાવ હોવાથી લક્ષણ સંગત બને છે. પરંતુ આ રીતે અવ્યાપ્તિનું નિવારણ કરવા છતાં બૌદ્ધાદિ લોકોને અદૃષ્ટસાધનતાવિષયક જ્ઞાન; મિથ્યાસ્વરૂપ હોવા છતાં શયનાદિદશામાં તેનો અભાવ હોવાથી તેને લઈને અતિવ્યાપ્તિ સ્પષ્ટ છે. પૂર્વોક્ત રીતે શયનાદિદશામાં (શ્લો.નં. ૧૮માં જણાવ્યા મુજબ) અતિવ્યાપ્તિનું વારણ કરવા છતાં જ્યારે

અદૃષ્ટસાધનતાવિષયક તાદૃશ મિથ્યાજ્ઞાનના અભાવનો ગ્રહ ન હોય ત્યારે તે વ્યક્તિમાં શિષ્ટત્વનો વ્યવહાર કરવાનું શક્ય નહિ બને. આવા વખતે પ્રશમાદિ લિંગોથી શિષ્ટત્વનો વ્યવહાર સર્વત્ર થઇ શકે છે. તેથી તેવા પ્રકારની દુષ્ટ કલ્પનાનું કોઇ જ પ્રયોજન નથી... ઇત્યાદિ બરાબર જાણકારો પાસેથી સમજી લેવું જોઇએ. મારી સમજણ મુજબ શક્ય પ્રયત્ને પદાર્થ સ્પષ્ટ કરવાનો મેં પ્રયાસ કર્યો છે. ખાસ તો આ શ્લોકમાં અને અઢારમા શ્લોકમાં થોડું અનુસંધાન વધારે કરવાની આવશ્યકતા છે. પૂરતા સાધનાદિના અભાવે એ શક્ય બન્યું નથી. જિજ્ઞાસુઓએ એ માટે યોગ્ય પ્રયત્ન કરી એ ન્યૂનતાને દૂર કરી સમજી લેવું જોઇએ... ગ્રંથના પરમાર્થ સુધી પહોંચવા માર્ગાનુસારી પ્રજ્ઞા સિવાય બીજો કોઇ ઉપાય નથી. એ ન મળે ત્યાં સુધી તે મેળવવા માટે પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા. ॥૧૫-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां सम्यग्दृष्टिद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

# પરિશીલનની પૂર્વે

અનંતોપકારી દેવાધિદેવ શ્રી તીર્થંકરપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ આ સોળમી બત્રીશીમાં ઈશાનુગ્રહની વિચારણા કરી છે. સામાન્યથી યોગદર્શનની માન્યતા મુજબ ઈશ-પરમાત્માના અનુગ્રહથી જ આત્માને મોક્ષની પ્રાપ્તિ થાય છે. પરમાત્માના અનુગ્રહનો અભાવ હોય તો જીવ ગમે તેટલો પુરુષાર્થ કરે તોય તેને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. જગતના કર્તા, હર્તા પરમાત્મા છે. તેમની ઈચ્છાદિના કારણે આ સંસાર-મોક્ષની વ્યવસ્થા છે... ઈત્યાદિ માન્યતાનું વ્યવસ્થિત નિરૂપણ કરીને એની અયુક્તતાનું નિરૂપણ આ બત્રીશીમાં મુખ્યપણે કરવામાં આવ્યું છે. એનો સ્પષ્ટ ખ્યાલ તો આ બત્રીશીના અધ્યયનથી જ આવશે.

અન્યદાર્શનિકોની પ્રતિભા, તેમનો પુરુષાર્થ અને તેમની સંસાર પ્રત્યેની ઉદાસીનતા... ઈત્યાદિનો વિચાર કરીએ અને સાથે સાથે તેઓએ જણાવેલી વાતોનો વિચાર કરીએ તો મિથ્યાત્વની ભયંકરતા સમજાયા વિના નહીં રહે. આપણા પરમ શ્રદ્ધેય શાસ્ત્રકાર પરમર્ષિએ અન્યદર્શનોની વિસઙ્ગતિને જણાવવામાં કોઈ જ કચાશ રાખી નથી. આવા પરમતારક ગ્રંથોનું અધ્યયન કર્યા વિના માર્ગની પ્રાપ્તિ કોઈ પણ રીતે શક્ય નથી. આવા સમર્થ શાસ્ત્રકાર પરમર્ષિઓનો આપણે અનુગ્રહ ઝીલી શકીએ તો પરમાત્માના અનુગ્રહના પાત્ર બની શકીશું.

પરમાત્માનો અનુગ્રહ જે રીતે યોગદર્શનમાં મનાય છે તે રીતે શરૂઆતમાં જ વિસ્તારથી ચાર શ્લોકો દ્વારા જણાવીને પછીના બે શ્લોકોથી તેની અયુક્તતા જણાવી છે. પ્રકૃતિ, પુરુષ... ઈત્યાદિ તત્ત્વોની કલ્પના જ પરમાર્થથી વાસ્તવિક ન હોવાથી પરમાત્માનો અનુગ્રહ પણ વાર્તામાત્ર જ બને છે. ત્યારબાદ જૈનદર્શનની માન્યતા મુજબ દેવનો અનુગ્રહ માનવામાં આવે તો અન્યદર્શનકારોની માન્યતા મુજબનો પરમાત્માનો અનુગ્રહ કથંચિદ્ યુક્તિસઙ્ગત બને છે-તે જણાવ્યું છે તેમ જ પતંજલિએ જણાવેલાં વિઘ્નો, તેનો ક્ષય અને પ્રત્યક્ ચૈતન્યની પ્રાપ્તિ : તે બધાનું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે. ત્યાર બાદ કાલાતીત નામના શાસ્ત્રકારવિશેષના જણાવ્યા મુજબ પરમાત્માનું સ્વરૂપ એક જ છે. જેમના રાગાદિ ક્લેશો સર્વથા દૂર થાય છે તે જ પરમાત્મા છે. તેમનાં જુદાં જુદાં નામોના

કારણે તેમનામાં કોઇ જ ફરક પડતો નથી. તેમ જ તે તે દર્શનકારોએ પરમાત્મામાં જે વિશેષતા વર્ણવી છે, તે પરમાત્માની ઉપાસનામાં ઉપયોગિની નથી. સર્વથા ક્લેશથી રહિત સ્વરૂપે પરમાત્માની ઉપાસનાથી જ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે... ઇત્યાદિ માન્યતાનો સ્વીકાર; કદાગ્રહના ત્યાગ માટે કરવામાં બાધ નથી : એ જણાવ્યું છે.

અંતે પરમાત્મા ધર્મોપદેશ દ્વારા આપણને મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરાવે છે, તે જ તેઓશ્રીનો અનુગ્રહ છે. તેઓશ્રીના પરમતારક વચનને અનુસરી ધર્માનુષ્ઠાન દ્વારા આપણે આપણા આત્માને પરમાત્મસ્વરૂપ બનાવીએ તો જ આપણે પરમાત્માના અનુગ્રહના પાત્ર બની શકીશું... વગેરે જણાવ્યું છે. આ બત્રીશીના છેલ્લા ત્રણ શ્લોકો મુમુક્ષુ આત્માઓએ નિરંતર યાદ રાખવા જોઇએ.

પરમાત્મા પરમાત્મા કઇ રીતે બન્યા; તેઓશ્રીએ તારક તીર્થની સ્થાપના કેમ કરી અને ધર્મદેશના દ્વારા આપણી ઉપર તેઓશ્રીએ કઇ રીતે અનુગ્રહ કર્યો : એ બધાનો વિચાર કરવાથી પરમાત્માના અનુગ્રહનું વાસ્તવિક સ્વરૂપ આપણે સમજી શકીશું. માર્ગદર્શક પરમાત્મા આપણને માર્ગે ચલાવતા નથી. એ કામ તો આપણે જાતે જ કરવાનું છે. અનન્યસાધારણ માર્ગદર્શન પરમાત્માએ કરાવ્યું છે અને અનન્યસાધારણ પુરુષાર્થ આપણે કરવાનો છે. અંતે પરમાત્માના પરમતારક માર્ગદર્શનને અનુસરી દર્શનજ્ઞાનચારિત્રમય મોક્ષમાર્ગે ચાલવાના એ પુરુષાર્થનો પ્રારંભ કરી પરમાત્માના અનુગ્રહના પાત્ર બની રહીએ એ જ એકની એક શુભાભિલાષા...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

# अथ प्रारभ्यत ईशानुग्रहविचारद्वात्रिंशिका ।

सम्यग्दृष्टिनिरूपणानन्तरं तन्निर्वाहकमीशानुग्रहं विचारयति–

આ પૂર્વેની બત્રીશીમાં સમ્યગ્દૃષ્ટિ આત્માઓનું સ્વરૂપ વર્ણવ્યું. હવે તેમના નિર્વાહક ઈશાનુગ્રહની વિચારણા આ બત્રીશીમાં કરાય છે. સમ્યગ્દૃષ્ટિ આત્માઓ જ વાસ્તવિક રીતે વસ્તુતત્ત્વની વિચારણા કરી શકે છે. ઈશાનુગ્રહવિચારણાથી તેનો વાસ્તવિક નિર્ણય થાય છે, જેથી આત્મા સમ્યગ્દૃષ્ટિ બની રહે છે. આ રીતે સમ્યગ્દૃષ્ટિનિર્વાહક ઈશાનુગ્રહ હોવાથી સમ્યગ્દૃષ્ટિના નિરૂપણ પછી આ બત્રીશીમાં ઈશાનુગ્રહની વિચારણા કરાય છે–

**महेशानुग्रहात् केचिद्, योगसिद्धिं प्रचक्षते ।**
**क्लेशाद्यैरपरामृष्टः, पुंविशेषः स चेष्यते ॥१६-१॥**

महेशेति–केचित् पातञ्जलाः । महेशानुग्रहाद् योगस्योक्तलक्षणस्य सिद्धिं योगक्षेमलक्षणाम् । प्रचक्षते कथयन्ति । स च महेशः । पुंविशेषः पुरुषविशेष इष्यते । कीदृश इत्याह-क्लेशाद्यैः क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः त्रिष्वपि कालेषु । तथा च सूत्रं–"क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः" [१-२४] इति । अत्र क्लेशा अविद्यास्मितारागद्वेषाभिनिवेशा वक्ष्यमाणलक्षणाः । क्लेशमूलः कर्माशयः । दृष्टादृष्टजन्मवेदनीयः, अस्मिन्नेव जन्मन्यनुभवनीयो दृष्टजन्मवेदनीयः, जन्मान्तरानुभवनीयस्त्वदृष्टजन्मवेदनीयः । तीव्रसंवेगेन हि कृतानि पुण्यानि देवताराधनादीनि कर्माणि इहैव जन्मनि फलं जात्यायुर्भोगलक्षणं प्रयच्छन्ति, यथा नन्दीश्वरस्य भगवन्महेश्वराराधनबलादिहैव जन्मनि जात्यादयो विशिष्टाः प्रादुर्भूताः । न चैतदनुपपत्तिः, सदनुष्ठानेन प्रतिबन्धकापनयने केदारान्तरे जलापूरणवत्पाश्चात्त्यप्रकृत्यापूरणेनैव सिद्धिविशेषोपपत्तेः । तदुक्तं– "जन्मौषधिमन्त्रतपःसमाधिजाः सिद्धयः" [४-१] । सिद्धिश्चोत्कर्षविशेषः कार्यकारणस्य "जात्यन्तरपरिणामः प्रकृत्यापूरात्" । "निमित्तमप्रयोजकं प्रकृतीनां वरणभेदस्तु ततः क्षेत्रिकवदि"ति । "सति मूले तद्विपाको जात्यायुर्भोगाः" [२-१३] । सति मूले क्लेशरूपबीजे तेषां कुशलाकुशलकर्मणां विपाको फलं जात्यायुर्भोगा भवन्ति । जातिर्मनुष्यादिः, आयुश्चिरकालं शरीरसम्बन्धः, भोगा विषयाः, इन्द्रियाणि सुखदुःखसंविच्च । कर्मकरणभावसाधनव्युत्पत्त्या भोगशब्दस्य । इदमत्र तात्पर्यम् । चित्तं हि

द्विविधं साशयमनाशयं च । तत्र योगिनामनाशयम् । तदाह–"(तत्र) ध्यानजमनाशयं" [४-६] । अत एव तेषामशुक्लाकृष्णं कर्म । तदाह–"कर्माशुक्लकृष्णं योगिनः त्रिविधमितरेषां [४-७]"-शुभफलदं कर्म योगादि शुक्लम्, अशुभफलदं ब्रह्महत्यादि कृष्णम्, उभयसङ्कीर्णं शुक्लकृष्णम् । तत्र शुक्लं दानतपःस्वाध्यायादिमतां पुरुषाणां, कृष्णं नारकाणां, शुक्लकृष्णं मनुष्याणां, योगिनां तु विलक्षणमिति । साशयं चित्तमयोगिनाम् । तत्र फलत्यागानुसन्धानाभावात्फलजनकः कर्माशयः, ततस्तद्विपाकानुगुणानामेवाभिव्यक्तिर्वासनानाम् । द्विविधा हि कर्मवासनाः स्मृतिमात्रफला जात्यायुर्भोगफलाश्च । तत्राद्या येन कर्मणा यादृक् शरीरमारब्धं देवमानुषतिर्यगादिभेदेन जात्यन्तरशतव्यवधानेन पुनस्तथाविधस्यैव शरीरस्यारम्भे तदनुरूपामेव स्मृतिं जनयन्ति, अन्यादृशीं च न्यग्भावयन्ति, देवादिभवे नारकादिशरीरोपभोगस्मृतिवत् । न चातिव्यवहितयोः स्मृतिसंस्कारयोर्जन्यजनकभावानुपपत्तिः, दूरानुभूतस्याप्यविचलितचित्ते वासनात्मना स्थितस्योद्बोधविशेषसहकारेण स्मृतिविशेषपरिणामे व्यवधानाभावात् । तदुक्तं–'जातिदेशकालव्यवहितानामप्यानन्तर्यं स्मृतिसंस्कारयोरेकरूपत्वात्" [४-९] । ताश्च सुखसाधनावियोगाध्यवसायसङ्कल्पस्य मोहलक्षणस्य बीजस्यानादित्वादादिरहिताः । तदुक्तं–"तासामनादित्वमाशिषो नित्यत्वात् [४-१०] । द्वितीया अपि चित्तभूमावेवानादिकालं सञ्चिता यथा यथा पाकमुपयान्ति तथा तथा गुणप्रधानभावेन स्थिता जात्यायुर्भोगलक्षणं कार्यमारभन्त इति । तदेतत्कर्माशयफलं जात्यादिविपाक इति । यद्यपि सर्वेषामात्मनां क्लेशादिपरामर्शो नास्ति, तथापि ते चित्तगतास्तेषां व्यपदिश्यन्ते, यथा योधगतौ जयाजयौ स्वामिनः । अस्य तु त्रिष्वपि कालेषु तथाविधोऽपि क्लेशादिपरामर्शो नास्तीति विलक्षणोऽयमन्येभ्यः ॥१६-१॥

"મહેશના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે; એમ કેટલાક કહે છે. ક્યારે પણ જે પુરુષ ક્લેશાદિથી રહિત છે તે મહેશ છે." - આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે. એનો આશય, વિસ્તારથી આ શ્લોકની જ ટીકામાં ગ્રંથકારશ્રીએ વર્ણવ્યો છે, જેનું તાત્પર્ય નીચે જણાવ્યા મુજબ છે.

પાતંજલદર્શનના અનુયાયીઓ મહેશના અનુગ્રહથી યોગસિદ્ધિ માને છે. પૂર્વે જણાવ્યા મુજબ મોક્ષની સાથે આત્માને જોડી આપનાર આત્મવ્યાપાર યોગ છે તેમ જ પાતંજલદર્શનમાં જણાવ્યા મુજબ ચિત્તવૃત્તિનિરોધ યોગ છે. તેની પ્રાપ્તિ અને પ્રાપ્ત એવા તેની રક્ષા સ્વરૂપ યોગની સિદ્ધિ છે. અપ્રાપ્તની પ્રાપ્તિ અને

પ્રાપ્તની રક્ષા સ્વરૂપ, તે તે વસ્તુની સિદ્ધિ છે. એવી યોગની સિદ્ધિ મહેશના અનુગ્રહથી થાય છે. મહેશ પુરુષવિશેષ છે; જે ત્રણેય કાળમાં ક્લેશ, કર્મ, વિપાક અને આશયથી અસંબદ્ધ છે - એ પ્રમાણે "**क्लेशकर्मविपाकाऽऽशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः**" (૧-૨૪) । આ પાતંજલયોગસૂત્રથી જણાવાયું છે.

અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ : આ પાંચ ક્લેશ છે, જેનું સ્વરૂપ હવે પછી જણાવાશે. ક્લેશ જેનું મૂળ છે એવો કર્મસ્વરૂપ આશય(ભાવ) છે. એનો અનુભવ આ જન્મમાં થાય છે; તેમ જ પરજન્મમાં પણ થાય છે. ઉપર જણાવ્યા મુજબ અવિદ્યાદિ સ્વરૂપ ક્લેશો અનેક પ્રકારના છે. તેના કારણે થનારા કર્માશયો પણ અનેક પ્રકારના છે. કેટલાંક કર્મો દૃષ્ટવેદનીય છે અને કેટલાંક કર્મો અદૃષ્ટવેદનીય છે. આ જન્મમાં જ જેનો અનુભવ થાય છે, તે કર્મો દૃષ્ટવેદનીય છે અને પરલોકમાં(પરજન્મમાં) જેનો અનુભવ થાય છે તે કર્મો અદૃષ્ટવેદનીય છે. એમાં મૂળભૂત કારણ અવિદ્યાદિ ક્લેશો છે. તીવ્ર સંવેગ (અતિ-ઉત્કટ પ્રયત્ન)થી કરેલાં અતિ-ઉત્તમ પવિત્ર એવાં દેવતા-આરાધનાદિ કર્મો આ જ જન્મમાં જાતિ, આયુષ્ય અને ભોગ સ્વરૂપ ફળને આપે છે.શિલાદ નામના મુનિના નંદી નામના કુમારે મહાદેવજીની અત્યુગ્ર (શ્રેષ્ઠ) પૂજા કરીને મનુષ્યશરીરનો ત્યાગ કરી તે જન્મમાં જ દેવના શરીરને ધારણ કરી તે અમર થયો હતો. આ રીતે દેવતાના આરાધનથી આ જન્મમાં જ તેને વિશિષ્ટ જાતિ, આયુષ્ય અને ભોગ સ્વરૂપ ફળની પ્રાપ્તિ થઇ હતી.

'આ પ્રમાણે જન્મ, શરીર, આયુષ્ય, ઇન્દ્રિયો વગેરેના પરિણામોમાં ફેરફાર કઇ રીતે થાય ? અર્થાત્ એ શક્ય નથી...' આવી શંકા નહીં કરવી જોઇએ. કારણ કે દેવપૂજાદિ સદનુષ્ઠાનના પ્રભાવથી; તે તે વસ્તુની પ્રાપ્તિના પ્રતિબંધકની નિવૃત્તિ થવાથી એક ક્યારામાંથી બીજા ક્યારામાં જેમ જળ પૂરાય છે તેમ પ્રકૃતિના આપૂરણથી (પૂર્વપ્રકૃતિના જ આપૂરણથી) ઉપર જણાવ્યા મુજબ સિદ્ધિવિશેષની પ્રાપ્તિ થાય છે. તેથી તેમાં (જાત્યાદિના પરિણામાંતરમાં) કોઇ અનુપપત્તિ થતી નથી. ખેતરમાં પાણી પાનાર ખેડૂતને જ્યારે એક ક્યારામાંથી બીજા ક્યારામાં પાણી લઇ જવાનું થાય છે ત્યારે તે જેમ તે ક્યારામાં પાણી નાંખવા જતો નથી. પરંતુ પહેલાંની જેમ જ એ પાણી નાખ્યા કરે છે. તે વખતે તે ખેડૂત બીજા ક્યારામાં પાણી જે કારણે જતું ન હતું તે પાળ વગેરે દૂર કરી

દે છે. તેથી પ્રતિબંધકના દૂર થવાથી ત્યાં પાણી પહોંચી જાય છે. આવી જ રીતે આ જન્મમાં જન્માંતરસંબંધી વિશિષ્ટ જાતિ, આયુષ્ય વગેરે ફળની પ્રાપ્તિ જે પ્રતિબંધકને લઈને થતી ન હતી તે અધર્મસ્વરૂપ પ્રતિબંધકને, અત્યંત તીવ્ર સંવેગથી સદનુષ્ઠાન કરવા દ્વારા દૂર કરાય છે. તેથી પૂર્વવત્ પ્રકૃતિના આપૂરણથી જ આ જન્મમાં તે તે વિશિષ્ટ જાતિ, આયુષ્ય અને ભોગ સ્વરૂપ ફળાંતર (પરિણામાંતર) પ્રાપ્ત થાય છે.

આ વાતને જણાવતાં "**जन्मौषधिमन्त्रतपःसमाधिजाः सिद्धयः**" (૪-૧) । આ પાતંજલયોગસૂત્રમાં વર્ણવ્યું છે કે જન્મ, ઔષધિ, મંત્ર, તપ અને સમાધિના કારણે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. પક્ષીઓ આકાશમાં ગમન કરે છે... વગેરે સિદ્ધિઓ જન્મના કારણે છે. લોહગુગ્ગુલાદિના સેવનથી જે અચિંત્ય દિવ્યશક્તિ વગેરે પ્રાપ્ત થાય છે તે ઔષધિના કારણે પ્રાપ્ત થતી સિદ્ધિઓ છે. મંત્રના પ્રયોગથી પ્રાપ્ત થતી આકાશગમનાદિની શક્તિ સ્વરૂપ સિદ્ધિઓ મંત્રના કારણે પ્રાપ્ત થતી હોય છે. તપોબળથી પ્રાપ્ત થનારી શક્તિ તપના કારણે થનારી સિદ્ધિ કહેવાય છે અને સમાધિથી પ્રાપ્ત થનારી અણિમાદિ... વગેરે સ્વરૂપ સિદ્ધિઓ છે, જે યોગીજનોને પ્રાપ્ત થાય છે.

કાર્ય અને કારણની સિદ્ધિ તેના ઉત્કર્ષ સ્વરૂપ છે. પૂર્વાવસ્થાના તેના પરિણામની અપેક્ષાએ ઉત્કૃષ્ટ પરિણામાંતરની પ્રાપ્તિ સિદ્ધિસ્વરૂપ છે. આ રીતે ઉત્કૃષ્ટ પરિણામ સ્વરૂપ જાત્યંતર પરિણામ પ્રકૃતિના આપૂરથી થાય છે. આશય એ છે કે આ પ્રકૃતિઓનું આપૂર પ્રકૃતિઓનો સ્વાભાવિક ધર્મ છે કે ધર્માદિના કારણે તે થતો હોવાથી ધર્માદિથી જન્ય છે ? આ શંકાના સમાધાન માટે "**जात्यन्तरपरिणामः प्रकृत्यापूरात्**" (૪-૫); આ સૂત્ર પછી "**निमित्तमप्रयोजकं प्रकृतीनां वरणभेदस्तु ततः क्षेत्रिकवद्**" (૪-૬) । આ સૂત્ર છે. શંકાનું કારણ એ છે કે પ્રકૃતિનો આપૂર પ્રકૃતિનો સ્વાભાવિક ધર્મ હોય તો તેનાથી બધાને જ સિદ્ધિ પ્રાપ્ત થશે અને તે જો ધર્માદિથી જન્ય હોય તો ધર્માદિને હેતુ-સ્વતંત્ર કારણ-માનવાનો પ્રસંગ આવશે. કારણ કે પ્રકૃતિથી જન્ય (પરંપરાએ જન્ય) ધર્માદિ, પ્રકૃતિના આપૂરના કારણ થઈ શકે નહિ. તેથી શંકાના સમાધાન માટે **निमित्तम**... ઈત્યાદિ સૂત્ર છે. ધર્માદિ; પ્રકૃતિના આપૂરનું નિમિત્ત છે, પ્રયોજક નથી. સ્વતંત્ર કારણને પ્રયોજક-હેતુ કહેવાય છે. તેથી ધર્માદિ જે નિમિત્ત છે; તે પ્રકૃતિઓના પ્રયોજક નથી.

ધર્માદિથી વરણભેદ (પ્રતિબંધકાપનયન) થાય છે. જેમ ખેડૂત વૃક્ષની આસપાસનું ઘાસ ઉખેડી નાંખે છે તેથી વૃક્ષના મૂળમાં પાણી પહોંચે છે પરંતુ તે ત્યાં પાણી સિંચતો નથી તેમ અહીં પણ સિદ્ધિના પ્રતિબંધક ધર્માદિકથી દૂર થાય છે. તેથી સિદ્ધિઓ તો પ્રકૃતિઓના આપૂરથી જ થાય છે. તે તે સિદ્ધિને અનુકૂળ કારણમાં અવયવોનો(પરમાણુ વગેરેનો) અનુપ્રવેશ કે વિગમ કરાવવો; તેને પ્રકૃતિનો આપૂર કહેવાય છે... ઇત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઇએ.

"**सति मूले तद्विपाको जात्यायुर्भोगाः**" (૨-૧૩) આ યોગસૂત્રમાં જણાવ્યા મુજબ ક્લેશસ્વરૂપ બીજ હોતે છતે કુશલ કે અકુશલ કર્મોના ફળ સ્વરૂપ જાતિ, આયુષ્ય અને ભોગને વિપાક કહેવાય છે. મનુષ્યાદિ જાતિ છે. લાંબા કાળ સુધી આત્માના શરીર સાથેના સંબંધને આયુષ્ય કહેવાય છે. **भुज्यन्त इति भुज्यतेऽनेनेति भुक्ति र्वेति**; '**भोग**' શબ્દ એ ત્રણેય રીતે અનુક્રમે કર્મ, કરણ અને ભાવમાં નિષ્પન્ન છે. તેથી શબ્દાદિ વિષયો, શ્રવણાદિ ઇન્દ્રિયો અને સુખ-દુઃખનું સંવેદન : એ ત્રણને ભોગ કહેવાય છે. સુખ-દુઃખના સંવેદનથી ઉત્પન્ન થનારા સંસ્કારો(વાસના)ને આશય કહેવાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સાંખ્યદર્શનમાં સાશય અને અનાશય - એમ ચિત્તના બે પ્રકાર વર્ણવ્યા છે. તેમાંનું અનાશય ચિત્ત યોગીઓને હોય છે. આ વાત "**तत्र ध्यानजमनाशयम्**" (૪-૬) । આ સૂત્રથી જણાવી છે. તેથી જ ધ્યાનથી ઉત્પન્ન અનાશય ચિત્તવાળા યોગીજનોનું કર્મ અશુક્લાકૃષ્ણ હોય છે. "**कर्माशुक्ला-कृष्णं योगिनस्त्रिविधमितरेषाम्**" (૪-૭) । આ યોગસૂત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે યોગીજનોને અશુક્લાકૃષ્ણ કર્મ હોય છે અને તેમનાથી ભિન્ન જનોને શુક્લ, કૃષ્ણ તેમ જ શુક્લકૃષ્ણ : આ ત્રણ પ્રકારનાં કર્મો હોય છે. શુભ ફળને આપનારું યોગાદિ સ્વરૂપ કર્મ શુક્લ છે. બ્રહ્મહત્યાદિ સ્વરૂપ કર્મ અશુભ ફળને આપનારું હોવાથી કૃષ્ણ છે. ઉભયથી સંકીર્ણ કર્મ શુક્લકૃષ્ણ છે. દાન, તપ અને સ્વાધ્યાયાદિને કરનારાને શુક્લ કર્મ છે; નારકીઓને કૃષ્ણ કર્મ છે અને મનુષ્યાદિને શુક્લકૃષ્ણ કર્મ છે. યોગીજનોને એ ત્રણેય કર્મથી વિલક્ષણ એવું ચોથું અશુક્લાકૃષ્ણ કર્મ હોય છે.

યોગીજનોને છોડીને બીજા બધા અયોગીજનોનું ચિત્ત સાશય હોય છે. કારણ કે અયોગીજનો જે કર્મ કરે છે તે, તેના ફળને પ્રાપ્ત કરવાના આશયથી

કરે છે.તે વખતે તેમને ફળના ત્યાગની ભાવના હોતી નથી. તેથી તે શુક્લ વગેરે ત્રણ કર્મથી તેના વિપાકને અનુકૂળ જ વાસનાઓની અભિવ્યક્તિ થાય છે. આ વાત **"ततस्तदविपाकानुगुणानामेवाभिव्यक्तिर्वासनानाम्"** (૪-૮) । આ સૂત્રથી જણાવેલી છે. શુક્લાદિ કર્મજન્ય જે જાત્યાદિ ફળ પ્રાપ્ત થાય છે, તે તે ફળને અનુગુણ (ઉન્મુખ) એવી વાસનાઓનો (સંસ્કારોનો) તે તે કાળે આવિર્ભાવ થઇ જાય છે; જેથી પૂર્વજન્માદિની અપેક્ષાએ તદ્દન વિલક્ષણ જન્માદિ પ્રાપ્ત થયા પછી તે તે વિપાકોના અનુભવની અનુપપત્તિ થતી નથી.

આ કર્મજન્ય વાસનાઓ પણ બે પ્રકારની છે. એક માત્ર સ્મૃતિના ફળવાળી (સ્મૃતિજનક) છે અને બીજી જાતિ, આયુષ્ય અને ભોગના ફળને આપનારી છે. આમાંની પહેલા પ્રકારની વાસના એવી છે કે; જે કર્મથી જેવા શરીરનો આરંભ થયો હોય તેની વચ્ચે દેવ, મનુષ્ય, તિર્યંચાદિના સેંકડો જન્મનું વ્યવધાન થવા છતાં ફરી પાછો તેવા જ શરીરનો આરંભ થાય ત્યારે તેને અનુરૂપ જ સ્મૃતિને ઉત્પન્ન કરે છે અને તે વખતે બીજી બધી સ્મૃતિઓને અંતર્હિત કરે છે. દેવાદિભવમાં નારકાદિ શરીરના ઉપભોગની સ્મૃતિ જેમ લુપ્ત થાય છે તેમ અહીં પણ એ પ્રમાણે અન્યસ્મૃતિઓ લુપ્તપ્રાય થતી હોય છે. "અત્યંત વ્યવહિત(સેંકડો જન્મના વ્યવધાનથી યુક્ત) એવા સંસ્કારથી સ્મૃતિ થઇ શકશે નહીં. કારણ કે અત્યંત વ્યવહિત સંસ્કારને સ્મૃતિ પ્રત્યે કારણ માનતા નથી..." - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે લાંબા કાળે અનુભવેલું હોવા છતાં ચિત્ત જો વિચલિત ન હોય તો એવા ચિત્તમાં સંસ્કારરૂપે પડેલી તે અનુભૂત વસ્તુનો ઉદ્બોધકવિશેષના સહકારથી સ્મૃતિસ્વરૂપ પરિણામ થવામાં કોઇ વ્યવધાન નથી. ત્યાં તે વખતે પણ સંસ્કાર પડેલા છે જ. આ વસ્તુને જણાવતાં **"जातिदेशकालव्यवहितानामप्यानन्तर्यं स्मृतिसंस्कारयोरेकरूपत्वात्"** (૪-૯) । આ સૂત્રમાં કહ્યું છે કે, જાતિ, દેશ, કાળથી વ્યવહિત હોવા છતાં વાસનાઓનું આનન્તર્ય છે. કારણ કે સ્મૃતિ અને સંસ્કારની એકરૂપતા(સમાનવિષયકતા) છે. આશય એ છે કે જુદા જુદા જન્મમાં, સ્થળમાં કે કાળમાં અનુભવેલું હોવા છતાં કાલાંતરે, દેશાંતરે કે જાત્યંતરે તેની સ્મૃતિ થતી હોય છે. તેથી સંસ્કાર અને સ્મૃતિને કોઇ વ્યવધાન નથી; આનન્તર્ય (અંતરરહિતપણું) છે. ઉદ્બોધકવિશેષના સહકારથી સ્મૃતિ થતી હોય છે. આ

બધી વાસનાઓનું બીજ મોહ છે. 'ક્યારે ય સુખનાં સાધનોનો વિયોગ ના થાઓ' આવા પ્રકારના અધ્યવસાયથી જે સંકલ્પ (કર્ત્તવ્ય કે અકર્ત્તવ્યવિષયક પ્રવૃત્તિ-નિવૃત્તિનો અધ્યવસાય) થાય છે, તે મોહ છે. મોહ અનાદિનો હોવાથી વાસનાઓ પણ અનાદિની(આદિરહિત) છે. આ વાત "**तासामनादित्वं चाऽऽशिषो नित्यत्वाद्**" (૪-૧૦) આ યોગસૂત્રથી સ્પષ્ટ કરી છે. ઉપર જણાવ્યા મુજબ સુખના સાધનનો વિયોગ ન થાય... ઇત્યાદિ સ્વરૂપ ઇષ્ટપ્રાર્થનાને આશિષ કહેવાય છે. આશીર્વાદ નિત્ય હોવાથી વાસનાઓ અનાદિની છે.

બીજી પણ કર્મવાસના ચિત્તસ્વરૂપ આશ્રયમાં જ અનાદિકાળથી સંચિત છે. જેમ જેમ તેણીનો પરિપાક થાય તેમ તેમ ગૌણમુખ્યભાવે રહેલી એવી તે: જાતિ, આયુષ્ય અને ભોગ સ્વરૂપ કાર્યનો આરંભ કરે છે. [સત્તામાં રહેલાં કર્મો જેમ જેમ વિપાકોન્મુખ બને તેમ તેમ કોઇ વાર ગૌણ અને કોઇ વાર મુખ્યભાવે (પ્રદેશથી અને રસથી) કાર્યરત થાય છે. આ વસ્તુનો વિચાર કરવાથી ઉપર જણાવેલી વાતને સમજતાં વાર નહીં લાગે.] આથી સ્પષ્ટ છે કે આ કર્માશયના ફળસ્વરૂપ જાતિ... વગેરે વિપાક છે.

યદ્યપિ સાંખ્યોની માન્યતા મુજબ દરેક આત્મા (પુરુષ) શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર, સ્ફટિકની જેમ સદાને માટે નિર્મળ હોવાથી કોઇ પણ આત્માને ક્લેશાદિનો પરામર્શ (સંબંધ) નથી. પરંતુ ચિત્તમાં રહેલા તે તે ક્લેશાદિનો પુરુષમાં ઉપચાર કરાય છે. અર્થાત્ યોદ્ધાઓનો જય કે પરાજય થયો હોય તો તે જેમ તેના સ્વામીનો જણાવાય છે, તેમ અહીં પણ ચિત્તમાં રહેલા ક્લેશાદિ પુરુષના જણાવાય છે. આવો ઉપચાર ત્રણે કાળમાં મહેશમાં ન હોવાથી તેઓ ક્લેશાદિથી અપરામૃષ્ટ છે અને તેથી જ બીજા જીવોની અપેક્ષાએ તેઓ વિલક્ષણ છે. ॥૧૬-૧॥

અન્યપુરુષોની અપેક્ષાએ મહેશમાં જે વિશેષ છે, તે જણાવાય છે–

**ज्ञानमप्रतिघं यस्य, वैराग्यं च जगत्पतेः ।**
**ऐश्वर्यं चैव धर्मश्च, सहसिद्धं चतुष्टयम् ॥१६-२॥**

ज्ञानमिति–ज्ञानादयो ह्यत्राऽप्रतिपक्षाः सहजाश्च शुद्धसत्त्वस्यानादिसम्बन्धात् । यथा हीतरेषां सुखदुःखमोहतया विपरिणतं चित्तं निर्मले सात्त्विके धर्मात्मप्रख्ये

प्रतिसङ्क्रान्तं चिच्छायासङ्क्रान्तान्तःसंवेद्यं भवति, नैवमिश्वरस्य, किं तु तस्य केवल एव सात्त्विकः परिणामो भोग्यतया व्यवस्थित इति । किं च प्रकृतिपुरुषसंयोग-वियोगयोरीश्वरेच्छाव्यतिरेकेणानुपपत्तेरनादिज्ञानादिमत्त्वमस्य सिद्धम् ।।१६-२।।

"જે જગતના સ્વામીનું અસ્ખલિત જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મ આ ચાર સહજ - સ્વભાવસિદ્ધ છે; તે પુરુષવિશેષ ઈશ્વર છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે જ્ઞાનાદિગુણો અજ્ઞાનાદિ - પ્રતિપક્ષથી રહિત સ્વભાવથી જ પરમાત્મામાં(ઈશ્વરમાં) છે. કારણ કે શુદ્ધસત્ત્વનો સંબંધ અનાદિકાળથી છે. જેમ બીજા સંસારી પુરુષોને સુખ, દુઃખ અને મોહ રૂપે પરિણામ પામેલું ચિત્ત નિર્મળ, સાત્ત્વિક એવા ચેતન પુરુષમાં સંક્રાંત; ચિત્છાયામાં સંક્રાંત થયેલા અંતઃકરણથી સંવેદ્ય બને છે. આશય એ છે કે સુખ-દુઃખાદિથી પરિણામ પામેલું ચિત્ત પુરુષમાં પ્રતિસંક્રાંત બને છે અને તેનું - પુરુષમાં પ્રતિબિંબિતનું - પ્રતિબિંબ પાછું નિર્મળ બુદ્ધિમાં પડે છે. તેમાં ચિચ્છાયાવિશિષ્ટ ચિત્ત પ્રતિબિંબિત છે. તેને પુરુષ સંવેદ્ય બનાવે છે. પરંતુ પરમાત્માને આવું બનતું નથી. તેમને તો સદાને માટે સાત્ત્વિક પરિણામ જ હોય છે. તે એ સ્વરૂપે જ ભોગ્ય તરીકે વ્યવસ્થિત છે. પ્રતિબિંબાત્મક ભોગ તેમને નથી.

યદ્યપિ આવી અવસ્થા તો મુક્તાત્માને પણ હોય છે. તેથી આનાથી સ્વતંત્ર પરમાત્માને માનવાની આવશ્યકતા નથી. પરંતુ આ સંસારમાં પ્રકૃતિ-પુરુષનો સંયોગ તેમ જ તેના વિયોગથી મોક્ષની પ્રાપ્તિ વગેરે ઈશ્વરની ઈચ્છા વિના અનુપપન્ન છે તેથી અનાદિજ્ઞાનાદિમાન પરમાત્માને માન્ય વિના ચાલે એવું નથી... ઈત્યાદિ **किं च**... ઈત્યાદિ ગ્રંથનો આશય છે. ॥૧૬-૨॥

પરમાત્માના અનાદિ જ્ઞાન, વૈરાગ્ય વગેરેમાં યુક્તિ જણાવાય છે–

**सात्त्विकः परिणामोऽत्र, काष्ठाप्राप्ततयेष्यते ।**
**नाक्षप्रणालिकाप्राप्त, इति सर्वज्ञतास्थितिः ।।१६-३।।**

सात्त्विक इति–अत्रेश्वरे सात्त्विकः परिणामः । काष्ठाप्राप्ततयाऽत्यन्तोत्कृष्टत्वेन इष्यते । तारतम्यवतां सातिशयानां धर्माणां परमाणावल्पत्वस्येवाकाशे परममहत्त्वस्येव काष्ठाप्राप्तिदर्शनाद् ज्ञानादीनामपि चित्तधर्माणां तारतम्येन परिदृश्यमाणानां क्वचिन्नि-रतिशयत्वसिद्धेः । न पुनरक्षप्रणालिकया इन्द्रियद्वारा प्राप्त उपनीतः । इति हेतोः ।

सर्वविषयत्वादेतच्चित्तस्य सर्वज्ञतायाः स्थितिः प्रसिद्धिः । तदुक्तं–"तत्र निरतिशयं सर्वज्ञबीजम्" [१-२५] ।।१६-३।।

"ઇશ્વરમાં સાત્ત્વિક પરિણામ અત્યંત ઉત્કૃષ્ટ સ્વરૂપે મનાય છે. ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત સ્વરૂપે મનાતો નથી. તેથી સર્વજ્ઞતાની સિદ્ધિ થાય છે." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે પરમાત્મા-ઇશ્વરમાં શુદ્ધ સાત્ત્વિક ભાવ છે. રજોગુણ કે તમોગુણના લેશથી પણ અનુવિદ્ધ નથી. અત્યંત ઉત્કૃષ્ટ સ્વરૂપે તે ત્યાં છે. અર્થાત્ એના કરતાં બીજે ક્યાંય પણ ઉત્કૃષ્ટ ન હોવાથી પરમાત્મામાં તે સર્વોત્કૃષ્ટ છે. કારણ કે તરતમતાવાળા અતિશયથી યુક્ત ધર્મો પરાકાષ્ઠાને પામેલા દેખાય છે. પરમાણુમાં અલ્પત્વ અને આકાશમાં જેમ પરમમહત્ત્વ પરાકાષ્ઠા(સર્વોત્કર્ષ)ને પામેલું છે. અર્થાત્ પરમાણુમાં જે અલ્પત્વ છે એથી વધારે અલ્પતા બીજે ક્યાંય નથી અને આકાશમાં જે પરમમહત્ત્વ છે, તેના કરતાં સહેજ પણ વધારે પરમમહત્ત્વ બીજે ક્યાંય નથી. તેમ ચિત્તના જ્ઞાનાદિ ધર્મો પણ તરતમતાએ દેખાય છે. તેથી તે કોઇ સ્થાને નિરતિશય (સર્વાતિશય) છે - એ સિદ્ધ થાય છે. પરમાત્મામાં રહેલા જ્ઞાનાદિ ધર્મો ઇન્દ્રિયો દ્વારા ઉપનીત નથી. અન્યપુરુષોને; પ્રકૃતિ સાથેના ભેદનું જ્ઞાન ન હોવાથી ઇન્દ્રિયો સ્વરૂપ નીક દ્વારા વિષયાકાર પરિણત થયેલી બુદ્ધિના પ્રતિબિંબ સ્વરૂપ જ્ઞાન ઇન્દ્રિયો દ્વારા ઉપનીત છે, જે તાત્ત્વિક નથી.

આથી સમજી શકાશે કે પરમાત્મા-ઇશ્વરનું ચિત્ત સર્વવિષયવાળું હોવાથી પરમાત્મામાં સર્વજ્ઞતાની સિદ્ધિ થાય છે. ઇન્દ્રિયો દ્વારા ઉપનીત, સર્વવિષયક હોતું નથી. કારણ કે ઇન્દ્રિયો પોતપોતાની મર્યાદામાં મર્યાદિત જ વિષયોનું ગ્રહણ કરીને બુદ્ધિને સમર્પિત કરે છે. તેથી ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થનારું જ્ઞાન સર્વવિષયક હોતું નથી. આ જ વાત "**तत्र निरतिशयं सर्वज्ञबीजम्**" (૧-૨૫) । આ પાતંજલ યોગ-સૂત્રથી જણાવી છે. એનો આશય સ્પષ્ટ છે કે ઇશ્વરમાં સર્વજ્ઞતાનું કારણભૂત કાષ્ઠાપ્રાપ્ત જ્ઞાન છે. સત્ત્વગુણની તરતમતાને લઇને કોઇ પુરુષ વર્તમાનકાળના જ પદાર્થોને જાણે છે અને કોઇ ભૂતકાલાદિના પણ જાણે છે. તેમ જ કોઇ પુરુષ સ્થૂલ પદાર્થોને જ જાણે છે અને કોઇ સૂક્ષ્મને પણ જાણે છે. આ રીતે સર્વત્ર તરતમતાવાળું જ્ઞાન હોય છે. તે કોઇ સ્થાને પરાકાષ્ઠાને પામેલું હોવું જોઇએ : એ નિયમથી પરમાત્મામાં સર્વજ્ઞતાનું કારણભૂત

નિરતિશય (સર્વોત્કૃષ્ટ) જ્ઞાન સિદ્ધ થાય છે. આવી જ રીતે વૈરાગ્ય, ધર્મ અને ઐશ્વર્ય વગેરે પણ પરમાત્મામાં પરાકાષ્ઠાને પામેલા છે. મુક્તાત્માઓમાં આવી અવસ્થા નથી. અનાદિથી તેઓ બદ્ધ હતા, કાલાંતરે તેઓ મુક્ત થયા છે અને ભવિષ્યમાં પાછા પરમાત્માની ઈચ્છાથી તેઓ સંસારમાં આવશે. તેથી મુક્તાત્માઓથી અતિરિક્ત પરમાત્મા છે, જેમના અનુગ્રહથી જીવોને મોક્ષની પ્રાપ્તિ થાય છે. ॥૧૬-૩॥

આ રીતે પરમાત્માને મુક્તાત્માઓથી અતિરિક્ત સિદ્ધ કરીને બ્રહ્માદિ દેવોથી પણ તેઓ અતિરિક્ત છે; તેમાં યુક્તિ જણાવાય છે–

**ऋषीणां कपिलादीनामप्ययं परमो गुरुः ।**
**तदिच्छया जगत्सर्वं, यथाकर्म विवर्त्तते ॥१६-४॥**

ऋषीणामिति–अयमीश्वरः कपिलादीनामपि ऋषीणां परम उत्कृष्टो गुरुः । तदुक्तं–"स पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदादिति' [१-२६] । तस्येश्वरस्येच्छया सर्वं जगद् यथाकर्म कर्मानतिक्रम्य विवर्तते उच्चावचफलभाग् भवति । न च कर्मणैवाऽन्यथासिद्धः, एककारकेण कारकान्तरानुपक्षयादिति भावः ॥१६-४॥

"કપિલાદિ ઋષિઓના પણ ઉત્કૃષ્ટ ગુરુ ઈશ્વર છે. તેમની ઈચ્છાથી સમગ્ર જગત કર્મ પ્રમાણે ફળને અનુભવે છે." આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે પાતંજલદર્શનમાં સર્વોત્કૃષ્ટ ગુણોના સ્વામી અનાદિશુદ્ધ ઈશ્વરનું નિરૂપણ કરાય છે. એ ઈશ્વરને બ્રહ્માદિસ્વરૂપ માની લેવાય તો તે તે સૃષ્ટિકાળની અપેક્ષાએ તે આદિમાન થઈ જાય, અનાદિ ન રહે. તેથી તેમને બ્રહ્માદિથી અતિરિક્ત માની લેવાય છે.

તેમની અનાદિતાને આ શ્લોકમાં જણાવી છે. તે તે દર્શનના પ્રણેતા એવા કપિલાદિ ઋષિઓના પણ ઈશ્વર પરમગુરુ હોવાથી તેઓ અનાદિ છે. "**स एष पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदाद्**" (૧-૨૬) । આ સૂત્રથી જણાવ્યું છે કે ઈશ્વર કાળથી પરિમિત ન હોવાથી કપિલાદિ ઋષિઓના પણ પરમગુરુ છે. જેમ બ્રહ્માદિ દેવો સૃષ્ટિકાલાદિમાં હોય છે અને નથી હોતા તેથી તે કાલાવચ્છિન્ન છે તેમ ઈશ્વર કાલાવચ્છિન્ન નથી, તેમનું અસ્તિત્વ સદાને માટે છે. જેમનું અસ્તિત્વ કાલવિશેષમાં જ હોય છે તેમને કાલાવચ્છિન્ન(કાલપરિમિત) કહેવાય છે.

કાળને લઈને જેમની ગણના થતી નથી એવા ઈશ્વરની ઈચ્છાથી સમગ્ર જગત પોતપોતાના કર્મના અનુસારે શ્રેષ્ઠ કે કનિષ્ઠ ફળને પ્રાપ્ત કરે છે. પોતાના કર્મથી વધારે પણ નહીં અને ઓછું પણ નહીં એવું કર્મના અતિક્રમણથી રહિત શુભ કે અશુભ ફળ; તે તે જીવોને ઈશ્વરની ઈચ્છાથી પ્રાપ્ત છે. "આ રીતે પરમાત્માની ઈચ્છાથી પણ સ્વકર્માનુસારે જ ઉચ્ચ કે નીચ ફળને ભોગવવાનું હોય તો તે તે ફળની પ્રાપ્તિમાં સ્વકર્મને જ કારણ માનવું જોઈએ, ઈશ્વરની ઈચ્છાને કારણ માનવાની આવશ્યકતા નથી. તે તો અન્યથાસિદ્ધ છે."... આ પ્રમાણે નહીં કહેવું જોઈએ, કારણ કે એક કારક (કારણ)ને લઈને બીજા કારકનો ઉપક્ષય થતો નથી. અર્થાત્ એક કારક હોય તેથી બીજા કારક નથી - એમ કહેવાનું ઉચિત નથી... ઈત્યાદિ પાતંજલદર્શનના અનુયાયીઓ જણાવે છે. ॥૧૬-૪॥

एतद्दूषयति–

છેલ્લા ચાર શ્લોકથી જણાવેલી પાતંજલદર્શનના અનુયાયીઓની વાતોની અયુક્તતા જણાવાય છે–

**नैतद् युक्तमनुग्राह्ये, तत्स्वभावत्वमन्तरा ।**
**नाणुः कदाचिदात्मा स्याद्देवतानुग्रहादपि ॥१६-५॥**

नैतदिति–एतदीश्वरानुग्रहजन्यत्वं योगस्य न युक्तम् । अनुगाह्ये तत्स्वभावत्वमनुग्राह्यस्वभावत्वमन्तरा विना । यतो देवताया अनुग्रहादपि 'अणुरात्मा भवतु' इतीच्छालक्षणात् । कदाचिदपि अणुरात्मा न स्यात् स्वभावापरावृत्तेः ॥१६-५॥

"ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે : આ પ્રમાણેનું કથન યુક્ત નથી. જીવમાં (પુરુષમાં) અનુગ્રાહ્યસ્વભાવત્વ માનવામાં ન આવે તો તે કથન યુક્ત નથી. કારણ કે માત્ર દેવતાના અનુગ્રહથી અણુ આત્મા નહીં બને." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે.

એનો આશય સ્પષ્ટ છે કે પરમાત્માના અનુગ્રહમાત્રથી યોગની સિદ્ધિ થઈ શકશે નહીં. કારણ કે પુરુષમાં અનુગ્રહ ઝીલવાની યોગ્યતા (અનુગ્રાહ્યસ્વભાવત્વ) ન હોય તો ઈશ્વર દ્વારા ગમે તેટલો અનુગ્રહ કરવામાં આવે તોપણ જીવને યોગની પ્રાપ્તિ નહીં જ થાય. જેમ અણુ-પરમાણુમાં-(જડમાં) આત્મા (ચેતન) થવાની યોગ્યતા ન હોવાથી 'અણુ આત્મા થાય' આવી ઈચ્છાસ્વરૂપ

અનુગ્રહમાત્રથી અણુ કાંઇ આત્મા બની નથી જતો. તેમ પુરુષનો અનુગ્રાહ્યસ્વભાવ ન હોય તો પરમાત્મા ઈશ્વર કોઇ પણ રીતે અનુગ્રહ નહીં કરી શકે. 'પરમાત્માના અનુગ્રહથી જ અણુ વગેરેમાં તે તે સ્વભાવ પણ ઉત્પન્ન થશે...' આ પ્રમાણે નહિ કહી શકાય. કારણ કે સ્વભાવમાં પરાવર્તન શક્ય નથી. ॥૧૬-૫॥

પાતંજલદર્શનના અનુયાયીઓના કથનમાં દૂષણ જણાવાય છે–

**उभयोस्तत्स्वभावत्वभेदे च परिणामिता ।**
**अत्युत्कर्षश्च धर्माणामन्यत्रातिप्रसञ्जकः ॥१६-६॥**

उभयोरिति–उभयोरीश्वरात्मनोः । तत्स्वभावत्वभेदे च व्यक्तिकालफलादिभेदेन विचित्रानुग्राह्यानुग्राहकस्वभावभाजनत्वे च परिणामिता स्यात् स्वभावभेदस्यैव परिणामभेदार्थत्वात् । तथा चापसिद्धान्तः । ज्ञानादिधर्माणामत्युत्कर्षेणेश्वरसिद्धिरित्यपि च नास्ति । यतो धर्माणामत्युत्कर्षः साध्यमानो ज्ञानादाविवान्यत्राज्ञानादावतिप्रसञ्जकोऽनिष्टसिद्धिकृदत्युत्कृष्टज्ञानादिमत्तयेश्वरस्येव तादृशाज्ञानादिमत्तया तत्प्रतिपक्षस्यापि सिद्ध्यापत्तेः । इत्थं च ज्ञानत्वमुत्कर्षापकर्षानाश्रयवृत्ति, उत्कर्षापकर्षाश्रयवृत्तित्वात्, महत्त्ववदित्यत्र ज्ञानत्वं न तथा, चित्तधर्ममात्रवृत्तित्वाद्, अज्ञानवदिति प्रतिरोधो द्रष्टव्यः । प्रकृतिपुरुषसंयोगवियोगौ च यदि तात्त्विकौ तदात्मनोऽपरिणामित्वं न स्यात्, तयोर्द्विष्ठत्वेन तस्य जन्यधर्मानाश्रयत्वक्षतेः, नो चेत्कयोः कारणमीश्वरेच्छा ? । किं च प्रयोजनाभावादपि नेश्वरो जगत् कुरुते । न च परमकारुणिकत्वाद्भूतानुग्रह एवास्य प्रयोजनमिति भोजस्य वचनं साम्प्रतम्, इत्थं हि सर्वस्यायमिष्टमेव सम्पादयेदित्यधिकं शास्त्रवार्तासमुच्चयविवरणे ॥१६-६॥

"ઈશ્વર અને આત્મા બંન્નેનો તેવો સ્વભાવ માનવામાં આવે તો ઈશ્વરાદિને પરિણામી માનવાનો પ્રસંગ આવશે. જ્ઞાનાદિ ધર્મોનો ઉત્કર્ષ માનવામાં આવે તો બીજે પણ ઉત્કર્ષ માનવાનો પ્રસંગ આવશે." આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે માત્ર પરમાત્માનો અનુગ્રાહક સ્વભાવ માનવાથી જીવને યોગની પ્રાપ્તિ થઇ શકતી નથી. તેથી જીવમાં અનુગ્રાહ્ય સ્વભાવ માનવો જોઇએ. આ રીતે પરમાત્મા અને જીવ : એ બંન્નેનો અનુગ્રાહ્યાનુગ્રાહક સ્વભાવ માની લેવાય છે. દરેક આત્માને એક જ

કાળમાં અને એક જ પ્રકારની યોગસિદ્ધિ સ્વરૂપ ફળ પ્રાપ્ત થતું નથી. તેથી વ્યક્તિ, કાળ અને ફળની ભિન્નતાએ તે અનુગ્રાહ્યાનુગ્રાહક સ્વભાવમાં પણ ભેદ માન્યા વિના ચાલે એવું નથી. અને તેથી એ રીતે સ્વભાવભેદ માનવાથી ઇશ્વરાદિને પરિણામી માનવાનો પ્રસંગ આવશે. કારણ કે સ્વભાવની ભિન્નતા જ પરિણામની ભિન્નતા સ્વરૂપ છે. આથી સમજી શકાશે કે ઇશ્વરાદિને પરિણામી માનવાથી પાતંજલોને સ્વસિદ્ધાંતની હાનિનો પ્રસંગ આવે છે. આવું તો કોઇ પણ ન કરે કે જેથી અપસિદ્ધાંતનો સ્વીકાર કરવો પડે.

આ પૂર્વે જ્ઞાનાદિ ધર્મોના ઉત્કર્ષથી ઇશ્વરની સિદ્ધિ કરી છે તે પણ યોગ્ય નથી. કારણ કે જ્ઞાનાદિમાં જે રીતે ઉત્કર્ષને સિદ્ધ કરાય છે તે રીતે તે ઉત્કર્ષ તો અજ્ઞાનાદિમાં પણ સિદ્ધ થઇ શકે છે. કારણ કે તરતમતાવાળા ધર્મો કોઇ સ્થાને પરાકાષ્ઠા(ઉત્કર્ષ)ને પ્રાપ્ત કરે છે; એમ માનીએ તો તરતમતાવાળું અજ્ઞાન પણ કોઇ સ્થાને પરાકાષ્ઠાને પ્રાપ્ત કરનારું બને. પરંતુ એવું મનાતું નથી. અત્યુત્કૃષ્ટ જ્ઞાનાદિના આશ્રય તરીકે ઇશ્વરની સિદ્ધિ થાય તો અત્યુત્કૃષ્ટ (ગાઢ) અજ્ઞાનાદિના આશ્રય તરીકે ઇશ્વરથી તદ્દન વિરુદ્ધ (તેના પ્રતિપક્ષ) વ્યક્તિની પણ સિદ્ધિ માનવાનો પ્રસંગ આવશે. આથી સ્પષ્ટ છે કે "**ज्ञानत्वमुत्कर्षापकर्षानाश्रयवृत्ति, उत्कर्षापकर्षाश्रयवृत्तित्वाद्, महत्त्ववद्**" આ અનુમાનમાં "**ज्ञानत्वं न तथा (उत्कर्षापकर्षानाश्रयवृत्ति) चित्तधर्ममात्रवृत्तित्वाद, अज्ञानवद्**" આ પ્રમાણે સત્પ્રતિપક્ષદોષ છે.

પાતંજલોએ આ પૂર્વે (શ્લો.નં. ૨માં જણાવ્યા મુજબ) જણાવ્યું હતું કે પ્રકૃતિ-પુરુષના સંયોગ અને વિયોગની ઉપપત્તિ ઇશ્વરની ઇચ્છા વિના શક્ય નથી. આ વાત પણ બરાબર નથી. કારણ કે પ્રકૃતિ અને પુરુષનો સંયોગ અને વિયોગ તાત્ત્વિક (વાસ્તવિક) હોય તો આત્માને અપરિણામી માની શકાશે નહિ. સંયોગ અને વિયોગ; બંન્નેમાં (પ્રકૃતિ અને પુરુષમાં) વૃત્તિ હોવાથી સંયોગ અને વિયોગ સ્વરૂપ જન્યધર્મનો આશ્રય જ આત્મા થશે. અર્થાત્ જન્યધર્માનાશ્રયત્વ આત્મામાં(પુરુષમાં) નહીં રહે અને તેથી જન્યધર્મના અનાશ્રય તરીકે આત્મામાં અપરિણામિત્વ સંગત નહીં થાય. જો પ્રકૃતિ અને પુરુષનો સંયોગ અને વિયોગ તાત્ત્વિક ન હોય તો ઇશ્વરેચ્છા કોનું કારણ બનશે ? અર્થાત્ તે કોઇનું પણ કારણ નહીં બને. તેમ જ ઇશ્વર કૃતકૃત્ય હોવાથી તેમને કયું પ્રયોજન છે કે જેથી તેઓ

જગતનું નિર્માણ કરે. 'તેઓ પરમકરુણાસંપન્ન હોવાથી પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવાનું જ તેમને પ્રયોજન છે. તેથી તેઓ જગતનું નિર્માણ કરે છે.' - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે એવી કરુણાથી જ તેઓ જગતનું નિર્માણ કરે તો બધા પ્રાણીઓનું ઈષ્ટ જ કરે, શા માટે કેટલાંકને સુખી કરે અને કેટલાંકને દુઃખી કરે ? ઈત્યાદિ શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચયના વિવરણમાં ગ્રંથકારશ્રીએ વિસ્તારથી જણાવ્યું છે... આથી સમજી શકાશે કે **परमकारुणिकत्वाद् भूतानुग्रह एवास्य प्रयोजनम्** આ ભોજનું વચન યોગ્ય નથી. ॥૧૬-૬॥

ઈશ્વરના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે - આ પાતંજલોના મતને કથંચિદ્ માનીને જણાવાય છે. અર્થાત્ એ મત અપેક્ષાએ યોગ્ય છે : તે જણાવાય છે–

**आर्थं व्यापारमाश्रित्य, तदाज्ञापालनात्मकम् ।**
**युज्यते परमीशस्यानुग्रहस्तन्त्रनीतितः ॥१६-७॥**

आर्थमिति–आर्थं ततः सामर्थ्यप्राप्तं न तु प्रसह्य तेनैव कृतम् । तदाज्ञापालनात्मकं व्यापारमाश्रित्य । परं केवलम् । तन्त्रनीतितोऽस्मत्सिद्धान्तनीत्या ईशस्यानुग्रहो युज्यते । तदुक्तं–"आर्थं व्यापारमाश्रित्य न च दोषोऽपि विद्यते" इति ॥१६-७॥

"પરમાત્માથી સામર્થ્યના કારણે પ્રાપ્ત થયેલ તેઓશ્રીની આજ્ઞાપાલન સ્વરૂપ વ્યાપારને આશ્રયીને પરમેશ્વરનો અનુગ્રહ આગમને અનુસારે સંગત છે." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે પરમાત્માનો અનુગ્રહ પ્રાપ્ત થવાથી યોગની સિદ્ધિ થાય છે, એ વાત સાચી છે. પરંતુ એ અનુગ્રહ પરમાત્માની પરમતારક આજ્ઞાના પાલનને લઈને છે. પરમાત્માનાં પરમતારક વચનોનાં પુણ્યશ્રવણાદિથી આત્માને સામર્થ્યવિશેષ પ્રાપ્ત થાય છે. એ સામર્થ્યથી શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞાનું પાલન કરવા સ્વરૂપ વ્યાપાર (પ્રવૃત્તિ વગેરે) થાય છે, જેથી યોગની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

આ રીતે યોગની સિદ્ધિના મૂળમાં પરમાત્માનું આલંબન છે. તે સ્વરૂપ જ પરમાત્માનો અનુગ્રહ છે. પરંતુ આપણે ઈચ્છીએ કે ના ઈચ્છીએ તોય પરમાત્મા આપણને પરાણે યોગ પ્રાપ્ત કરાવે : એવો પરમાત્માનો અનુગ્રહ નથી. સામર્થ્યપ્રાપ્ત આજ્ઞાપાલનસ્વરૂપ વ્યાપારને આશ્રયીને પરમેશ્વરનો અનુગ્રહ અમારા સિદ્ધાંતથી સંગત છે. યોગબિંદુમાં શ્લોક નં. ૨૯૭માં એ પ્રમાણે જણાવ્યું

છે કે આર્થ્ય (સામર્થ્યથી પ્રાપ્ત) વ્યાપારને આશ્રયીને પરમાત્માનો અનુગ્રહ માનવામાં કોઈ દોષ પણ નથી. યુક્તિથી સંગત વાતનો સ્વીકાર કરવાથી ગુણની જ પ્રાપ્તિ થાય છે. ।।૧૬-૭।।

ઉપર જણાવ્યા મુજબ પરમાત્માનો અનુગ્રહ કથંચિદ્ યુક્ત હોવાથી પતંજલિએ જણાવેલી બીજી વાત પણ યુક્ત છે, તે જણાવાય છે–

**एवं च प्रणवेनैतज्जपात् प्रत्यूहसङ्क्षयः ।**
**प्रत्यक्चैतन्यलाभश्चेत्युक्तं युक्तं पतञ्जलेः ।।१६-८।।**

एवं चेति–एवं चार्थव्यापारेणेशानुग्रहादरे च । प्रणवेनोंकारेण । एतस्येश्वरस्य जपात् । प्रत्यूहानां विघ्नानां सङ्क्षयः । विषयप्रातिकूल्येनान्तःकरणाभिमुखमञ्चति यत्तत् प्रत्यक्चैतन्यं ज्ञानं तस्य लाभश्च । इति पतञ्जलेरुक्तं युक्तम् । तस्य वाचकः प्रणवः, तज्जपस्तदर्थभावनं, ततः प्रत्यक्चेतनाधिगमोऽन्तरायाभावश्चेति प्रसिद्धेर्गुणविशेषवतः पुरुषस्य प्रणिधानस्य महाफलत्वात् ।।१६-८।।

"આ રીતે શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞાના પાલન સ્વરૂપ આર્થ વ્યાપારને આશ્રયીને ઈશ્વરનો અનુગ્રહ સ્વીકારાય તો 'ૐકારથી ઈશ્વરનો જાપ કરવાના કારણે વિઘ્નોનો નાશ થાય છે અને પ્રત્યક્ ચૈતન્યનો લાભ થાય છે.' - આ પ્રમાણે જે પતંજલિએ જણાવ્યું છે તે યુક્ત છે." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ પરમાત્માનો અનુગ્રહ આદરણીય બને તો ૐકારપૂર્વક તે તે મંત્રાદિ દ્વારા પરમાત્માનો જાપ કરવાથી પ્રત્યૂહ-વિઘ્નોનો નાશ થાય છે. તેમ જ અત્યાર સુધી જે જ્ઞાન વિષયને અનુકૂળ બની વિષય તરફ જતું હતું તેના બદલે વિષયને પ્રતિકૂળ બની અંતરાત્માની તરફ જવા માંડે છે એવા પ્રત્યક્ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે : આ પતંજલિનું કથન યુક્ત બને છે. પરંતુ પરમાત્માના કર્તૃત્વ સ્વરૂપ જ તેમના અનુગ્રહમાં આદર હોય તો એ અનુગ્રહ જ વાસ્તવિક ન હોવાથી તેનાથી પ્રત્યૂહનો સંક્ષય થાય છે અને પ્રત્યક્ ચૈતન્ય પ્રાપ્ત થાય છે : એ કથનમાં કોઈ જ તથ્ય નથી.

**तस्य वाचकः प्रणवः (१-२७) । तज्जपस्तदर्थभावनम् (१-२८) । ततः प्रत्यक्चेतनाधिगमोऽन्तरायाभावश्च (१-२९) ।** આ પ્રમાણે પાતંજલયોગસૂત્રોમાં પતંજલિએ ઉપર જણાવ્યા મુજબ જણાવ્યું છે. વિશિષ્ટગુણસંપન્ન પુરુષ (ઇશ્વર)ના પ્રણિધાન (મન-વચન-કાયાની એકાગ્રતાપૂર્વકના ધ્યાન)થી મહાફળની પ્રાપ્તિ થતી હોવાથી - 'પરમાત્માનો વાચક પ્રણવ (ૐકાર) છે. તેના અર્થનું પરિભાવન તેમનો જપ છે. તે જપથી પ્રત્યક્ચેતના(જ્ઞાન)ની પ્રાપ્તિ થાય છે અને અંતરાયોનો (વિઘ્નોનો) અભાવ થાય છે.'... આ પ્રમાણે જે પતંજલિએ કહ્યું છે તે યુક્ત છે. ॥૧૬-૮॥

પરમાત્માના જાપથી જેનો સંક્ષય થાય છે - તે પ્રત્યૂહનું નિરૂપણ કરાય છે—

**प्रत्यूहा व्याधयः स्थानं, प्रमादालस्यसम्भ्रमाः ।**
**सन्देहाविरती भूम्यलाभश्चाप्यनवस्थितिः ॥१६-९॥**

प्रत्यूहा इति–"व्याधिस्थानसंशयप्रमादालस्याविरतिभ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः' [१-३०] इति सूत्रम् ॥१६-९॥

"વ્યાધિ. સ્થાન (સ્ત્યાન), પ્રમાદ, આલસ્ય, સંભ્રમ, સંદેહ, અવિરતિ, ભૂમ્યલાભ અને અનવસ્થિતિ : આ પ્રત્યૂહ - વિઘ્નો છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. પાતંજલયોગસૂત્રમાં અંતરાયસ્વરૂપે વર્ણવેલા એ પ્રત્યૂહોનું સ્વરૂપ હવે પછી વર્ણવાશે. "**व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः**" (૧-૩૦) । આ સૂત્રથી વ્યાધિ, સ્ત્યાન, સંશય. પ્રમાદ, આલસ્ય, અવિરતિ, ભ્રાંતિદર્શન, અલબ્ધભૂમિકત્વ અને અનવસ્થિતત્વ : આ નવને અંતરાય તરીકે વર્ણવ્યા છે. યોગની સાધનામાં ચિત્તવિક્ષેપને તે કરતા હોવાથી અંતરાય-પ્રત્યૂહ(વિઘ્ન) સ્વરૂપ છે.

મુદ્રિત પાતંજલયોગસૂત્રમાં **व्याधिस्त्यान** આવો પાઠ છે. **स्त्यान**ના બદલે અહીં **स्थान** આવો પાઠ છપાયો છે. ટીકામાં તેમ જ આગળના શ્લોકમાં તે તે સ્થાને તે તે સ્વરૂપે જ તેનું વર્ણન કર્યું છે. અર્થની અપેક્ષાએ બંન્નેનો અર્થ સમાન રીતે વર્ણવ્યો છે. તેથી યથાવત્ પાઠ રાખ્યો છે. ॥૧૬-૯॥

વ્યાધિ વગેરે નવ પ્રત્યૂહોનું સ્વરૂપ વર્ણવાય છે—

**धातुवैषम्यजो व्याधिः, स्थानं चाकर्मनिष्ठता ।**
**प्रमादोऽयत्न आलस्यमौदासीन्यं च हेतुषु ॥१६-१०॥**

धात्विति–धातुवैषम्यजो धातूद्रेकादिजनितः । व्याधिर्ज्वरातिसारादिः । स्थानं चाकर्मनिष्ठता आदित एव कर्माप्रारम्भः । प्रमादोऽयत्न आरब्धेऽप्यनुत्थानशीलता । आलस्यं च हेतुषु समाधिसाधनेषु । औदासीन्यं माध्यस्थ्यं, न तु पक्षपातः ॥१६-१०॥

"ધાતુની વિષમતાના કારણે ઉત્પન્ન થતા રોગો વ્યાધિ છે. કોઇ પણ જાતના કર્મઅનુષ્ઠાનમાં ન પ્રવર્ત્તવા સ્વરૂપ સ્થાન (સ્ત્યાન) છે. અયત્નસ્વરૂપ પ્રમાદ છે. સમાધિનાં સાધનોમાં ઔદાસીન્ય આલસ્ય છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે વાત, પિત્ત અને કફની વિષમતાના કારણે વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. તેમ જ રસની વિષમતાના કારણે અને ઇન્દ્રિયોના મંદ સામર્થ્યના કારણે પણ રોગો ઉત્પન્ન થાય છે. આ રીતે ધાતુ, રસ અને કરણની વિષમતાદિના કારણે વ્યાધિ ઉત્પન્ન થાય છે. જ્વર, અતિસાર... વગેરે સ્વરૂપ વ્યાધિઓ પ્રસિદ્ધ છે.

અકર્મનિષ્ઠતાને સ્થાન (સ્ત્યાન) સ્વરૂપ પ્રત્યૂહ કહેવાય છે. કોઇ પણ જાતના યોગના અનુષ્ઠાનનો પ્રારંભ જ ન કરવા સ્વરૂપ સ્થાન છે. પ્રયત્નના અભાવને પ્રમાદ કહેવાય છે. યોગના અનુષ્ઠાનનો આરંભ કર્યા પછી પણ તેને પૂર્ણ કરવા માટે જે પ્રયત્ન હોવો જોઇએ તેવો પ્રયત્ન પ્રમાદના કારણે થતો નથી. અર્થાત્ પ્રયત્નના અભાવ સ્વરૂપ અહીં પ્રમાદ છે. કામની શરૂઆત કર્યા પછી પણ તેમાં ઉત્સાહનો અભાવ હોય છે, ત્યારે તે પ્રમાદને લઇને બને છે.

સમાધિનાં સાધનોમાં પક્ષપાત ન રાખવો અને માધ્યસ્થ્ય સેવવું તેને ઔદાસીન્ય કહેવાય છે. આલસ્ય અહીં ઔદાસીન્ય સ્વરૂપ છે. શરીર અને મનની ગુરુતાને અન્યત્ર આલસ્ય સ્વરૂપ વર્ણવી છે. આલસ્યના કારણે યોગની પ્રવૃત્તિનો અભાવ થાય છે. તમોગુણની ઉદ્રિક્ત અવસ્થાના કારણે મનમાં અને કફની ઉદ્રિક્ત અવસ્થાના કારણે શરીરમાં ગુરુતા (ભારેપણું) આવે છે. ॥૧૬-૧૦॥

વ્યાધ્યાદિ ચાર પ્રત્યૂહોનું(અંતરાયોનું) વર્ણન કરીને હવે વિભ્રમ(સંભ્રમ) વગેરે અંતરાયોનું વર્ણન કરાય છે–

**विभ्रमो व्यत्ययज्ञानं, सन्देहः स्यान्नवेत्ययम् ।**
**अखेदो विषयावेशाद्, भवेदविरतिः किल ॥१६-११॥**

विभ्रम इति—विभ्रमो व्यत्ययज्ञानं रजते रङ्गबुद्धिवदिष्टसाधनेऽपि योगेऽनिष्टसाधनत्वनिश्चयः । सन्देहोऽयं योगः स्याद्वा न वेत्याकारः । विषयावेशाद् बाह्येन्द्रियार्थव्याक्षेपलक्षणाद् । अखेदोऽनुपरमलक्षणः । किलाविरतिर्भवेत् ॥१६-११॥

"વ્યત્યયજ્ઞાન સ્વરૂપ વિભ્રમ છે; 'હોય કે ના હોય' - આવા આકારવાળો સંદેહ છે અને વિષયના આવેશથી જે ખેદનો અભાવ છે; તેને(અખેદને) અવિરતિ કહેવાય છે." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે અન્ય લોકો જેને અયથાર્થજ્ઞાન, વિપર્યય અને ભ્રમ વગેરે કહે છે; તેને અહીં વિભ્રમ-સંભ્રમ તરીકે વર્ણવાય છે. તે ભ્રાંતિદર્શનસ્વરૂપ અંતરાય-પ્રત્યૂહ છે. રજતમાં જેમ રંગનું જ્ઞાન ભ્રમાત્મક છે, તેમ અહીં યોગ ઇષ્ટસાધન હોવા છતાં તેમાં અનિષ્ટસાધનત્વનો જે નિશ્ચય છે તે ભ્રમાત્મકજ્ઞાનસ્વરૂપ સંભ્રમ છે.

સંશયાત્મકજ્ઞાનસ્વરૂપ સંદેહ પ્રતીત છે. આ સ્થાણુ છે કે પુરુષ છે... ઇત્યાદિ આકારવાળા જ્ઞાનને સંદેહ કહેવાય છે. યોગ હોય કે ન હોય... આવું સંદેહાત્મક જ્ઞાન પ્રકૃત સ્થળે અંતરાય છે. એવા જ્ઞાનથી યોગની સાધના અટકી પડે છે. તેથી તેને અંતરાય-પ્રત્યૂહ કહેવાય છે. શ્રવણેન્દ્રિયાદિ બાહ્યેન્દ્રિયોના શબ્દાદિ વિષયોને લઇને જ્યારે ચિત્ત વ્યાક્ષિપ્ત બને છે, ત્યારે વિષયનો આવેશ હોય છે. એ વિષયના આવેશથી ચિત્ત વિષયથી થાકતું નથી અને સતત વિષયમાં જ જોડાયેલું રહે છે. આવી ચિત્તની અખેદ અવસ્થાને અવિરતિ કહેવાય છે. આનાથી વૈરાગ્યની પ્રાપ્તિ થતી નથી અને તેના અભાવે યોગની સાધના અટકી પડે છે. ॥૧૬-૧૧॥

છેલ્લા બે પ્રત્યૂહોનું સ્વરૂપ જણાવાય છે—

**भूम्यलाभः समाधीनां, भुवोऽप्राप्तिः कथञ्चन ।**
**लाभेऽपि तत्र चित्तस्याप्रतिष्ठा त्वनवस्थितिः ॥१६-१२॥**

भूम्यलाभ इति–कुतोऽपि हेतोः समाधीनां भुवः स्थानस्याप्राप्तिः भूम्यलाभः । लाभेऽपि समाधिभूप्राप्तावपि । तत्र समाधिभुवि चित्तस्याप्रतिष्ठाऽनिवेशस्त्वनवस्थितिः ॥१६-१२॥

"સમાધિની ભૂમિની અપ્રાપ્તિને ભૂમ્યલાભ કહેવાય છે અને કોઈ પણ રીતે સમાધિની ભૂમિનો લાભ થવા છતાં તેમાં ચિત્તની જે અપ્રતિષ્ઠા છે; તેને અનવસ્થિતિ કહેવાય છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. તાત્પર્ય એ છે કે ગમે તે કારણે પ્રતિબંધકાદિવશ સમાધિસ્થાનની પ્રાપ્તિ ન થવાથી યોગની સાધનામાં અવરોધ થાય છે. એ અવરોધ ભૂમ્યલાભસ્વરૂપ અંતરાયના કારણે છે. અલબ્ધભૂમિકત્વ અને ભૂમ્યલાભ બંન્ને એક છે. યોગની સાધના માટે ચિત્તની પ્રસન્નતાદિની આવશ્યકતા છે. સમાધિની ભૂમિકા પ્રાપ્ત ન થાય એટલે યોગની સાધનામાં વિક્ષેપ પડે જ. આવા સંયોગોમાં સમાધિની ભૂમિકા માટે પ્રયત્ન કરી લેવા સિવાય બીજો કોઈ જ ઉપાય નથી.

એવા કોઈ પ્રયત્નથી સમાધિની ભૂમિકા(સ્થાન) પ્રાપ્ત થઈ જાય તો ય તે સમાધિની ભૂમિકામાં ચિત્તનો નિવેશ ન થાય ત્યારે તે અવસ્થાને અનવસ્થિતિ કહેવાય છે. સમાધિની ભૂમિમાં ચિત્તનો અનિવેશ પણ યોગની સાધનાને અટકાવી દે છે. તેથી તેને અનવસ્થિતિ (અનવસ્થિતત્વ) સ્વરૂપ અંતરાય-પ્રત્યૂહ કહેવાય છે. અન્યત્ર આ પ્રત્યૂહ-અંતરાયોને ચિત્તવિક્ષેપ, યોગમલ, યોગપ્રતિપક્ષ... ઇત્યાદિ સ્વરૂપે વર્ણવ્યા છે, જેનું તાત્પર્ય કથંચિત્ સમાન જ છે. અર્થની દૃષ્ટિએ એમાં ખાસ ભેદ નથી. ॥૧૬-૧૨॥

વ્યાધિ, સ્થાન, પ્રમાદ... વગેરે નવ પ્રત્યૂહો જેથી ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તે જણાવાય છે–

**रजस्तमोमयाद् दोषाद्, विक्षेपाश्चेतसो ह्यमी ।**
**सोपक्रमा जपान्नाशं, यान्ति शक्तिहतिं परे ॥१६-१३॥**

रज इति–अमी हि रजस्तमोमयाद्दोषाच्चेतसो विक्षेपा एकाग्रताविरोधिनः परिणामाः । सोपक्रमा अपवर्तनीयकर्मजनिताः सन्तः । जपाद्भगवति प्रणिधानाद् नाशं यान्ति । परे निरुपक्रमाः शक्तिहतिं दोषानुबन्धशक्तिभङ्गम् । उभयथापि योगप्रतिबन्ध-सामर्थ्यमेषामपगच्छतीति भावः ॥१६-१३॥

"રજોગુણ અને તમોગુણમય દોષના કારણે વ્યાધિ વગેરે અંતરાયો-પ્રત્યૂહો સોપક્રમકર્મથી ઉત્પન્ન થયેલા હોય તો ઈશ્વરના જાપથી તે નાશ પામે છે અને તે નિરુપક્રમ હોય તો તે પ્રત્યૂહોની શક્તિ નાશ પામે છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે વ્યાધિ, સ્થાન અને પ્રમાદ વગેરે પ્રત્યૂહો યથાસંભવ રજોગુણ અને તમોગુણની ઉદ્રિક્ત (પ્રમાણ કરતાં અત્યધિક માત્રા) અવસ્થાના કારણે થનારા કર્મજન્ય દોષો છે. પ્રત્યૂહજનક કર્મ સોપક્રમ અને નિરુપક્રમ પણ હોય છે. જે કર્મ, બંધાયા પછી તેના વિપાક(ઉદય) વખતે સ્થિતિ કે રસ વગેરે વિષયમાં પરિવર્તન પામવાની યોગ્યતાવાળું છે તેને સોપક્રમ કહેવાય છે અને એવી યોગ્યતાથી રહિત જે કર્મ છે તે નિરુપક્રમ છે. અપવર્ત્તનીય-સોપક્રમકર્મથી ઉત્પન્ન થયેલા પ્રત્યૂહો ઈશ્વરના પ્રણિધાન સ્વરૂપ જપથી નાશ પામે છે. જે કર્મની સ્થિતિ વગેરેમાં પરિવર્તન લાવી શકાય છે એવાં અપવર્ત્તનીય કર્મોનો ક્ષય પરમાત્માના જપથી થવાથી વ્યાધ્યાદિનો પણ નાશ થાય : એ સમજી શકાય છે.

નિરુપક્રમ(અનપવર્ત્તનીય) કર્મથી ઉત્પન્ન થયેલા પ્રત્યૂહો પરમાત્માના જપથી નાશ નથી પામતા, પરંતુ તેના દોષની અનુબંધશક્તિ નાશ પામે છે. તેથી ઉત્તરોત્તર વ્યાધિ વગેરે પ્રત્યૂહોની પરંપરા ચાલતી નથી. નિરનુબંધ એ અંતરાયો વર્તમાનમાં એવું વિશેષ વિઘ્ન નાખતા નથી કે જેથી યોગની સાધનાનો પ્રતિબંધ થાય. આથી સ્પષ્ટ છે કે પરમાત્માના પ્રણિધાનથી બંન્ને પ્રકારના (સોપક્રમ અને નિરુપક્રમ કર્મથી ઉત્પન્ન) પણ અંતરાયોનું સામર્થ્ય નષ્ટ થઈ જાય છે. કાં તો વિઘ્ન રહેતું નથી અને વિઘ્ન હોય તો તે સામર્થ્યહીન અકિંચિત્કર બની જાય છે. ॥૧૬-૧૩॥

ઈશ્વરના જાપથી પ્રત્યૂહોનો સંક્ષય થાય છે તે જણાવીને હવે તેનાથી પ્રાપ્ત થતા પ્રત્યક્ચૈતન્યનું સ્વરૂપ જણાવાય છે–

**प्रत्यक्चैतन्यमप्यस्मादन्तर्ज्योतिःप्रथामयम् ।**
**बहिर्व्यापाररोधेन, जायमानं मतं हि नः ॥१६-१४॥**

प्रत्यगिति–अस्माद्भगवज्जपात् । बहिर्व्यापाररोधेन शब्दादिबहिरर्थग्रहत्यागेन । अन्तर्ज्योतिःप्रथा ज्ञानादिविशुद्धिविस्तारस्तन्मयं प्रत्यक्चैतन्यमपि हि जायमानं मतं नोऽस्माकं, तथैव भक्तिश्रद्धाद्यतिशयोपपत्तेः ॥१६-१४॥

"જપથી બાહ્યવ્યાપારના નિરોધ વડે ચિત્તમાં આંતરિક જ્યોતિના વિસ્તારમય ઉત્પન્ન થતું પ્રત્યક્ ચૈતન્ય પણ અમને માન્ય છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે પરમાત્મા-ઈશ્વરના જાપથી બાહ્ય શબ્દ, રૂપ, રસ વગેરે અર્થમાં ચિત્તનો વ્યાપાર બંધ થવાથી અંતરમાં જ્ઞાનાદિની વિશુદ્ધિનો વિસ્તાર થાય છે, તન્મય જે ચૈતન્ય છે તેને પ્રત્યક્ ચૈતન્ય કહેવાય છે.

પરમાત્માના જપથી ચિત્ત બાહ્ય ઈન્દ્રિયોના શબ્દાદિ અર્થને ગ્રહણ કરવાથી વિરામ પામે છે. તેથી શુદ્ધ સાત્ત્વિક ભાવોથી જ્ઞાનાદિ વિશુદ્ધ-વિસ્તૃત બને છે. આને જ્યોતિઃ-પ્રથા કહેવાય છે. તન્મયચિત્ત પ્રત્યક્ચૈતન્યાન્વિત બને છે. આવું ચિત્ત શુદ્ધ નિર્મળ ક્ષયોપશમભાવાદિના જ્ઞાનાદિથી યુક્ત હોવાથી અમને(જૈનોને) પણ એ અભિમત છે. તેથી પરમાત્માના અનુગ્રહથી જેમ પ્રત્યક્ચૈતન્ય પણ અમને માન્ય છે. કારણ કે એ રીતે એના લાભથી જ ભક્તિ અને શ્રદ્ધાદિના અતિશય ઉપપન્ન બને છે. પ્રત્યક્ચૈતન્યના અભાવમાં ભક્તિ અને શ્રદ્ધા વગેરેના અતિશયો સંગત નહીં થાય. જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ગુણોના વિસ્તારથી ભક્તિ વગેરેના અતિશયનો આવિર્ભાવ થાય છે... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ॥૧૬-૧૪॥

પરમાત્માના જપનું અચિંત્ય માહાત્મ્ય જણાવાય છે–

**योगातिशयतश्चायं, स्तोत्रकोटिगुणः स्मृतः ।**
**योगदृष्ट्या बुधै र्दृष्टो, ध्यानविश्रामभूमिका ॥१६-१५॥**

योगेति–योगातिशयतश्चात्माभ्यन्तरपरिणामोत्कर्षाच्च । अयं जपः । स्तोत्रकोटिगुणः स्मृतः चिरन्तनाचार्यैः । वाग्योगापेक्षया मनोयोगस्याधिकत्वाद् । अत एव मौनविशेषेणैव जपः प्रशस्यते । तथा बुधैर्विशारदै र्योगदृष्ट्या योगजप्रातिभज्ञानेन । ध्यानस्य विश्रामभूमिका पुनरारोहस्थानं दृष्टः ॥१६-१५॥

"યોગના અતિશયથી, ઈશ્વરના જાપને સ્તોત્ર કરતાં કરોડ ગુણ ફળને આપનાર તરીકે પ્રાચીન આચાર્યો જણાવે છે. યોગની દૃષ્ટિથી પંડિત પુરુષો તેને ધ્યાનની વિશ્રામભૂમિકા સ્વરૂપે વર્ણવે છે..." આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે અંતરાયોનો સંક્ષય થવાથી અને પ્રત્યક્ચૈતન્યનો લાભ થવાથી આત્માના અભ્યંતર પરિણામના ઉત્કર્ષ સ્વરૂપ યોગાતિશય પ્રાપ્ત થાય

છે. તે કારણે પરમાત્માનો જપ; સ્તોત્રપાઠ કરતાં કરોડ ગુણ ફળપ્રદ બને છે. કારણ કે વાગ્યોગની અપેક્ષાએ મનોયોગનું સામર્થ્ય અધિક છે. આથી જ મૌનવિશેષથી અંતર્જલ્પાકાર જપ પ્રશસ્તરૂપે મનાય છે.

યોગના કારણે ઉત્પન્ન થયેલી દૃષ્ટિ સ્વરૂપ પ્રાતિભજ્ઞાનથી યોગના વિશારદ પુરુષો આ જપને ધ્યાનની વિશ્રામભૂમિકા તરીકે જણાવે છે. અર્થાત્ ધ્યાનને પામવા માટેની શરૂઆત આ જપથી કરવામાં આવે છે. ધ્યાનની સિદ્ધિના શિખરે આરોહણ કરવા માટે પ્રથમ ભૂમિકા સ્વરૂપ આ જપ છે. ત્યાંથી જ ચઢવાની શરૂઆત થાય છે. ||૧૯-૧૫||

ननु परैर्यादृश ईश्वरोऽभ्युपगतस्तादृशस्य भवद्भिरनभ्युपगमात् कथमार्थव्यापारेणापि तदनुग्रहसिद्धिरित्याशङ्कायां विषयविशेषपक्षपातेनैव समाधानाभिप्रायवानाह–

પાતંજલદર્શનના અનુયાયીઓ વગેરે, જેવા ઈશ્વરને માને છે; તેવા ઈશ્વરને તમે (જૈનો) માનતા નથી; તો આર્થવ્યાપાર(તદાજ્ઞાપાલનસ્વરૂપ વ્યાપાર)ને આશ્રયીને પણ પરમાત્માના અનુગ્રહની સિદ્ધિ કઈ રીતે થાય ? આ શંકાના સમાધાનમાં વિષયવિશેષના પક્ષપાતથી જ તે સિદ્ધ થાય છે.... ઈત્યાદિ અભિપ્રાયે જણાવાય છે. અર્થાત્ તાદૃશ અભિપ્રાયથી ગ્રંથકારશ્રી જણાવે છે–

**माध्यस्थ्यमवलम्ब्यैव, देवतातिशयस्य च ।**
**सेवा सर्वैर्बुधैरिष्टा, कालातीतोऽपि यज्जगौ ।।१६-१६।।**

माध्यस्थ्यमिति–माध्यस्थ्यमनिर्णीतविशेषकलहाभिनिवेशाभावलक्षणमवलम्ब्यैव । देवतातिशयस्य च विशिष्टदेवताख्यस्य च सेवा स्तवनध्यानपूजनादिरूपा । सर्वैर्बुधैरिष्टा तन्निमित्तकफलार्थत्वेनाभिमता । स्तवनादिक्रियायाः स्वकर्तृकायाः फलदानसमर्थत्वेऽपि स्तवनीयाद्यालम्बनत्वेन तस्याः स्तोत्रादेः फललाभस्य स्तोतव्यादिनिमित्तकत्वव्यवहारात् । यद्यस्मात् कालातीतोऽपि शास्त्रकृद्विशेषो जगौ ।।१६-१६।।

"માધ્યસ્થ્યનું અવલંબન લઈને જ દેવતાતિશયની સેવા બધા વિદ્વાનોએ ઈષ્ટ માની છે, જેથી કાલાતીતે(શાસ્ત્રકારવિશેષે) પણ કહ્યું છે. (જે આગળના શ્લોકથી કહેવાશે)" - આ પ્રમાણે સોળમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે જેમના વિશેષ ધર્મનો નિર્ણય થયો ન હોય તેમના વિષયમાં કલહ(વિવાદ) કે અભિનિવેશનો જે અભાવ છે, તેને માધ્યસ્થ્ય કહેવાય છે.

આવા માધ્યસ્થ્યનું આલંબન લઈને જ વિશિષ્ટદેવવિશેષને આશ્રયીને કરાતી તેમની સ્તવન, ધ્યાનાદિ સ્વરૂપ જે સેવા છે; તે તેમના કારણે ફળવિશેષને પ્રાપ્ત કરાવે છે. એ પ્રમાણે બધા જ વિદ્વાનો માને છે. જ્યાં સુધી તે તે દેવોમાં વિશેષ નિર્ણય ન થાય ત્યાં સુધી તે દેવની સ્તવના, તેમનું ધ્યાન અને તેમની પૂજા વગેરે સ્વરૂપ સેવા; ઉપર જણાવ્યા મુજબના માધ્યસ્થ્યના આલંબને જ કરવાથી ફળપ્રદ બને છે - એમ બધા વિદ્વાનોને અભિમત છે.

યદ્યપિ તે તે દેવોની આપણે પોતે કરેલી સ્તવનાદિ ક્રિયાઓ ફળનું પ્રદાન કરવામાં સમર્થ છે. પરંતુ સ્તવનીય પરમાત્માનું આલંબન લેવા વડે દેવતાની સ્તોત્રાદિથી કરાયેલી સ્તવનાદિથી જે ફળનો લાભ થાય છે, તે સ્તોતવ્ય કે ધ્યેય વગેરેના નિમિત્તે થાય છે - આવો વ્યવહાર પ્રસિદ્ધ છે. વ્યવહારમાં પણ એ વાત પ્રસિદ્ધ છે. આપણા કામના જ પૈસા મળે છે છતાં શેઠ આપે છે એમ કહેવાય છે. જેથી આ વાતને સ્પષ્ટ કરતાં શાસ્ત્રકાર કાલાતીતે પણ કહ્યું છે, જે હવે પછીના શ્લોકથી જણાવાય છે. ॥૧૯-૧૬॥

કાલાતીત શાસ્ત્રકારે જે જણાવ્યું છે, તે જણાવાય છે–

**अन्येषामप्ययं मार्गो, मुक्ताविद्यादिवादिनाम् ।**
**अभिधानादिभेदेऽपि, तत्त्वनीत्या व्यवस्थितः ॥१६-१७॥**

अन्येषामिति–अन्येषामपि तीर्थान्तरीयाणां किं पुनरस्माकम् । अयमस्मदुक्तो मार्गो देवतादिगोचरः । मुक्तादिवादिनामविद्यादिवादिनां च मतेन । अभिधानादीनां नामविशेषणादीनां भेदेऽपि तत्त्वनीत्या परमार्थत एकविषयतया व्यवस्थितः प्रतिष्ठितः ॥१६-१७॥

"મુક્તાદિવાદીઓ અને અવિદ્યાદિવાદીઓ એવા બીજા દર્શનકારોએ પણ અમે જણાવેલો માર્ગ નામાદિના ભેદથી વાસ્તવિક રીતે વ્યવસ્થિત કર્યો છે. અર્થાત્ માન્યો છે." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે આ સંસારના કારણ તરીકે અવિદ્યા, વાસના, પ્રકૃતિ ઇત્યાદિને અને આ સંસારથી મુક્ત થયેલા એવા આત્માઓને મુક્ત, બુદ્ધ ઇત્યાદિ સ્વરૂપે માનનારા અન્ય દર્શનકારોનો પણ માર્ગ(દેવતાદિસંબંધી માર્ગ) અમે(કાલાતીતે) જણાવેલો જ છે. માત્ર નામ અને અંશતઃ સ્વરૂપના ફરકથી તેઓએ અમોએ

જણાવેલો માર્ગ પ્રતિષ્ઠિત કર્યો છે. પરમાર્થથી તેમનો અને અમારો માર્ગ એક જ છે. માત્ર એમાં નામ અને વિશેષ ધર્મ વગેરેને આશ્રયીને થોડો ફરક છે.

આ વિષયમાં મિત્રાદિ ચાર દૃષ્ટિઓના સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો ઉપર જણાવેલી વિગત સ્પષ્ટપણે સમજી શકાશે. સામાન્ય રીતે આ સંસારની અસારતાદિનો વાસ્તવિક ખ્યાલ જેમને આવ્યો છે; એવા જીવોને 'આ સંસારનો ઉચ્છેદ કઇ રીતે થશે.' આવી જિજ્ઞાસાવિશેષ ઉત્પન્ન થાય છે. એને લઇને તેઓ પૂ. ગુરુદેવાદિના પરિચયાદિ દ્વારા સંસારનાં કારણો; મોક્ષનું સ્વરૂપ અને તેને(મોક્ષને) પ્રાપ્ત કરવાનો યોગમાર્ગ જાણી લેવાનો પૂરતો પ્રયત્ન કરી લે છે. એ વખતે તેમને સ્પષ્ટ સમજાય છે કે મોક્ષમાર્ગના સંસ્થાપક અને સર્વ દોષોથી સર્વથા રહિત જ પરમાત્મા-દેવ હોય છે. તેઓશ્રીએ ઉપદેશેલા પરમતારક એ માર્ગના પ્રરૂપક અને સર્વ સંગથી વિવર્જિત જ ગુરુભગવંત હોય છે અને આ સંસારથી પાર ઉતારી મોક્ષે પહોંચાડનારો જ ધર્મ હોય છે. આવું સમજવા છતાં એમને એ વસ્તુ સમજાતી નથી કે દેવ કોણ છે, ગુરુ કોણ છે અને ધર્મ કયો છે. વસ્તુતત્ત્વ કેવું હોય છે એ બરાબર સમજાય છે પણ એ ક્યાં છે : તેનો ખ્યાલ આવતો નથી. આથી તેમનો યોગમાર્ગ અને અમારો યોગમાર્ગ : બંન્ને એક-સમાન હોવા છતાં નામ કે સ્વરૂપનો થોડો ફરક પડે છે. આનો અર્થ એ નથી કે તેથી તેમનો માર્ગ અમારા માર્ગથી તદ્દન જ જુદો છે. ॥૧૬-૧૭॥

ઉપર જણાવેલી વાત જ સ્પષ્ટ રીતે જણાવાય છે–

***मुक्तो बुद्धोऽर्हन् वापि यदैश्वर्येण समन्वितः ।***
**तदीश्वरः स एव स्यात्सञ्ज्ञाभेदोऽत्र केवलम् ॥१६-१८॥**

मुक्त इति–मुक्तः परब्रह्मवादिनाम् । बुद्धो बौद्धानाम् । अर्हन् जैनानाम् । वापीति समुच्चये । यद्यस्माद् । ऐश्वर्येण ज्ञानाद्यतिशयलक्षणेन । समन्वितो युक्तो वर्तते । तत्तस्मादीश्वरोऽस्मदुक्तः । स एव मुक्तादिः स्यात् । सञ्ज्ञाभेदो नामनानात्वम् । अत्र मुक्तादिप्रज्ञापनायां केवलम् ॥१६-१८॥

"મુક્ત, બુદ્ધ અથવા અર્હન્ પણ, જે કોઇ ઐશ્વર્યથી યુક્ત છે તે ઇશ્વર છે; જે અમે જણાવ્યા છે તે જ તે છે. માત્ર અહીં નામનો જ ભેદ છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે જ્ઞાનાદિસ્વરૂપ ઐશ્વર્યથી યુક્ત

હોવાથી જે ઈશ્વર કહેવાય છે તે અમે જણાવેલા જ છે. પરબ્રહ્મવાદી વેદાંતીઓ જેને મુક્ત કહે છે, બૌદ્ધો જેને બુદ્ધ કહે છે અને જૈનો જેને અર્હન્ કહે છે; એ પરમાત્મામાં અને અમે જણાવેલા પરમાત્મામાં સામાન્યથી નામાદિનો જ ફરક છે.

તે તે દર્શનકારોએ ઈશ્વરતત્ત્વનું નિરૂપણ કરતી વખતે રાગાદિ દોષોથી રહિત અને સર્વગુણોથી પરિપૂર્ણ સ્વરૂપે ઈશ્વરતત્ત્વને વર્ણવ્યું છે. માત્ર તેઓશ્રીએ નામ જુદાં જુદાં દર્શાવ્યાં છે અને સ્વરૂપમાં સહેજ ફરક પણ વર્ણવ્યો છે. મુક્તાદિસ્વરૂપે અમે દર્શાવેલા સ્વરૂપવાળા ઈશ્વરનો તેઓએ સ્વીકાર કર્યો છે. ॥૧૬-૧૮॥

परकल्पितविशेपनिराकरणायाह–

અનાદિશુદ્ધ, સાદિઅનંત અને પ્રતિક્ષણભંગુર... ઈત્યાદિ વિશેષ સ્વરૂપે તે તે દર્શનકારોએ ઈશ્વરનું વર્ણન કર્યું છે. તેથી તે સ્વરૂપે ઈશ્વરની ભિન્નતા હોવાથી **स एव स्याद्**... ઈત્યાદિ નિરૂપણ અસંગત છે - આ શંકાનું સમાધાન કરતાં, બીજાઓએ માનેલા અનાદિશુદ્ધતાદિ-સ્વરૂપ વિશેષ ધર્મોનું નિરાકરણ કરાય છે–

**अनादिशुद्ध इत्यादिर्यो भेदो यस्य कल्प्यते ।**
**तत्तत्तन्त्रानुसारेण, मन्ये सोऽपि निरर्थकः ॥१६-१९॥**

अनादीति–अनादिशुद्ध इत्येवंरूप आदिर्यस्य स तथा । तत्रानादिशुद्धः सर्वगतश्च शैवानाम् । सोऽर्हन्नसर्वगतश्च जैनानाम् । स एव प्रतिक्षणं भङ्गुरः सौगतानाम् । यः पुनर्भेदो विशेपो यस्येश्वरस्य कल्प्यते तस्य तस्य तन्त्रस्य दर्शनस्यानुसारेणानुवृत्त्या । मन्ये प्रतिपद्ये । सोऽपि विशेपः किं पुनः प्रागभिहितः सञ्ज्ञाभेद इत्यपिशब्दार्थः । निरर्थको निष्प्रयोजनः ॥१६-१९॥

"તે તે દર્શનના અનુસારે અનાદિશુદ્ધ... ઈત્યાદિ સ્વરૂપે જે પરમેશ્વરના વિશેષની કલ્પના કરાય છે તે નિરર્થક છે - એમ હું માનું છું." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે તે તે દર્શનકારો ઉપર જણાવ્યા મુજબ ઈશ્વરને માને છે. પરંતુ કેટલાક દર્શનકારો-શૈવો પરમાત્માને અનાદિથી શુદ્ધ અને સર્વગત-વિભુ માને છે. પરમાત્મા અસર્વગત છે પરંતુ વિભુ

નથી - એમ જૈનો માને છે અને તે જ પરમાત્મા પ્રતિક્ષણભંગુર છે - એમ બૌદ્ધો માને છે. આ પ્રમાણે ઈશ્વરતત્ત્વમાં તે તે દર્શનકારોએ સ્વરૂપનો ભેદ જણાવ્યો છે.

એ રીતે તે તે દર્શનાનુસારે પરમાત્મા-ઈશ્વરમાં જે વિશેષની કલ્પના કરાય છે. તે પણ નિરર્થક છે અર્થાત્ નામનો ભેદ તો અકિઞ્ચિત્કર છે જ પરંતુ ઉપર જણાવ્યા મુજબ જે સ્વરૂપભેદ જણાવ્યો છે, તે પણ નિરર્થક છે : એ પ્રમાણે હું માનું છું. ॥૧૬-૧૯॥

कुत इत्याह–

ઉપર જણાવેલી કલ્પનાની નિરર્થકતાનું જે કારણ છે તે જણાવાય છે–

**विशेषस्यापरिज्ञानाद्, युक्तीनां जातिवादतः ।**
**प्रायो विरोधतश्चैव, फलाभेदाच्च भावतः ॥१६-२०॥**

विशेषस्येति–विशेषस्य मुक्तादेर्देवताविशेषगतस्य । अपरिज्ञानादर्वाग्दर्शिप्रत्यक्षेण । तथा युक्तीनामनुमानरूपाणां । जातिवादतोऽसिद्ध्यादिहेतुदोषोपघातेनानुमानाभासत्वात् । प्रायो बाहुल्येन । विरोधतश्चैव वेदान्तिबौद्धादियुक्तीनाम् । एकेषां हि नित्य एवात्मा प्रपञ्चाधिष्ठानत्वाद्, अपरेषां चार्थक्रियाकारित्वस्य स्वभावभेदे नियतत्वेनानित्य एवेति । फलस्य क्लेशक्षयलक्षणस्य गुणप्रकर्षविशेषवत्पुरुषाराधनसाध्यस्य क्वचिन्नित्यानित्यत्वादौ विशेषे आराध्यगते सत्यप्यभेदादविशेषाच्च । भावतः परमार्थतः । गुणप्रकर्षविषयस्य बहुमानस्यैव फलदायकत्वात्तस्य सर्वत्र मुक्तादावविशेषादिति ॥१६-२०॥

"મુક્ત, બુદ્ધ વગેરે દેવતાના વિશેષનું જ્ઞાન; પ્રત્યક્ષથી થતું ન હોવાથી, અનુમાનો જાતિવાદના કારણે અનુમાનાભાસસ્વરૂપ થવાથી તેમ જ વેદાંતી અને બૌદ્ધાદિની વાતોમાં પરસ્પર વિરોધ હોવાથી અને ક્લેશાભાવસ્વરૂપ ફળમાં કોઈ ભેદ ન હોવાથી દેવતામાં કરેલી વિશેષની કલ્પના નિરર્થક છે." આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે તે તે દર્શનકારોએ ઈશ્વરમાં અનાદિશુદ્ધતા, સર્વગતત્વ... ઈત્યાદિ જે વિશેષની પરિકલ્પના કરી છે, તે નિરર્થક છે. કારણ કે તેમાં કોઈ પ્રમાણ નથી. સ્થૂલ પ્રત્યક્ષથી તેનું જ્ઞાન થતું ન હોવાથી આપણા જેવાને એ વિશેષ જાણવામાં આવતા નથી. અર્થાત્ આપણા જેવાને એ અનુભવગમ્ય થતા નથી. યદ્યપિ તેવા પ્રકારના પ્રત્યક્ષથી દેવતાગત વિશેષનું

સંવેદન થતું ન પણ હોય, તોપણ યુક્તિઓ-અનુમાનોથી તે વિશેષને જાણી શકાય છે, પરંતુ એ અનુમાનો અસિદ્ધિ વગેરે દોષોના કારણે અનુમાનાભાસસ્વરૂપ છે તેમ જ બૌદ્ધ અને વેદાંતી વગેરેની યુક્તિઓ બહુલતયા વિરુદ્ધ છે.

વેદાંતીઓના મતે પ્રપંચ(સૃષ્ટિ)નું અધિષ્ઠાન હોવાથી પરમાત્મા એકાંતે નિત્ય છે અને જ્યાં અર્થક્રિયાકારિત્વ હોય છે ત્યાં સ્વભાવભેદ હોય છે, તેથી બૌદ્ધો આત્માને એકાંતે જ અનિત્ય માને છે. પરમાત્માને નિત્ય માનનારાનું કહેવું એ છે કે પરમાત્મા ધર્મદેશના... વગેરે સ્વરૂપ પોતાની અર્થક્રિયા(કાર્ય) પોતાની ઉત્પત્તિના ક્ષણમાં કરે, પોતાની ઉત્પત્તિની પૂર્વે કરે અથવા પોતાની ઉત્પત્તિની પછીના ક્ષણમાં કરે : આ ત્રણેય વિકલ્પો આત્માને અનિત્ય માનવાથી સ્વીકાર્ય બનતા નથી. કારણ કે પહેલા વિકલ્પમાં, પોતાની ઉત્પત્તિ અને તે જ વખતે બીજાની પણ પોતાથી ઉત્પત્તિ : એ બંન્ને એક કાળમાં શક્ય નથી. બીજા વિકલ્પમાં, પોતે જ જ્યાં અસત્ છે ત્યાં તે દેશનાદિને કરે એ શક્ય નથી. અન્યથા ભાવી મોરનો ટહૂકો માનવાનો પ્રસંગ આવશે. તેમ જ ત્રીજો વિકલ્પ પણ માની શકાય એવો નથી. કારણ કે પોતે નાશ પામ્યા પછી તે દેશના વગેરે કરે એ શક્ય નથી. અન્યથા મૃત મયૂરનો ટહૂકો માનવાનો પ્રસંગ આવશે. આથી સ્પષ્ટ છે કે પરમાત્માને કોઈ પણ રીતે અનિત્ય માની શકાય એમ ન હોવાથી પરમાત્માને અનાદિશુદ્ધ નિત્ય માનવામાં આવે છે.

આની સામે બૌદ્ધોનું એ કહેવું છે કે જો ઈશ્વરને અપ્રચ્યુત(અવિનાશી), અનુત્પન્ન અને સ્થિર એક સ્વભાવવાળા એકાંતે નિત્ય માનવામાં આવે તો તેમનામાં કોઈ પણ રીતે અર્થક્રિયાકારિત્વ ઘટી શકે એમ નહીં બને. કારણ કે નિત્ય પરમાત્મા(વગેરે) ક્રમે કરીને અર્થક્રિયા (પોતાનું કાર્ય) કરે કે યુગપદ્ (એક કાળમાં) કરે - આ બે વિકલ્પમાંથી કોઈ પણ વિકલ્પ સંગત નથી. કારણ કે નિત્ય વસ્તુમાં તે તે સકલ કાર્ય કરવાની શક્તિઓ સદાને માટે હોય છે. સહકારીકારણના સમવધાનમાં તે તે વસ્તુમાં કોઈ અતિશયનું આધાન થતું ન હોવાથી નિત્ય વસ્તુ; તે તે બધાં જ કાર્યો એક જ કાળમાં કરી શકશે, પરંતુ એમ બનતું નથી. આથી પ્રથમ વિકલ્પમાં ત્રણેય કાળનાં બધાં જ કાર્ય એકીસાથે કરવાનો પ્રસંગ આવશે. બીજો વિકલ્પ માની લેવામાં આવે તો નિત્ય વસ્તુએ એક જ ક્ષણમાં બધાં કાર્યો કરી લીધાં હોવાથી બીજી ક્ષણે કોઈ પણ કાર્ય કરવાનું

રહેતું ન હોવાથી અર્થક્રિયાકારિત્વના અભાવના કારણે નિત્ય વસ્તુમાં અવસ્તુત્વ માનવાનો પ્રસંગ આવશે. વસ્તુમાં વસ્તુત્વ અર્થક્રિયાકારિત્વસ્વરૂપ છે. આથી સ્પષ્ટ છે કે એકાંતે નિત્ય વસ્તુનો સ્વીકાર કરવામાં આવે તો ઉપર જણાવ્યા મુજબ એક પણ વિકલ્પ સંગત નથી. તેથી પ્રત્યેક ક્ષણે પરાવર્ત્તમાન જુદી જુદી વસ્તુનો સ્વીકાર કરવામાં આવે છે.

આ રીતે પરસ્પર તે તે દર્શનકારોની વાતમાં પરસ્પર વિરોધ આવે છે. તેમ જ ગુણના પ્રકર્ષ સ્વરૂપ વિશેષવાળા પુરુષ સ્વરૂપ પરમાત્માની આરાધનાથી પ્રાપ્ત કરવા યોગ્ય ક્લેશાભાવસ્વરૂપ ફળમાં કોઈ જ ભેદ(મતભેદ) નથી. અર્થાત્ ગુણપ્રકર્ષસ્વરૂપે પરમાત્માની આરાધનાથી ક્લેશના અભાવ સ્વરૂપ ફળની પ્રાપ્તિ થાય છે : એમાં કોઈને વિવાદ નથી. તેથી પરમાત્મામાં એકાંતે નિત્યત્વાદિ વિશેષની કલ્પના નિરર્થક છે. ભાવથી-પરમાર્થથી (વાસ્તવિક રીતે) ગુણપ્રકર્ષાત્મક વિશેષવાળા પરમાત્માની પ્રત્યેનું બહુમાન જ ફળ(ક્લેશાભાવસ્વરૂપ ફળ)ને આપનારું છે અને તે મુક્ત, બુદ્ધ વગેરે બધામાં સરખું જ છે. ॥૧૬-૨૦॥

સંસારના કારણને આશ્રયીને કલ્પનાની નિરર્થકતા જણાવાય છે–

**अविद्याक्लेशकर्मादि, यतश्च भवकारणम् ।**
**ततः प्रधानमेवैतत्, सञ्ज्ञाभेदमुपागतम् ॥१६-२१॥**

अविद्येति–अविद्या वेदान्तिनां, क्लेशः साङ्ख्यानां, कर्म जैनानाम्, आदिशब्दाद्वासना सौगतानां, पाशः शैवानाम् । यतो यस्मात् । चकारो वक्तव्यान्तरसूचनार्थः । भवकारणं संसारहेतुः । ततस्तस्मादविद्यादीनां भवकारणत्वाद्धेतोः प्रधानमेवैतदस्मदभ्युपगतं भवकारणं सत् सञ्ज्ञाभेदं नामनानात्वमुपागतम् ॥१६-२१॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે વેદાંતીઓ અવિદ્યાને, સાંખ્યો ક્લેશને, જૈનો કર્મને અને બૌદ્ધો વાસનાને તેમ જ શૈવો પાશને ભવ-સંસારનું કારણ માને છે. તેથી અવિદ્યા વગેરે જે તે તે દર્શનકારોએ સંસારના કારણ તરીકે માન્યા છે, તે અમે માનેલા પ્રધાનસ્વરૂપ (પ્રકૃતિસ્વરૂપ) જ ભવના હેતુ છે. માત્ર નામનો ભેદ છે. બાકી તો ભવહેતુત્વ સ્વરૂપ એક જ છે. નામનો ભેદ ભેદ નથી, તે અકિંચિત્કર છે. ॥૧૬-૨૧॥

अत्रापि परपरिकल्पितविशेषनिराकरणायाह–

યદ્યપિ તે તે દર્શનકારોએ સંસારના કારણ તરીકે અવિદ્યાદિને માન્યા છે અને સાથે તેમાં મૂર્ત્તત્વ-અમૂર્ત્તત્વ, એકત્વ-અનેકત્વ, વગેરે વિશેષની પરિકલ્પના કરી છે. તેથી માત્ર નામનો જ ભેદ છે એવું નથી, વિશેષનો પણ ભેદ છે; પરંતુ તે અકિંચિત્કર છે એ જણાવાય છે–

**अस्यापि योऽपरो भेदश्चित्रोपाधिस्तथा तथा ।**
**गीयतेऽतीतहेतुभ्यो, धीमतां सोऽप्यपार्थकः ।।१६-२२।।**

अस्यापीति–अस्यापि प्रधानस्यापि । योऽपरो भवकारणत्वात् सर्वाभ्युपगतादन्यो भेदो विशेषः । चित्रोपाधिर्नानारूपमूर्तत्वादिलक्षणः । तथा तथा तत्तद्दर्शनभेदेन । गीयते वर्ण्यते । अतीतहेतुभ्योऽनन्तरमेव "विशेषस्यापरिज्ञानाद्" इत्यादिश्लोकोक्तेभ्यः । धीमतां सोऽपि किं पुनर्देवतागत इत्यपिशब्दार्थः । अपार्थकोऽपगतपरमार्थप्रयोजनः । सर्वैरपि भवकारणत्वेन योगापनेयस्याभ्युपगमादन्यस्य विशेषस्य ततोऽप्यकिञ्चित्करत्वात् ।।१६-२२।।

"આ પ્રધાન-પ્રકૃતિમાં પણ ભિન્ન ભિન્ન પ્રકારના વિશેષની કલ્પના કરાય છે. તે પણ પૂર્વે જણાવેલા હેતુઓના કારણે બુદ્ધિમાનો માટે નિરર્થક છે." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે અવિદ્યા, ક્લેશ, કર્મ, વાસના, પાશ અને પ્રધાનને સંસારના કારણ માન્યા પછી ભવહેતુત્વથી ભિન્ન તેમાં અમૂર્ત્તત્વ વગેરે વિશેષની તે તે દર્શનકારોએ કલ્પના કરી છે. કર્મ મૂર્ત્ત છે, અવિદ્યાદિ અમૂર્ત્ત છે; કર્મ અનંત છે, અવિદ્યાદિ સામાન્યથી એક છે... ઇત્યાદિ રીતે સંસારના કારણ તરીકે અભિમત અવિદ્યાદિમાં તે તે વિશેષની કલ્પનાઓ કરી છે.

પરંતુ **विशेषस्यापरि०** (૧૬-૨૦) આ શ્લોકથી જણાવેલા તે તે કારણે દેવતાગત વિશેષ જ નહિ અવિદ્યાદિગત વિશેષ પણ બુદ્ધિમાનો માટે નિરર્થક છે. અર્થાત્ મોક્ષ માટે એવા કોઇ જ વિશેષનો ઉપયોગ નથી. અવિદ્યાદિને માનનારા તે તે દાર્શનિકોએ અવિદ્યાદિને ભવના કારણ તરીકે વર્ણવીને યોગની આરાધનાથી તે દૂર કરવા યોગ્ય છે : આ વાતનો બધાએ જ સ્વીકાર કર્યો છે. એ વિશેષને છોડીને બીજા મૂર્ત્તત્વાદિવિશેષ તેમાં(ભવના કારણભૂત અવિદ્યાદિમાં)

હોય તોપણ તેનું કોઈ જ પ્રયોજન ન હોવાથી તે અકિંચિત્કર છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ॥૧૬-૨૨॥

यत एवं–

દેવતા અને અવિદ્યાદિગત મૂર્ત્તત્વામૂર્ત્તત્વાદિ જે વિશેષ છે તે નિરર્થક હોવાથી તેનું નિરૂપણ કરવાનું પણ નિરર્થક છે, તે **यत एवं**... ઇત્યાદિથી જણાવાય છે–

**ततोऽस्थानप्रयासोऽयं, यत्तद्भेदनिरूपणम् ।**
**सामान्यमनुमानस्य, यतश्च विषयो मतः ॥१६-२३॥**

तत इति–ततः सतो विशेषस्यापार्थकत्वाद्धेतोः । अस्थानप्रयासोऽयं तत्त्वचिन्तकानाम् । यत्तद्भेदस्य देवादिविशेषस्य निरूपणं गवेषणम् । यतश्चानुमानस्य देवताविशेषादिग्राहकत्वेनाभिमतस्य । सामान्यं विषयो मतः । अतोऽपि सर्वविशेषानुगतस्य तस्याप्रतीतेरस्थानप्रयासोऽयम् ॥१६-२३॥

"પરમાત્માદિગત વિશેષ અકિંચિત્કર હોવાથી જે-તે દેવાદિમાં રહેલા વિશેષનું અન્વેષણ કરવું - એ પ્રયત્ન વિદ્વાનો માટે નિરર્થક-અસ્થાને છે. કારણ કે પરમાત્માદિને સિદ્ધ કરનારા અનુમાનનો વિષય સામાન્ય મનાય છે." - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે મોક્ષના કારણભૂત મુક્તાત્મા વગેરેમાં અને સંસારના કારણભૂત અવિદ્યાદિમાં મૂર્ત્તત્વાદિવિશેષો નિરર્થક હોવાથી તત્ત્વચિંતકો માટે દેવાદિવિશેષનું નિરૂપણ-ગવેષણ કરવાનું નિરર્થક છે અર્થાત્ એ પ્રયત્ન અસ્થાને(અનુચિત) છે.

કારણ કે દેવતાદિના વિશેષને સિદ્ધ કરવા માટે જે અનુમાન જણાવાય છે, તે અનુમાનનો વિષય સામાન્ય દેવાદિ જ છે. તેથી પણ દેવાદિગત બધા વિશેષની પ્રતીતિ થતી ન હોવાથી વિશેષને જણાવવાનો પ્રયત્ન અકિંચિત્કર-અસ્થાને છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે નિર્દોષપુરુષવિશેષ સ્વરૂપ દેવ અને કર્મ : એ બંન્નેનું પ્રત્યક્ષ થતું ન હોવાથી તે બંન્ને અનુમાનના વિષય છે. "જે જે ચય અને અપચય ધર્મ(સ્વભાવ)વાળા છે તે કોઈ સ્થાને સર્વથા પણ ઉચ્છેદને પામે છે. જેમ રોગીઓના રોગ ઓછાવધતા પ્રમાણવાળા હોવાથી સર્વથા ઉચ્છેદને પામે

છે તેમ જ આકાશમાં મેઘ(વાદળ) ઓછાવધતા હોય છે તો કોઇ વાર સર્વથા તે મેઘરહિત પણ હોય છે. તેવી રીતે રાગદ્વેષાદિ દોષો પણ ચયોપચયધર્મવાળા હોવાથી જ્યાં તે સર્વથા ઉચ્છેદ પામે છે તે અતિશયસંપન્ન પુરુષવિશેષ દેવ છે, જેમને તે તે દર્શનકારોએ મુક્ત, બુદ્ધ... વગેરે સ્વરૂપે વર્ણવ્યા છે." આ રીતે દેવ અનુમાનના વિષય છે.

એવી જ રીતે "જે બેનાં સાધન(દૃષ્ટ-બાહ્ય) સરખાં છે એવા બંન્નેના ફળમાં જે વિશેષ છે તે ચોક્કસ કોઇ અદૃષ્ટ સાધનને લઇને છે. કારણ કે તે ફળવિશેષ કાર્ય છે. જે જે કાર્ય છે તે કારણ વિના ન થાય. જેમ માટી વિના ઘટ થતો નથી. ફળવિશેષ કાર્ય છે. તેથી તે અદૃષ્ટ કારણવિશેષથી થાય છે. તે કારણનું નામ જ કર્મ છે." આ રીતે કર્મ અનુમાનનો વિષય છે. આથી સમજી શકાશે કે દેવ અને કર્મને સિદ્ધ કરનાર અનુમાન; સામાન્યથી દેવ અને કર્મને જ સિદ્ધ કરે છે, પરંતુ તેના મૂર્ત્તત્વાદિવિશેષને સિદ્ધ કરતા નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ અનુમાનથી દેવનો ને કર્મનો સામાન્યથી સ્વીકાર થાય છે. મૂર્ત્તત્વાદિ સર્વવિશેષથી અનુગત દેવનો અને કર્મનો સ્વીકાર શક્ય નથી. આથી સ્પષ્ટ છે કે દેવાદિના વિશેષની ચિંતા કરવાનો કોઇ અર્થ નથી. કારણ કે તે અનુમાનનો વિષય બનતા નથી અને આપ્તપુરુષનાં વચનોથી પણ એનો નિર્ણય શક્ય નથી... ઇત્યાદિ ઉપર જણાવ્યું છે. ॥૧૬-૨૩॥

इत्थं च भवकारणमात्रज्ञानात्तदपनयनार्थं गुणवत्पुरुषविशेषाराधनं कर्तव्यं, विशेषविमर्शस्तु निष्प्रयोजन इति कालातीतमतं व्यवस्थितम्, एतच्चास्माकमपि विशेषविमर्शाक्षमस्य स्वाग्रहच्छेदाय सामान्ययोगप्रवृत्त्यर्थमनुमतम्, अन्यस्य तु निरभिनिवेशस्य शास्त्रानुसारेण विशेषविमर्शोऽपि भगवद्विशिष्टोपासनारूपतयाऽश्रद्धामलक्षालनेन तत्त्वज्ञानगर्भवैराग्यजीवातुभूतत्वाद्विशिष्टनिर्जराहेतुरिति न सर्वथा तद्वैफल्यमित्यभिप्रायवानाह–

આ રીતે શ્લોક નંબર ૧૭ થી ૨૩ સુધીના શ્લોકમાં જણાવેલી 'કાલાતીત' નામના શાસ્ત્રકારની વાતનો સાર એ છે કે "ભવ-સંસારના કારણમાત્રના જ્ઞાનથી ભવના કારણને દૂર કરવા માટે ગુણવત્પુરુષ-ઇશ્વરની આરાધના કરવી જોઇએ. વિશેષ ધર્મોની વિચારણા કરવાનું કોઇ પ્રયોજન નથી." - આ પ્રમાણે કાલાતીતે જે જણાવ્યું છે, તે એક અપેક્ષાનુસારે માની શકાય છે. વિશેષ

વિચારણા કરવા માટે જે સમર્થ નથી; તેની પોતાની માન્યતાના આગ્રહના ઉચ્છેદ માટે સામાન્યથી યોગની પ્રવૃત્તિના આશયથી કાલાતીતની વાત મનાય છે. પરંતુ જેઓ મૂર્ત્તત્વાદિવિશેષની વિચારણા કરવા માટે સમર્થ છે; તે અભિનિવેશથી રહિત આત્માઓ માટે તો વિશેષની શાસ્ત્રાનુસારી વિચારણા પણ; ભગવાનની વિશિષ્ટ ઉપાસના રૂપ હોવાથી અશ્રદ્ધામલના પ્રક્ષાલન વડે તત્ત્વજ્ઞાનગર્ભિત વૈરાગ્યનું પરમકારણ હોવાથી વિશિષ્ટ કર્મની નિર્જરાનું કારણ બને છે તેથી વિશેષની વિચારણા સર્વથા નિષ્ફળ નથી. (કાલાતીતે સર્વથા નિષ્ફળ તરીકે વર્ણવી છે.) આ આશયથી જણાવાય છે–

**आस्थितं चैतदाचार्यैस्त्याज्ये कुचितिकाग्रहे ।**
**शास्त्रानुसारिणस्तर्कान्नामभेदानुपग्रहात् ॥१६-२४॥**

आस्थितं चेति—एतच्च कालातीतमतम् । आचार्यैः श्रीहरिभद्रसूरिभिः । आस्थितमङ्गीकृतम् । कुचितिकाग्रहे कौटिल्यावेशे त्याज्ये परिहार्ये कुचितिकात्यागार्थमित्यर्थः । शास्त्रानुसारिणः तर्काद् । अर्थसिद्धौ सत्यामिति गम्यम् । नामभेदस्य सञ्ज्ञाविशेषस्य । अनुपग्रहाद् अनभिनिवेशात् । तत्त्वार्थसिद्धौ नाममात्रक्लेशो हि योगप्रतिपन्थी न तु धर्मवादेन विशेषविमर्शोऽपीति भावः । तदिदमुक्तं—साधु चैतद्यतो नीत्या शास्त्रमत्र प्रवर्तकम् । तथाभिधानभेदात्तु भेदः कुचितिकाग्रहः ॥१॥ विपश्चितां न युक्तोऽयमैदम्पर्यप्रिया हि ते । यथोक्तास्तत्पुनश्चारु हन्तात्रापि निरूप्यताम् ॥२॥ उभयोः परिणामित्वं तथाभ्युपगमाद्ध्रुवम् । अनुग्रहात्प्रवृत्तेश्च तथाद्धाभेदतः स्थितम् ॥३॥ आत्मनां तत्स्वभावत्वे प्रधानस्यापि संस्थिते । ईश्वरस्यापि सन्न्यायाद्विशेषोऽधिकृतो भवेद् ॥४॥" इति ॥१६-२४॥

"આ કાલાતીતે જણાવેલી વાત કુચિતિકાના ત્યાગ માટે પૂ. આચાર્યભગવંતે સ્વીકારી છે. કારણ કે શાસ્ત્રાનુસારી તર્કથી અર્થની સિદ્ધિ થયે છતે નામવિશેષમાં કોઇ આગ્રહ નથી." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે કે પૂ.આ.ભ. શ્રી હરિભદ્ર સૂ. મહારાજાએ યોગબિંદુમાં કાલાતીતે જણાવેલી વાતનો સ્વીકાર કર્યો છે. એનું કારણ એ છે કે પોતાની માન્યતામાં જે કુચિતિકા-કૌટિલ્ય(આગ્રહ) હોય છે તેના પરિહાર માટે કાલાતીતે જણાવેલી વાત બરાબર છે. કારણ કે સામાન્યથી

ગુણવત્પુરુષને ઈશ્વર માન્યા પછી, તેમના તે તે વિશેષને આશ્રયીને 'આ બરાબર અને તે બરાબર નહિ'... ઈત્યાદિ સ્વરૂપ જે કુચિતિકા(આગ્રહ) છે તેને દૂર કરવા માટે પરમાત્માદિમાં વિશેષનું અન્વેષણ નિરર્થક છે... એ જણાવવાનું ઉચિત છે. શાસ્ત્રાનુસારી તર્કથી ગુણવત્પુરુષવિશેષને ઈશ્વર માનવાનું અને ભવના કારણ તરીકે કર્મ માનવાનું કાર્ય સિદ્ધ થઈ ગયા બાદ તેમના નામમાં વિવાદ કરવાનો રહેતો નથી. એવો વિવાદ કુચિતિકા અર્થાત્ કુટિલતાનો આવેશ છે. તત્ત્વના અર્થની સિદ્ધિ થયે છતે, નામમાત્રનો ક્લેશ તો યોગનો વિરોધી પરિણામ બને છે. પરંતુ ધર્મવાદથી જિજ્ઞાસુભાવે વિશેષની વિચારણા યોગની વિરોધિની નથી.

યોગબિંદુમાં એ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે, "કાલાતીતે જે કહ્યું છે કે ઈશ્વર અને કર્મ(પ્રકૃતિ) વગેરેના વિશેષની વિચારણા નિરર્થક છે, તે સુંદર છે. કારણ કે પરમાર્થની ચિંતાથી દેવતાદિના વિષયમાં પ્રવૃત્તિનું કારણ શાસ્ત્ર છે. મુક્ત, બુદ્ધ અને અર્હન્... વગેરે નામના ભેદથી પરમાત્માદિમાં ભેદ માનવો તે કુચિતિકાગ્રહ અર્થાત્ કુટિલતાના આવેશ સ્વરૂપ છે."

"વિદ્વાનો માટે આવો કુચિતિકાગ્રહ યુક્ત નથી, કારણ કે તે તાત્ત્વિક વિદ્વાનોને ઐદમ્પર્ય (રહસ્ય) પ્રિય હોય છે અને તે ઐદમ્પર્ય અહીં કાલાતીતના મતમાં પણ શુદ્ધ છે; એ વિચારવું જોઈએ."

"ઈશ્વર અને પ્રકૃતિમાં; તેવા પ્રકારનો અભ્યુપગમ કરવાથી બંન્નેમાં પરિણામિત્વ નિશ્ચિત છે. કારણ કે તેવા પ્રકારના યોગ્ય જીવો ઉપર ઈશ્વર દ્વારા અનુગ્રહ કરાય છે; તેમ જ પ્રકૃતિ દ્વારા તે તે કાળે પ્રવૃત્તિ થાય છે." આશય એ છે કે કાળવિશેષમાં પુરુષ ઉપર ઈશ્વર અનુગ્રહ કરે છે અને પ્રકૃતિ તેમ તેમ પ્રવૃત્તિ કરે છે - એ પ્રમાણે કાલાતીતે માન્યું છે. તેથી એ મુજબ ઈશ્વર અને પ્રકૃતિ : બંન્નેમાં નિત્ય એકરૂપતા નથી. ક્રમિક અનેકરૂપતા બળાત્કારે માનવી પડે છે. તેથી ઉભયમાં પરિણામિત્વ જ છે - એ ચોક્કસ છે.

આથી સ્પષ્ટ થાય છે કે "ઈશ્વરનો અનુગ્રાહકસ્વભાવ, પ્રકૃતિનો નિવૃત્તાધિકારિત્વસ્વભાવ (તે તે મુક્ત પુરુષ માટે કશું જ ન કરવાનો સ્વભાવ) અને પુરુષનો અનુગ્રાહ્યસ્વભાવ હોય તો જ આ બધું સંગત છે. અન્યથા ગમે ત્યારે, ગમે તે, ગમે તેની ઉપર અનુગ્રહ કરવાનો પ્રસંગ આવશે.

તેથી ઉપર જણાવ્યા મુજબ પુરુષનો અનુગ્રાહ્યસ્વભાવ અને પ્રધાન-પ્રકૃતિનો નિવૃત્તાધિકારિત્વસ્વભાવ હોતે છતે ઈશ્વર-પરમાત્માનો પણ અનુગ્રાહક-સ્વભાવ હોય છે. આ રીતે સદ્યુક્તિથી પરમાત્મામાં તીર્થંકરત્વાદિસ્વરૂપ અધિકૃત વિશેષ સંગત છે. અન્યથા એ પણ અકિંચિત્કર છે... ઈત્યાદિ અધ્યાપક પાસેથી જાણી લેવું. ॥૧૬-૨૪॥

विशेषविमर्शे शास्त्रतर्कयोर्द्वयोरुपयोगप्रस्थानमाह–

પરમાત્માદિમાં તીર્થંકરત્વાદિ વિશેષધર્મો અનાદિના સ્વાભાવિક નિયત હોવાથી સામાન્ય રીતે તેને યોગી પુરુષો જ જાણી શકે છે. તેથી તેના માટે શાસ્ત્ર અને તર્ક ઉપયોગી નથી, તે જણાવાય છે–

**अस्थानं रूपमन्धस्य, यथा सन्निश्चयं प्रति ।**
**तथैवातीन्द्रियं वस्तु, छद्मस्थस्यापि तत्त्वतः ॥१६-२५॥**

अस्थानमिति–अस्थानमविषयः । रूपं नीलकृष्णादिलक्षणम् । अन्धस्य लोचन-व्यापारविकलस्य । यथा सन्निश्चयं विशदावलोकनं प्रति आश्रित्य । तथैवोक्तन्यायेनैव । अतीन्द्रियं वस्तु आत्मादिविशेषरूपम् । छद्मस्थस्यार्वाग्दृशः प्रमातुरपि । तत्त्वतः परमार्थ-नीत्या ॥१६-२५॥

"જેમ અંધ માણસને આશ્રયીને વિશદ રીતે જોવાના વિષયમાં રૂપ વિષય બનતું નથી; તેમ છદ્મસ્થો માટે પણ અતીન્દ્રિય વસ્તુ તત્ત્વથી વિષય બનતી નથી." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય ખૂબ જ સ્પષ્ટ છે કે નીલ, કૃષ્ણ અને રક્ત વગેરે રૂપને સારી રીતે જોવા માટે અંધજનો જેમ સમર્થ બનતા નથી, તેવી રીતે આત્માદિવિશેષસ્વરૂપ અતીન્દ્રિય વસ્તુનો પરમાર્થથી નિશ્ચય કરવા માટે છદ્મસ્થ એવા પ્રમાતાઓ પણ સમર્થ બનતા નથી અર્થાત્ તેમના માટે અતીન્દ્રિય વસ્તુ જ્ઞાનનો વિષય બનતી નથી. ॥૧૬-૨૫॥

છદ્મસ્થો માટે અતીન્દ્રિય વસ્તુ જ્ઞાનનો વિષય બનતી નથી, તો તેનું નિરૂપણ કઈ રીતે યોગ્ય છે ? - આ શંકાનું સમાધાન કરાય છે–

**हस्तस्पर्शसमं शास्त्रं, तत एव कथञ्चन ।**
**अत्र तन्निश्चयोऽपि स्यात्, तथा चन्द्रोपरागवत् ॥१६-२६॥**

हस्तेति–हस्तस्पर्शसमं तद्वस्तूपलब्धिहेतुहस्तस्पर्शसदृशम् । शास्त्रमतीन्द्रियार्थगोचरम् । तत एव शास्त्रादेव । कथञ्चन केनापि प्रकारेण । अत्र छद्मस्थे प्रमातरि । तन्निश्चयोऽप्यतीन्द्रियवस्तुनिर्णयोऽपि स्यात् । तथा वर्धमानत्वादिविशेषेण । चन्द्रोपरागवच्चन्द्रराहुस्पर्शवत् । यथा शास्त्रात् सर्वविशेषानिश्चयेऽपि चन्द्रोपरागः केनापि विशेषेण निश्चीयत एव तथाऽन्यदप्यतीन्द्रियवस्तु ततश्छद्मस्थेन निश्चीयत इति भावः ।।१६-२६।।

"શાસ્ત્ર હસ્તસ્પર્શસમાન છે. તેનાથી જ અહીં કથંચિદ્ અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય; ચંદ્ર અને રાહુના સ્પર્શની જેમ થાય છે." આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે જ્યારે આંખથી દેખી શકાય એમ ન હોય ત્યારે હાથેથી સ્પર્શ કરીને ઘટાદિ પદાર્થોનો જેમ નિર્ણય કરાય છે તેમ શાસ્ત્ર પણ કથંચિદ્ અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરાવે છે, તેથી તે તે વસ્તુની ઉપલબ્ધિના કારણભૂત હસ્તસ્પર્શ-જેવું છે.

આ શાસ્ત્રથી જ અહીં છદ્મસ્થ પ્રમાતાને (અર્થને ગ્રહણ કરનારને) કોઇ પણ પ્રકારે અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય થાય છે. જેમ વર્ધમાનત્વ (વધતી અવસ્થા) અને હીયમાનત્વ (ઘટતી અવસ્થા)... વગેરે વિશેષ સ્વરૂપે ચંદ્ર અને રાહુના તેવા તેવા સંબંધનું જ્ઞાન શાસ્ત્રથી થાય છે અર્થાત્ શાસ્ત્રથી બધા જ વિશેષોનો નિશ્ચય થતો ન હોવા છતાં કોઇ પણ વિશેષ પ્રકારે ચંદ્ર અને રાહુના સંબંધનું જ્ઞાન જેમ થાય છે, તેવી જ રીતે શાસ્ત્રથી બીજી પણ અતીન્દ્રિય વસ્તુ છદ્મસ્થોને જણાય છે. તેથી અતીન્દ્રિય વસ્તુનું નિરૂપણ યોગ્ય છે. ।।૧૬-૨૬।।

ઉપર જણાવ્યા મુજબ હસ્તસ્પર્શસમાન શાસ્ત્ર હોવાથી શાસ્ત્રથી થનારા જ્ઞાનસ્વરૂપ શાબ્દજ્ઞાનમાં અસ્પષ્ટતા વર્ણવી છે : એ જણાવાય છે–

**इत्थं ह्यस्पष्टता शाब्दे, प्रोक्ता तत्र विचारणम् ।**
**माध्यस्थ्यनीतितो युक्तं, व्यासोऽपि यददो जगौ ।।१६-२७।।**

इत्थं हीति–इत्थमुक्तदृष्टान्तेन हि । शाब्दे ज्ञाने अस्पष्टता प्रोक्ता । तत्रास्पष्टे शाब्दज्ञाने । माध्यस्थ्यनीतितो विचारणं युक्तम् । तर्कस्य प्रमाणानुग्राहकत्वात् । तेनैवैदम्पर्यशुद्धेः । तस्याश्च स्पष्टताप्रायत्वात् । यद्यस्माददो वक्ष्यमाणं व्यासोऽपि जगौ ।।१६-२७।।

"આ રીતે શાબ્દજ્ઞાનમાં અસ્પષ્ટતા જણાવી છે. તે અસ્પષ્ટ શાબ્દજ્ઞાનમાં માધ્યસ્થ્યબુદ્ધિથી વિચારણા કરવી યુક્ત છે. વ્યાસે પણ આ વિષયમાં આ પ્રમાણે કહ્યું છે. (જે હવે પછી જણાવાશે)." - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે શાસ્ત્રથી; ઉપર જણાવ્યા મુજબ હસ્તસ્પર્શથી થનારા જ્ઞાનની જેમ અસ્પષ્ટ શાબ્દબોધ થાય છે.

એ અસ્પષ્ટ શાબ્દજ્ઞાન હોય ત્યારે માધ્યસ્થ્યબુદ્ધિથી અનુમાનાદિ દ્વારા વિચારણા કરવી જોઈએ. કારણ કે તર્ક પ્રમાણાનુગ્રાહક છે. પ્રમાણાનુગ્રાહક તર્કથી જ (વિચારણાથી જ) ઐદમ્પર્યની શુદ્ધિ થાય છે, જે સ્પષ્ટતાપ્રાય છે. આ રીતે અસ્પષ્ટ શાબ્દજ્ઞાનમાં સ્પષ્ટતા થતી હોય છે. આથી જ મહર્ષિ વ્યાસે પણ એ પ્રમાણે કહ્યું છે. (જે હવે પછીના શ્લોકમાં જણાવાય છે.) ॥૧૬-૨૭॥

વ્યાસઋષિએ જે કહ્યું છે : તે જણાવાય છે–

**आर्षं धर्मोपदेशञ्च, वेदशास्त्राविरोधिना ।**
**यस्तर्केणानुसन्धत्ते, स धर्मं वेद नेतरः ॥१६-२८॥**

"મનુસ્મૃતિ વગેરે સ્વરૂપ ઋષિપ્રણીત અને તન્મૂલક પુરાણાદિ સ્વરૂપ ધર્મોપદેશનો, વેદશાસ્ત્રથી અવિરુદ્ધ એવા તર્કથી જે વિચાર કરે છે તે જ ધર્મને જાણે છે. તેનાથી બીજા જાણતા નથી." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે ઋષિઓએ બનાવેલાં તે તે શાસ્ત્રોને આર્ષ કહેવાય છે. એ શાસ્ત્રાનુસારે જે જણાવાય છે તે ધર્મોપદેશસ્વરૂપ છે. આર્ષ અને ધર્મોપદેશનું અનુસંધાન; જેઓ પરસ્પર વેદ અને શાસ્ત્રના અવિરોધી એવા તર્કથી કરે છે, તે જ વાસ્તવિક રીતે ધર્મને જાણે છે. પરંતુ જેઓ એ રીતે વિચારણા(અનુસંધાન) કરતા નથી, તેઓ વાસ્તવિક રીતે ધર્મને જાણતા નથી.

આથી સ્પષ્ટ છે કે શાસ્ત્રની વાતમાં અસ્પષ્ટતા હોવાથી વેદાદિના અવિરોધી એવા તર્કથી તેનું અનુસંધાન કર્યા પછી જ ધર્મના વાસ્તવિક જ્ઞાનની પ્રાપ્તિ થતી હોય છે - એમ વ્યાસઋષિએ જણાવ્યું છે. ॥૧૬-૨૮॥

પરમાત્માની આજ્ઞાનું પાલન કરવા સ્વરૂપ જ પરમાત્માનો અનુગ્રહ છે; એ વાતનું સમાપન કરાય છે–

**शास्त्रादौ चरणं सम्यक्, स्याद्वादन्यायसङ्गतम् ।**
**ईशस्यानुग्रहस्तस्माद्, दृष्टेष्टार्थाविरोधिनः ।।१६-२९।।**

"તેથી દૃષ્ટ અને ઇષ્ટ અર્થના અવિરોધીનું શાસ્ત્રાદિના વિષયમાં સ્યાદ્વાદની નીતિથી સંગત એવું જે આચરણ છે તે જ પરમાત્માનો અનુગ્રહ છે." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનો આશય એ છે કે યોગદર્શનકારના જણાવ્યા મુજબ પરમાત્માના અનુગ્રહથી જ પુરુષનો મોક્ષ થાય છે, એ વાત અસંગત છે તેમ જ પુરુષ, પ્રકૃતિ વગેરેનું સ્વરૂપ વાસ્તવિક નથી... ઇત્યાદિ આ પૂર્વે સ્પષ્ટ રીતે જણાવ્યું છે. તે તે દાર્શનિકોની વાતો જે રીતે દૃષ્ટ (પ્રત્યક્ષાદિ પ્રમાણથી સિદ્ધ) અને ઇષ્ટ (આગમપ્રતિપાદિત) અર્થના વિરોધથી યુક્ત છે તે રીતે જૈન દર્શનના સિદ્ધાંત દષ્ટેષ્ટાર્થના વિરોધી નથી... ઇત્યાદિ પણ આ પૂર્વેના નિરૂપણથી સમજી શકાય છે.

તેથી પરમાત્માના અનુગ્રહથી જ આત્માનો મોક્ષ થાય છે. તેમની ઇચ્છા હોય ત્યારે આત્માને મુક્ત બનાવે અને અન્યથા આત્માને તેઓ સંસારમાં રાખે... ઇત્યાદિ વાસ્તવિક નથી. દષ્ટ અને ઇષ્ટાર્થનો જે અવિરોધી છે; એવા આત્મા ઉપર પરમાત્માનો અનુગ્રહ જ એ છે કે સ્યાદ્વાદની મુદ્રાએ વસ્તુતત્ત્વને અનુસરી આગમાદિ શાસ્ત્ર અને ધર્મના કારણભૂત પૂ. ગુરુભગવંતશ્રીના પરમતારક ઉપદેશમાં તેઓશ્રીની આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરવી. શ્રી વીતરાગ-પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ આરાધના કરવાથી આત્માનો વાસ્તવિક મોક્ષ થાય છે. શ્રી તીર્થંકર પરમાત્મા તેઓશ્રીની આજ્ઞાના પાલન દ્વારા તે સ્વરૂપે જ અનુગ્રહ કરે છે. આથી વિશેષ કોઇ બીજો અનુગ્રહ નથી. ।।૧૬-૨૯।।

પરમાત્માની આજ્ઞાના પાલનને છોડીને બીજો કોઇ અનુગ્રહ નથી : એમાં કારણ જણાવાય છે–

**यद् दातव्यं जिनैः सर्वै, र्दत्तमेव तदेकदा ।**
**दर्शनज्ञानचारित्रमयो मोक्षपथः सताम् ।।१६-३०।।**

"જે આપવા યોગ્ય છે તે દર્શનજ્ઞાનચારિત્રમય મોક્ષમાર્ગ સજ્જનોને બધા શ્રી જિનેશ્વરદેવોએ એક વખતે આપી જ દીધો છે. અર્થાત્ હવે કશું જ આપવાનું

રહેતું નથી.'' - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે શ્રી વીતરાગપરમાત્માએ પ્રથમ દેશના વખતે જ ભવ્યજીવોને દર્શનજ્ઞાનચારિત્રમય મોક્ષમાર્ગ આપી જ દીધો હતો. ત્યાર પછીની અંતિમ દેશના સુધીની દરેકેદરેક દેશનામાં એ પરમતારક માર્ગનું જ તેઓશ્રીએ પ્રદાન કર્યું હતું. પરંતુ જેણે જ્યારે તેને ગ્રહણ કર્યો, તેનું ત્યારે તેનાથી કલ્યાણ થયું. આપવામાં વિલંબ થયો નથી. જે કોઇ વિલંબ થયો તે ગ્રહણ કરવામાં થયો છે.

શ્રી વીતરાગપરમાત્માના સિદ્ધિગમન પછી પણ શાસ્ત્ર અને તદનુસારી ધર્મોપદેશથી આજે પણ એ પરમતારક મોક્ષમાર્ગને આરાધી ભવ્યાત્માઓ પરમપદની સાધના કરી જ રહ્યા છે. આથી સમજી શકાશે કે મોક્ષના માર્ગનું પ્રદાન કરવા સિવાય પરમાત્માનો અનુગ્રહ નથી અને હોઇ પણ ના શકે. વાસ્તવિક અનુગ્રહ જ એ છે. એ સિવાય પરમાત્મા બીજું શું કરી શકે ? તેઓશ્રી આપણને માર્ગદર્શક પાટિયાની જેમ માર્ગ બતાવે, પરંતુ મોક્ષ પામવાનો બધો જ પ્રયત્ન આત્માએ પોતે જ કરવાનો છે. આપણે ગમે તેટલો પુરુષાર્થ કરીએ પરંતુ પરમાત્માએ માર્ગ દર્શાવ્યો ન હોત તો આપણને મોક્ષમાર્ગની પ્રાપ્તિ જ ના થઇ હોત. તેથી માર્ગદર્શન કરાવવા સ્વરૂપ જ પરમાત્માનો અનુગ્રહ છે. અન્યદર્શનકારોએ વર્ણવેલો પરમાત્માનો અનુગ્રહ વાસ્તવિક નથી. ॥૧૬-૩૦॥

પરમાત્માનો અનુગ્રહ, તેઓશ્રીની પરમતારક આજ્ઞાના પાલનમાં જ સમાય છે : એને પ્રકારાંતરે જણાવાય છે–

**जिनेभ्यो याचमानोऽन्यं, लब्धं धर्ममपालयन् ।**
**तं विह्वलो विना भाग्यं, केन मूल्येन लप्स्यते ।।१६-३१।।**

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે - ''પ્રાપ્ત થયેલા ધર્મનું પાલન નહિ કરનાર એવો તેનાથી બીજી વસ્તુની યાચના શ્રી જિનેશ્વરદેવની પાસે કરનાર વિહ્વળ માણસ ભાગ્યને છોડીને તેને કયા મૂલ્યથી મેળવશે ?'' આશય એ છે કે ભૂતકાળના કોઇ પ્રબળ પુણ્યોદયે શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા ધર્મની પ્રાપ્તિ થયા પછી, છતે સામર્થ્યે જેઓ તે પ્રાપ્ત થયેલા ધર્મનું પાલન કરતા નથી અને શ્રી જિનેશ્વરદેવો પાસે મોક્ષ વગેરેની યાચના કરે છે તેઓ વસ્તુતઃ વિહ્વળ-બાવરા છે; કારણ કે, છે એની તેઓ ઉપેક્ષા કરે છે અને નથી તેને યાચ્યા કરે છે - આ

જ તેમની વિહ્વળતા છે. પરમાત્માની પરમકૃપાથી જે ધર્મ પ્રાપ્ત થયો છે, તેને આરાધવો નથી અને તેના ફળને માંગવું છે, એ વિહ્વળતાનું લક્ષણ છે.

પરંતુ એ રીતે માંગેલી વસ્તુ કોઈ પણ રીતે મળતી નથી. સિવાય કે ભાગ્ય હોય અને મળી જાય તો જુદી વાત છે. બાકી તો કોઈ એવી વસ્તુ નથી કે ત સ્વરૂપ મૂલ્ય(કિંમત) વડે પરમાત્માની પાસે માંગેલી વસ્તુની આપણને પ્રાપ્તિ થાય. આથી સમજી શકાશે કે પરમાત્માની પાસે જેની પણ યાચના કરી છે તેને પ્રાપ્ત કરવા માટે તેઓશ્રીની આજ્ઞાના પાલન સિવાય બીજો કોઈ જ ઉપાય નથી. તે સ્વરૂપ જ તે પરમતારક આત્માઓનો એકમાત્ર અનુગ્રહ છે. પ્રાપ્ત સંયોગોનો પરમાત્માની આજ્ઞા મુજબ ઉપયોગ કરવા માંડીએ તો સિદ્ધિ મળશે જ. નવા સાધનની આવશ્યકતા નથી. પરંતુ મળેલા સાધનનો ઉપયોગ કરવાની આવશ્યકતા છે. ॥૧૬-૩૧॥

અંતે પ્રકરણાર્થનો ઉપસંહાર કરતાં કર્ત્તવ્ય જણાવાય છે–

**अनुष्ठानं ततः स्वामिगुणरागपुरःसरम् ।**
**परमानन्दतः कार्यं, मन्यमानैरनुग्रहम् ॥१६-३२॥**

आर्षमित्यारभ्य स्पष्टम् ॥१६-३२॥

"તેથી પરમાનંદને આશ્રયીને સ્વામીના ગુણના રાગપૂર્વક; પરમાત્માનો અનુગ્રહ માનનારાઓએ અનુષ્ઠાન કરવું જોઈએ." - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ શ્રી તીર્થંકરપરમાત્માએ આપણને મોક્ષમાર્ગ આપ્યો છે. એ એક જ તેઓશ્રીએ આપણી ઉપર કરેલો અનુગ્રહ છે. એ મોક્ષમાર્ગની આરાધના કરીને આપણે અનુગ્રાહ્ય બનીએ છીએ.

પરમાત્મા આપણી ઉપર અનુગ્રહ કરે છે : એમ જેઓ માનતા હોય તેઓએ પરમાનંદમય મોક્ષને ઉદ્દેશીને પરમાત્માએ ઉપદેશેલાં પરમતારક વિહિત અનુષ્ઠાનો કરવાં જોઈએ અને એ વખતે પરમાત્માના અનંતજ્ઞાનાદિ ગુણો પ્રત્યે રાગ કેળવી લેવો જોઈએ. આપણા આત્માના પણ ગુણો પરમાત્માના ગુણો જેવા જ છે. પરમાત્માના ગુણો આવિર્ભૂત છે અને આપણા તિરોહિત છે. પરમાત્માના શુદ્ધજ્ઞાનાદિમય સ્વરૂપની જેમ આપણું આત્મસ્વરૂપ પણ આવિર્ભૂત

બને - એવી ભાવનાથી તે તે અનુષ્ઠાનો થાય તો તે અનુષ્ઠાનો દૃઢ પ્રણિધાનથી સંગત બને છે, જે ચોક્કસ જ મોક્ષને પ્રાપ્ત કરાવનારાં બને છે. તેથી 'સ્વામીનો અનુગ્રહ મોક્ષપ્રાપક છે.' એમ માનનારાએ સ્વામીના ગુણના રાગની પ્રધાનતા(મુખ્યતા)એ તે તે અનુષ્ઠાન કરવાં જોઈએ.

અંતે પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ અનુષ્ઠાન કરી પરમાત્મપદને પ્રાપ્ત કરવા પરમાત્માના અનુગ્રહના ભાજન બની રહીએ એ જ એકની એક અભ્યર્થના. ॥૧૯-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायामीशानुग्रहविचारद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

# પરિશીલનની પૂર્વે

અનંતોપકારી શ્રી તીર્થંકરપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિઓએ મોક્ષની પ્રાપ્તિ માટે 'યોગ'ની સાધનાનો ઉપદેશ આપી આપણી ઉપર ખૂબ જ અનુગ્રહ કર્યો છે. એ પરમતારક યોગની સિદ્ધિ માત્ર પરમાત્માના અનુગ્રહથી થાય છે : એવી માન્યતાનું નિરાકરણ આ પૂર્વેની બત્રીશી દ્વારા કરીને હવે આ સત્તરમી બત્રીશીમાં માત્ર દૈવ(ભાગ્ય-કર્મ)થી અને માત્ર પુરુષકાર(પુરુષાર્થ-પ્રયત્ન)થી યોગની સિદ્ધિ થાય છે : એવી માન્યતાઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

કોઇ વાર પુષ્કળ પ્રયત્ન કરવા છતાં દૈવના અભાવે ફળની પ્રાપ્તિ થતી નથી. શ્રી નંદિષેણ આદિ મહાત્માઓના દૃષ્ટાંતથી એ સમજી શકાય છે. આથી તદ્દન વિપરીત રીતે કોઇ વાર સાવ જ અલ્પ એવા પ્રયત્ને દૈવયોગે ફળની સિદ્ધિ થતી હોય છે. શ્રી ભરતમહારાજાદિ મહાત્માઓના દૃષ્ટાંતથી એ સમજી શકાય છે. આવી વિચિત્રતાના કારણે પૂરતો વિચાર કર્યા વિના કેટલાક વિદ્વાનોએ યોગની સિદ્ધિની પ્રત્યે માત્ર દૈવને અથવા માત્ર પુરુષાર્થને કારણ માનવાનું ઉચિત માન્યું છે. તેમની એ માન્યતાનું સ્પષ્ટ રીતે વિસ્તારથી નિરાકરણ કરીને દૈવ અને પુરુષકાર પરસ્પર સાપેક્ષપણે યોગની સિદ્ધિમાં કારણ છે - એ આ બત્રીશીમાં મુખ્યપણે જણાવ્યું છે.

વ્યવહારનયથી અને નિશ્ચયનયથી દૈવ અને પુરુષકારમાં પરસ્પર સાપેક્ષતા કઇ રીતે સઙ્ગત છે : એ અહીં સ્પષ્ટપણે જણાવાયું છે. લોકવ્યવહારથી પ્રસિદ્ધ દૈવાદિની ઉત્કટતાદિનું સમર્થન કરીને કાલભેદે દૈવાદિનું પ્રાધાન્ય વર્ણન કરતાં ગ્રંથકાર પરમર્ષિએ ફરમાવ્યું છે કે ચરમાવર્ત્તકાળમાં પુરુષાર્થથી પ્રાયઃ દૈવ બાધિત બને છે. એથી સમજી શકાય છે કે યોગની સિદ્ધિમાં પ્રયત્નનું જ પ્રાધાન્ય છે. કોઇ વાર શ્રી નંદિષેણમુનિ આદિના પ્રબળ પુરુષાર્થથી દૈવનો બાધ ન થવા છતાં મોટા ભાગે ચરમાવર્ત્તકાળમાં પુરુષાર્થથી કર્મનો બાધ થતો હોય છે. કર્મનો એ રીતે બાધ (ફળ આપવા માટે અસમર્થ બનાવવા સ્વરૂપ અહીં બાધ છે.) ન થાય તો ચરમાવર્ત્તકાળમાં પણ યોગની સિદ્ધિ શક્ય નહીં બને.

ગ્રંથના અંતિમ ભાગમાં ઉત્કટ પ્રયત્નના ફળસ્વરૂપે ગ્રંથિભેદ વર્ણવ્યો છે. અનાદિકાલીન રાગ-દ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ આત્મપરિણામને ગ્રંથિ કહેવાય છે. શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ ગુરુદેવાદિપૂજા, સદાચાર, તપ અને મુક્ત્યદ્વેષ સ્વરૂપ યોગની પૂર્વસેવાની પ્રાપ્તિથી ગ્રંથિભેદ થતો હોય છે. તેનાથી ફરી પાછો ઉત્કટ પુરુષાર્થ કરાય છે, જેથી ધર્માદિવિષયમાં ઉચિત પ્રવૃત્તિ થાય છે.

આ રીતે ગ્રંથિભેદથી જ જો ઉચિત પ્રવૃત્તિ થતી હોય તો ઉચિત પ્રવૃત્તિ માટે શાસ્ત્રમાં જે ઉપદેશ અપાય છે, તે નિરર્થક છે - આવી શંકાનું સમાધાન કરતાં આ બત્રીશીમાં ફરમાવ્યું છે કે ગુણઠાણાનો પ્રારંભ કરનારા માટે અને ગુણઠાણેથી પડતા એવા આત્માઓ માટે અનુક્રમે તેમને ચઢાવવા અને અટકાવવા ઉપદેશ ઉપયોગી બને છે. ઘડો બનાવનાર કુંભારના ચક્રના ભ્રમણ માટે જેમ દંડ ઉપયોગી બને છે તેમ અહીં ગ્રંથિભેદથી થતી ઉચિત પ્રવૃત્તિ માટે ઉપદેશ ઉપયોગી બને છે.

ઉચિત પ્રવૃત્તિથી બલવત્તર પુરુષાર્થ દ્વારા કર્મસ્થિતિનો હ્રાસ થવાના કારણે આત્માને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ચારિત્રસંપન્ન આત્માઓનાં લક્ષણો વર્ણવતાં અંતે ફરમાવ્યું છે કે - માર્ગાનુસારિતા, શ્રદ્ધા, પ્રાજ્ઞપ્રજ્ઞાપનારતિ, ગુણરાગ અને શક્યારંભ : આ ચારિત્રીઓનાં લક્ષણો છે. એનું વર્ણન અહીં ખૂબ જ સંક્ષેપથી છે. વિસ્તારથી એનું વર્ણન 'યોગશતક'માં ઉપલબ્ધ છે. એ લક્ષણોથી વિશિષ્ટ ચારિત્રવંત આત્માઓને યોગની પ્રવૃત્તિ પરમાનંદ-મોક્ષથી સઙ્ગત બને છે... ઇત્યાદિ જણાવીને આ બત્રીશી પૂર્ણ કરી છે.

સર્વજ્ઞપરમાત્માઓએ દર્શાવેલો મોક્ષમાર્ગ વિદ્યમાન હોવા છતાં વિદ્વાનો; નહીંજેવી સામાન્ય બાબતોમાં કઇ રીતે ઉન્માર્ગે જાય છે - એ આ બત્રીશીના અધ્યયનથી આપણે સમજી શકીએ છીએ. અજ્ઞાન દૂર કરવાની ભાવના હોય અને કદાગ્રહપૂર્વકનું વલણ ન હોય તો ખૂબ જ સરળતાથી સહજપણે શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચન પ્રત્યે અતૂટ વિશ્વાસ પ્રાપ્ત કરી શકાય છે. અન્યદર્શનકારોની અજ્ઞાન અને આગ્રહપૂર્ણ વાતો તરફ ધ્યાન આપ્યા વિના આ બત્રીશીના પરિશીલન દ્વારા શ્રી સર્વજ્ઞપરમાત્માના પરમતારક વચન પ્રત્યે અતૂટ વિશ્વાસનું સંપાદન કરી પરમાનંદસઙ્ગત યોગની પ્રવૃત્તિમાં પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

## अथ प्रारभ्यते दैवपुरुषकारद्वात्रिंशिका ।

महेश्वरानुग्रहादेव योगसिद्धिरिति मतं निरस्य दैवादेवेयं पुरुषकारादेव वेयमित्येकान्तमतनिरासायोपक्रमते–

પરમાત્માના અનુગ્રહથી જ યોગની સિદ્ધિ થાય છે - આ માન્યતાનું નિરાકરણ કરીને દૈવથી જ આ યોગની સિદ્ધિ થાય છે; તેમ જ પુરુષાર્થથી જ યોગની સિદ્ધિ થાય છે - આવી એકાંતે જે માન્યતા છે, તેનું નિરાકરણ કરવા માટે આ બત્રીશીનો પ્રારંભ છે–

**दैवं पुरुषकारश्च तुल्यौ द्वावपि तत्त्वतः ।**
**निश्चयव्यवहाराभ्यामत्र कुर्मो विचारणाम् ॥१७-१॥**

दैवमिति–स्पष्टः ॥१७-१॥

"દૈવ અને પુરુષકાર(પુરુષાર્થ) બંન્ને યોગની સિદ્ધિમાં તાત્ત્વિક રીતે એકસરખા જ ઉપયોગી છે. વ્યવહાર અને નિશ્ચય નયની અપેક્ષાએ તેની અહીં વિચારણા કરાય છે." - આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે પરમાત્માનો અનુગ્રહ જ યોગની સિદ્ધિમાં કારણ છે. આવી માન્યતાનું આ પૂર્વે સોળમી બત્રીશીમાં નિરાકરણ કર્યું, કેટલાક લોકો યોગની સિદ્ધિ દૈવ(ભાગ્ય)થી જ થાય છે - એમ માને છે અને કેટલાક લોકો પુરુષકાર (પુરુષાર્થ)થી જ યોગની સિદ્ધિ થાય છે - એમ માને છે. આ બંન્ને એકાંત માન્યતાનું આ બત્રીશીમાં નિરાકરણ કરવામાં આવ્યું છે. કારણ કે તાત્ત્વિક રીતે યોગની સિદ્ધિમાં દૈવ અને પુરુષાર્થ બંન્ને સમાન રીતે જ હેતુ છે. એ વિષયમાં વ્યવહાર અને નિશ્ચય : એ બંન્ને નયની અપેક્ષાએ અહીં વિચારણા કરવામાં આવી છે. ॥૧૭-૧॥

દૈવ અને પુરુષકારનું સ્વરૂપ વર્ણવીને નિશ્ચયનયની અપેક્ષાએ તેની કારણતાનો વિચાર કરાય છે–

**दैवं पुरुषकारश्च, स्वकर्मोद्यमसञ्ज्ञकौ ।**
**निश्चयेनानयोः सिद्धिरन्योऽन्यनिरपेक्षयोः ॥१७-२॥**

दैवमिति–दैवं स्वकर्मसञ्ज्ञकं, पुरुषकारश्च स्वोद्यमसञ्ज्ञकः । निश्चयेन निश्चयनयेन । अनयोर्द्वयोः प्रत्येकं स्वकार्यजननेऽन्योन्यनिरपेक्षयोः सिद्धिः ॥१७-२॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. એનો આશય એ છે કે પોતાનું કર્મ અને પોતાનો ઉદ્યમ નામવાળા અનુક્રમે દૈવ અને પુરુષકાર છે. નિશ્ચયનયની અપેક્ષાએ, પોતાથી ઉત્પન્ન થનારા કાર્યમાં (કાર્યની પ્રત્યે) એકબીજાને એકબીજાની અપેક્ષાની આવશ્યકતા નથી. અન્યનિરપેક્ષપણે પોતાના કાર્યની પ્રત્યે હેતુ તરીકે સિદ્ધિ થાય છે. અર્થાત્ પોતપોતાના કાર્યની પ્રત્યે પોતે જ કારણ છે, પોતાને છોડીને બીજું કોઈ કારણ નથી - એમ સિદ્ધ થાય છે. તેથી નિશ્ચયનયની અપેક્ષાએ જે કાર્ય (અર્થાદિની પ્રાપ્તિ) દૈવકૃત છે; એમાં દૈવ જ કારણ છે, પુરુષકાર પણ નહીં. તેમ જ જે કાર્ય (મોક્ષાદિની પ્રાપ્તિ) પુરુષાર્થકૃત(પુરુષકારકૃત) છે; એમાં પુરુષકાર જ કારણ મનાય છે, દૈવ પણ નહીં. આ રીતે પરસ્પરનિરપેક્ષપણે સ્વ-સ્વકાર્યની પ્રત્યે સ્વ-સ્વ(દૈવ-પુરુષકાર)ની કારણ તરીકે સિદ્ધિ થાય છે. ॥૧૭-૨॥

अत्रैव युक्तिमाह–

નિશ્ચયનયની અપેક્ષાએ દૈવ અને પુરુષકારને પોતપોતાના કાર્યની પ્રત્યે નિરપેક્ષ કારણ જે યુક્તિથી મનાય છે તે યુક્તિને જણાવાય છે–

**सापेक्षमसमर्थं हीत्यतो यद् व्यापृतं यदा ।**
**तदा तदेव हेतुः स्यादन्यत्सदपि नादृतम् ॥१७-३॥**

सापेक्षमिति–'सापेक्षं ह्यसमर्थम्' इत्यतो न्यायाद् दैवपुरुषकारयोर्मध्ये यद् यदा व्यापृतं, तदा तदेवाधिकृतकार्ये हेतुः स्यात्, कुर्वद्रूपस्यैव कारणत्वाद् । अन्यत् सदपि नादृतं नाभ्युपगतम् । अनेनासदविशेषाद्वस्तुतोऽर्थक्रियाकारित्वमेव वस्तुनो लक्षणमिति तद्विरहादसदेवान्यदित्यप्यर्थः ॥१७-३॥

"સાપેક્ષ અસમર્થ છે; તેથી જે, જે વખતે કાર્યવિશેષની પ્રત્યે વપરાય છે; તે, તે વખતે તે કાર્યવિશેષની પ્રત્યે હેતુ મનાય છે. તે વખતે તેની સાથે બીજાં હોવા છતાં તેને કારણ માનવામાં આવતાં નથી." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કોઈ પણ કાર્યની પ્રત્યે એક કારણને બીજા કારણની અપેક્ષા હોય તો તેને સાપેક્ષ કહેવાય છે અને **सापेक्षमसमर्थम्** આ ન્યાયથી તેને અસમર્થ અર્થાત્ કાર્ય કરવામાં અનુપયોગી મનાય છે.

આવી જ રીતે દૈવ અને પુરુષકાર, બંન્નેને કાર્ય કરવામાં એકબીજાની અપેક્ષા હોય તો બંન્ને અસમર્થ બને છે. તેથી જે વખતે જે કાર્યવિશેષની પ્રત્યે જે ઉપયોગી બને છે તેને જ તે કાર્યની પ્રત્યે નિરપેક્ષ રીતે કારણ માનવામાં આવે છે. કારણ કે કાર્યને કરનાર જ કારણ હોય છે. તે વખતે તેની સાથે જે વિદ્યમાન છે તે હોવા છતાં તેને કારણ તરીકે માનવામાં આવતું નથી. જે કાર્ય દૈવયોગે થતું હોય છે, તેની પ્રત્યે દૈવને જ કારણ મનાય છે. પરંતુ તે વખતે પુરુષકાર હોવા છતાં તેને કારણ માનતા નથી. તેમ જ જે કાર્ય પુરુષાર્થયોગે થતું હોય છે તેની પ્રત્યે પુરુષકારને જ કારણ મનાય છે. પરંતુ તે વખતે દૈવ હોવા છતાં તેને કારણ માનતા નથી. કારણ કે વિદ્યમાન એવા પુરુષકારને અને દૈવને તે તે કાર્યની પ્રત્યે કારણ માનવામાં આવે તો તે તે કાર્ય કરતી વખતે અનુક્રમે દૈવને અને પુરુષકારને પુરુષકારની અને દૈવની અપેક્ષા છે એમ માનવું પડે અને તેથી સાપેક્ષને અસમર્થ માનવાનો પ્રસંગ આવશે. તેના નિવારણ માટે તે તે કાર્યની પ્રત્યે દૈવ અને પુરુષાર્થ એકને જ કારણ મનાય છે. પરંતુ તેની સાથે અનુક્રમે પુરુષાર્થ અને દૈવ હોવા છતાં તેને કારણ માનતા નથી.

આથી સમજી શકાશે કે સદ્ અને અસદ્(વિદ્યમાન અને અવિદ્યમાન)માં કોઈ વિશેષ નથી. જેમ વિદ્યમાન પણ કારણ નથી; તેમ અવિદ્યમાન પણ કારણ નથી. આ રીતે સદ્‌માં અર્થક્રિયાકારિત્વ(સ્વકાર્યકરવાપણું) ન હોવાથી સત્ પણ અસદ્ જ છે. કારણ કે 'અર્થક્રિયાકારિત્વ' એ વસ્તુનું વાસ્તવિક લક્ષણ છે. તેથી તે તે દૈવાદિકારણથી થનારાં તે તે કાર્યની પ્રત્યે દૈવાદિ જ કારણ છે, તેની સાથે રહેનારાં પુરુષાર્થાદિ કારણ નથી. સત્ પણ અસદ્ છે - એ પ્રમાણે **सदपि नादृतम्** અહીં **अपि** પદથી જણાવ્યું છે. ।।૧૭-૩।।

નિશ્ચયનયની અપેક્ષાએ દૈવ અને પુરુષકારમાં નિરપેક્ષકારણતાનું જ સમર્થન કરાય છે—

**विशिष्य कार्यहेतुत्वं, द्वयोरित्यनपेक्षयोः ।**
**अवर्ज्यसन्निधि त्वन्यदन्यथासिद्धिमञ्चति ।।१७-४।।**

विशिष्येति—इत्येवमनपेक्षयोर्द्वयोर्दैवपुरुषकारयो र्विशिष्य तत्तद्व्यक्तौ कार्यहेतुत्वम् । अन्यत्तु अवर्ज्यसन्निधि अवर्जनीयसन्निधिकं सत् पटादौ कार्ये दैवागतरासभ-

दन्यथासिद्धिमञ्चति प्राप्नोति । इत्थं च व्यवहारवादिनाऽन्यथासिद्धत्वादपि अन्यस्य कारणत्वं दुर्वचमिति भावः ।।१७-४।।

"આ રીતે દૈવ અને પુરુષકાર - બંન્ને પરસ્પર નિરપેક્ષપણે તે તે કાર્યવિશેષની પ્રત્યે કારણ છે. એકની સાથે બીજાનું સંનિધાન ટાળી શકાતું નથી. તેથી તો તે અન્યથાસિદ્ધિને પ્રાપ્ત કરે છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે તે તે વ્યક્તિ(સ્વરૂપ કાર્ય)ની પ્રત્યે દૈવ અને પુરુષાર્થ(પુરુષકાર)ને સ્વતંત્ર કારણ મનાય છે. અર્થાત્ દૈવજન્ય કાર્યવિશેષની પ્રત્યે દૈવ કારણ છે અને તેવી જ રીતે પુરુષકારજન્ય કાર્યવિશેષની પ્રત્યે પુરુષકાર કારણ છે. આ રીતે વિશેષસ્વરૂપે દૈવ અને પુરુષકારનો તે તે કાર્યની પ્રત્યે કાર્યકારણભાવ છે.

યદ્યપિ દૈવથી અને પુરુષકારથી થનાર તે તે કાર્યની પૂર્વે અનંતરક્ષણમાં દૈવ અને પુરુષકારની સાથે અનુક્રમે પુરુષકાર અને દૈવનું અસ્તિત્વ હોવાથી તેને પણ તે તે કાર્યની પ્રત્યે કારણ માનવાં જોઈએ; પરંતુ આ રીતે કારણની સાથે જેનું સંનિધાન અવર્જનીય હોય છે તેને અન્યથાસિદ્ધ મનાય છે. પટાદિ કાર્યસ્થળે ભાગ્યયોગે(અકસ્માદ્) આવી ચઢેલા રાસભ(ગધેડો)ને પટાદિ કાર્યની પ્રત્યે કારણ માનવામાં આવતો નથી; પણ અન્યથાસિદ્ધ મનાય છે. તેમ અહીં પણ તે તે કાર્યની પ્રત્યે દૈવાદિની સાથે અવશ્ય રહેનાર પુરુષકારાદિને અન્યથાસિદ્ધ મનાય છે. આ રીતે વિચારવામાં આવે તો વ્યવહારનયની માન્યતા ધરનારે એક(વિશેષ) કાર્યની પ્રત્યે દૈવાદિની સાથે રહેનારા પુરુષકારાદિને, તે અન્યથાસિદ્ધ હોવાથી કારણ માનવાનું શક્ય નથી. કારણ કે અન્યથાસિદ્ધિથી જે શૂન્ય હોય છે તેને કારણ માનવામાં આવે છે - આ પ્રમાણે **अन्यत्तु**... ઈત્યાદિ ગ્રંથનો આશય છે. ।।૧૭-૪।।

નિશ્ચયનયની અપેક્ષાએ દૈવ અને પુરુષકારની કારણતાનો વિચાર કરીને હવે વ્યવહારનયની અપેક્ષાએ તેની વિચારણા કરાય છે–

**अन्वयव्यतिरेकाभ्यां, व्यवहारस्तु मन्यते ।**
**द्वयोः सर्वत्र हेतुत्वं, गौणमुख्यत्वशालिनोः ।।१७-५।।**

अन्वयेति–व्यवहारस्तु व्यवहारनयस्तु । अन्वयव्यतिरेकाभ्यां द्वयोर्दैवपुरुषकारयोः सर्वत्र कार्ये हेतुत्वं मन्यते गौणमुख्यत्वशालिनोः । क्वचित्कार्ये हि किञ्चिद् गौणतयोपयुज्यते, किञ्चिच्च मुख्यतया । सामान्यतस्तु दैवं पुरुषकारं वा विना न किञ्चित्कार्यं जायते इति सामान्यतः सर्वत्र हेतुत्वमनयोः । यस्तु कुर्वद्रूपत्वेन कारणत्वमिच्छन् सामान्यतः कारणतामेवापलपति, तस्य घटाद्यर्थमरण्यस्थदण्डादौ प्रवृत्तिर्दुर्घटा, तस्या घटसाधनताज्ञानाधीनत्वात्, तस्य च घटोपधानात्प्रागसिद्धेः । 'सादृश्यग्रहात्प्रागपि तत्र घटसाधनत्वधीः, अत एव न कार्यलिङ्गकोच्छेदः, अतज्जातीयात्तज्जातीयोत्पत्तिसम्भावनाभावादिति' चेन्न, तत्रापि वासनाविशेषस्य बीजत्वे तेनैव प्रवृत्त्याद्युपपत्तौ दृष्टकारणवैफल्यप्रसङ्गात् प्रकृते बाधकाभावाच्चेत्यन्यत्र विस्तरः ॥१७-५॥

"અન્વય અને વ્યતિરેકના કારણે દૈવ અને પુરુષકારને ગૌણ અથવા મુખ્યભાવે કાર્યમાત્રની પ્રત્યે કારણ માનવાનું કામ વ્યવહારનય કરે છે." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સમજી શકાય છે કે જ્યાં જ્યાં કાર્ય છે ત્યાં ત્યાં તેની પૂર્વક્ષણમાં દૈવ અને પુરુષકાર હોય છે : આ અન્વય(કાર્યકારણનું નિયત સાહચર્ય)થી અને જ્યાં જ્યાં દૈવ અને પુરુષકારનો અભાવ છે ત્યાં ત્યાં કાર્યમાત્રનો અભાવ છે. આ વ્યતિરેક(કારણાભાવ-કાર્યાભાવનું નિયત સાહચર્ય)થી કાર્યમાત્રની પ્રત્યે દૈવ અને પુરુષકારને ગૌણમુખ્યભાવે કારણ માનવામાં આવે છે. અર્થાત્ કોઇ કાર્યની પ્રત્યે દૈવને ગૌણ કારણ અને પુરુષકારને મુખ્ય કારણ માનવામાં આવે છે. તેમ જ કોઇ કાર્યની પ્રત્યે દૈવને મુખ્ય કારણ અને પુરુષકારને ગૌણ કારણ માનવામાં આવે છે. સામાન્યથી કોઇ પણ કાર્ય દૈવ અને પુરુષકાર વિના થતું નથી. તેથી સામાન્યથી કાર્યમાત્રની પ્રત્યે દૈવ અને પુરુષકારની કારણતા મનાય છે.

જે (નિશ્ચયનયને અનુસરી) કુર્વદ્રૂપત્વે જ કારણતાને ઇચ્છે છે અર્થાદ્ 'જે કાર્ય કરે છે તે જ કારણ છે; તેનાથી બીજા નહિ. તેથી ઘટની પ્રત્યે ઉપયોગી બનતો દંડવિશેષ જ (ગ્રામસ્થ) કારણ છે. દંડસામાન્ય (અરણ્યસ્થ દંડાદિ) કારણ નથી' એ પ્રમાણે વિશેષસ્વરૂપે કારણ માનીને સામાન્યથી કાર્યકારણભાવનો અપલાપ કરે છે, તે; ઘટાદિ કાર્ય માટે અરણ્યસ્થ દંડાદિમાં પ્રવૃત્તિ કરી શકશે નહીં. કારણ કે **घटसाधनम् दण्डादि**... ઇત્યાદ્યાકારક ઘટસાધનતાની બુદ્ધિના કારણે તે પ્રવૃત્તિ થતી હોય છે. સામાન્યને કારણ માનવામાં ન આવે તો ઘટની પ્રત્યે કયો દંડ કારણ

બન્યો છે તેનો નિર્ણય તો ઘટની ઉત્પત્તિ પછી શક્ય બને છે. ઘટની ઉત્પત્તિ પૂર્વે એ શક્ય બનતું ન હોવાથી; ઘટની ઉત્પત્તિની પૂર્વે ઘટસાધનતાની બુદ્ધિ ન હોવાથી ઘટાદિ માટે અરણ્યસ્થ દંડાદિમાં પ્રવૃત્તિ શક્ય નહીં બને.

“યદ્યપિ ઘટાદિ કાર્ય માટે અરણ્યસ્થદંડાદિમાં જે પ્રવૃત્તિ થાય છે તેમાં ઘટાદિસાધનતાની બુદ્ધિનું પૂર્વકત્વ નથી પરંતુ ઘટાદિકાર્યના સાધનભૂત ગ્રામસ્થદંડાદિસદૃશત્વનો તે દંડાદિમાં (અરણ્યસ્થ દંડાદિમાં) ગ્રહ હોવાથી ઘટની ઉત્પત્તિ પૂર્વે ઘટસાધનત્વની બુદ્ધિ છે. તેથી જ કાર્યલિંગક(ધૂમાદિલિંગક) અનુમાનનો ઉચ્છેદ થતો નથી. અન્યથા સર્વથા અદૃષ્ટ તે તે ધૂમાદિને જોઇને વહ્નિ વગેરેનું અનુમાન શક્ય નહિ થાય. ત્યાં પણ પૂર્વદૃષ્ટધૂમાદિસદૃશ ધૂમાદિના દર્શનથી સાદૃશ્યગ્રહાત્મક જ લિંગનું જ્ઞાન અનુમાનનું પ્રયોજક મનાય છે. અતદ્જાતીયથી તદ્જાતીયની ઉત્પત્તિ શક્ય નથી - એ સમજી શકાય છે.” - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે સર્વથા ક્ષણિકવાદીને પૂર્વ-પૂર્વ ક્ષણ જ ઉત્તર-ઉત્તર ક્ષણના કારણ તરીકે અભિમત હોવાથી વાસના(સંસ્કાર)વિશિષ્ટ તે તે ક્ષણ જ ઉત્તરોત્તર સજાતીય કે વિજાતીય તે તે ક્ષણનું કારણ બને છે. આ રીતે તો અતીન્દ્રિય સંસ્કાર જ કારણ હોવાથી પ્રત્યક્ષસિદ્ધ કારણને કારણ માનવાની જ જરૂર નથી. અર્થાત્ તે તે કાર્યના નજરે દેખાતાં તે તે કારણોનું કોઇ જ પ્રયોજન નહી રહે.

યદ્યપિ કારણોનું (દૃષ્ટ કારણોનું) એ મુજબ વૈફલ્ય થાય તો ભલે થતું - એમ કહીને બૌદ્ધો ઇષ્ટાપત્તિ કરી શકે છે. પરંતુ પ્રત્યક્ષસિદ્ધ કાર્યકારણભાવના સ્વીકારમાં કોઇ બાધક ન હોવાથી પ્રત્યક્ષબાધિત કલ્પના કરવાનું ઉચિત નથી... ઇત્યાદિ વિસ્તારથી ગ્રંથકારશ્રીએ અન્યત્ર જણાવ્યું છે. ॥૧૭-૫॥

ઉપર જણાવ્યા મુજબ કાર્યમાત્રની પ્રત્યે જો દૈવ અને પુરુષકાર ઉભય કારણ હોય તો તે તે કાર્ય દૈવથી કે પુરુષકારથી થયું છે... ઇત્યાદિ સ્વરૂપે અન્યતર કારણતાનો વ્યવહાર કેમ થાય છે ? એ શંકાનું સમાધાન કરાય છે–

**अनुत्कटत्वं गौणत्वमुत्कटत्वं च मुख्यता ।**
**द्वयं प्रत्येकजन्यत्वव्यपदेशनियामकम् ॥१७-६॥**

अनुत्कटत्वमिति–गौणत्वमनुत्कटत्वं न त्वल्पत्वमेव, अल्पस्यापि बलीयसो गौणत्वाव्यपदेशाद् । एवं मुख्यता चोत्कटत्वम् । एतद्द्वयं प्रत्येकजन्यत्वव्यपदेशे नियामकम् । अन्यथा सर्वस्य कार्यस्योभयजन्यत्वात्प्रत्येकजन्यत्वव्यवहारोऽप्रामाणिकः स्यादिति भावः ॥१७-६॥

"અનુત્કટને ગૌણ કહેવાય છે અને ઉત્કટને મુખ્ય કહેવાય છે. આ અનુત્કટત્વ અને ઉત્કટત્વ બંન્ને પ્રત્યેક(દૈવ પુરુષકાર - એક એક) જન્યત્વના વ્યવહારનું કારણ છે." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અક્ષરાર્થ છે. ભાવાર્થ ખૂબ જ સ્પષ્ટ છે કે દૈવ અથવા પુરુષકાર જો અનુત્કટ હોય તો તેમાં ગૌણત્વ મનાય છે. અલ્પત્વસ્વરૂપ અહીં ગૌણત્વ વિવક્ષિત નથી. કારણ કે અલ્પ પણ બળવાન હોય તો તેમાં ઉત્કટત્વના કારણે ગૌણત્વનો વ્યવહાર થતો નથી. આવી જ રીતે દૈવ અથવા પુરુષકાર જો ઉત્કટ હોય તો તેમાં મુખ્યત્વ મનાય છે.

એ ગૌણત્વ અને મુખ્યત્વ બંન્નેથી પ્રત્યેક અર્થાત્ દૈવ અથવા પુરુષકારથી જન્યત્વનો વ્યવહાર તે તે કાર્યમાં કરાય છે. અન્યથા કાર્યમાત્ર દૈવ અને પુરુષકાર ઉભયથી જન્ય હોય તો તે તે કાર્યમાં દૈવજન્યત્વ અથવા પુરુષકારજન્યત્વ સ્વરૂપ પ્રત્યેકજન્યત્વનો વ્યવહાર પ્રામાણિક નહીં બને. આથી સમજી શકાશે કે પ્રત્યેકજન્યત્વ(પ્રત્યેકથી ઉત્પન્ન થવું)ના વ્યવહારનું નિયામક દૈવાદિની ગૌણતાદિ છે. ॥૧૭-૬॥

एतदेव भावयति–

ઉપર જણાવેલી વાતને સ્પષ્ટપણે જણાવાય છે–

**उत्कटेन हि दैवेन, कृतं दैवकृतं विदुः ।**
**तादृशेन च यत्नेन, कृतं यत्नकृतं जनाः ॥१७-७॥**

उत्कटेन हीति–उत्कटेन हि दैवेन कृतं कार्यं जना दैवकृतं विदुः, तादृशेनोत्कटेन यत्नेन च कृतं यत्नकृतमेतदिति । इत्थं चोत्कटस्वकृतत्वज्ञानमनुत्कटान्यकृतत्वज्ञानं वा प्रत्येकजन्यत्वाभिलापप्रयोजकम् । दैवकृतमिदं न पुरुषकारकृतमित्यत्र चोत्कटपुरुषकारकृतत्वाभाव एव विषय इति न कश्चिद्दोष इत्यर्थः ॥१७-७॥

"ઉત્કટ એવા દૈવથી કરાયેલા કાર્યને દૈવકૃત કાર્ય અને ઉત્કટ પ્રયત્નથી કરાયેલ કાર્યને યત્નકૃત કાર્ય તરીકે લોકો જાણે છે." - આ પ્રમાણે સાતમા

શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે ઉત્કટદૈવકૃતત્વનું જ્ઞાન હોય અથવા દૈવને છોડીને અનુત્કટ એવા પુરુષાર્થ-યત્નકૃતત્વનું જ્ઞાન હોય ત્યારે તે જ્ઞાન તે કાર્યમાં દૈવકૃતત્વના વ્યવહારનું પ્રયોજક બને છે. તેમ જ યત્નકૃતત્વના વ્યવહારનું પ્રયોજક ઉત્કટયત્નકૃતત્વનું જ્ઞાન અથવા અનુત્કટદૈવકૃતત્વનું જ્ઞાન બને છે.

યદ્યપિ **दैवकृतमिदं, न पुरुषकारकृतम्**... ઇત્યાદિ વ્યવહાર પ્રસિદ્ધ હોવાથી એક કાર્યમાં ઉભયકૃતત્વ નહીં માનવું જોઇએ; પરંતુ એ વ્યવહાર ઉત્કટપુરુષકાર-કૃતત્વાભાવને સમજાવે છે. સર્વથા પુરુષકારકૃતત્વાભાવવિષયક એ વ્યવહાર નથી. તેથી દૈવકૃતકાર્યમાં અનુત્કટપુરુષાર્થકૃતત્વ માનવામાં કોઇ દોષ નથી. ॥૧૭-૭॥

विशेषदर्शिनो व्यवहारमुपपाद्याविशेषदर्शिनस्तमुपपादयति–

**दैवकृतमिदं, न पुरुषकारकृतम्**... ઇત્યાદિ વ્યવહાર, વિશેષગ્રાહી વ્યવહારને આશ્રયીને કઇ રીતે સંગત છે તે જણાવીને હવે સામાન્ય(વિશેષની વિવક્ષા વિના)ગ્રાહી વ્યવહારને આશ્રયીને તે અંગે જણાવાય છે–

**अभिमानवशाद् वाऽयं, भ्रमो विध्यादिगोचरः ।**
**निविष्टबुद्धिरेकत्र, नान्यद्विषयमिच्छति ॥१७-८॥**

अभिमानेति–यद्वाऽयं दैवकृतमिदं न पुरुषकारकृतमित्यादिर्व्यवहारो विध्यादिगोचरो विधिनिषेधविषयो भ्रमो विपर्यासोऽभिमानवशादहङ्कारदोषवशात् । यद्यस्मादेकत्र निविष्टबुद्धिरेकविषयोपरक्तग्रहणतीव्राभिलाषो नान्यद्विषयमिच्छति । इत्थं चैकधर्मोत्कटजिज्ञासयैवापरधर्माग्रहश्चोपपद्यत इति भावः । विपञ्चितोऽयमर्थ उपदेशपदप्रसिद्ध उपदेश-रहस्येऽस्माभिः ॥१७-८॥

"અથવા 'આ દૈવકૃત છે અને પુરુષકારકૃત નથી' - આ વિધિનિષેધવિષયક વ્યવહાર અહંકારને લઇને થયો હોવાથી ભ્રમસ્વરૂપ છે. કારણ કે એક વિષયમાં બુદ્ધિ નિવિષ્ટ હોય તો ત્યારે તે બીજા વિષયને ઇચ્છતી નથી. અર્થાત્ ગ્રહણ કરતી નથી." - આ પ્રમાણે આઠમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે, 'આ દૈવકૃત છે અને પુરુષકારકૃત નથી...' ઇત્યાદિ વ્યવહાર ઉપર જણાવ્યા મુજબ ઉત્કટ પુરુષકારકૃતત્વાભાવનું અવગાહન કરે છે - એમ જણાવીને તેની પ્રામાણિકતાને જણાવી. હવે પ્રકારાંતરે તે ભ્રમસ્વરૂપ છે તે

જણાવાય છે. કારણ કે કાર્યમાત્રની પ્રત્યે દૈવ અને પુરુષકારનું સામર્થ્ય સમાન છે - એમ માનનાર વ્યવહારનય 'કોઇ પણ કાર્યમાં પુરુષકારકૃતત્વ નથી' એવા વ્યવહારને ઉચિત ના માને. તેથી વિધિ અને નિષેધ વિષયક એ વ્યવહાર, અહંકારસ્વરૂપ દોષના કારણે થયો હોવાથી આભિમાનિક ભ્રમાત્મક છે.

અહંકારનું કારણ પણ એ છે કે એક વાર બુદ્ધિ જે વિષયને તીવ્ર અભિલાષથી ગ્રહણ કરી તેમાં ઉપરક્ત બને છે ત્યારે તે વિષયને છોડીને બીજા વિષયને ગ્રહણ કરવા તત્પર બનતી જ નથી. આથી જ એક ધર્મની ઉત્કટ જિજ્ઞાસાના કારણે તેનાથી બીજા ધર્મનો ગ્રહ થતો નથી. આમાંથી જ આહાર્યજ્ઞાન ઉત્પન્ન થતું હોય છે, જે એક જાતિનો ભ્રમ જ હોય છે. જ્ઞાતાને ચોક્કસ ખબર હોય છે કે શંખ પીળો હોતો નથી. એમ છતાં '**शङ्खे पीतत्वज्ञानं जायताम्**' આવી ઉત્કટ ઇચ્છાથી થતું **शङ्खः पीतः** એવું જ્ઞાન જેમ પ્રમાણ મનાતું નથી તેમ દૈવ અને પુરુષકાર : બંન્ને, કાર્યમાત્રની પ્રત્યે સમાનપણે કારણ છે - એમ માનનારા અવિશેષગ્રાહી વ્યવહારનયની અપેક્ષાએ '**दैवकृतमिदं, न पुरुषकारकृतम्**...' ઇત્યાદ્યાકારક વિધિનિષેધવિષયક જ્ઞાન પ્રમાણ મનાતું નથી, પરંતુ ભ્રમાત્મક મનાય છે. કારણ કે તે સ્વારસિક છે... ઇત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઇએ. 'ઉપદેશપદ'માં પ્રસિદ્ધ એ વસ્તુને ગ્રંથકાર પરમર્ષિએ 'ઉપદેશરહસ્ય'માં વર્ણવી છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી જાણી લેવું જોઇએ. ॥૧૭-૮॥

सापेक्षमसमर्थमिति दूषयितुमाह—

**सापेक्षमसमर्थ**... ઇત્યાદિ (શ્લો.નં. ૩) શ્લોકથી જણાવેલી વાત બરાબર નથી - તે જણાવાય છે અર્થાત્ તેમાં દૂષણ જણાવાય છે—

**यदीष्यते परापेक्षा, स्वोत्पत्तिपरिणामयोः ।**
**तर्हि कार्येऽपि सा युक्ता, न युक्तं दृष्टबाधनम् ॥१७-९॥**

यदीति—यदि स्वस्याधिकृतहेतोरुत्पत्तौ परिणामे च परापेक्षा स्वातिरिक्तहेत्वपेक्षा इष्यते । तदा कार्येऽपि जननीये । सा हेत्वन्तरापेक्षा युक्ता । न युक्तं दृष्टबाधनमनुभूयमानस्य सहकारिसमवधानेन कार्योत्पादकत्वस्यान्यथाकरणम् ॥१७-९॥

"જો કારણની પોતાની ઉત્પત્તિ અને તેના પરિણામને વિશે કારણને છોડીને બીજાની અપેક્ષા હોય તો કાર્યની ઉત્પત્તિ વગેરેમાં પણ તેવી અપેક્ષા યુક્ત જ છે. કારણ કે અનુભવસિદ્ધ વસ્તુનો બાધ-અપલાપ કરવો યુક્ત નથી." - આ પ્રમાણે નવમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે જે કારણને જે કાર્ય કરવામાં બીજા કારણની અપેક્ષા છે, તે કારણ તે કાર્યની પ્રત્યે અસમર્થ છે. તેથી તે તે કાર્યની પ્રત્યે દૈવાદિકારણને સ્વતંત્ર (અસાપેક્ષ) કારણ મનાય છે... ઇત્યાદિ **सापेक्ष**... (૧૭-૩) આ શ્લોકથી જણાવ્યું છે.

આ અંગે જણાવતાં આ શ્લોકથી જણાવ્યું છે કે તે તે કાર્યની પ્રત્યે જે પણ કારણ (અસાપેક્ષ) માનવામાં આવે છે, તે દૈવાદિકારણની ઉત્પત્તિ અથવા પરિણતિ(અવસ્થાંતરપ્રાપ્તિ)ની પ્રત્યે કારણને(દૈવાદિને) છોડીને બીજા કારણની અપેક્ષા હોય તો પોતાથી(દૈવાદિથી) જન્ય કાર્યની પ્રત્યે દૈવાદિકારણને પુરુષકારાદિની અપેક્ષા હોય, તે યોગ્ય જ છે. કારણ કે સહકારીકારણના સમવધાન વડે કારણ કાર્યનું ઉત્પાદક બને છે, તે અનુભવસિદ્ધ છે. તેનો બાધ-અપલાપ યુક્ત નહીં બને. ॥૧૭-૯॥

विशिष्येत्यादिनोक्तं दूषयति–

**विशिष्य कार्यहेतुत्वं**... ઇત્યાદિ (શ્લો.નં. ૪) શ્લોકથી જણાવેલી વાતમાં દોષ જણાવાય છે–

**विशिष्य कार्यहेतुत्वं, कार्यभेदे भवेदपि ।**
**अन्यथा त्वन्यथासिद्धिरन्यत्रातिप्रसङ्गकृत् ॥१७-१०॥**

विशिष्येति–विशिष्य कार्यहेतुत्वं च कार्यभेदे प्रामाणिके सति भवेदपि । तथा विजातीये वह्नौ तृणादेर्विजातीये च तत्रारण्यादेरिति । अन्यथा कार्यभेदाभावे त्वेकेन हेतुनाऽपरहेतोरन्यथासिद्धिरुच्यमाना अन्यत्र प्रकृतातिरिक्तस्थलेऽतिप्रसङ्गकृत् । शक्यं ह्येवं वक्तुं घटेऽपि दण्डो हेतुर्न चक्रमिति । न शक्यं स्वतन्त्रान्वयव्यतिरेकदर्शनादेकेनापरान्यथासिद्ध्यभावादिति चेत्तुल्यमिदमन्यत्र ॥१७-१०॥

"કાર્યભેદ(તે તે કાર્યની ભિન્નતા) હોતે છતે વિશેષસ્વરૂપે(અસાપેક્ષ)કાર્યની પ્રત્યે કારણતા ઘટી પણ શકે, પરંતુ કાર્યભેદ ન હોય તો અન્યથાસિદ્ધિ; અન્યત્ર અતિપ્રસંગને કરનારી છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. કહેવાનું

તાત્પર્ય એ છે કે આ બત્રીશીના શ્લોક નં. ૪માં જણાવ્યા મુજબ દૈવ અને પુરુષકાર - બંન્ને પરસ્પર નિરપેક્ષપણે તે તે કાર્યવિશેષની પ્રત્યે કારણ છે. એકની સાથે બીજાનું અસ્તિત્વ(સંનિધાન) ટાળી શકાતું નથી. તેથી તો તે અન્યથાસિદ્ધિને પ્રાપ્ત કરે છે અર્થાત્ તે અન્યથાસિદ્ધ છે. આ વિષયમાં અહીં આ શ્લોકથી જણાવ્યું છે કે, તે તે કાર્યમાં જે ભેદ મનાય છે તે પ્રામાણિક હોય તો તે રીતે વિશેષસ્વરૂપે કારણને (દૈવાદિને) કાર્યની પ્રત્યે હેતુ માની પણ શકાય. એ મુજબ તાર્ણ વહ્નિ(તૃણવિશેષથી ઉત્પન્ન વિજાતીય વહ્નિ)ની પ્રત્યે તૃણને અને અરણિનિર્મન્થનાદિથી જન્ય વહ્નિની પ્રત્યે અરણિ-નિર્મન્થનાદિને કારણ મનાય છે તેમ જ અરણ્યમાં ઉત્પન્ન થનારા આરણ્ય વગેરે વહ્નિવિશેષની પ્રત્યે અરણ્યાદિને કારણ મનાય છે.

પરંતુ એવા પ્રકારનો કાર્યનો ભેદ ન હોય તો એક કારણને લઈને બીજા કારણને અન્યથાસિદ્ધ કહેવાનું ઉચિત નથી. કારણ કે તેમ કરવાથી અન્યત્ર અતિપ્રસંગ આવશે. આશય એ છે કે યોગની સિદ્ધિમાં કોઈ ભેદ ન હોય તો તે તે યોગની સિદ્ધિ પ્રત્યે સ્વતંત્રપણે દૈવને કે પુરુષકારને કારણ માનવામાં આવે અને તેની સાથે રહેનાર પુરુષકારને કે દૈવને અન્યથાસિદ્ધ માનવામાં આવે તો યોગસિદ્ધિને છોડીને બીજે પણ એ અતિપ્રસંગ આવશે. અર્થાત્ ઘટાદિ કાર્યની પ્રત્યે દંડ કારણ છે, ચક્ર નહીં... ઇત્યાદિ કહી શકાય છે. યદ્યપિ ચક્રથી ઇતર દંડાદિ સકલ સામગ્રી હોતે છતે ચક્ર હોય તો ઘટ થાય છે અને તે ન હોય તો ઘટ થતો નથી. આ સ્વતંત્ર અન્વય અને વ્યતિરેકના કારણે ઘટની પ્રત્યે દંડ કારણ છે, ચક્ર નહીં... ઇત્યાદિ કહી શકાય એવું નથી. પરંતુ એ રીતે તો દૈવ વગેરે હોતે છતે પુરુષકારથી યોગની સિદ્ધિ થાય છે અને તે ન હોય ત્યારે યોગની સિદ્ધિ થતી નથી... ઇત્યાદિ અન્વય વ્યતિરેક તો અહીં પણ સમાન જ છે. તેથી એકને કારણ માની બીજાને અન્યથાસિદ્ધ માનવાનું ઉચિત નથી - એ સમજી શકાય છે. ॥૧૭-૧૦॥

अथ दैवोत्कर्षेण फलोत्कर्षदर्शनात्तदेव फलहेतुर्न यत्न इत्याशङ्कायामाह–

દૈવ(ભાગ્ય) પ્રબળ હોય તો ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત થાય છે; તેથી ફળની પ્રત્યે દૈવને જ કારણ માનવામાં આવે છે, પ્રયત્નને નહીં - આ વાત બરાબર નથી, તે જણાવાય છે–

**क्वचित्कर्मेव यत्नोऽपि, व्यापारबहुलः क्वचित् ।**
**अन्ततः प्राग्भवीयोऽपि, द्वावित्यन्योऽन्यसंश्रयौ ॥१७-११॥**

क्वचिदिति—क्वचित्कार्ये कर्मेव यत्नोऽपि क्वचित्कार्ये व्यापारबहुलः । अन्तत ऐहिकयत्नप्राचुर्यानुपलम्भे प्राग्भवीयोऽपि स व्यापारबहुल आवश्यकः, उत्कृष्टयत्नं विनोत्कृष्टदैवानुत्पत्तेः, इत्येवं फलविशेषोत्कर्षप्रयोजकोत्कर्षवत्तयापि द्वौ दैवपुरुषकारावन्योऽन्यसंश्रयौ फलजनने परस्परापेक्षौ । यत उक्तं—"व्यापारमात्रात् फलदं निष्फलं महतोऽपि च । अतो यत्कर्म तद्दैवं चित्रं ज्ञेयं हिताहितम् ॥१॥ एवं पुरुषकारस्तु व्यापारबहुलस्तथा । फलहेतुर्नियोगेन ज्ञेयो जन्मान्तरेऽपि हि ॥२॥ अन्योऽन्यसंश्रयावेवं द्वावप्येतौ विचक्षणैरुक्तौ"० ॥३॥ इति ॥१७-११॥

"કોઇ કાર્યમાં જેમ કર્મ ઉત્કટ હોય છે તેમ કોઇ કાર્યમાં પ્રયત્ન પણ ઉત્કટ હોય છે. કોઇ વાર વર્તમાનમાં પ્રયત્નની પ્રચુરતા(ઉત્કટતા) જણાતી ન પણ હોય તો તે ઉત્કટ પ્રયત્ન પૂર્વભવનો છે - એ ચોક્કસ છે. આ રીતે ફળની પ્રત્યે દૈવ(કર્મ) અને પુરુષકાર(પ્રયત્ન) બંન્ને પરસ્પર સાપેક્ષપણે પ્રયોજક મનાય છે." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અર્થ છે.

એનો આશય સ્પષ્ટ છે કે દૈવ પ્રબળ હોય તો ખૂબ જ અલ્પ પ્રયત્ને ચિકાર ફળ પ્રાપ્ત થાય છે અને ચિકાર પ્રયત્ન કરવા છતાં ભાગ્યની મંદતાએ અલ્પ - નહીંજેવું ફળ પ્રાપ્ત થાય છે - આવું ઘણીવાર જોવા મળતું હોય છે. આથી એમ જ લાગે કે ફળના ઉત્કર્ષથી દૈવમાં જ ફળપ્રયોજકતા છે અને પુરુષકારમાં તે નથી. પરંતુ આ વાત ઉચિત નથી. કારણ કે ઉપર જણાવ્યા મુજબ દૈવની પ્રચુરતાની જેમ કોઇ વાર પ્રયત્નની પણ પ્રચુરતા જોવા મળે છે. જ્યાં પણ દૈવાધિક્ય સ્થળે પ્રયત્નની અલ્પતા જોવા મળે ત્યાં પૂર્વભવસંબંધી પ્રયત્નની અધિકતા માનવાનું આવશ્યક છે. કારણ કે ઉત્કૃષ્ટ પ્રયત્ન વિના ઉત્કૃષ્ટ દૈવની ઉત્પત્તિ શક્ય નથી. આ રીતે યોગની સિદ્ધિ વગેરે સ્વરૂપ ફળના ઉત્કર્ષની પ્રત્યે પ્રયોજક એવા ઉત્કર્ષના આશ્રય તરીકે દૈવ અને પુરુષકાર બંન્ને તે તે ફળને ઉત્પન્ન કરવામાં પરસ્પર અપેક્ષાવાળા છે.

યોગબિંદુમાં આ વાતને જણાવતાં ફરમાવાયું છે કે - "અત્યંત અલ્પ એવા પણ વ્યાપાર(પ્રયત્ન)થી જે કર્મ ફળને આપનારું બને છે અને મોટા એવા પણ

પુરુષાર્થથી જે કર્મ નિષ્ફળ જાય છે તે દૈવ નામનું શુભાશુભ કર્મ ચિત્ર (અનેક પ્રકારનું) છે. આવી જ રીતે કર્મની અપેક્ષાએ વ્યાપાર-બહુલ (ઉત્કટ) પુરુષકાર પણ ચોક્કસપણે જન્માંતરમાં પણ ફળનું કારણ બને છે - તે સમજી લેવું જોઇએ. આ પ્રમાણે દૈવ અને પુરુષકાર ફળની પ્રત્યે પરસ્પર સાપેક્ષ છે - એમ વિદ્વાનોએ કહ્યું છે.''.. (જુઓ યોગબિંદુમાં શ્લો.નં. ૩૨૨, ૩૨૩, ૩૨૪). ॥૧૭-૧૧॥

આ વિષયમાં સાંખ્યોની માન્યતાને જણાવીને તેનું નિરાકરણ કરાય છે–

**कर्मैव ब्रुवते केचित्, कालभेदात् फलप्रदम् ।**
**तन्नैहिकं यतो यत्नः, कर्म तत्पौर्वदेहिकम् ।।१७-१२।।**

कर्मैवेति–केचित् साङ्ख्याः कर्मैव कर्म प्रधानापरनामकम् । एवकारेण पुरुषकार-व्युदासः । कालभेदात् तत्तत्कालसम्बन्धलक्षणविपाकात् । फलप्रदं तत्तत्कार्यकारि ब्रुवते । तदुक्तं–"अन्यैस्तु कर्मैव केवलं कालभेदत" इति । तन्न, यत ऐहिकं कर्म वाणिज्यराज-सेवादि यत्न उच्यते । पौर्वदेहिकं पूर्वदेहजनितम् । तद्वासनात्मना तथाविधपुद्गलग्रहण-सम्बन्धेन वाऽवस्थितं कर्मोच्यते ।।१७-१२।।

''કેટલાક લોકો(સાંખ્યો) કહે છે કે 'કાલવિશેષે કર્મ જ ફળને આપનારું છે.' પરંતુ તે બરાબર નથી. કારણ કે આ લોકમાં થતા વ્યાપાર, ધંધો, નોકરી વગેરે સ્વરૂપ કર્મ(ક્રિયા)ને યત્ન કહેવાય છે અને પૂર્વભવના શરીરથી જન્ય જે છે તે કર્મ છે.'' - આ પ્રમાણે બારમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે સાંખ્યો એમ કહે છે કે પ્રધાન જેનું બીજું નામ છે તે કર્મ જ યોગની સિદ્ધિમાં કાલવિશેષે તે તે કાર્યને કરનારું છે, પુરુષકાર ફળપ્રદ નથી. તે તે કર્મ જે કાળે પોતાના વિપાક(ફળ)ને દર્શાવવા સમર્થ બને છે, તે કાળને પાકેલો કાળ મનાય છે. કાળ પાકે ત્યારે જ તે તે કર્મ તે તે કાર્યને કરનારું બને છે. કાળનો પરિપાક ન થયો હોય ત્યારે કર્મથી પણ ફળની પ્રાપ્તિ થતી નથી. યોગબિંદુમાં એ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે - સાંખ્યોએ કેવળ પુરુષકારથી રહિત કર્મ(પ્રધાન) જ કાલવિશેષને પ્રાપ્ત કરી તે તે કાર્યને કરનારું બને છે, એમ માન્યું છે.

પરંતુ સાંખ્યોની એ વાત બરાબર નથી. કારણ કે વ્યાપાર, ધંધો અને રાજાની સેવા વગેરે સ્વરૂપ નોકરી આદિ આ લોક સંબંધી કર્મોને યત્ન કહેવાય છે અને પૂર્વભવમાંના શરીરથી ઉદ્ભવેલું કે જે સંસ્કારસ્વરૂપે અથવા તેવા

પ્રકારના કાર્મણવર્ગણાના પુદ્ગલના સંબંધના કારણે આત્મામાં અવસ્થિત છે તેને કર્મ કહેવાય છે. યદ્યપિ આથી સાંખ્યોએ જણાવેલી વાતની અયુક્તતા સ્પષ્ટ થતી નથી, પરંતુ તે હવે જણાવાશે. ।।૧૭-૧૨।।

સાંખ્યોનું કથન અયુક્ત છે, તે જ જણાવાય છે–

**भवान्तरीयं तत्कार्यं, कुरुते नैहिकं विना ।**
**द्वारत्वेन च गौणत्वमुभयत्र न दुर्वचम् ।।१७-१३।।**

भवान्तरीयमिति–भवान्तरीयं पूर्वभवार्जितं तत्कर्म । कार्यं धनप्राप्त्यादिकम् । ऐहिकं वाणिज्यराजसेवादि कर्म विना न कुरुते । अतोऽन्वयव्यतिरेकाविशेषात् पौर्वदेहिकस्येवैहिकस्यापि कर्मणः कार्यहेतुत्वमिति द्वयोरन्योऽन्यापेक्षत्वमेव । तदुक्तं–"दैवमात्मकृतं विद्यात् कर्म यत्पौर्वदेहिकम् । स्मृतः पुरुषकारस्तु क्रियते यदिहापरम् ।।१।। नैतदात्मक्रियाभावे यतः स्वफलसाधनम् । अतः पूर्वोक्तमेवेह लक्षणं तात्त्विकं तयोः ।।२।। इति" । द्वारत्वेन व्यापारत्वेन च गौणत्वमुच्यमानम् । उभयत्र यत्ने कर्मणि च न दुर्वचम् । ऐहिकयत्नस्य कर्मव्यापारत्ववत् प्राग्भवीयकर्मणोऽपि प्राग्भवीययत्नव्यापारत्वाविशेषादिति भावः ।।१७-१३।।

''પૂર્વભવમાં ઉપાર્જેલું તે કર્મ આ લોક સંબંધી કર્મ(યત્ન) વિના કાર્ય કરતું નથી. દ્વાર હોવાના કારણે યત્ન ગૌણ છે, આ પ્રમાણે બંન્ને સ્થાને કહેવાનું અશક્ય નથી.'' - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે ભવાંતરમાં ઉપાર્જેલું શુભાશુભ કર્મ જ્યારે પણ ધનની પ્રાપ્તિ વગેરે જે ફળને આપવાનું કાર્ય કરે છે, તે આ લોક સંબંધી વ્યાપાર કે રાજ્યસેવાદિ સ્વરૂપ કર્મ(યત્ન) વિના કરતું નથી. તેથી 'જ્યાં દૈવ છે ત્યાં ફળ છે અને જ્યાં દૈવ નથી ત્યાં ફળ પણ નથી' - આ અન્વયવ્યતિરેકની જેમ, 'જ્યાં ઐહિક કર્મ(યત્ન) છે, ત્યાં ફળ છે અને જ્યાં ઐહિક કર્મ(વાણિજ્યાદિ સ્વરૂપ) - યત્ન નથી, ત્યાં ફળ પણ નથી' - આ અન્વયવ્યતિરેક પણ સમાન હોવાથી પૌર્વદેહિક કર્મ-દૈવની જેમ ઐહિક પણ કર્મ-યત્નને કાર્યની પ્રત્યે કારણ માનવું જોઇએ. જેથી દૈવ અને પુરુષકાર બંન્ને પરસ્પર સાપેક્ષપણે કાર્યની પ્રત્યે કારણ છે - એ સ્પષ્ટ છે.

યોગબિંદુમાં એ અંગે જણાવ્યું છે કે મિથ્યાત્વ, અવિરતિ અને કષાય વગેરે હેતુઓથી આત્માએ કરેલું જે પૂર્વભવના શરીરમાં થયેલું કર્મ છે તેને દૈવ તરીકે

જાણવું તેમ જ આ ભવમાં વ્યાપારી લોકો વગેરે દ્વારા વાણિજ્યાદિ (ધંધો વગેરે) જે કર્મ કરાય છે તે પુરુષકાર છે. પૂર્વભવનું કર્મ હોવા છતાં આ ભવમાં તેમને વાણિજ્ય-રાજ્યસેવાદિ કર્મ કરવું પડે છે, ત્યારે જ ફળની પ્રાપ્તિ થાય છે. ||યોગબિંદુ ૩૨૫|| આ કર્મ; જીવનો તેવા પ્રકારનો વ્યાપાર ન હોય તો જે કારણે પોતાના કાર્યને કરનારું તે બનતું નથી, તેથી તે બંન્નેનું પૂર્વે જણાવ્યા મુજબનું પરસ્પર અપેક્ષાવાળું સ્વરૂપ વાસ્તવિક છે. ||૩૨૬||

"જેમ દંડથી જન્ય ચક્રભ્રમણ દ્વારા ઘટ થતો હોવાથી ત્યાં દંડ મુખ્ય કારણ અને ચક્રભ્રમણ ગૌણ કારણ મનાય છે તેમ પૌર્વદૈહિક કર્મ આ ભવના યત્ન દ્વારા ફળની પ્રત્યે કારણ બનતું હોવાથી દૈવ મુખ્ય કારણ છે અને યત્ન દ્વાર-વ્યાપાર હોવાથી ગૌણ કારણ છે." - આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કારણ કે એ પ્રમાણે તો દૈવ પણ; તેના પૂર્વભવના શરીરમાં ઉદ્ભવેલા યત્નનો વ્યાપાર હોવાથી દૈવને પણ ગૌણ કારણ માનવું પડશે. જેમ દૈવ વિના યત્ન થતો નથી તેમ યત્ન વિના પણ દૈવનો સંભવ ક્યાં છે ? તેથી ફળની પ્રત્યે દૈવ અને પુરુષકાર ઉભય સમાન રીતે કારણ છે. ||૧૭-૧૩||

કેવળ દૈવને ફળની પ્રત્યે કારણ માનવામાં દૂષણાંતર જણાવાય છે—

**अपेक्ष्ये कालभेदे च, हेत्वैक्यं परिशिष्यते ।**
**दृष्टहानिरदृष्टस्य, कल्पनं चातिबाधकम् ॥१७-१४॥**

अपेक्ष्य इति—केवलेन कर्मणा चित्रफलजनने कालभेदे चापेक्ष्येऽपेक्षणीये हेत्वैक्यं कारणैक्यं परिशिष्यते । तत्क्षणविशिष्टकार्यत्वावच्छिन्ने तत्क्षणस्य हेतुत्वेनैवानतिप्रसङ्गाद् देशनियमस्य च स्वभावत एवोपपत्तेः । किं च दृष्टहानिर्दृष्टानां कारणानां यत्नादीनां त्यागः, अदृष्टस्य च प्रधानस्य कल्पनम् । अतिबाधकमतिबाधाकारीति न किञ्चिदेतत् ॥१७-१४॥

"તે તે ફળની પ્રત્યે કાલવિશેષને લઈને માત્ર કર્મને (દૈવને) કારણ માનવામાં આવે તો કારણનું ઐક્ય જ માનવાનું રહે છે. એ રીતે દૃષ્ટ કારણોની હાનિ અને અદૃષ્ટ કારણની કલ્પના અત્યંત દુષ્ટ છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે કાર્યમાત્રની પ્રત્યે માત્ર દૈવને જ કારણ માનવામાં આવે તો ભિન્ન ભિન્ન કાળમાં થનારાં તે તે કાર્યની પ્રત્યે કાલવિશેષને

લઈને તે તે કાર્યની ઉત્પત્તિને ઉપપન્ન કરી શકાય છે. અર્થાત્ તે તે કાળની અપેક્ષાએ દૈવથી તે તે કાળે તે તે કાર્યની ઉત્પત્તિ થાય છે - આ પ્રમાણે માનીને ફળની પ્રત્યે કેવળ કર્મની કારણતાને કેટલાક લોકો માને છે. પરંતુ એમ માનવાથી તે તે કાલમાં થનાર તે તે કાર્યની પ્રત્યે તે તે ક્ષણને જ કારણ માનવાથી કોઇ દોષ નહીં આવે. તેથી કાર્યની પ્રત્યે એક જ (ક્ષણને જ) કારણ માનવાનો પ્રસંગ આવશે.

યદ્યપિ તે તે કાળમાં થનાર કાર્ય તે તે દેશમાં (સ્થાનમાં) જ (સર્વત્ર નહિ) થતું હોવાથી તે તે કાર્યની પ્રત્યે તે તે દેશને પણ કારણ માનવાનું આવશ્યક હોવાથી કારણૈક્યના પરિશેષનો પ્રસંગ આવતો નથી. પરંતુ તે તે ક્ષણનો સ્વભાવ જ છે કે તે પોતાના કાર્યને તે તે દેશમાં જ કરે છે. આ પ્રમાણે સ્વભાવથી જ દેશનું નિયમન(તે તે દેશમાં જ કાર્યનું થવું) શક્ય હોવાથી કારણના ઐક્યના પરિશેષનો પ્રસંગ છે જ.

કથંચિત્ તે; દૈવમાત્રકારણતાવાદીને ઈષ્ટ છે - એમ માનવામાં આવે તો તેમને જે દોષ આવે છે તે આ શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવાય છે. એનો આશય સ્પષ્ટ છે કે ફળની પ્રત્યે માત્ર દૈવ-કર્મને કારણ માનવામાં આવે તો નજરે દેખાતાં એવાં યત્ન વગેરે કારણોનો ત્યાગ કરાય છે અર્થાત્ તેમાં કારણતાનો નિષેધ કરાય છે અને અદૃષ્ટ એવા દૈવ-પ્રધાન(કર્મ)ની કલ્પના કરાય છે, એ અત્યંત દુષ્ટ છે. દૃષ્ટનો અપલાપ અને અદૃષ્ટની કલ્પના અત્યંત દોષાવહ છે - એ સમજી શકાય છે. તેથી સાંખ્યોએ જણાવેલી વાત બરાબર નથી... એ સ્પષ્ટ છે. ॥૧૭-૧૪॥

દૈવ-કર્મ અદૃષ્ટ-અતીન્દ્રિય હોવાથી દૃષ્ટ કારણોના સમુદાય વડે જ કાર્યની ઉત્પત્તિ ઉપપન્ન થતી હોય તો તેને(દૈવને) ફળની પ્રત્યે કારણ માનવાની આવશ્યકતા નથી. - આ નાસ્તિક જેવાની માન્યતાનું નિરાકરણ કરાય છે—

**दृष्टेनैवोपपत्तौ च, नादृष्टमिति केचन ।**
**फले विशेषात् तदसत्, तुल्यसाधनयोर्द्वयोः ॥१७-१५॥**

दृष्टेनैवेति—दृष्टेनैव कारणसमाजेनोपपत्तौ जगद्व्यवस्थानिर्वाहलक्षणायां सत्याम् । नादृष्टं कर्म कल्पनीयमिति केचन नास्तिकप्रायाः । ते हि वदन्ति विहितनिषिद्धाभ्यामपि कर्मभ्यामामुष्मिकफलजननं स्वध्वंसद्वारैवोपपत्स्यत इति किमन्तर्गडुनाऽदृष्टेन ? न

चादृष्टसत्त्वे चरमसुखदुःखादिभोगेन तन्नाशात् फलविरामोपपत्तिरन्यथा तु तदनुपपत्तिरिति वाच्यम्, अदृष्टाभ्युपगमेऽपि कालान्तर एव फलप्राप्तेस्तदन्यकाले फलविरामोपपत्तेरिति । तदसत्, तुल्यसाधनयोः सदृशदृष्टकारणयोर्द्वयोः पुरुषयोः फले विशेषात् । तस्य चादृष्टभेदं विनाऽनुपपत्त्या तदसिद्धेः । जायते ह्येकजातीयदुग्धपानादेव कस्यचिद् दुःखं कस्यचिच्च सुखमित्यत्र चादृष्टभेद एव नियामक इति । न च कर्कट्यादिवद् दुग्धादेः क्वचित्पित्तादिरसोद्बोधादुपपत्तिः, सर्वत्र तदापत्तेः । न च भेषजवत्तथोपपत्तिः, ततः साक्षात् सुखादितौल्याद् धातुवैषम्यादेरुत्तरकालत्वादिति । तदिदमुक्तं भाष्यकृता–"जो तुल्लसाहणाणं फले विसेसो ण सो विणा हेउं । कज्जत्तणओ गोयम घडो व्व हेऊ अ से कम्मं ॥१॥" ॥१७-१५॥

"દૃષ્ટ એવાં કારણોના સમુદાયથી જ કાર્યની ઉપપત્તિ થતી હોય તો અદૃષ્ટ એવા દૈવને કારણ માનવાની આવશ્યકતા નથી - આ પ્રમાણે કેટલાક કહે છે. પરંતુ એકસરખાં કારણો હોવા છતાં ફળમાં વિશેષતા દેખાતી હોવાથી તે કથન અસત્ છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. તેનો આશય એ છે કે તે તે સુખદુઃખાદિ કાર્યોની પ્રત્યે નજરે દેખાતાં તેનાં સાધનોથી જ આ જગતની વ્યવસ્થાનો નિર્વાહ થઇ જાય છે. તેથી તે તે કાર્યોની પ્રત્યે અતીન્દ્રિય-અદૃષ્ટ કર્મને કારણ માનવાની આવશ્યકતા નથી - આ પ્રમાણે નાસ્તિક જેવા લોકો કહે છે.

તેમનું કથન એ છે કે વિધાન કરાયેલાં પૂજાદિ કર્મથી અને નિષેધ કરાયેલાં હિંસાદિ કર્મથી ભવાંતરમાં જે સુખ અને દુઃખ વગેરે સ્વરૂપ ફળની પ્રાપ્તિ થાય છે, તે ફળની પ્રાપ્તિ વખતે (તેની અવ્યવહિત પૂર્વક્ષણે) તે તે પૂજા અને હિંસાદિ સ્વરૂપ કર્મ-અનુષ્ઠાન ન હોવાથી તે અનુષ્ઠાનજન્ય અદૃષ્ટ(પુણ્ય-પાપ)-કર્મની કલ્પના કરાય છે, જેથી પૂર્વજન્મનાં તે તે અનુષ્ઠાનો પોતાથી જન્ય એવા અદૃષ્ટ(ધર્માધર્મ)-કર્મ દ્વારા પરલોકમાં સુખ-દુઃખાદિનાં જનક બને છે. પરંતુ એ માટે અદૃષ્ટ-દૈવની કલ્પના કરવાની જરૂર નથી. કારણ કે પૂજાદિ તે તે અનુષ્ઠાનોથી પોતાના ધ્વંસ દ્વારા તે તે સુખ-દુઃખાદિ કાર્યોની ઉત્પત્તિ થઇ શકે છે. "આ રીતે અદૃષ્ટ કર્મને કારણ માનવામાં આવે નહિ અને તે તે અનુષ્ઠાનના ધ્વંસને કારણ માનવામાં આવે તો પૂજાદિ અનુષ્ઠાનોથી, તેનો ધ્વંસ સર્વદા વિદ્યમાન હોવાથી નિરંતર સુખ-દુઃખાદિ ફળ પ્રાપ્ત થયા જ કરશે, ક્યારેય ય તેનો વિરામ નહીં થાય. અદૃષ્ટને કારણ માનવાથી જ્યારે ચરમ સુખદુઃખાદિના

ભોગથી અદૃષ્ટનો નાશ થશે એટલે ત્યારે ફળનો ઉપરમ થશે. ધ્વંસનો નાશ થતો ન હોવાથી ફળનો ઉપરમ (વિરામ) નહીં થાય. તેથી ફળના ઉપરમની અનુપપત્તિ ન થાય તે માટે અદૃષ્ટની કલ્પના કરવી જોઇએ.'' - આ પ્રમાણે નહીં કહેવું. કારણ કે અદૃષ્ટનો સ્વીકાર કર્યા પછી પણ કાલાંતરે જ (વિવક્ષિત કાળે) ફળની પ્રાપ્તિ થાય છે. તેનાથી ભિન્ન કાળમાં તો અદૃષ્ટ હોવા છતાં ફળનો વિરામ જ હોય છે. તેમ ધ્વંસની વિદ્યમાનતામાં પણ ફળનો વિરામ શક્ય છે. આ પ્રમાણે કેટલાક લોકોનું કહેવું છે, તેની અયુક્તતાને શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવાય છે.

એનો આશય એ છે કે એકસરખા દૃષ્ટ કારણસ્વરૂપ યત્ન વગેરે હોવા છતાં બે આત્માઓને એકસ્વરૂપ ફળ મળતું નથી. પરંતુ તેમનાં ફળોમાં વિશેષતા હોય છે. એ બંન્ને આત્માઓના અદૃષ્ટમાં ફરક માન્યા વિના ફળવિશેષની સિદ્ધિ શક્ય નથી. લોકમાં પણ આવું જોવા મળે છે કે એકસરખું જ દુગ્ધપાન હોવા છતાં કોઇને તેનાથી દુઃખ થાય છે અને કોઇને તેથી સુખ થાય છે. આ ફળવિશેષમાં નિયામક, તે તે આત્માનું અદૃષ્ટવિશેષ જ છે. ''કાકડી વગેરેની જેમ કોઇ વાર દૂધ પીવાથી પિત્તાદિ રસ ઉત્પન્ન થવાના કારણે દુગ્ધપાનાદિથી સુખ-દુઃખાદિની ઉત્પત્તિ થતી હોય છે. તેથી અદૃષ્ટની કલ્પના કરવાની આવશ્યકતા નથી.'' - આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કારણ કે એ પ્રમાણે અદૃષ્ટ માનવામાં ન આવે તો સર્વત્ર દુગ્ધપાનાદિના કારણે પિત્તાદિરસનો ઉદ્ભવ માનવાનો પ્રસંગ આવશે.

''રોગીને જેમ ઔષધાદિથી આરોગ્યની પ્રાપ્તિ થાય છે તેમ સહકારી દૃષ્ટકારણોથી સુખદુઃખાદિની પ્રાપ્તિ થઇ શકે છે. તેથી અદૃષ્ટ-કર્મની કલ્પના કરવાની જરૂર નથી.'' આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે તેથી ઔષધનું સેવન કરનારાદિ સૌને સુખાદિની પ્રાપ્તિ સમાનપણે થવાનો પ્રસંગ આવશે. ''ઔષધાદિનું સેવન કરનારના શરીરની ધાતુઓની વિષમતાદિના કારણે તેમને સરખી રીતે સુખાદિની પ્રાપ્તિ થતી નથી.'' આ પ્રમાણે કહેવાનું પણ ઉચિત નથી. કારણ કે ધાતુની વિષમતાદિના ઉત્તરકાળમાં જ ઔષધાદિનું સેવન હોવાથી તેનાથી તુરત જ સુખાદિની પ્રાપ્તિ થવી જોઇએ. આથી સ્પષ્ટ છે કે તુલ્યસાધનવાળાં બંનેના ફળમાં જે વિશેષતા છે, તે દૃષ્ટકારણને લઇને નથી. પરંતુ અદૃષ્ટકારણને લઇને છે. એ મુજબ ભાષ્યકારશ્રીએ (૧૬૧૩ ગાથા)

ફરમાવ્યું છે કે તુલ્યસાધનવાળાઓના ફળમાં જે વિશેષતા છે; તે. ઘડાની જેમ કાર્ય હોવાથી હે ગૌતમ ! કારણથી રહિત નથી. તે કારણ કર્મ છે. ॥૧૭-૧૫॥

અદૃષ્ટ-કર્મને કારણ માનવામાં ન આવે તો જે દોષ પ્રાપ્ત થાય છે તે જ જણાવાય છે–

**न चालं क्षणिकं कर्म, फलायादृष्टमन्तरा ।**
**वैयर्थ्यञ्च प्रसज्येत, प्रायश्चित्तविधेरपि ॥१७-१६॥**

न चेति–न च क्षणिकं क्रियाकालमात्रोपरतं कर्म अदृष्टमन्तरा फलाय फलं जनयितुमलं समर्थम् । चिरध्वस्तस्य कालान्तरभाविफलजनकत्वस्य भावव्यापारकत्व-व्याप्तत्वावधारणाद्, ध्वंसस्य च व्यापारत्वेऽनुभवेनापि तद्द्वारैव स्मृतिजननोपपत्तौ संस्कारोऽप्युच्छिद्येत । तदुक्तमुदयनेनापि–"चिरध्वस्तं फलायालं न कर्मातिशयं विना" इति । अपि च प्रायश्चित्तविधेरपि अदृष्टमन्तरा वैयर्थ्यं प्रसज्येत । अधर्मनाशेनैव तस्य फलवत्त्वाद्, नरकादिदुःखानां प्रायश्चित्तविषयकर्मजन्यानामप्रसिद्ध्या तन्नाशस्य कर्तुमशक्यत्वाद् दुःखप्रागभावस्याप्यसाध्यत्वात् । प्रागभावस्य प्रतियोगिजनकत्वनियमेन तज्जन्यदुःखोत्पत्त्यापत्तेश्चेत्यन्यत्र विस्तरः ॥१७-१६॥

"અદૃષ્ટ-કર્મ(દૈવ) વિના ક્ષણિક એવું કર્મ(અનુષ્ઠાન-ક્રિયા), ફળને ઉત્પન્ન કરવા માટે સમર્થ નહીં બને. તેમ જ અદૃષ્ટ વિના પ્રાયશ્ચિત્તનું વિધાન પણ વ્યર્થ બને છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે દેવપૂજાદિસ્વરૂપ જે અનુષ્ઠાનો છે, તે અનુષ્ઠાનોનું સ્વર્ગાદિ સ્વરૂપ ફળ કાલાંતરે બીજા ભવમાં જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે તે અનુષ્ઠાનોનો નાશ થયેલો હોય છે. આ રીતે ફળની પ્રાપ્તિ થાય એ પહેલાં જ જે અનુષ્ઠાનો નષ્ટ થઈ જાય છે, એવાં તે ક્રિયાકાલમાત્રથી ઉપરત થયેલાં અનુષ્ઠાનોને ક્ષણિક કર્મ કહેવાય છે. જેનાથી જે કાર્ય થવાનું છે, તે કાર્યની ઉત્પત્તિની અવ્યવહિત પૂર્વક્ષણે તે કારણનું અસ્તિત્વ હોવું જોઈએ. ક્ષણિક કર્મોનું એવું સાક્ષાદ્ અસ્તિત્વ બાધિત હોવાથી સ્વજન્ય અદૃષ્ટ દ્વારા તેનું અસ્તિત્વ ફળની ઉત્પત્તિની અવ્યવહિત પૂર્વક્ષણે માનવામાં આવે છે. અન્યથા અદૃષ્ટની કલ્પના કરવામાં ન આવે તો કારણના અભાવમાં કાર્યની ઉત્પત્તિ માનવી પડશે. આથી સમજી શકાશે કે

અદૃષ્ટ(ધર્માધર્મ)ના અભાવે દેવપૂજાદિસ્વરૂપ અનુષ્ઠાનાત્મક ક્ષણિક કર્મ(કર્યા પછી તુરત જ નષ્ટ થનાર), ફળને ઉત્પન્ન કરવા માટે સમર્થ બનતું નથી.

કાર્યની ઉત્પત્તિની પૂર્વે ઘણા કાળથી નાશ પામેલા કારણને ભાવસ્વરૂપ વ્યાપાર દ્વારા જ કારણ માનવામાં આવે છે. અર્થાત્ તેવા કારણમાં ભાવવ્યાપારકત્વેન વ્યાપકતા (કાર્યનિષ્ઠવ્યાપ્યતાનિરૂપિતવ્યાપકતા) માનવામાં આવે છે. યદ્યપિ કાર્યની ઉત્પત્તિની પૂર્વે ઘણા કાળથી નાશ પામેલા કારણના વ્યાપાર તરીકે તેના ધ્વંસને જ માની લેવાથી તાદૃશ ધ્વંસ દ્વારા પણ કાલાંતરે સ્વર્ગાદિ ફળની ઉત્પત્તિ શક્ય છે. તેથી તે માટે ભાવસ્વરૂપ અદૃષ્ટની કલ્પના કરવાની આવશ્યકતા નથી. પરંતુ આ રીતે તો સ્મૃતિની પ્રત્યે સંસ્કાર દ્વારા અનુભવને કારણ માનવાની જરૂર નહીં રહે. કારણ કે અનુભવને તેના ધ્વંસ દ્વારા જ સ્મૃતિની પ્રત્યે કારણ માનવાથી પણ સ્મૃતિની ઉત્પત્તિ થઇ શકે છે. તેથી સંસ્કારના ઉચ્છેદનો પ્રસંગ આવશે. આ વાત ન્યાયકુસુમાઞ્જલિમાં ઉદયનાચાર્યે પણ કરી છે કે 'કર્મના અતિશય વિના (દ્વાર વિના) લાંબા કાળથી ધ્વસ્ત થયેલાં કારણ, ફળની ઉત્પત્તિમાં સમર્થ નથી.

ઉપર જણાવ્યા મુજબ ચિરધ્વસ્ત કારણોને ફળની ઉત્પત્તિની પ્રત્યે સ્વધ્વંસ દ્વારા કારણ માનવામાં આવે તો અનુભવને પણ તેના ધ્વંસ દ્વારા સ્મૃતિની પ્રત્યે કારણ માનવાનો પ્રસંગ આવવાથી જે સંસ્કારના ઉચ્છેદનો પ્રસંગ આવે છે તે ઇષ્ટ જ છે - એમ કહેવામાં આવે તો અદૃષ્ટને ન માનવામાં દૂષણાંતર જણાવાય છે **વૈયર્થ્યં ચ**... ઇત્યાદિ ગ્રંથથી. એનો આશય એ છે કે જો અદૃષ્ટાત્મક કર્મ(દૈવપ્રધાન) માનવામાં ન આવે તો પ્રાયશ્ચિત્તનું વિધાન નિરર્થક બને છે. અધર્મનો નાશ કરવાથી જ પ્રાયશ્ચિત્તની સફળતા છે. 'હિંસાદિના આચરણથી તેના ધ્વંસ દ્વારા પ્રાપ્ત થનારાં નરકાદિ દુઃખોનો નાશ પ્રાયશ્ચિત્તથી થાય છે.' - આ પ્રમાણે કહી શકાય એવું નથી. કારણ કે પ્રાયશ્ચિત્તના વિષયભૂત હિંસાદિ કર્મજન્ય નરકાદિ દુઃખો પ્રાયશ્ચિત્તના વિધાન વખતે પ્રસિદ્ધ ન હોવાથી તેનો નાશ પ્રાયશ્ચિત્તથી શક્ય નથી. 'પ્રાયશ્ચિત્તથી તાદૃશ દુઃખોનો પ્રાગભાવ થાય છે' - એ કહેવાનું પણ ઉચિત નથી. કારણ કે તે દુઃખાદિનો પ્રાગભાવ સાધ્ય નથી, અનાદિનો છે. 'પ્રાયશ્ચિત્તથી તે નરકાદિ દુઃખોના પ્રાગભાવનો નાશ થતો નથી, પરંતુ તે જળવાઇ રહે છે. તે સ્વરૂપ જ તેની સાધ્યતા છે.' આ પ્રમાણે પણ કહી

શકાય એવું નથી. કારણ કે તે તે પ્રાગભાવ પોતાના તે તે પ્રતિયોગી(જેનો અભાવ હોય છે તે અભાવનો પ્રતિયોગી કહેવાય છે.)નો જનક હોવાથી કાલાંતરે દુઃખપ્રાગભાવથી નરકાદિ દુઃખોની અવશ્ય ઉત્પત્તિ થશે. પ્રાયશ્ચિત્ત કરવાથી, હિંસાદિ કર્મજન્ય નરકાદિ દુઃખના પ્રાગભાવની સ્થિતિ ટકી રહે તો તે દુઃખપ્રાગભાવ પોતાના પ્રતિયોગી દુઃખનો નિયમા જનક હોવાથી ભવિષ્યમાં ગમે ત્યારે નરકાદિ દુઃખોની પ્રાપ્તિ-ઉત્પત્તિ ચોક્કસ જ થવાનો પ્રસંગ આવશે... ઇત્યાદિ વિસ્તારથી ગ્રંથકારશ્રીએ અન્યત્ર-સ્યાદ્વાદકલ્પલતા વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે. વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળાએ ત્યાંથી જાણી લેવું જોઇએ. ॥૧૭-૧૬॥

આ રીતે દૈવ અને પુરુષકાર પરસ્પર સાપેક્ષપણે ફળની પ્રત્યે સમાનરૂપે કારણ છે - તે જણાવ્યું છે. તે અંગે જે વિશેષ છે તે હવે જણાવાય છે–

**विशेषश्चात्र बलवदेकमन्यन्निहन्ति यत् ।**
**व्यभिचारश्च नाप्येवमपेक्ष्य प्रतियोगिनम् ।।१७-१७।।**

विशेषश्चेति–अत्र च दैवपुरुषकारविचारणायां विशेषोऽयम् । यदनयोर्मध्ये एकं बलवदन्यन्निर्बलं निहन्ति । स्वफलमुपदधानं प्रतिस्खलयति । नन्वत्रैवैकव्यभिचारादुभयोरन्योऽन्यापेक्षत्वक्षतिरित्यत्राह–एवमपि च प्रतियोगिनमपेक्ष्य न व्यभिचारः । एकेनान्यप्रतिघातेऽप्यन्यस्य प्रतियोगितयाऽपेक्षणात् केवलं प्रतिहतत्वेनैव प्रतिघातप्रतियोगित्वेन गौणत्वमात्रं स्यादिति बोध्यम् ।।१७-१७।।

"દૈવ અને પુરુષકાર બંન્ને, ફળની પ્રત્યે સમાનસ્વરૂપે કારણ હોવા છતાં તેમાં વિશેષતા છે કે એમાં જે બલવદ્ છે તે બીજાને હણે છે. આમ છતાં પ્રતિયોગીની અપેક્ષા હોવાથી વ્યભિચાર આવતો નથી." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે અહીં દૈવ અને પુરુષકારની વિચારણામાં એ વિશેષ છે કે એ બેમાં જે એક બળવાન છે તે બીજા નિર્બળને હણે છે અર્થાત્ પોતાના ફળને આપવા દેતું નથી. જે નિર્બળ છે, તેનાથી જે ફળ ઉત્પન્ન થવાનું હોય તેને બળવાન થવા દેતું નથી.

"આથી તો કાર્યની પ્રત્યે દૈવ અને પુરુષકાર એ બંન્નેમાંથી જે બળવાન છે તે એક જ કારણ બને છે. તેથી નિર્બળમાં કારણતા વ્યભિચારી થવાથી 'બંન્ને

પરસ્પર સાપેક્ષ કારણ છે' - આ વાતમાં તથ્ય નથી.'' એ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે પ્રતિયોગીની અપેક્ષા હોવાથી વ્યભિચાર આવતો નથી. આશય એ છે કે - દૈવ અને પુરુષકારમાં જે બળવાન છે અને બીજા નિર્બળને હણે છે, તે બળવાન પણ હનનના પ્રતિયોગી એવા નિર્બળના હનન માટે નિર્બળની અપેક્ષા કરે છે. જો નિર્બળ ન હોય તો બળવાન કોને હણે ? તેથી આ રીતે નિર્બળની અપેક્ષા હોવાથી દૈવ અને પુરુષકાર બંન્ને પરસ્પર સાપેક્ષ જ કારણ બને છે. માત્ર બળવાન દૈવાદિના કારણે નિર્બળ એવા પુરુષકારાદિનો પ્રતિઘાત થતો હોવાથી પ્રતિઘાતના પ્રતિયોગી એવા પુરુષકારાદિને ગૌણ કારણ મનાય છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. મહામંત્રી કલ્પકના બળવાન પુરુષકારથી સ્વકુટુંબના વધને પ્રાપ્ત કરાવનારું કર્મ પ્રતિહત થયું હતું અને દ્વારિકાનગરીના દાહની પ્રવૃત્તિ વખતે તે કર્મથી વાસુદેવ-બળદેવનો પુરુષાર્થ પ્રતિહત થયો હતો. દૈવ અને પુરુષકારનું પરસ્પર તુલ્ય બળ ન હોય તો આ રીતે એકબીજાથી એકબીજાનો ઉપઘાત શક્ય નથી. ॥૧૭-૧૭॥

ઉપર જણાવ્યા મુજબ દૈવ અને પુરુષકારમાં પરસ્પર ઉપઘાત્યોપઘાતકભાવ સિદ્ધ થવાથી જે સિદ્ધ થાય છે, તે જણાવાય છે–

**कर्मणा कर्ममात्रस्य, नोपघातादि तत्त्वतः ।**
**स्वव्यापारगतत्त्वे तु, तस्यैतदपि युज्यते ॥१७-१८॥**

कर्मणेति--कर्मणा केवलेनैव । कर्ममात्रस्य केवलस्यैव कर्मणः । न उपघातादि उपघातानुग्रहौ । तत्त्वतोऽनुपचारेण । न हि केवलं कर्म किञ्चिदुपहन्तुं निग्रहीतुं वा क्षमम्, असहायत्वात् । स्वव्यापारगतत्वे तु जीवक्रियाप्रतिबद्धत्वे पुनः । तस्य कर्मणः । एतदपि परस्परोपघातादि युज्यते ॥१७-१८॥

''માત્ર કર્મથી માત્ર કર્મના ઉપઘાતાદિ તાત્ત્વિક રીતે થતા નથી. આત્માના પોતાના વ્યાપાર(ક્રિયા)થી કર્મ પ્રતિબદ્ધ હોય તો તેના પરસ્પર ઉપઘાતાદિ પણ સંગત થાય છે.'' - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે કર્મને પોતાના ફળની ઉત્પત્તિની પ્રત્યે જીવના વ્યાપાર(યત્ન)ની અપેક્ષા ન હોય તો; માત્ર કર્મથી માત્ર કર્મનો ઉપઘાત અથવા અનુગ્રહ સંગત નહીં થાય. કારણ કે કર્મને સહાય ન હોવાથી તે કેવલ કર્મમાત્ર કર્મને હણવા

માટે કે તેની ઉપર અનુગ્રહ કરવા માટે સમર્થ બનતું નથી. આત્મવ્યાપાર-પુરુષકારથી પ્રતિબદ્ધસાપેક્ષ હોય તો તે કર્મના ઉપઘાતાદિ શક્ય બને છે. કારણ કે ત્યારે તેને આત્મવ્યાપારની સહાય પ્રાપ્ત થતી હોય છે. ॥૧૭-૧૮॥

ઉપર જણાવેલી વાતને જ સ્પષ્ટ રીતે જણાવાય છે—

**उभयोस्तत्स्वभावत्वे, ततत्तत्कालाद्यपेक्षया ।**
**बाध्यबाधकभावः स्यात्, सम्यग्न्यायाविरोधतः ॥१७-१९॥**

उभयोरिति—उभयोर्दैवपुरुषकारयोः । तत्स्वभावत्वे बाध्यबाधकस्वभावत्वे । तेषां कालादीनां सहकारिकारणानामपेक्षया । बाध्यबाधकभाव उपघात्योपघातकभावः स्यात् । सम्यग्न्यायस्य सम्यग्युक्तेरविरोधतोऽविघटनात् ॥१७-१९॥

"તે તે કાલાદિ સહકારી કારણની અપેક્ષાએ દૈવ અને પુરુષકાર - બંન્નેનો બાધ્યબાધક સ્વભાવ હોય તો તે બંન્નેનો ઉપઘાત્યોપઘાતક ભાવ; સદ્યુક્તિના અવિરોધથી થઇ શકે છે." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય લગભગ આ પૂર્વે જણાવાયો છે. દૈવ અને પુરુષકાર બંન્નેનો એકબીજાથી બાધિત થવાનો અને એકબીજાનો બાધ કરવાનો સ્વભાવ હોય તો જ કાલાદિ સહાયકની અપેક્ષાએ દૈવાદિ ઉપઘાત્ય કે ઉપઘાતક વાસ્તવિક રીતે થઇ શકે છે.

દૈવ અને પુરુષાર્થ બંન્નેનો પરસ્પર બાધ્ય તેમ જ બાધક બનવાનો સ્વભાવ જ ન હોય તો બળવાન હોય કે ન હોય તોપણ તે ઉપઘાત્ય કે ઉપઘાતક બની શકશે નહીં. દ્રવ્ય, ક્ષેત્ર કે કાળ વગેરે સહકારી કારણોનો ગમે તેટલો સહકાર પ્રાપ્ત થાય તોપણ તંતુનો ઘટોત્પાદક સ્વભાવ ન હોવાથી તંતુથી જેમ ઘટ થતો નથી તેમ દૈવાદિનો તેવો બાધ્ય-બાધક-સ્વભાવ ન હોય તો કોઇ પણ રીતે તેનો ઉપઘાત અને અનુગ્રહ નહીં થાય. તેથી દૈવ અને પુરુષકાર : બંન્નેનો બાધ્યબાધકસ્વભાવ માનવો જોઇએ. જેથી વિના વિરોધે સદ્યુક્તિથી એ બંન્નેમાં પરસ્પર ઉપઘાત્યઉપઘાતકભાવ સંગત થાય છે. ॥૧૭-૧૯॥

દૈવ અને પુરુષકારના પરસ્પર બાધ્યબાધકભાવને આશ્રયીને બીજી રીતે જણાવાય છે—

**प्रतिमायोग्यतातुल्यं, कर्मानियतभावकम् ।**
**बाध्यमाहुः प्रयत्नेन, सैव प्रतिमयेत्यपि ॥१७-२०॥**

प्रतिमेति–प्रतिमायोग्यतया तुल्यं सदृशं कर्म फलजननं प्रत्यनियतभावं, फलजनननियतिमतोऽवाध्यत्वात् । प्रयत्नेन बाध्यं निवर्तनीयम् । सैव प्रतिमायोग्यतैव प्रतिमयेत्यप्याहुराचार्याः । अपिः कर्मणो बाधने पुरुषकारस्य तत्फलजनननियत्य-भावनियतां नियतिं सहकारिणीं समुच्चिनोति । तदिदमुक्तं–"कर्मानियतभावं तु यत् स्याच्चित्रं फलं प्रति । तद्बाध्यमत्र दार्वादिप्रतिमायोग्यतासमम् ।।१।। ।।१७-२०।।

"પ્રતિમાની યોગ્યતા જેવું અનિયતપણે ફળની પ્રત્યે કારણ બનનારું કર્મ, પ્રયત્નથી બાધ્ય બને છે. પ્રતિમાથી પ્રતિમાની યોગ્યતા જ બાધ્ય બને છે. આ પ્રમાણે પણ આચાર્યો કહે છે." - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રતિમાની યોગ્યતાની જેમ ફળને ઉત્પન્ન કરવામાં કર્મ અનિયતભાવવાળું છે. ફળની પ્રત્યે નિયતભાવવાળું કર્મ હોય તો તે બાધ્ય નહીં બને. જે કર્મ ચોક્કસ નિયત સમયે પોતાના ફળને આપનારું છે, તે કર્મ કોઇ પણ રીતે ફળની પ્રત્યે બાધિત નહીં બની શકે. દરેક કાષ્ઠમાં પ્રતિમા થવાની યોગ્યતા હોવા છતાં ક્યારે કયા કાષ્ઠથી પ્રતિમા થવાની છે એ ચોક્કસ નથી, તેમ અનિયતભાવવાળું કર્મ છે. પ્રયત્નથી એવું કર્મ બાધ્ય બને છે અર્થાત્ સ્વજન્ય એવા ફળને ઉત્પન્ન કરવાથી નિવૃત્ત બને છે. પ્રતિમાથી જેમ પ્રતિમાની યોગ્યતા નિવૃત્ત થાય છે, તેમ પ્રયત્નથી અહીં કર્મ નિવૃત્ત થાય છે.

આ રીતે કર્મનો બાધ કરતી વખતે, તે ફળની ઉત્પત્તિની અનિયતતા(ગમે ત્યારે થવા સ્વરૂપ)ની વ્યાપક એવી જે નિયતિ(અનિયતપણે ચોક્કસ થવા સ્વરૂપ અવસ્થા) છે તે પુરુષકારને સહકારી કારણ બને છે. આથી સમજી શકાશે કે કર્મથી અનિયતપણે જે કાર્ય ચોક્કસ થવાનું છે એવા કાર્યની પ્રત્યે પ્રયત્ન કર્મને બાધ્ય કરે છે. જે કાર્ય ચોક્કસપણે(નિયત) કર્મથી થવાનું છે, તે કાર્યને આશ્રયીને પ્રયત્નથી કર્મનો બાધ થતો નથી. આ વાતને જણાવતાં યોગબિંદુમાં જણાવ્યું છે કે– "સુખ-દુઃખાદિ ફળની પ્રત્યે, અનિયત-સ્વભાવવાળું ભિન્ન ભિન્ન પ્રકારવાળું જે કર્મ છે, તે અહીં પ્રયત્નથી બાધ્ય બને છે; જે કાષ્ઠાદિની પ્રતિમાની યોગ્યતા જેવું છે." ।।૧૭-૨૦।।

अत्र दृष्टान्तदार्ष्टान्तिकयोर्बाधकतैक्यं शब्दसाम्यादेव विकारनाशसाधारणरूपा-न्तरपरिणत्यैव वेत्यभिप्रायवानाह–

અહીં દૈવ અને પુરુષકાર : બંન્નેની પરસ્પર બાધ્ય-બાધકતાના વિચારમાં, દૃષ્ટાંત (પ્રતિમાની યોગ્યતા) અને દાર્ષ્ટાન્તિક(કર્મ-દૈવ)ની બાધકતાનું સામ્ય શબ્દના સામ્યથી જ છે અથવા વિકાર અને નાશ : ઉભયસાધારણ રૂપાંતર સ્વરૂપ પરિણતિને લઈને જ છે, એ અભિપ્રાયથી જણાવાય છે–

**प्रतिमायोग्यतानाशः, प्रतिमोत्पत्तितो भवेत् ।**
**कर्मणो विक्रिया यत्नाद्, बाध्यबाधकतेत्यसौ ।।१७-२१।।**

प्रतिमेति–प्रतिमोत्पत्तितः प्रतिमायोग्यताया नाश एव बाधो भवेत् । कर्मणो यत्नाद्विक्रिया अधिकृतफलजननशक्तिभङ्गलक्षणा बाध इत्यसौ बाध्यबाधकता । एतेन प्रतिमया तद्धेतुयत्नेन वा तद्योग्यताबाधे तदुत्पत्तिवत् कर्मयोग्यताबाधेऽपि तत्फलोत्पत्ति-प्रसङ्ग इति निरस्तम्, उपादानस्यैव स्वनाशाभिन्नफलोत्पत्तिनियतत्वात् । कर्मयोग्यता-यास्तु सुखदुःखादिनिमित्तत्वाद् दण्डनाशे घटस्येव तन्नाशे फलस्यासम्भवादिति द्रष्टव्यम् ।।१७-२१।।

"પ્રતિમાની ઉત્પત્તિના કારણે પ્રતિમાની યોગ્યતાનો નાશ થાય છે અને પ્રયત્નના કારણે કર્મની વિક્રિયા થાય છે. આ બાધ્ય-બાધકતા છે." - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે પ્રતિમાની ઉત્પત્તિ થવાથી કાષ્ઠમાં રહેલી પ્રતિમાની યોગ્યતાનો જે નાશ થાય છે તે જ બાધ છે. કાર્યની ઉત્પત્તિ થવાથી તેની પૂર્વેના અનાદિકાલીન પ્રાગભાવનો નાશ થાય : એ સમજી શકાય છે. આવી જ રીતે પ્રયત્નથી, વિવક્ષિત ફળને ઉત્પન્ન કરનારી કર્મમાં રહેલી શક્તિનો જે ભંગ થાય છે, તે ભંગસ્વરૂપ જ કર્મની વિક્રિયાને કર્મનો બાધ કહેવાય છે. તેથી આ બાધ્યબાધકતા(બાધ્યબાધકભાવ) છે. દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્ત : બંન્નેમાં આ રીતે બાધ શબ્દના સામ્યના કારણે ઐક્ય છે, બીજી રીતે નહિ.

તેથી, "પ્રતિમાના કારણે અથવા તેના કારણભૂત પ્રયત્નના કારણે પ્રતિમાની યોગ્યતાનો બાધ થયે છતે જેમ પ્રતિમાની ઉત્પત્તિ થાય છે, તેમ કર્મની યોગ્યતાનો બાધ થયે છતે કર્મથી જન્ય એવા ફળની ઉત્પત્તિનો પ્રસંગ આવશે." - આ પ્રમાણેના કથનનું નિરાકરણ થાય છે. ઉપાદાન(સમવાયિ)કારણ જ પોતાના નાશથી અભિન્ન એવી ફલોત્પત્તિની પ્રત્યે નિયત (વ્યાપક) છે. નિમિત્તકારણ માટે એવો નિયમ નથી. સુખદુઃખાદિની પ્રત્યે કર્મની યોગ્યતા તો

નિમિત્તકારણ છે. તેથી જેમ દંડના નાશથી ઘટની ઉત્પત્તિનો સંભવ નથી, તેમ કર્મની યોગ્યતાના નાશથી તજ્જન્ય ફલોત્પત્તિનો સંભવ નથી. કાષ્ઠ પ્રતિમાનું ઉપાદાનકારણ છે. આ રીતે દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતમાં વિશેષ છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. ॥૧૭-૨૧॥

ननु येन कर्मणा फलं न जन्यते, तत्र न तद्योग्यतैव किं यत्नस्य तद्बाधकत्वेनेत्याशङ्कायामाह–

ઉપર જણાવ્યા મુજબ યત્નથી કર્મનો બાધ થયે છતે જો કર્મથી ફળની ઉત્પત્તિ જ થતી ન હોય તો તે કર્મમાં ફળને ઉત્પન્ન કરવાની યોગ્યતા જ નથી - એમ માનવું જોઇએ. પ્રયત્નને કર્મના બાધક તરીકે માનવાની આવશ્યકતા નથી... આ શંકાનું સમાધાન કરાય છે–

**प्रतिमाया अनियमेऽप्यक्षता योग्यता यथा ।**
**फलस्यानियमेऽप्येवमक्षता कर्मयोग्यता ॥१७-२२॥**

प्रतिमाया इति–प्रतिमाया अनियमेऽप्यनैकान्त्येऽपि दार्वादिदले यथा योग्यता प्रतिमाया अक्षता तथा लोकव्यवहारात् । फलस्य सुखदुःखादिरूपस्य पुरुषकारबाध्यत्वेनानियमेऽपि एवं कर्मयोग्यताऽक्षता, अध्यवसायविशेषप्रयुक्तरसस्थितिविशेषघटितत्वात्तस्याः, प्रामाणिकलोकप्रसिद्धत्वाच्च फलाभावेऽपि बाध्यकर्मयोग्यताव्यवहारस्येति भावः । तदुक्तं–"नियमात्प्रतिमा नात्र न चातोऽयोग्यतैव हि । तल्लक्षणवियोगेन प्रतिमेवास्य बाधकः ॥१॥" इति ॥१७-२२॥

"જેમ પ્રતિમાના અનિયમમાં પણ પ્રતિમાની યોગ્યતા અક્ષત હોય છે. તેમ ફળના અનિયમમાં પણ કર્મની યોગ્યતા અક્ષત હોય છે." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે દરેક કાષ્ઠથી પ્રતિમા થાય જ છે એવો નિયમ ન હોવાથી દાર્વાદિદલમાં (કાષ્ઠ, પાષાણાદિ ખંડમાં) પ્રતિમાનું ઐકાન્ત્ય નથી. છતાં જે પણ કાષ્ઠાદિથી પ્રતિમા થઇ નથી તેમાં પ્રતિમાની યોગ્યતા રહેલી જ છે - એવો લોકવ્યવહાર પ્રસિદ્ધ છે. તેવી જ રીતે પુરુષકારથી બાધ્ય થવાથી જે પણ કર્મથી સુખદુઃખાદિ સ્વરૂપ ફળની ઉત્પત્તિ થઇ નથી; એવા પણ કર્મમાં ફળની યોગ્યતા રહેલી જ છે. કર્મમાં રહેલી એ યોગ્યતા કર્મના શુભાશુભ રસ અને સ્થિતિ વિશેષ સ્વરૂપ છે, જે

અધ્યવસાયવિશેષથી પ્રયુક્ત છે. આશય એ છે કે તે તે ફળને ઉત્પન્ન કરનારું કર્મ સામાન્ય રીતે સ્થિતિ અને રસને અનુસાર તે તે ફળને આપનારું બને છે. તેવા પ્રકારની સ્થિતિવિશેષ અને તેવા પ્રકારનો રસવિશેષ સ્વરૂપ યોગ્યતા કર્મમાં ન હોય તો તે કર્મ તે તે ફળનું કારણ નહીં બને. કર્મની તેવી યોગ્યતા પ્રામાણિક લોકમાં પ્રસિદ્ધ છે. ફળના અભાવમાં પણ પ્રયત્નથી બાધ્ય એવા કર્મમાં યોગ્યતાનો વ્યવહાર પ્રસિદ્ધ છે.

એ પ્રમાણે 'યોગબિંદુ'માં જણાવ્યું છે કે - અહીં કાષ્ઠ કે પાષાણાદિમાં પ્રતિમાની યોગ્યતા હોવા છતાં નિયમે કરી પ્રતિમા થાય છે - એવું નથી. છતાં પ્રતિમા ન થવાના કારણે કાષ્ઠાદિમાં અયોગ્યતા જ છે - એમ મનાતું નથી. કારણ કે પ્રતિમા માટે અયોગ્ય એવા જલ વગેરેના લક્ષણ (સ્વરૂપ)નો કાષ્ઠાદિમાં અભાવ હોવાથી લોકમાં એમ મનાય છે. તેથી પ્રતિમાની ઉત્પત્તિથી કાષ્ઠાદિમાં રહેલી યોગ્યતાનો જેમ બાધ થાય છે, તેમ પુરુષકાર કર્મની યોગ્યતાનો બાધક બને છે. જેમ કાષ્ઠાદિમાં પ્રતિમાની યોગ્યતાનો વ્યવહાર ત્યાં સુધી જ થાય છે કે જ્યાં સુધી પ્રતિમાનું કાર્ય કરાતું હોય છે. કાર્ય ઉત્પન્ન થયા પછી તો સર્વત્ર કારણ, અકારણભૂત તરીકે વ્યવહારનો વિષય બને છે. આવી જ રીતે જ્યાં સુધી પુરુષકારથી, ભિન્ન પરિણતિ સ્વરૂપ વિક્રિયાને કર્મ પ્રાપ્ત કરાતું નથી, ત્યાં સુધી તે કર્મ અબાધિતસ્વરૂપે જ રહે છે. પરંતુ પુરુષકાર પ્રવૃત્ત થયે છતે કર્મ અને પુરુષકારનો બાધ્યબાધકભાવ થાય છે... ઇત્યાદિ વિચારવું. ॥૧૭-૨૨॥

ननु योग्यतैव प्रतिमामाक्षेप्स्यति किं तद्बाधकेन पुरुषकारेणेत्याशङ्क्याह–

કાષ્ઠ વગેરેમાં રહેલી પ્રતિમાની યોગ્યતા જ પ્રતિમાસ્વરૂપ કાર્યને ખેંચી લાવે છે. 'પ્રતિમા, તેની યોગ્યતાનો બાધ કરે છે' એમ માનવાની જરૂર નથી. તેથી કર્મ જ પુરુષાર્થનું આક્ષેપક છે એમ માનવું જોઇએ, કર્મના બાધક તરીકે પુરુષકારને માનવાની જરૂર નથી - આ શંકાનું સમાધાન કરાય છે–

**दार्वादेः प्रतिमाक्षेपे, तद्भावः सर्वतो ध्रुवः ।**
**योग्यस्याऽयोग्यता वेति, न चैषा लोकसिद्धितः ॥१७-२३॥**

दार्वादेरिति–दार्वादेर्दलस्य स्वयोग्यतयैव प्रतिमानिष्पत्त्या तद्भावः प्रतिमाभावः । सर्वतः सर्वस्मात् । ध्रुवो निश्चितः प्रसज्येत । योग्यस्य दार्वादेरेव अयोग्यता प्रतिमानाक्षेपे

वेत्येतत्प्रसज्येत । न च न पुनरेषाऽयोग्यता लोकप्रसिद्धितः । न हि दार्वादीनि प्रतिमानिष्पत्त्यभावेऽपि अयोग्यानीति प्रसिद्धिरस्ति, तदापि योग्यतयैव तेषां रूढत्वादिति ॥१७-२३॥

"કાષ્ઠ વગેરે પોતામાં રહેલી પ્રતિમાની યોગ્યતાના કારણે જ પ્રતિમાની ઉત્પત્તિના આક્ષેપક થતા હોય તો દરેક કાષ્ઠ વગેરેથી નિશ્ચિતપણે પ્રતિમાની ઉત્પત્તિ થવાનો પ્રસંગ આવશે. અથવા યોગ્ય એવા કાષ્ઠાદિથી પ્રતિમાની ઉત્પત્તિનો આક્ષેપ ન થાય તો પ્રતિમા માટે કાષ્ઠાદિને અયોગ્ય માનવાનો પ્રસંગ આવશે. એ પ્રસંગ લોકપ્રસિદ્ધ નથી." - આ પ્રમાણે તેવીસમા શ્લોકનો અર્થ છે.

એનો આશય સ્પષ્ટ જ છે કે દરેક કાષ્ઠાદિમાં પ્રતિમાની યોગ્યતા હોવાથી તે પ્રતિમાની આક્ષેપક હોય તો દરેક કાષ્ઠથી પ્રતિમા ચોક્કસ જ થવી જોઇએ. પરંતુ એમ બનતું નથી. અમુક જ કાષ્ઠાદિથી પ્રતિમા થાય છે. એ મુજબ અમુક કાષ્ઠાદિથી પ્રતિમા થતી ન હોવાથી યોગ્ય એવાં પણ તે કાષ્ઠ વગેરેને પ્રતિમા માટે અયોગ્ય માનવાં પડશે. યદ્યપિ આ રીતે પ્રતિમાની ઉત્પત્તિ જે કાષ્ઠાદિથી થતી નથી એવાં કાષ્ઠાદિને યોગ્ય માનવાની જરૂર જ નથી, જેથી યોગ્યને અયોગ્ય માનવાનો પ્રસંગ નહીં આવે, પરંતુ આવી અયોગ્યતા લોકમાં સિદ્ધ નથી. પ્રતિમાની ઉત્પત્તિ ન થવા છતાં પણ કાષ્ઠાદિ, પ્રતિમા માટે અયોગ્ય છે - આવો વ્યવહાર પ્રસિદ્ધ નથી. પ્રતિમાની ઉત્પત્તિ ન થાય ત્યારે પણ 'કાષ્ઠાદિ પ્રતિમાયોગ્ય છે' આવો વ્યવહાર રૂઢ છે. તેથી 'યોગ્યતા જ પ્રતિમાની આક્ષેપક છે.' આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. ॥૧૭-૨૩॥

इदमेव प्रकृते योजयन्नाह–

ઉપર જણાવેલી વાતની સંગતિ ચાલુ-પ્રસ્તુત વાતમાં કરાય છે. અર્થાત્ પ્રસ્તુત વાત એ હતી કે દૈવ અને પુરુષકાર બંન્ને સાપેક્ષ રીતે પરસ્પર સમાનપણે ફળની પ્રત્યે કારણ છે અને છેલ્લે એ વાત થઇ છે કે 'કર્મ જ પુરુષાર્થનો આક્ષેપક છે' - આ વાત બરાબર નથી. એ વાતને આશ્રયીને પ્રસ્તુત વાત કઇ રીતે સંગત છે, તે જણાવાય છે–

**कर्मणोऽप्येतदाक्षेपे, दानादौ भावभेदतः ।**
**फलभेदः कथं नु स्यात्, तथाशास्त्रादिसङ्गतः ? ॥१७-२४॥**

कर्मणोऽपीति–कर्मणोऽपि दैवसञ्ज्ञितस्य । एतदाक्षेपे फलहेतुपुरुषकाराक्षेपे । दानादौ सुकृतविशेषे विधीयमाने । भावभेदतः परिणामविशेषतस्तत्तारतम्यलक्षणात् । फलस्य भेदः प्रकर्षापकर्षरूपः । कथं नु स्यात् ? न कथञ्चिदित्यर्थः । तथा तथा तेन तेन प्रकारेण शास्त्रादिसङ्गतः शास्त्रलोकसिद्धः । तथाविधपुरुषकारविकलात् कर्मणः फलाभ्युपगमे न कथञ्चित्तच्चित्रता युज्यते । फलहेतोः कर्मणः पुरुषकारमन्तरेणैकाकारत्वापत्तेरिति परापेक्षमेतद्द्वितयं प्रतिपत्तव्यमिति ।।१७-२४।।

"કર્મ (દૈવ), પુરુષકારનું આક્ષેપક હોય તો; દાનાદિ ધર્મ કરાયે છતે ભાવની તરતમતાએ શાસ્ત્રાદિસંગત ફળવિશેષ પણ કઇ રીતે સંગત થશે ?" - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ જ છે કે 'કર્મ-દૈવનો ફળની પ્રત્યે કારણભૂત એવા પુરુષકારથી આક્ષેપ થાય છે' - એમ માનવાથી જ તેવીસમા શ્લોકમાં જણાવ્યા મુજબ સકલ કાષ્ઠથી પ્રતિમા થવાનો પ્રસંગ આવે છે, એવું નથી. ઉપર જણાવ્યા મુજબ માનવાથી પણ દોષ છે, તે આ શ્લોકથી જણાવાય છે.

દાનાદિ સુકૃત કરવામાં આવે ત્યારે બાહ્ય અનુષ્ઠાન સરખું હોવા છતાં આંતરિક પરિણામવિશેષની તરતમતાએ ફળમાં જે વિશેષતા વર્તાય છે તે કોઈ પણ રીતે સંગત નહીં થાય. પ્રયત્નના સામ્યથી ફળનું પણ સામ્ય જ હોવું જોઈએ. ફળનો પ્રકર્ષાપકર્ષ સ્વરૂપ વિશેષ, શાસ્ત્રથી અને લોકવ્યવહારથી સંગત છે. તેવા પ્રકારના પુરુષાર્થથી રહિત એવા માત્ર કર્મને જ કારણ માનવામાં આવે તો તે તે ફળમાં વિશેષતા(પ્રકર્ષાપકર્ષસ્વરૂપ વિચિત્રતા) સંગત નહીં થાય. કારણ કે ફળના કારણભૂત કર્મને પુરુષાર્થની અપેક્ષા ન હોય તો ફળની અંદર સમાનતા જ આવશે. તેથી કર્મ અને પુરુષકાર બંન્નેને પરસ્પર બીજાની અપેક્ષા છે એમ માનવું જોઈએ... ઈત્યાદિ સ્પષ્ટ છે. ।।૧૭-૨૪।।

દાનાદિ ધર્મ કરતી વખતે જે રીતે ભાવની તરતમતા હોય છે અને તેને લઈને ફળની તરતમતા હોય છે : તે જણાવાય છે–

**शुभात् ततस्त्वसौ भावो, हन्तायं तत्स्वभावभाक् ।**
**एवं किमत्र सिद्धं स्यादत एवास्त्वतो ह्यदः ।।१७-२५।।**

शुभादिति–शुभात्ततस्तु तत एव कर्मणः प्राग् नानानिमित्तोपार्जितादसौ दानादिकाले भिन्नरूपतया प्रवृत्तो भावो हन्त अयं च फलभेदस्तत्स्वभावभाग्

भावभेदापेक्षोत्पत्तिकविचित्रस्वभाववानिति, परः पृच्छति–एवं किमत्र विचारे सिद्धं स्यात्तत्राह अत एव कर्मणोऽस्तु भावस्तथातो ह्यत एव भावाददः कर्मास्तु । तथा च प्रवाहेणापि परस्परापेक्षत्वमनयोः सिद्धमिति भावः ।।१७-२५।।

"શુભ કર્મથી જ ભિન્ન ભિન્ન પ્રકારનો ભાવ ઉત્પન્ન થાય છે અને આ ફળવિશેષ, તે ભાવની જેમાં અપેક્ષા છે એવી ઉત્પત્તિના સ્વભાવવાળો છે. આ રીતે ચાલુ પ્રકરણમાં શું સિદ્ધ થયું ? તો આ ભાવથી જ શુભ કર્મ સિદ્ધ છે." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે - અનેક નિમિત્તોથી ઉપાર્જન કરેલા શુભ કર્મના કારણે, તે તે દાનાદિ સુકૃત કરતી વખતે ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રવર્ત્તેલો ભાવ હોય છે. તે તે નિમિત્તોથી ઉપાર્જન કરેલા પૂર્વકાળમાં બદ્ધ એવા તે તે શુભ કર્મના ઉદય વખતે અનેક પ્રકારના ભાવો(આત્મપરિણામ) ઉત્પન્ન થતા હોય છે. તેને લઈને ફળવિશેષનો પ્રાદુર્ભાવ થતો હોય છે. કારણ કે તેને ભાવવિશેષની અપેક્ષા હોય છે. અર્થાત્ ભાવવિશેષની અપેક્ષા છે જેમાં એવી ઉત્પત્તિના વિચિત્ર સ્વભાવવાળો એ ફળવિશેષ છે.

અહીં બીજા પ્રશ્ન કરે છે કે દાનાદિ કરતી વખતે કર્મથી ભાવવિશેષના કારણે ફળવિશેષ થાય છે તેથી શું સિદ્ધ થાય છે ? તેના જવાબમાં ગ્રંથકારશ્રી જણાવે છે કે પ્રાગ્(પૂર્વે) ઉપાર્જિત કર્મથી ભલે ભાવ થાય, તેવી જ રીતે એ જ ભાવથી કર્મ થાય. આ રીતે કર્મથી ભાવ અને ભાવથી કર્મ, આ પ્રમાણે પ્રવાહથી પણ દૈવ અને પુરુષકાર : બંન્ને પરસ્પર સાપેક્ષ છે. તેવા પ્રકારના કર્મથી પુરુષકાર અને એ પુરુષકારથી કર્મ - આ પ્રમાણેના પ્રવાહથી બંન્નેમાં પરસ્પર સાપેક્ષપણું સિદ્ધ થાય છે. આવી પરસ્પર સાપેક્ષતાના કારણે પરસ્પર બાધ્યબાધકભાવ પણ એકબીજાના પ્રાધાન્યાદિની અપેક્ષાએ સિદ્ધ બને છે... ઈત્યાદિ 'યોગબિંદુ'થી સમજી લેવું જોઈએ. ।।૧૭-૨૫।।

દૈવાદિની પરસ્પર સાપેક્ષતામાં પણ પરસ્પર બાધ્યબાધકભાવ કઈ રીતે સંગત થાય છે તે જણાવીને કાળવિશેષે તેની બાધ્યબાધકતા જણાવાય છે–

**इत्थं परस्परापेक्षावपि द्वौ बाध्यबाधकौ ।**
**प्रायोऽत्र चरमावर्त्ते, दैवं यत्नेन बाध्यते ।।१७-२६।।**

इत्थमिति–इत्थं प्रवाहतः । परस्परापेक्षावपि । द्वौ दैवपुरुषकारौ स्वप्राधान्यापेक्षया बाध्यबाधकौ । प्रायो बाहुल्येनात्रानयोर्मध्ये । चरमावर्तेऽन्त्यपुद्गलपरावर्ते यत्नेन दैवं बाध्यते । तथाविधसङ्क्लेशावस्थायां नन्दिषेणादीनामिव कदाचिद्व्यत्ययोऽपि स्यादिति प्रायोग्रहणम् ।।૧૭-૨૬।।

"આ રીતે પ્રવાહની અપેક્ષાએ દૈવ અને પુરુષકાર પરસ્પર સાપેક્ષ હેતુ હોવા છતાં બંન્ને પરસ્પર બાધ્ય અને બાધક બને છે. પ્રાયે કરી ચરમાવર્ત્તકાળમાં પ્રયત્નથી દૈવ બાધિત થાય છે." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે અત્યાર સુધી પૂર્વ શ્લોકોથી જણાવ્યા મુજબ દૈવ અને પુરુષકાર : બંન્ને પરસ્પર સાપેક્ષ રીતે ફળની પ્રત્યે કારણ હોવાથી જ ઉપર જણાવ્યા મુજબ પોતાના પ્રાધાન્યની અપેક્ષાએ બીજાના બાધક પણ થાય છે. અન્યથા બેમાંથી એક જ કારણ હોય અને તેને બીજાની અપેક્ષા ન હોય તો તે અકારણનો બાધ થવાનો પ્રસંગ જ નહીં આવે. કારણ કે જે કારણ જ ન હોય તો તેનો કોઇ કઇ રીતે બાધ કરે ? જે; બેમાં પ્રધાન કારણ હોય છે, તે; બીજા અપ્રધાનનો બાધ કરે છે.

ચરમાવર્ત્તકાળમાં પ્રાયે કરી દૈવનો બાધ પુરુષકાર(પ્રયત્ન)થી થાય છે. ગમે તેવું કર્મ હોય તોપણ મોટાભાગે પુરુષકારથી તેનો બાધ થતો હોય છે. કોઇ વાર શ્રીનંદિષેણ મુનિ વગેરેની જેમ તેવા પ્રકારની કર્મની સંક્લિષ્ટ અવસ્થામાં પુરુષકારથી કર્મનો બાધ થતો નથી. તેને લઇને વ્યભિચાર ન આવે એ માટે શ્લોકમાં **प्रायः** આ પદનું ઉપાદાન કર્યું છે. તેથી કોઇ વાર ચરમાવર્ત્તકાળમાં પણ શ્રી નંદિષેણમુનિ વગેરે મહાત્માઓના પુરુષકારથી કર્મનો બાધ ન થવા છતાં દોષ નથી. ।।૧૭-૨૬।।

આ રીતે સમજી શકાશે કે નિશ્ચયનયની અપેક્ષાએ પોતાના કાર્ય કરતી વખતે દૈવ અને પુરુષકાર પોતે પ્રધાન જ હોય છે. તેથી બંન્નેમાં તેને લઇને તુલ્યતા જ છે તેમ જ વ્યવહારનયની અપેક્ષાએ ફળની પ્રત્યે પરસ્પર સાપેક્ષ રીતે બંન્ને કારણ બને છે અને ક્રમે કરી પ્રધાન-અપ્રધાનભાવને પ્રાપ્ત કરે છે તેમ જ બાધ્યબાધકભાવાપન્ન પણ બને છે. તેથી તે મુજબ દૈવ અને પુરુષકારમાં તુલ્યતા છે. આથી જ ચરમાવર્ત્તકાળમાં પુરુષાર્થથી કર્મનો બાધ જ નહીં, ફળવિશેષ પણ પ્રાપ્ત થાય છે, તે જણાવાય છે–

**एवं च ग्रन्थिभेदोऽपि, यत्नेनैव बलीयसा ।**
**औचित्येन प्रवृत्तिः स्यादूर्ध्वं तस्यैव चोदनात् ॥१७-२७॥**

एवं चेति–एवं च चरमावर्ते यत्नस्य बलीयस्त्वे च । ग्रन्थिभेदोऽपि किं पुनर्दैवबाधेत्यपिशब्दार्थः । यत्नेनैव बलीयसाऽतिशयवता, औचित्येन धर्मार्थादिगोचर-न्याय्यप्रवृत्तिप्रधानत्वेन प्रवृत्तिः स्यादूर्ध्वं ग्रन्थिभेदोत्तरम् । तस्यैव बलीयसो यत्नस्यैव चोदनात् प्रेरणात् ॥१७-२७॥

"આ પ્રમાણે બળવાન પ્રયત્ન વડે ગ્રંથિભેદ પણ થાય છે. ત્યાર પછી બળવાન એવા જ પ્રયત્નથી ઔચિત્યપૂર્વક પ્રવૃત્તિ થાય છે." - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે ચરમાવર્ત્તકાળમાં યત્ન બળવાન હોવાથી ગ્રંથિ(રાગ-દ્વેષનો તીવ્ર પરિણામ)નો ભેદ પણ થાય છે. માત્ર કર્મનો બાધ જ થતો નથી. પરંતુ ગ્રંથિનો ભેદ પણ થાય છે. બળવાન-અત્યંત પ્રયત્ન વડે ગ્રંથિભેદ થયા પછી ધર્મ-અર્થ વગેરે સંબંધી ન્યાય્ય કોટિની પ્રવૃત્તિની મુખ્યપણે પ્રવૃત્તિ થાય છે. કારણ કે ગ્રંથિભેદ થયા પછી પ્રયત્ન બલવત્તર બને છે.

ચરમાવર્ત્તકાળમાં અપુનર્બન્ધકાદિ દશાની પ્રાપ્તિ થવાથી બળવાન એવા પુરુષકારથી, દુર્બળ એવા મિથ્યાત્વમોહનીયકર્માદિનો બાધ થાય છે, જેથી રાગ-દ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ ગ્રંથિનો ભેદ પણ થાય છે. એથી પ્રાપ્ત સમ્યગ્દર્શનાદિના અચિંત્ય સામર્થ્યથી પ્રયત્ન બલવત્તર બને છે, જેથી ધર્માદિના વિષયમાં પરસ્પર બાધ ન થાય એ રીતે ન્યાય્ય પ્રવૃત્તિ થાય છે - એ સ્પષ્ટ છે. ॥૧૭-૨૭॥

ननु यद्येवं ग्रन्थिभेदादूर्ध्वं स्वपरिणामादेवोचितप्रवृत्तिसिद्धिस्तदोपदेशवैयर्थ्यं स्यादित्यत आह–

જો આ રીતે ગ્રંથિભેદ પછી પોતાના(આત્માના)પરિણામના કારણે જ ઉચિત પ્રવૃત્તિ સિદ્ધ થતી હોય તો તેવા આત્માઓની પ્રત્યે ઉપદેશ આપવાનું નિરર્થક છે : આવી શંકાનું સમાધાન કરાય છે–

**उपदेशस्त्वनेकान्तो, हेतुरत्रोपयुज्यते ।**
**गुणमारभमाणस्य, पततो वा स्थितस्य न ॥१७-२८॥**

उपदेशस्त्विति–उपदेशस्त्वत्र भिन्नग्रन्थेरुचितप्रवृत्तौ अनेकान्तो जलोत्पत्तौ भूमिसरसभावनिबन्धनायां पवनखननादिरिवानियतहेतुभावः सन्नुपयुज्यते । अनियतत्वेऽपि विशेषे नैयत्यमभिधित्सुराह-गुणमुपरितनगुणस्थानमारभमाणस्य पतता वोपरितनगुणस्थानादधस्तनमागच्छतो न पुनः स्थितस्य तद्भावमात्रविश्रान्तस्य ।।१७-२८।।

"અહીં ગ્રંથિભેદ જેણે કરી લીધો છે એવાઓની ઉચિત પ્રવૃત્તિમાં ઉપદેશ, એકાંતે હેતુ નથી. ગુણને પ્રાપ્ત કરવાનો આરંભ કરનારાને અથવા ગુણસ્થાનકેથી પડતા એવા આત્માઓ માટે ઉપદેશ છે. પરંતુ ઉચિત પ્રવૃત્તિમાં સ્થિત આત્માઓ માટે ઉપદેશ સાર્થક નથી." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે.

કહેવાનો આશય સમજી શકાય છે કે જેણે ગ્રંથિભેદ કર્યો છે તેની ઉચિત પ્રવૃત્તિની પ્રત્યે અનિયતપણે ઉપદેશ ઉપયોગી બને છે. ભૂમિનો સરસભાવ (સરસત્વ) જેમાં કારણ છે એવી જલોત્પત્તિની પ્રત્યે પવન કે ખનન વગેરે જેમ ઉપયોગી બને છે, તેમ અહીં ઉપદેશ ઉપયોગી બને છે. પવન કે ખનન(ખોદવું) વગેરે જલોત્પત્તિનાં કારણ નથી. પરંતુ ભૂમિમાં ઉત્પન્ન થયેલા જલના અભિવ્યઞ્જક છે. આવી જ રીતે શુભભાવ, શુદ્ધપુરુષકારથી સમુદ્ભૂત છે. ઉપદેશ તેની અભિવ્યક્તિનો હેતુ છે. આ રીતે ઉચિત પ્રવૃત્તિની પ્રત્યે ઉપદેશની હેતુતા અનૈકાન્તિક છે, નિયત નથી.

ઉપદેશમાં અનિયતહેતુતા હોવા છતાં ક્વચિદ્ તેની નિયતતાને શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવાય છે. આશય એ છે કે પ્રથમાદિ ગુણસ્થાનકથી ચતુર્થાદિ ગુણસ્થાનકે જવાનો આરંભ કરનારા માટે અથવા ઉપરના ગુણસ્થાનકથી (સપ્તમાદિ ગુણસ્થાનકથી) નીચેના ગુણસ્થાનકે પડતા એવા આત્માઓ માટે ઉપદેશ ઉપયોગી બને છે. અર્થાત્ ઉપરના ગુણસ્થાનકે જવા માટે અને નીચેના ગુણસ્થાનકે પડતા અટકાવવા માટે ઉપદેશ નિયતપણે ઉપયોગી બને છે. પરંતુ પ્રાપ્ત થયેલા તે તે પરિણામમાં જેઓ વિશ્રાંત (સ્થિર રહેલા) છે તેવા આત્માઓ માટે ઉપદેશ ઉપયોગી નથી. ।।૧૭-૨૮।।

ઉપર જણાવ્યા મુજબ ઉપદેશ, અનિયતપણે ઉપયોગી બનતો હોય તો શાસ્ત્રોમાં શા માટે તેનું વિસ્તારથી વર્ણન કરાય છે ? આ શંકાનું સમાધાન કરાય છે. અર્થાત્ ઉપદેશનું ફળ વર્ણવાય છે–

**आधिक्यस्थैर्यसिद्ध्यर्थं, चक्रभ्रामकदण्डवत् ।**
**असौ व्यञ्जकताप्यस्य, तद्बलोपनतिक्रिया ।।१७-२९।।**

आधिक्येति–आधिक्यं सजातीयपरिणामप्राचुर्यं स्थैर्यं च पतनप्रतिबन्धस्त-त्सिद्ध्यर्थम् । चक्रभ्रामकदण्डवदसावुपदेश उपयुज्यते । यथा हि दण्डो भ्रमतश्चक्रस्य दृढभ्रम्यर्थं भग्नभ्रमेर्वा भ्रम्याधानार्थमुपयुज्यते, न तूचितभ्रमवत्येव तत्र । तथोपदेशोऽपि गुणप्रारम्भाय तत्पातप्रतिबन्धाय वोपयुज्यते, न तु स्थितपरिणामं प्रतीति । तदुक्तमुपदेशपदे–"उवएसो वि हु सफलो गुणठाणारंभगाण जीवाण । परिवडमाणाण तहा पायं न उ तट्ठिआणं पि ।।१।।" व्यञ्जकताप्यस्योपदेशस्य । तद्बलेन परिणामबले-नोपनतिक्रिया सन्निधानलक्षणा, अन्यथा घटादौ दण्डादेरपि व्यञ्जकत्वापत्तेरिति भावः ।।१७-२९।।

"ચક્રને ફેરવનાર દંડની જેમ અધિકતાની અને સ્થિરતાની સિદ્ધિ માટે ઉપદેશ ઉપયોગી છે. તેની વ્યઞ્જકતા પણ તેનાથી જન્ય એવા પરિણામ વડે કાર્યની ઉત્પત્તિ પૂર્વે રહેવા સ્વરૂપ છે." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ છે. તેનું તાત્પર્ય એ છે કે ઉચિત પ્રવૃત્તિની અધિકતા માટે ઉપદેશ ઉપયોગી બને છે. સમાનજાતીય પરિણામની પ્રચુરતા સ્વરૂપ અધિકતા છે. પૂર્વે જે પરિણામને લઈને પ્રવૃત્તિ ચાલતી હતી, તે પરિણામમાંની જે પ્રકૃષ્ટતા છે, તે સ્વરૂપ અહીં પ્રવૃત્તિની અધિકતા છે. અને જે પરિણામને લઈને ઉચિત પ્રવૃત્તિ ચાલતી હતી; તે પરિણામનું પતન ન થાય એ રીતે પ્રવર્ત્તવા સ્વરૂપ સ્થૈર્ય છે. આધિક્ય અને સ્થૈર્ય : એ બંન્નેની સિદ્ધિ માટે ઉપદેશ ઉપયોગી બને છે.

જેમ કુંભારના ફરતા ચક્રના દૃઢ ભ્રમણ માટે તેમ જ ફરતું અટકી જતાં ચક્રને ફરતું કરવા માટે જેમ દંડ ઉપયોગી છે પરંતુ યોગ્ય રીતે ફરતા ચક્રના માટે તે ઉપયોગી નથી તે જ રીતે ગુણસ્થાનકના પ્રારંભ માટે અને ગુણસ્થાનકથી પતન ન થાય એ માટે ઉપદેશ પણ ઉપયોગી બને છે. જેમના પરિણામ સ્થિર છે, તેમના માટે ઉપદેશ ઉપયોગી નથી. એ પ્રમાણે ઉપદેશપદમાં ફરમાવ્યું છે કે "ગુણસ્થાનક(ચતુર્થાદિ ગુણસ્થાનક)નો આરંભ કરનારા ભવ્યજીવોને માટે તેમ જ ગુણસ્થાનકથી પતન પામતા આત્માઓને અટકાવવા માટે પ્રાયઃ ઉપદેશ સફળ છે. પરંતુ સ્થિરપરિણામવાળા માટે તે ઉપયોગી નથી."

આ પૂર્વે અઠ્ઠાવીસમા શ્લોકમાં; 'જલોત્પત્તિમાં જેમ પવન-ખનનાદિ અભિવ્યઞ્જક છે, પણ કારણ નથી; તેમ ઉચિત પ્રવૃત્તિની પ્રત્યે ઉપદેશ પણ અભિવ્યઞ્જક છે' - આ પ્રમાણે જણાવ્યું છે. એ ઉપદેશની વ્યઞ્જકતા પણ વસ્તુતઃ કારણતાસ્વરૂપ છે. ઉપદેશના કારણે ઉચિતપ્રવૃત્તિજનક પરિણામ પ્રાપ્ત થાય છે અને તેથી તે તે ગુણસ્થાનકને ઉચિત પ્રવૃત્તિ થાય છે. પરિણામબળથી અર્થાત્ સ્વજન્યપરિણામવત્ત્વ(પરિણામ) સંબંધથી ઉપદેશ, પ્રવૃત્તિની અવ્યવહિત પૂર્વે વિદ્યમાન છે. આવા પ્રકારના સંનિધાન સ્વરૂપ જ અહીં ઉપદેશમાં વ્યઞ્જકતા છે. આવી વ્યઞ્જકતા, કે જે તાદૃશ કારણતા સ્વરૂપ છે; તેને માનવામાં ન આવે તો ઘટાદિ કાર્યની પ્રત્યે દંડાદિને પણ વ્યઞ્જક જ માનવા પડશે. કારણ કે ઘટાદિની પ્રત્યે પણ દંડાદિ પોતાથી જન્ય એવા ભ્રમણાદિ(ચક્રભ્રમણાદિ)ના સંબંધથી જ ત્યાં ઘટાદિની ઉત્પત્તિની અવ્યવહિત પૂર્વે વિદ્યમાન હોય છે... ઇત્યાદિ અધ્યાપકો પાસેથી સમજી લેવું જોઇએ. ॥૧૭-૨૯॥

ઉચિત પ્રવૃત્તિના ફળનું વર્ણન કરાય છે–

**औचित्येन प्रवृत्त्या च, सुदृष्टिर्यत्नतोऽधिकात् ।**
**पल्योपमपृथक्त्वस्य, चारित्रं लभते व्ययात् ॥१७-३०॥**

औचित्येनेति–औचित्येन न्यायप्रधानत्वेन प्रवृत्त्या च । सुदृष्टिः सम्यग्दृष्टिरधिकादतिशयितात् । यत्नात् पुरुषकारात् । पल्योपमपृथक्त्वस्य चारित्रमोहस्थितिसम्बन्धिनो व्ययात् चारित्रं लभते देशविरत्याख्यम् । सर्वविरत्याख्यं तु सङ्ख्यातेषु सागरोपमेषु निवृत्तेष्विति द्रष्टव्यम् ॥१७-३०॥

"ઔચિત્યપૂર્વકની પ્રવૃત્તિથી સમ્યગ્દૃષ્ટિ આત્મા અધિક પ્રયત્નના કારણે બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિ ક્ષીણ થયે છતે ચારિત્ર(દેશવિરતિ)ને પ્રાપ્ત કરે છે." - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. પોત-પોતાના ગુણસ્થાનકને ઉચિત એવી મર્યાદાનું અતિક્રમણ કર્યા વિના કરાતી ઉચિત પ્રવૃત્તિથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તેને લઇને પુરુષકાર-પ્રયત્નાતિશય થાય છે.

એ પ્રયત્નાતિશયથી ચારિત્રમોહનીયકર્મની, બેથી નવ પલ્યોપમ જેટલી સ્થિતિ ક્ષીણ થાય એટલે તે આત્માને દેશવિરતિસ્વરૂપ ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

એક યોજન (૮ માઈલ) પ્રમાણ ઊંડા, પહોળા અને લાંબા, વાલાગ્રથી ભરેલા ખાડામાંથી સો સો વર્ષે એક વાલાગ્રનો અપહાર કરવાથી જેટલા કાળે તે ખાડો ખાલી થાય તે કાળને એક પલ્યોપમ કહેવાય છે. એવા બેથી નવ પલ્યોપમને પલ્યોપમપૃથક્ત્વ કહેવાય છે. દશકોટાકોટિ (એક કરોડ x એક કરોડ = કોટાકોટી) પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. આવા સંખ્યાત સાગરોપમ જેટલી ચારિત્રમોહનીયકર્મની સ્થિતિ ઘટે (ક્ષીણ થાય) ત્યારે આત્માને સર્વવિરતિધર્મની પ્રાપ્તિ થાય છે. ॥૧૭-૩૦॥

ઉચિત પ્રવૃત્તિના યોગે ચારિત્રને પામેલા આત્માનાં લિંગો જણાવાય છે–

**मार्गानुसारिता श्रद्धा, प्राज्ञप्रज्ञापनारतिः ।**
**गुणरागश्च लिङ्गानि, शक्यारम्भोऽपि चास्य हि ॥१७-३१॥**

मार्गेति–मार्गानुसारितानाभोगेऽपि सदन्धन्यायेन मार्गानुसरणशीलता । यदुक्तम्–"असातोदयशून्योऽन्धः कान्तारपतितो यथा । गर्तादिपरिहारेण सम्यक् तत्राभिगच्छति ॥१॥ तथाऽयं भवकान्तारे पापादिपरिहारतः । श्रुतचक्षुर्विहीनोऽपि सत्सातोदयसंयुतः ॥२॥ अनीदृशस्य तु पुनश्चारित्रं शब्दमात्रकम् । ईदृशस्यापि वैकल्यं विचित्रत्वेन कर्मणाम् ॥३॥" इति । श्रद्धा शुद्धानुष्ठानगता तीव्ररुचिः । प्राज्ञस्य पण्डितस्य प्रज्ञापनाऽर्थविशेषदेशना तत्र रतिः श्रवणतदर्थपालनासक्तिः । गुणरागश्च गुणबहुमानः । शक्यारम्भः स्वकृतिसाध्यधर्मादिप्रवृत्तिरपि चास्य हि चारित्रस्य हि लिङ्गानि लक्षणानि प्रवदन्ति पूर्वसूरयः ॥१७-३१॥

"ચારિત્રવંત આત્માનાં માર્ગાનુસારિતા, શ્રદ્ધા, પ્રાજ્ઞની દેશનામાં રતિ, ગુણરાગ અને શક્યમાં પ્રવૃત્તિ : આ લિંગો-લક્ષણો છે." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિથી જ્યારે બેથી નવ પલ્યોપમ જેટલી ચારિત્રમોહનીયકર્મની સ્થિતિનો હ્રાસ થાય તે પછી જ સામાન્યથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. એવા ચારિત્રવંત આત્માનાં ઉપર જણાવ્યા મુજબ માર્ગાનુસારિતા વગેરે લક્ષણો આ શ્લોકથી જણાવ્યાં છે.

એમાં સદ્અંધન્યાયે, અજ્ઞાનથી પણ મોક્ષમાર્ગને અનુસરવાના સ્વભાવને માર્ગાનુસારિતા કહેવાય છે. "જેને અશાતાવેદનીયકર્મનો ઉદય નથી એવો મહાટવીમાં પડેલો અંધ માણસ જેમ ખાડા વગેરેમાં પડ્યા વિના ત્યાં સારી રીતે

ચાલે છે, તેમ આ ભવ-અટવીમાં પડેલો આત્મા પાપાદિનો ત્યાગ કરી શ્રુતજ્ઞાનસ્વરૂપ ચક્ષુથી વિહીન હોવા છતાં સાતવેદનીયકર્મના ઉદયથી સંયુક્ત બની મોક્ષમાર્ગે સારી રીતે ચાલે છે. જે આ રીતે માર્ગને અનુસરતા નથી તેમનું ચારિત્ર નામથી જ છે, વાસ્તવિક નથી. કોઈ વાર માર્ગાનુસારી એવા પણ આત્માને ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. તે તેમના નિકાચિત કોટિના વિચિત્ર ચારિત્રમોહનીયકર્મના ઉદયના કારણે છે." - આ પ્રમાણે 'યોગબિંદુ'(શ્લો.નં. ૩૫૪-૩૫૫-૩૫૬)માં જણાવ્યું છે.

અનુષ્ઠાનના વિષયમાં જે તીવ્ર રુચિ છે, તેને શ્રદ્ધા કહેવાય છે. મહાટવી પાર કરીને આવેલા બ્રાહ્મણને ઘીથી પૂર્ણ એવા ઘેબર વગેરે ખાવામાં જે રુચિ છે તેની અપેક્ષાએ પણ તીવ્ર એવી ધર્માચરણની ઇચ્છાને અહીં શ્રદ્ધા તરીકે વર્ણવી છે. પંડિત જનની જે અર્થવિશેષની દેશના છે, ત્યાં જે રતિ; તેને પ્રાજ્ઞપ્રજ્ઞાપનારતિ કહેવાય છે. એ દેશનાના શ્રવણમાં અને ત્યાર પછી તેમાં જણાવેલા અર્થના પાલનમાં આસક્તિસ્વરૂપ અહીં રતિ છે. જ્ઞાનાદિ ગુણવાન આત્માઓની પ્રત્યેની આંતરિક પ્રીતિ સ્વરૂપ બહુમાનને ગુણરાગ કહેવાય છે અને પોતાના પ્રયત્નથી શક્ય એવી ધર્મ-અર્થ વગેરેની પ્રવૃત્તિને શક્યારંભ કહેવાય છે. આ બધાં માર્ગાનુસારિતા, શ્રદ્ધા વગેરે ચારિત્રસંપન્ન આત્માઓનાં લક્ષણો છે - એમ પૂર્વાચાર્યભગવંતો કહે છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૧૭-૩૧॥

ચારિત્રની પ્રાપ્તિનાં લિંગોનું વર્ણન કરીને હવે તેના ફળનું નિરૂપણ કરવા દ્વારા પ્રકૃતાર્થનો ઉપસંહાર કરાય છે–

**योगप्रवृत्तिरत्र स्यात्, परमानन्दसङ्गता ।**
**देशसर्वविभेदेन, चित्रे सर्वज्ञभाषिते ॥१७-३२॥**

योगेति–अत्र देशसर्वविभेदेन । चित्रे नानारूपे चारित्रे । सर्वज्ञभाषिते तीर्थकराभिहिते । योगस्य प्रागुक्तलक्षणस्य प्रवृत्तिः स्यात् । परमेणोत्कृष्टेनानन्देन सङ्गता व्याप्ता ॥१७-३२॥

"અહીં શ્રી તીર્થંકરપરમાત્માએ ઉપદેશેલા ચિત્ર(અનેક પ્રકારના) દેશચારિત્ર અને સર્વચારિત્રને વિશે પૂર્વે જણાવેલા, મોક્ષની સાથે જોડી આપનારા, ધર્મવ્યાપારસ્વરૂપ યોગની પ્રવૃત્તિ પરમાનંદસ્વરૂપ મોક્ષની સાથે સંગત બને છે...

આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે 'યોગશતક' વગેરે ગ્રંથમાં જણાવ્યા મુજબ અપુનર્બંધક અવસ્થાને પામેલા જીવો, સમ્યગ્દૃષ્ટિ આત્માઓ અને ચારિત્રવંત આત્માઓ યોગના અધિકારી છે. એમાં ચારિત્રવંત આત્માઓને નિયમે કરી હોય છે અને બીજાઓને બીજમાત્ર જેટલો યોગ હોય છે.

તેથી સ્પષ્ટ છે કે શ્રી સર્વજ્ઞપરમાત્માએ પ્રરૂપેલા જુદા જુદા પ્રકારના દેશવિરતિ કે સર્વવિરતિ સ્વરૂપ ચારિત્રને વિશે જ યોગની પ્રવૃત્તિ થાય છે. મોક્ષની સાથે યોગ કરાવનાર ચારિત્રસંપન્ન આત્માના તે તે આત્મવ્યાપાર સ્વરૂપ યોગ છે. તે યોગથી પરમાનંદસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી ચારિત્રને વિશે થનારી યોગની પ્રવૃત્તિ પરમાનંદથી સંગત છે.

શ્રી સર્વજ્ઞપરમાત્માએ ઉપદેશેલા પરમતારક ચારિત્રધર્મની આરાધનાને છોડીને બીજો કોઈ જ મોક્ષમાર્ગ નથી. એની આરાધનાના કાળ દરમ્યાન તે તે આરાધક આત્માઓને આનંદનો જે અનુભવ થાય છે, તે વર્ણનાતીત છે. એક અપેક્ષાએ કહીએ તો તે મોક્ષના સુખનો જ સ્વાદ છે. નિરીહતાના પરમાનંદના અનુભવનો અહીં પ્રારંભ છે. 'કશું જ જોઈતું નથી' આ અધ્યવસાય નિરીહતાનો છે.

પરમાનંદના સાધનભૂત ચારિત્રની સાધનામાં જ યોગની સાધના શક્ય છે. સાધકને સાધ્ય-સિદ્ધપદની પ્રાપ્તિનું એ એકમાત્ર સાધન છે. તેની સાધના પરમાનંદથી સંગત છે : એ સ્પષ્ટ છે. અંતે પરમાનંદની મૂળભૂત ઉચિત પ્રવૃત્તિની ઉપયોગિતાને સમજી એના આચરણ દ્વારા આપણે પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક શુભાભિલાષા. ।।૧૭-૩૨।।

।। इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां दैवपुरुषकारद्वात्रिंशिका ।।

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ।।**

# પરિશીલનની પૂર્વે

અનંતોપકારી શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા પરમતારક મોક્ષમાર્ગની સાધના જ ખરેખર તો યોગની સાધના છે. કારણ કે આત્માને મોક્ષની સાથે જોડી આપનારી એ સાધના છે. યોગના સ્વરૂપ અંગે અનેક મતો હોવા છતાં યોગની મોક્ષસાધકતામાં કોઇ જ વિવાદ નથી. દરેક દર્શનકારોએ મોક્ષની પ્રાપ્તિ માટે અનન્ય ઉપાય સ્વરૂપે યોગનું વર્ણન કર્યું છે.

આ યોગભેદ નામની દ્વાત્રિંશિકામાં મુખ્યપણે અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય : આ પાંચ યોગભેદોનું વર્ણન કર્યું છે. અધ્યાત્મનું સ્વરૂપ વર્ણવતાં પ્રસંગથી મૈત્રી વગેરે ભાવોનું વર્ણન કર્યું છે. યોગબિંદુગ્રંથને અનુલક્ષીને કરાયેલું એ વર્ણન ખૂબ જ સ્પષ્ટ રીતે મૈત્રી વગેરેના સ્વરૂપને સમજાવનારું છે. મૈત્ર્યાદિભાવોને આત્મસાત્ કર્યા વિના "અધ્યાત્મ"ની પ્રાપ્તિ શક્ય નથી. 'અધ્યાત્મ' શબ્દ ગમી જાય એવો છે. પરંતુ તેના અર્થની પ્રાપ્તિ માટે પ્રબળ પુરુષાર્થ અપેક્ષિત છે. મૈત્ર્યાદિભાવોનું વર્ણન વાંચવાથી સમજાશે કે અધ્યાત્મની પ્રાપ્તિ માટે આત્મામાં અનેક પ્રકારની યોગ્યતાનો પ્રાદુર્ભાવ થવો જોઇએ. સુખી જનોની ઇર્ષ્યા; દુઃખી જનોની ઉપેક્ષા, બીજાના સુકૃત પ્રત્યેનો દ્વેષ અને અધર્મી જનોની પ્રત્યે રાગ-દ્વેષ : આ અધ્યાત્મપ્રાપ્તિના અવરોધક છે. એના પરિહારથી જ અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે.

અધ્યાત્મની પ્રાપ્તિ પછી જ આત્માને ભાવનાની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વૈરાગ્યના ભેદથી ભાવના પાંચ પ્રકારની છે, જે અત્યંત દૃઢ એવા સંસ્કારનું કારણ છે. પ્રવૃત્તિના સાતત્ય માટે સંસ્કારની દૃઢતા આવશ્યક છે અને અંતિમ ફળની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિનું સાતત્ય અપેક્ષિત છે. ભાવનાથી ભાવિત યોગીને ધ્યાન પ્રાપ્ત થાય છે.

સ્થિર, શુભ એક વિષયવાળું ધ્યાન, સૂક્ષ્મજ્ઞાનથી સહિત હોય છે. તેની પ્રાપ્તિ માટે ખેદ, ઉદ્વેગ, ભ્રમ, ઉત્થાન, ક્ષેપ, આસંગ, અન્યમુદ્ અને રોગ : આ આઠ ચિત્તના દોષોનો ત્યાગ પ્રયત્નપૂર્વક કરવાનું જણાવ્યું છે. ખેદાદિ દોષોનું સ્વરૂપ અને તેનું ફળ અહીં વર્ણવ્યું છે. આઠ ચિત્તના દોષોથી રહિત એવું ધ્યાન હોય તો તે કુશલાનુબંધી બને છે અને એ ધ્યાનથી યોગીને સર્વ કાર્યો સ્વાધીન બને છે. ચિત્તના શુભ પરિણામો નિશ્ચલ બને છે અને અશુભ કર્મોના અનુબંધ નાશ પામે છે.

એ રીતે ધ્યાનયોગનું વર્ણન કરીને બાવીશમા શ્લોકથી સમતાયોગનું વર્ણન કર્યું છે. અનાદિકાલીન અવિદ્યા(અજ્ઞાન)ને લઈને જે સંકલ્પ અને વિકલ્પો થતા હતા, તે હવે તત્ત્વબુદ્ધિ થવાથી થતા નથી. વિષયોને અત્યાર સુધી જે ઈષ્ટ કે અનિષ્ટસ્વરૂપે ગ્રહણ કરવાનું બનતું હતું તે હવે થતું નથી. વસ્તુને વસ્તુતત્ત્વસ્વરૂપે ગ્રહણ કરવામાં આવે છે. આવી તત્ત્વબુદ્ધિને સમતા કહેવાય છે. નિસ્તરંગ સમુદ્રજેવી શાંત, પ્રશાંત ચિત્તની વૃત્તિઓ સર્વથા વિકલ્પશૂન્ય હોય છે ત્યારે વૃત્તિસંક્ષયયોગનો આવિર્ભાવ થાય છે, જે કેવલજ્ઞાનની પ્રાપ્તિ વખતે હોય છે અને મનનો સર્વથા નિરોધ થવાથી ચિત્તની સર્વવૃત્તિઓનો નિરોધ થવાથી શૈલેશી અવસ્થામાં હોય છે. મોક્ષના કારણભૂત આત્મવ્યાપારને આશ્રયીને યોગના ભેદોનું વર્ણન છવ્વીસ શ્લોકોથી કરાયું છે.

'ચિત્તવૃત્તિઓના નિરોધને યોગ કહેવાય છે.' આ પ્રમાણેની માન્યતાને અનુસરવાથી પણ પતંજલિના મતમાં અધ્યાત્માદિ પાંચ યોગભેદો સઙ્ગત થઈ શકે છે - તે સત્તાવીસમા શ્લોકથી જણાવવાની શરૂઆત કરી છે. એ જણાવતી વખતે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સ્વરૂપ યોગ છે તે જણાવીને તેમાં અધ્યાત્માદિ પાંચ પ્રકારોનો સમાવેશ કઈ રીતે થાય છે - તે જણાવ્યું છે.

આ બત્રીશીના અંતમાં અધ્યાત્માદિ ચારને યોગની પૂર્વસેવાસ્વરૂપ યોગના ઉપાય તરીકે વર્ણવ્યા છે. વ્યવહારનયને આશ્રયીને કારણમાં કાર્યનો ઉપચાર કરીને અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતાને યોગ કહેવાય છે. ઉપચાર વિના યોગનું નિરૂપણ કરાય તો 'વૃત્તિસંક્ષય'ને જ યોગ તરીકે વર્ણવાય છે. આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે પ્રથમગુણસ્થાનકે અને ચોથાગુણસ્થાનકે યોગની પૂર્વસેવા સ્વરૂપ યોગોપાય હોય છે. પાંચમા ગુણસ્થાનકથી આરંભીને યોગની પ્રવૃત્તિ શરૂ થાય છે.

અંતે શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનને અનુસરી અધ્યાત્માદિ પાંચે ય યોગ શીઘ્રપણે પરમાનંદસ્વરૂપ મોક્ષને આપનારા છે - એ જણાવીને અન્ય શાસ્ત્રોમાં જણાવેલા તે તે યોગો પરમાનંદનું કારણ બનતા નથી - એ સૂચવ્યું છે. કારણ કે અન્યદાર્શનિકોનાં શાસ્ત્રો શ્રી વીતરાગપરમાત્માના વચનને અનુસરતાં નથી. શ્રી વીતરાગપરમાત્માના વચનમાં સ્થિર બની અધ્યાત્માદિ ભાવોની પ્રાપ્તિ દ્વારા આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક અભ્યર્થના...

મહા સુદ-૬, શુક્રવાર
કલ્યાણ

**- આ.વિ.. ચન્દ્રગુપ્તસૂરિ**

## अथ प्रारभ्यते योगभेदद्वात्रिंशिका ।

अनन्तरं पुरुषकारप्राधान्येन चारित्रप्राप्तौ योगप्रवृत्तिरुक्तेति तद्भेदानेवात्राह–

આ પૂર્વે સત્તરમી બત્રીશીમાં પુરુષકાર(પ્રયત્ન)ના પ્રાધાન્યથી ચારિત્રની પ્રાપ્તિમાં યોગની પ્રવૃત્તિ થાય છે : તે જણાવ્યું છે. હવે યોગના ભેદ-પ્રકારોને વર્ણવાય છે–

**अध्यात्मं भावना ध्यानं, समता वृत्तिसङ्क्षयः ।**
**योगः पञ्चविधः प्रोक्तो, योगमार्गविशारदैः ।।१८-१।।**

अध्यात्ममिति–व्यक्तः ।।१८-१।।

"યોગમાર્ગના વિદ્વાનોએ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય : આ પાંચ પ્રકારનો યોગ વર્ણવ્યો છે." આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. 'યોગબિંદુ'માં વર્ણવેલા અધ્યાત્મ, ભાવનાદિ પાંચ પ્રકારના યોગને આશ્રયીને અહીં યોગના પ્રકારોનું નિરૂપણ કરાયું છે. મોક્ષની સાથે આત્માનો યોગ કરાવી આપનાર અધ્યાત્માદિ હોવાથી તેને યોગ કહેવાય છે.

ઇષ્ટવસ્તુને આપનારા કલ્પવૃક્ષ અને ચિંતામણિ કરતાં પણ મોક્ષને આપનારા યોગનું માહાત્મ્ય અતિશયવંતું છે. જન્મનું બીજ બાળી નાખવા માટે અગ્નિજેવો યોગ છે; જે જરાનો, દુઃખોનો અને મૃત્યુનો નાશ કરે છે. તેથી તેને જરાની જરા; દુઃખોનો ક્ષયરોગ અને મૃત્યુનું મૃત્યુ કહેવાય છે. માસક્ષપણાદિ તપના તપસ્વીઓના તપને પણ નિરર્થક બનાવનાર કામદેવનાં શસ્ત્રોને નકામાં કરવાનું કાર્ય યોગથી શક્ય બને છે. ઉત્તરોત્તર શ્રેષ્ઠ એવા અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય : આ પાંચ પ્રકારના યોગનું વર્ણન અહીં મુખ્યપણે કરાય છે. ॥૧૮-૧॥

અધ્યાત્મનું વર્ણન કરાય છે–

**औचित्याद् वृत्तयुक्तस्य, वचनात् तत्त्वचिन्तनम् ।**
**मैत्र्यादिभावसंयुक्तमध्यात्मं तद्विदो विदुः ।।१८-२।।**

औचित्यादिति–औचित्यादुचितप्रवृत्तिलक्षणात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनागमात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम् ।

मैत्र्यादिभावैर्मैत्रीकरुणामुदितोपेक्षालक्षणैः समन्वितं सहितं अध्यात्मं तद्विदोऽध्यात्मज्ञातारो विदुर्जानते ।।१८-२।।

"ઉચિતપ્રવૃત્તિપૂર્વક અણુવ્રતાદિ આચારથી યુક્ત આત્મા; મૈત્રી વગેરે ભાવોથી સહિત આગમને આશ્રયીને જે તત્ત્વચિંતન કરે છે, તેને અધ્યાત્મના જાણકારો 'અધ્યાત્મ' કહે છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે ઉચિત પ્રવૃત્તિ કરવાપૂર્વક અણુવ્રતો અને મહાવ્રતોને ધારણ કરનારા તે તે આત્માઓ શ્રી જિનાગમને આશ્રયીને જીવાદિ નવ તત્ત્વોનું ચિંતન કરે છે, એ તત્ત્વચિંતનસ્વરૂપ અધ્યાત્મ છે.

આથી સમજી શકાશે કે માત્ર ચિંતન એ અધ્યાત્મ નથી, તત્ત્વચિંતન એ અધ્યાત્મ છે. માત્ર જીવાદિતત્ત્વચિંતન સ્વરૂપ અધ્યાત્મ નથી, પરંતુ આગમને અનુસરીને થતું તત્ત્વચિંતન એ અધ્યાત્મ છે. આગમ-શાસ્ત્ર પણ શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલાં હોવાં જોઇએ. આવા પરમતારક શ્રી જિનાગમને અનુસરીને કરાતું તત્ત્વચિંતનમાત્ર પણ અધ્યાત્મ નથી, પરંતુ શ્રાવકનાં પાંચ અણુવ્રતો અને પૂ. સાધુમહાત્માઓનાં પાંચ મહાવ્રતોથી જે આત્માઓ યુક્ત છે; એવા આત્માઓ દ્વારા કરાતું જ એ તત્ત્વચિંતન અધ્યાત્મ છે. આ તત્ત્વચિંતન વખતે પણ અર્થકામાદિસંબંધી તે તે કાળે વિહિત ઉચિત પ્રવૃત્તિનો બાધ ન થાય એનો ઉપયોગ રાખવો જોઇએ. અર્થાત્ ઉચિતપ્રવૃત્તિપૂર્વકનું જ તેવા પ્રકારનું ચિંતન અધ્યાત્મ છે. આ ચિંતન પણ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય સ્વરૂપ ભાવોથી સહિત હોય તો જ તે અધ્યાત્મસ્વરૂપ બને છે - આ પ્રમાણે અધ્યાત્મના જ્ઞાતા અધ્યાત્મનું સ્વરૂપ વર્ણવે છે. ।।૧૮-૨।।

મૈત્રી વગેરે ભાવોમાંથી મૈત્રીભાવનું વર્ણન કરાય છે–

**सुखचिन्ता मता मैत्री, सा क्रमेण चतुर्विधा ।**
**उपकारिस्वकीयस्वप्रतिपन्नाखिलाश्रया ।।१८-३।।**

सुखेति–सुखचिन्ता सुखेच्छा मैत्री मता । सा क्रमेण विषयभेदेन चतुर्विधा । उपकारी स्वोपकारकर्ता स्वकीयोऽनुपकर्ताऽपि नालप्रतिबद्धादिः, स्वप्रतिपन्नश्च स्वपूर्वपुरुषाश्रितः स्वाश्रितो वा, अखिलाश्च प्रतिपन्नत्वसम्बन्धनिरपेक्षाः, सर्व एव तदाश्रया तद्विषया । तदुक्तम्–"उपकारिस्वजनेतरसामान्यगता चतुर्विधा मैत्रीति" ।।१८-३।।

"ઉપકારી, પોતાના સ્વજનો, પોતાને માનનારા અને બીજા બધા જીવોને સુખ પ્રાપ્ત થાય એવી જે ઇચ્છા તે અનુક્રમે ચાર પ્રકારની મૈત્રી કહેવાય છે.' - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સામાન્ય રીતે બીજાના સુખને ઇચ્છવા સ્વરૂપ મૈત્રીભાવ છે. અહીં હિતસ્વરૂપ સુખ છે. તે તે જીવોના હિતની ચિંતા કરવી (ઇચ્છા કરવી) તેને મૈત્રીભાવના કહેવાય છે. 'કોઇ જીવ પાપ ના કરે, કોઇ પણ જીવ દુઃખી ના થાય અને બધા જીવો મુક્ત બને' આવી ભાવનાને મૈત્રીભાવના તરીકે વર્ણવવામાં આવે છે.

આમ તો આત્માના તેવા પ્રકારના પરિણામ સ્વરૂપ મૈત્રીભાવનાના અસંખ્ય ભેદો છે. પરંતુ તે વિષયવિશેષને આશ્રયીને અનુક્રમે ચાર પ્રકારની છે. ઉપકારી અર્થાત્ પોતાની ઉપર જેણે ઉપકાર કર્યો છે તેવા આત્માઓના હિત-સુખની જે ઇચ્છા છે તે પહેલા પ્રકારની ઉપકારી જનો પ્રત્યેની મૈત્રી છે. જેઓ ઉપકારી નથી, પરંતુ જેમની સાથે લોહીની સગાઇ છે; એવા તે તે સ્વકીય-સ્વજનોની પ્રત્યે જે હિતની ભાવના છે તે બીજી સ્વકીય જનો પ્રત્યેની મૈત્રી છે. જેઓની સાથે કોઇ સગપણ નથી, પરંતુ પોતાના પૂર્વપુરુષોને અથવા પોતાને આશ્રયે જેઓ રહે છે એવા સ્વપ્રતિપન્ન જીવોના હિતની ચિંતા સ્વરૂપ ત્રીજી મૈત્રી છે અને જેઓ ઉપકારી, સ્વકીય કે સ્વપ્રતિપન્ન પણ નથી એવા બધા જીવોના હિતની ઇચ્છા સ્વરૂપ અખિલ જીવોની ચોથી મૈત્રી છે. આ ચાર પ્રકારની મૈત્રીને વર્ણવતાં શ્રી ષોડશકપ્રકરણમાં ફરમાવ્યું છે કે - ઉપકારી, સ્વજન, ઇતર અને સામાન્ય જનોના હિતની ભાવનાને અનુક્રમે પહેલી, બીજી, ત્રીજી અને ચોથી મૈત્રી કહેવાય છે. (જુઓ ષોડશક ૧૩-૯)... ઇત્યાદિ સ્પષ્ટ છે. ||૧૮-૩||

કરુણાભાવનાનું નિરૂપણ કરાય છે–

**करुणा दुःखहानेच्छा, मोहाद् दुःखितदर्शनात् ।**
**संवेगाच्च स्वभावाच्च, प्रीतिमत्स्वपरेषु च ।।१८-४।।**

करुणेति–दुःखहानस्य दुःखपरिहारस्येच्छा करुणा । स च मोहादज्ञानादेका । यथा ग्लानयाचितापथ्यवस्तुप्रदानाभिलापलक्षणा । अन्या च दुःखितस्य दीनादेर्दर्शनात् तस्य लोकप्रसिद्धाहारवस्त्रशयनासनादिप्रदानेन । संवेगान्मोक्षाभिलाषाच्च सुखितेष्वपि सत्त्वेषु प्रीतिमत्सु सांसारिकदुःखपरित्राणेच्छा छद्मस्थानामपरा । अपरा पुनरपरेषु च प्रीतिमत्ता-

सम्बन्धविकलेषु सर्वेष्वेव स्वभावाच्च प्रवर्तमाना केवलिनामिव भगवतां महामुनीनां सर्वानुग्रहपरायणानामित्येवं चतुर्विधा । तदुक्तं–"मोहासुखसंवेगान्यहितयुता चैव करुणेति ॥१८-४॥

"બીજાનાં દુઃખોને દૂર કરવાની ઇચ્છાને કરુણા કહેવાય છે. મોહના કારણે થનારી, દુઃખિતને જોવાથી થનારી, સંવેગના કારણે પ્રીતિમદ્ જનોને વિશે થનારી અને પ્રીતિમદ્ ન હોય તોય સામાન્ય જનોને વિશે સ્વભાવથી થનારી જે કરુણા છે; તે અપેક્ષાએ કરુણા ચાર પ્રકારની છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સામાન્ય રીતે દુઃખ પરિહાર કરવાની ઇચ્છાને કરુણા કહેવાય છે, જે ચાર પ્રકારની છે. એમાંની એક કરુણા મોહથી અર્થાત્ અજ્ઞાનથી થતી હોય છે. માંદા માણસે અપથ્યની માંગણી કર્યા પછી તેને અપથ્ય આપવાની જે ઇચ્છા થાય તેવી ઇચ્છાજેવી આ પ્રથમ કરુણા હોય છે. દુઃખીના દર્શનથી બીજી કરુણા થાય છે. દીન, અનાથ, પાંગળા... વગેરે દુઃખીને જોવાથી તેમને લોક-પ્રસિદ્ધ રીતે આહાર, વસ્ત્ર અને પાત્ર વગેરે આપવાથી આ બીજી કરુણા થાય છે. અહીં સામા માણસનાં દુઃખ દૂર કરતી વખતે તેના વર્તમાનના હિતાહિતની થોડીઘણી ચિંતા હોય છે, જે પહેલી મોહથી થનારી કરુણા વખતે હોતી નથી. માંગ્યું, એટલે આપી દીધું. પરંતુ તેથી લેનારનું શું થશે ? એને એ હિતકર છે કે નહિ ? તેને તે નડશે તો નહિ ને ?... ઇત્યાદિની ચિંતા પહેલી કરુણામાં હોતી નથી.

પોતાની પ્રત્યે પ્રીતિ ધારણ કરતા હોય એવા સુખીજનોને વિશે પણ મોક્ષની અભિલાષા - સંવેગથી સાંસારિક દુઃખ(સંસારસ્વરૂપ દુઃખ)થી રક્ષણ કરવાની જે ઇચ્છા છદ્મસ્થ આત્માને હોય છે તેને ત્રીજી કરુણાભાવના કહેવાય છે. ચોથી કરુણાભાવના કેવલજ્ઞાનીભગવંતોની જેમ, સર્વજીવો ઉપર અનુગ્રહ કરવામાં તત્પર એવા મહામુનિઓને હોય છે. તેઓ સ્વભાવથી જ પોતાની સાથે પ્રીતિમત્તા(પ્રીતિ)નો સંબંધ હોય કે ન પણ હોય તો ય બધા જ પ્રાણીઓને વિશે તેવા પ્રકારની સાંસારિક દુઃખથી રક્ષણ કરવાની ઇચ્છાને ધારણ કરતા હોય છે. ત્રીજી અને ચોથી કરુણામાં વિષયનું સામ્ય હોવા છતાં ઇચ્છાદિનું તારતમ્ય છે. સામાન્ય રીતે વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનમાં જે ફરક છે એવો ફરક ત્રીજી

અને ચોથી કરુણાભાવનામાં છે. આ વિષયમાં શ્રી ષોડશકપ્રકરણમાં ફરમાવ્યું છે કે - મોહ(અજ્ઞાન)ના કારણે થતી, અસુખી(દુઃખી)ઓને વશે થતી, મોક્ષની અભિલાષાથી થતી અને હિતબુદ્ધિથી થતી - એમ ચાર પ્રકારની કરુણાભાવના છે, જેનું તાત્પર્ય ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે. ॥૧૮-૪॥

મુદિતાભાવનાનું નિરૂપણ કરાય છે–

**आपातरम्ये सद्धेतावनुबन्धयुते परे ।**
**सन्तुष्टिर्मुदिता नाम, सर्वेषां प्राणिनां सुखे ॥१८-५॥**

आपातेति–मुदिता नाम सन्तुष्टिः । सा चाद्यापातरम्येऽपथ्याहारतृप्तिजनितपरिणामासुन्दरसुखकल्पे तत्कालमात्ररमणीये स्वपरगते वैषयिके सुखे । द्वितीया तु सद्धेतौ शोभनकारणे ऐहिकसुखविशेष एव परिदृष्टहितमिताहारपरिभोगजनितस्वादुरसास्वादसुखकल्पे । तृतीया चानुबन्धयुतेऽव्यवच्छिन्नसुखपरम्परया देवमनुजजन्मसु कल्याणप्राप्तिलक्षणे इहपरभवानुगते । चतुर्थी तु परे प्रकृष्टे मोहक्षयादिसम्भवे अव्याबाधे च सर्वेषां प्राणिनां सुखे इत्येवं चतुर्विधा । तदुक्तं–"सुखमात्रे सद्धेतावनुबन्धयुते परे च मुदिता तु" ॥१८-५॥

"તત્કાળ રમણીય, સદ્હેતુવાળા, અનુબંધથી યુક્ત અને શ્રેષ્ઠ કોટિના બધા પ્રાણીઓના તે તે સુખને વિશે જે સંતુષ્ટિ (સંતોષ) છે, તેને મુદિતાભાવના કહેવાય છે." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે - સામાન્ય રીતે બધા પ્રાણીઓના સુખમાં સંતુષ્ટ થવા સ્વરૂપ મુદિતાભાવના છે. પ્રાયઃ બીજાઓને સુખી જોવાથી જીવને ઈર્ષ્યાદિ પરિણામ પ્રાપ્ત થતા હોય છે. એ અપેક્ષાએ થોડી સારી પરિણતિ જન્મે તો પોતાના સગા-સંબંધીઓના સુખને જોઈને સંતોષ થાય પણ ખરો ! પરંતુ તે મુદિતાભાવના નથી. સુખને જોઈને ઈર્ષ્યા થવી ના જોઈએ અને સગાસંબંધી જનોના જ સુખને જોઈને નહિ પરંતુ પ્રાણીમાત્રના સુખને જોઈને સંતોષ થવો જોઈએ, તો જ મુદિતાભાવનાનો પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. મુદિતાભાવનાનો વિષય સુખ છે. તેના ચાર પ્રકારને આશ્રયીને મુદિતાભાવનાના પણ ચાર પ્રકાર છે.

આપાતરમ્ય સુખના વિષયમાં પહેલી મુદિતાભાવના છે. અપથ્ય એવા આહારના ભક્ષણથી વર્તમાનમાં તૃપ્તિ થાય છે પરંતુ કાલાંતરે પરિણામ સારું

નથી આવતું. તેની જેમ તત્કાળ (ભોગકાળ) રમણીય અને પરિણામે અસુંદર એવાં સ્વપરનાં વિષયજન્ય સુખોમાં સંતોષ થવા સ્વરૂપ પ્રથમ મુદિતાભાવના છે. જેના હેતુઓ સુંદર છે એવા સુખના વિષયમાં બીજી મુદિતાભાવના હોય છે. જેમાં સારી રીતે હિત જોવાયું છે એવા હિતકર અને પરિમિત આહારના પરિભોગથી પ્રાપ્ત થતા મધુરરસના આસ્વાદના સુખ જેવા વિષયસુખના વિષયમાં બીજી મુદિતાભાવના હોય છે.

અનુબંધ(પરંપરા)યુક્ત સુખના વિષયમાં ત્રીજી મુદિતાભાવના હોય છે. દેવ અને મનુષ્યનાં જન્મોને વિશે ઉત્તરોત્તર અવ્યવચ્છિન્ન(નિરંતર)પણે સુખની પરંપરા સાથે કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ સ્વરૂપ આ ભવ અને પરભવ સંબંધી સુખને વિશે સંતોષ પામવાથી ત્રીજી મુદિતાભાવના પ્રાપ્ત થાય છે. પર-પ્રકૃષ્ટ એવા પરમસુખના વિષયમાં ચોથી મુદિતાભાવના હોય છે. સર્વથા મોહક્ષય થયે છતે શ્રી વીતરાગાવસ્થામાં તેમ જ મોહાદિના ઉપશમાદિ થયે છતે અંશતઃ શ્રી વીતરાગતુલ્ય દશામાં જે અવ્યાબાધ સુખ પ્રાપ્ત થાય છે, તેમાં સંતોષ થવાથી ચોથી મુદિતાભાવનાનો પરિણામ પ્રાપ્ત થાય છે. શ્રી ષોડશકપ્રકરણમાં આ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે સુખમાત્રમાં; સદ્‌હેતુવાળા સુખમાં; અનુબંધયુક્ત સુખમાં તેમ જ પર (પરમ) સુખમાં અનુક્રમે પહેલી, બીજી, ત્રીજી અને ચોથી મુદિતાભાવના હોય છે. જેનો આશય ઉપર જણાવ્યા મુજબ છે. ॥૧૮-૫॥

છેલ્લી ઉપેક્ષાભાવનાનું નિરૂપણ કરાય છે–

**करुणातोऽनुबन्धाच्च, निर्वेदात्तत्त्वचिन्तनात् ।**
**उपेक्षा ह्यहितेऽकाले, सुखेऽसारे च सर्वतः ॥१८-६॥**

करुणात इति–उपेक्षा हि माध्यस्थ्यलक्षणा । करुणातोऽहिते विपये भवत्येका, यथातुरस्य स्वातन्त्र्यादपथ्यं सेवमानस्य करुणया तन्निवारणमवधीर्योपेक्षा क्रियते । अपरा चानुवन्धादायत्यालोचनेन कार्यविषयप्रवाहपरिणामादकालेऽनवसरे, यथा कश्चिदालस्यादेरर्था(व)र्जनादिपु न प्रवर्तते, तं चाप्रवर्तमानं कदाचित्तद्धितार्थी प्रवर्तयति, कदाचित्तु परिणामसुन्दरं कार्यसन्तानमनवेक्षमाणो माध्यस्थ्यमवलम्बत इति । अन्या च निर्वेदाद्भवसुखवैराग्यादसारे बहुतरदुःखानुविद्धत्वेन दुःखानतिविशिष्टे सुखे, यथा सर्वेन्द्रियोत्सवकरं संसारिसुखमनुपश्यतोऽपि योगिनः । इतरा च तत्त्वचिन्तनान्मनोज्ञामनोज्ञानां

वस्तूनां परमार्थतो रागद्वेषानुत्पादकत्वस्य स्वापराधस्यैव च मोहादिकर्मविकारसमुत्थस्य भावनात् सर्वतः सर्वत्रैव स्वव्यतिरिक्तस्य कस्यापि सुखदुःखहेतुत्वानाश्रयणात् । तदुक्तं– "करुणानुबन्धनिर्वेदतत्त्वसारा ह्युपेक्षेति" ।।१८-६।।

"અહિત, અકાળ, સુખ અને સર્વત્ર અસારને વિશે કરુણાથી, અનુબંધથી, નિર્વેદથી અને તત્ત્વચિંતનથી માધ્યસ્થ્ય સ્વરૂપ ઉપેક્ષાભાવના કહેવાય છે." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સામાન્ય રીતે માધ્યસ્થ્યસ્વરૂપ ઉપેક્ષાભાવના છે. તે પણ ચાર પ્રકારની છે. જેના અનુક્રમે અહિત, અકાળ, સુખ અને અસાર વિષય છે અને કરુણા, અનુબંધ, નિર્વેદ અને તત્ત્વચિંતન પ્રયોજક છે.

પહેલી ઉપેક્ષાભાવના કરુણાને લઇને અહિતના વિષયમાં થતી હોય છે. જેમ કોઇ માણસ પોતાની ઇચ્છાથી અપથ્યનું સેવન કરતો હોય ત્યારે તેનું નિવારણ કરવાના બદલે, હશે ! બિચારાને સેવવા દો... ઇત્યાદિ સ્વરૂપ કરુણાને લઇને તેની ઉપેક્ષા કરાય છે. તે પહેલી ઉપેક્ષાભાવના છે. અનવસરે ભવિષ્યનો વિચાર કરવા સ્વરૂપ અનુબંધને લઇને બીજી ઉપેક્ષાભાવના થાય છે. જેમ કોઇ માણસ આળસના કારણે અર્થ(ધન)ના ઉપાર્જન વગેરેમાં પ્રવૃત્તિ કરતો નથી ત્યારે અર્થોપાર્જનાદિમાં અપ્રવર્તમાન એવા તેને જોઇને તેના હિતના અર્થી તેને હિતમાં (અર્થોપાર્જનાદિમાં) પ્રવર્ત્તાવે છે. પરંતુ કોઇ વાર પરિણામ સારું નહીં આવે, એમ ધારીને એવા વખતે માધ્યસ્થ્ય ધારણ કરે છે. તે બીજી ઉપેક્ષાભાવના છે.

સંસારના સુખના વિષયમાં નિર્વેદને લઇને ત્રીજી ઉપેક્ષા ભાવના થતી હોય છે. સંસારના સુખ પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે સંસારના સુખ પ્રત્યે ઉપેક્ષાભાવના પ્રગટે છે, તે ત્રીજી ઉપેક્ષાભાવના છે. સંસારનું સુખ બહુતરદુઃખથી અનુવિદ્ધ હોવાથી દુઃખમાં અને સંસારના સુખમાં કોઇ અત્યંત વિશેષતાને નહિ માનવાથી અસાર એવા તે સુખમાં નિર્વેદ જાગે છે અને તેથી તેમાં ઉપેક્ષાભાવ આવે છે; જે, બધીય ઇન્દ્રિયોને આહ્લાદકર હોવા છતાં સાંસારિક સુખને દુઃખસ્વરૂપ માનતા યોગીજનોમાં જોવા મળે છે. સર્વત્ર અસાર એવા પદાર્થોને વિશે તત્ત્વની વિચારણાને લઇને ચોથી ઉપેક્ષાભાવના થતી હોય છે. મનોજ્ઞ (ગમતી) કે અમનોજ્ઞ(અણગમતી) વસ્તુઓમાં વાસ્તવિક રીતે રાગ કે દ્વેષનું

ઉત્પાદકત્વ નથી અર્થાત્ કોઈ પણ વસ્તુ રાગ-દ્વેષનું કારણ નથી. પરંતુ મોહનીયાદિ ઘાતિ કર્મોના વિકાર(વિપાક)ના કારણે ઉત્પન્ન થયેલા પોતાના અશુભ ભાવ સ્વરૂપ(સ્વાપરાધ) દોષના કારણે જ મનોજ્ઞ કે અમનોજ્ઞ વસ્તુઓમાં રાગ કે દ્વેષ ઉત્પન્ન થાય છે... આવી ભાવના ભાવવા સ્વરૂપ તત્ત્વચિંતનના કારણે પોતાને છોડીને (મોહાધીનતાને છોડીને) કોઈ પણ વસ્તુમાં સર્વત્ર સુખ કે દુઃખની કારણતાને ન માનવાના કારણે સ્વાતિરિક્ત વસ્તુમાત્રમાં જે ઉપેક્ષાભાવ આવે છે, તેને ચોથી ઉપેક્ષાભાવના કહેવાય છે. આ વાતને જણાવતાં શ્રી ષોડશકપ્રકરણમાં જણાવ્યું છે કે કરુણા, અનુબંધ, નિર્વેદ અને તત્ત્વ છે સારભૂત જેમાં તેને અનુક્રમે પહેલી, બીજી, ત્રીજી અને ચોથી ઉપેક્ષાભાવના કહેવાય છે. એનો આશય સ્પષ્ટ છે, જે ઉપર જણાવ્યો છે. ॥૧૮-૬॥

उक्तभेदानामेतासां मैत्र्यादीनां यथाक्रमं परिणममानानां विशुद्धस्वभावानामेवाध्यात्मोपयोग इति फल-द्वारा दर्शयन्नाह–

ઉપર જણાવ્યા મુજબના ચાર ચાર ભેદવાળા મૈત્ર્યાદિભાવો, ક્રમાનુસાર આત્મામાં પરિણામ પામતા હોય છે. વિશુદ્ધસ્વભાવવાળા એ ભાવોનો જ અધ્યાત્મમાં ઉપયોગ છે - આ વાત તેના ફળના નિરૂપણ દ્વારા જણાવાય છે–

**सुखीर्ष्यां दुःखितोपेक्षां, पुण्यद्वेषमधर्मिषु ।**
**रागद्वेषौ त्यजन्नेता, लब्ध्वाध्यात्मं समाश्रयेत् ॥१८-७॥**

सुखीति–सुखिर्ष्वीर्ष्यां, न तु साध्वेषां सुखित्वमिति मैत्रीम् । दुःखितानामुपेक्षां, न तु कथं नु नामैतेषां दुःखविमुक्तिः स्यादिति कृपाम् । पुण्ये प्राणिनां सुकृते द्वेषं, न तु तदनुमोदनेन हर्षम् । अधर्मिषु रागद्वेषौ, न तूपेक्षाम् । त्यजन् परिहरन्नेताः परिणतिशुद्धा मैत्राद्या लब्ध्वा अध्यात्मं समाश्रयेत् । निष्पन्नयोगानां हि मैत्र्यादिरहितं सद्बोधमेव स्वभावतः परार्थसारं चित्तम् । योगारम्भकाणां त्वभ्यासादेव सुखीर्ष्यादित्यागेन मैत्र्यादिविशुद्धिरिति । तदुक्तं–"एताः खल्वभ्यासात् क्रमेण वचनानुसारिणां पुंसाम् । सद्वृत्तानां सततं शुद्धानां (श्राद्धानां) परिणमन्त्युच्चैः ॥१॥" ततश्च निरपायोऽध्यात्मलाभ इति स्थितम् । पतञ्जलिरप्याह–"मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनमिति" [१-३३] ॥१८-७॥

"સુખી જનોને વિશે ઈર્ષ્યા; દુઃખી જનોને વિશે ઉપેક્ષા; પ્રાણીઓના સુકૃત-પુણ્યને વિશે દ્વેષ અને અધર્મી જનોને વિશે રાગદ્વેષનો ત્યાગ કરવા વડે પરિણતિશુદ્ધિ એવી મૈત્રી વગેરે ભાવનાઓને પામીને અધ્યાત્મનો સારી રીતે આશ્રય કરવો જોઇએ." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ કરવો જોઇએ. કહેવાનો આશય એ છે કે મૈત્રી વગેરે ચાર ભાવનાઓ અનુક્રમે સુખી જનોને વિશે ઈર્ષ્યા અને દુઃખીઓની ઉપેક્ષા વગેરેના પરિહારનું કારણ છે. મૈત્રી વગેરે ભાવનાથી સુખી જનોની ઈર્ષ્યા વગેરેનો ત્યાગ સિદ્ધ થાય છે. અને તેથી મૈત્રી વગેરે ભાવનાઓ આત્મામાં પરિણામ પામે છે. આત્મપરિણત એવી ચાર ભાવનાઓને પ્રાપ્ત કરીને અધ્યાત્મનો સારી રીતે સ્વીકાર કરવો જોઇએ. અધ્યાત્મભાવના સમાશ્રયણ માટે એ મૂળભૂત યોગ્યતા છે.

અધ્યાત્મના અર્થીઓએ સુખી જનોને જોઇને ઈર્ષ્યા ના કરવી જોઇએ. અનાદિકાળના કુસંસ્કારોને લઇને જીવને પ્રાયઃ સુખી જનોને જોઇને ઈર્ષ્યા ઉત્પન્ન થતી હોય છે. કંઇ-કેટલીય જાતિની એ ઈર્ષ્યા છે. અનેક પ્રકારના જીવો છે અને તેમનાં સુખો પણ અનેક પ્રકારનાં છે. એ બધાંમાં ઈર્ષ્યા કરવાથી આપણને કોઇ જ લાભ નથી અને સામી વ્યક્તિને એથી કોઇ જ નુકસાન નથી. જે કોઇ નુકસાન છે, તે આપણને પોતાને છે. એક બાજુ બધાય જીવોના સુખની ભાવના ભાવવી અને બીજી બાજુ સુખીની ઈર્ષ્યા કરવી : એ બેનો મેળ કઇ રીતે બેસે ? આવી ભાવના આત્મપરિણત ન બને. મૈત્રીભાવનાને આત્મપરિણતિથી શુદ્ધ બનાવવા સુખી જનોની ઈર્ષ્યાનો ત્યાગ કર્યા વિના ચાલે એવું નથી. સ્વજન હોય કે પરજન હોય, ઉપકારી હોય કે અનુપકારી હોય અને પરિચિત હોય કે અપરિચિત હોય; કોઇ પણ આત્માના સુખને જોઇને ઈર્ષ્યા ન કરતાં આ બધાનું સુખિત્વ (સુખ) બરાબર છે - એમ મનમાં વિચારવું જોઇએ. સુખીની ઈર્ષ્યા કરનારા આવી વિચારણા કરતા ન હોવાથી તેમને પરિણતિશુદ્ધ મૈત્રીભાવની પ્રાપ્તિ થતી નથી.

દુઃખિત જનોની ઉપેક્ષાનો ત્યાગ કરવો જોઇએ. પરંતુ દુઃખી જનોને જોઇને 'કઇ રીતે આ જીવો દુઃખથી મુક્ત થાય' આવી કૃપાનો ત્યાગ કરવો નહિ. કરુણાભાવનાને વિશુદ્ધ બનાવવા માટે બીજાને દુઃખી જોઇને તેના દુઃખને દૂર કરવા પ્રયત્ન કરવાનું આવશ્યક છે. સામર્થ્ય હોવા છતાં બીજાના દુઃખનો પ્રતીકાર કરવાનો ભાવ ન હોય તો આત્માના પરિણામ નિર્ધ્વંસ બને છે. એ

પરિણામ અધ્યાત્મપ્રાપ્તિનો અવરોધ કરે છે. આમ પણ, વ્યવહારમાં પણ એ પરિણામ તદ્દન નીચ કક્ષાનો મનાય છે. છતી શક્તિએ બીજાના દુઃખને દૂર કરવાની ભાવના ન હોય તો તે માણસને કોઇ સારો તો ન જ માને. એવું નિષ્ઠુર જીવન જીવનારને અધ્યાત્મભાવ પ્રાપ્ત ન થાય. આપણે આપણા દુઃખને દૂર કરવા શક્તિ ઉપરાંત પ્રયત્ન કરતા હોઇએ અને છતી શક્તિએ બીજાના દુઃખને દૂર કરવાની ઉપેક્ષા કરીએ - તે એક ભયંકર નિષ્ઠુરતા છે. અધ્યાત્મનો સ્વીકાર કરવામાં એ મોટો અવરોધ છે. તેથી અધ્યાત્મના સમાશ્રયણ માટે દુઃખિતની ઉપેક્ષા કરવાનું ત્યજવું જોઇએ - એ સમજી શકાય છે.

પ્રાણીમાત્રના સુકૃતને જોઇને દ્વેષ કરવાનો ત્યાગ કરવો જોઇએ, પરંતુ તે સુકૃતની અનુમોદના કરવા વડે હર્ષ ધારણ કરવાનો ત્યાગ કરવો ના જોઇએ. કોઇએ પણ સારું કામ કર્યું હોય ત્યારે મોટા ભાગે તે જોઇને આપણે દ્વેષ કરતા હોઇએ છીએ. "એમાં શું ? કોઇને એવી અનુકૂળતા મળી હોય, શક્તિ હોય, સંયોગો હોય તો કરે. અમને એવી અનુકૂળતા મળે તો અમે પણ કરીએ ! એ કાંઇ મોટી વાત નથી..." ઇત્યાદિ રીતે બીજાના સુકૃતને જોઇને; આપણે જે દ્વેષ કરીએ છીએ તેનો ત્યાગ કરીને તે તે જીવના તે તે સુકૃતની અનુમોદના કરવા વડે હર્ષ ધરવો જોઇએ. એમ કરવાથી સુકૃત પ્રત્યેનો રાગ બલવત્તર બને છે. બીજાના સુકૃત પ્રત્યે દ્વેષ કરવાથી ખરેખર તો શ્રી વીતરાગપરમાત્માએ પ્રરૂપેલા સુકૃત પ્રત્યે આપણે દ્વેષ કરતા થઇએ છીએ. અધ્યાત્મના અર્થી જનો માટે તે ખૂબ જ અનુચિત હોવાથી શક્ય પ્રયત્ને તેનો ત્યાગ કરવાનું આવશ્યક છે. અન્યથા મુદિતાભાવનાને વિશુદ્ધ બનાવવાનું શક્ય નહિ બને.

આવી જ રીતે ચોથી ઉપેક્ષાભાવનાને આત્મપરિણતિથી શુદ્ધ બનાવવા અધર્મીજનો પ્રત્યે રાગ કે દ્વેષનો ત્યાગ કરવો જોઇએ. પરંતુ ઉપેક્ષાનો ત્યાગ કરવો ના જોઇએ. સામાન્ય રીતે વિષયાદિપરવશ જીવોને અધર્મી જનો પ્રત્યે રાગ હોય છે. કારણ કે પોતાના સુખ વગેરેના પરિભોગની પ્રવૃત્તિની પ્રત્યે અધર્મી લોકો અનુકૂળતા કરી આપતા હોય છે. આપણને જ્યારે એવી અનુકૂળતા જોઇતી ન હોય ત્યારે અધર્મી જનો પ્રત્યે આપણને દ્વેષ થતો હોય છે. અંતે તો આ રાગ અને દ્વેષ, બંન્નેય અધ્યાત્મભાવની પ્રાપ્તિના અવરોધક જ છે. તેથી તેનો ત્યાગ કરી અધ્યાત્મના અર્થીજનોએ અધર્મી જનોની ઉપેક્ષા જ કરવી જોઇએ.

અધર્મી જનો ધર્મમાં સહાયક બનતા નથી અને અધ્યાત્મના અર્થી જનોને સંસારના સુખાદિ માટે સહાયની જરૂર નથી. તેથી ખરી રીતે અધર્મી જનો પ્રત્યે રાગાદિ કરવાનું કોઇ જ કારણ નથી. અનાદિકાળના કુસંસ્કારો આત્માને એ દિશામાં જવા દેતા નથી. તેથી જ અધ્યાત્મભાવની પ્રાપ્તિ પણ થતી નથી. જેની સાથે આપણને કોઇ જ સંબંધ નથી, એવા અધર્મી જનોની પ્રત્યે રાગ-દ્વેષ કરીને ઉપેક્ષાભાવનાને પરિણતિશુદ્ધ બનાવી શકાશે નહિ. ઉપેક્ષાભાવનાને પરિણતિશુદ્ધ બનાવવા માટે અધર્મી જનોની પ્રત્યે ઉપેક્ષા જ સેવવી જોઇએ.

આ રીતે સુખી જનોની પ્રત્યે ઈર્ષ્યા, દુઃખિતોની ઉપેક્ષા, પુણ્ય (સુકૃત) પ્રત્યે દ્વેષ અને અધર્મીને વિશે રાગ-દ્વેષ : આ બધાનો પરિહાર કરનાર અધ્યાત્માર્થી પુણ્યાત્મા મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા - આ ચાર આત્મપરિણતિશુદ્ધ ભાવનાઓને પ્રાપ્ત કરી અધ્યાત્મને પ્રાપ્ત કરે. જે પુણ્યાત્માઓને અધ્યાત્મ, ભાવના વગેરે યોગની સિદ્ધિ પ્રાપ્ત થયેલી છે, એવા નિષ્પન્નયોગીજનોનું ચિત્ત મૈત્રી વગેરે ભાવોથી રહિત હોય છે અને સદ્બોધવાળું સ્વભાવથી જ પરાર્થની નિષ્પત્તિના સારવાળું હોય છે. એમની દરેક પ્રવૃત્તિ, બીજાના ઉપકારને સ્વભાવથી જ કરવામાં તત્પર હોય છે. પરંતુ જેમને અધ્યાત્માદિ યોગની સિદ્ધિ થઇ નથી એવા યોગારંભક આત્માઓને યોગના અભ્યાસથી જ સુખી જનોની ઈર્ષ્યા વગેરેના ત્યાગ દ્વારા મૈત્રી વગેરે ભાવોની શુદ્ધિ પ્રાપ્ત થાય છે. આ વિષયમાં શ્રી ષોડશકપ્રકરણમાં ફરમાવ્યું છે કે "શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનને અનુસરનારા એવા સતત સદાચારનું આચરણ કરનારા શ્રદ્ધાસંપન્ન આત્માઓને યોગના અભ્યાસથી જ મૈત્રી વગેરે ચાર ભાવનાઓ સારી રીતે પરિણમે છે." આથી મૈત્ર્યાદિભાવો આત્મામાં પરિણત થવાથી, અપાયથી રહિત એવા અધ્યાત્મનો લાભ થાય છે - એ સિદ્ધ થાય છે. આ વિષયને અનુલક્ષીને પતંજલિમહર્ષિએ પણ યોગસૂત્રમાં ફરમાવ્યું છે કે "અનુક્રમે સુખ, દુઃખ, પુણ્ય અને અપુણ્ય વિષયવાળી "મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા ભાવનાથી(વારંવાર અભ્યાસથી) ચિત્ત શુદ્ધ(સંક્લેશથી રહિત) બને છે." ॥૧૮-૭॥

અધ્યાત્મનું ફળ વર્ણવાય છે–

**अतः पापक्षयः सत्त्वं, शीलं ज्ञानं च शाश्वतम् ।**
**तथानुभवसंसिद्धममृतं ह्यद एव नु (तु) ।।१८-८।।**

अत इति–अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादिक्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञानं च वस्त्ववबोधरूपम् । शाश्वतमप्रतिघम् । तथेति वक्तव्यान्तरसमुच्चये । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यक्षम् । अमृतं पीयूषम् । हि स्फुटम् । अद एवाध्यात्ममेव नु अतिदारुणमोहविषविकारनिराकारकत्वादस्येति ।।१८-८।।

"અધ્યાત્મથી પાપનો ક્ષય થાય છે; સત્ત્વ, શીલ અને અપ્રતિપાતી એવા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેમ જ આ અધ્યાત્મ જ અનુભવથી સિદ્ધ એવું અમૃત છે." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે '**औचित्याद्...**' ઇત્યાદિ (શ્લોક નં. ૨) શ્લોકમાં જણાવ્યા મુજબના અધ્યાત્મથી જ્ઞાનાવરણીયાદિ ક્લિષ્ટ કર્મ સ્વરૂપ પાપકર્મનો ક્ષય થાય છે. સામાન્યપણે જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતિકર્મને તેમ જ તેના બંધના કારણભૂત મન-વચન-કાયાના યોગોને પાપ કહેવાય છે. અધ્યાત્મભાવથી એ પાપનો ક્ષય થાય છે. ઔચિત્યપૂર્વકનું વર્ત્તન અને મૈત્ર્યાદિ ભાવોથી પૂર્ણ, વચનાનુસાર તત્ત્વચિંતનના સમન્વયના કારણે જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષય થાય એ સમજી શકાય છે. અધ્યાત્મભાવને પામેલા આત્માઓને ઘાતિકર્માદિ સ્વરૂપ પાપને પાપસ્વરૂપે સમજવાદિની કોઇ જ તકલીફ નથી. તેઓ પાપના સ્વરૂપને યથાર્થ રીતે જાણતા હોવાથી પાપનો ક્ષય સરળતાથી કરે છે. દુઃખ આપનારાં કર્મોને પાપ માનવાના બદલે આત્મગુણોનો ઘાત કરનારાં કર્મોને તેઓ પાપ તરીકે માને છે, તે તેમના અધ્યાત્મભાવના કારણે છે.

એ રીતે અધ્યાત્મથી પાપકર્મનો ક્ષય થવાથી અંતરાયકર્મ (વીર્યાન્તરાયકર્મ)નો પણ ક્ષય થાય છે; તેથી વીર્યનો ઉત્કર્ષ પ્રગટે છે, જેથી અપૂર્વ ઉલ્લાસથી યોગની સાધના થાય છે. યોગની સાધનામાં ઉલ્લાસ વધવાથી ચિત્તસમાધિસ્વરૂપ શીલ પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે કોઇ પણ અનુષ્ઠાનનું ફળ ચિત્તસમાધિ છે. જે કોઇ પણ આપણે કામ કરીએ, એનાથી જો ચિત્તમાં સમાધિ ન રહે અને ચિત્ત અસમાધિથી ત્રસ્ત બને તો ખરી રીતે આપણે કરેલું એ કામ ન કર્યા જેવું જ છે. જે ફળપ્રદ નથી તેને કારણ કઇ રીતે મનાય ? જે મળ્યું છે

એ સિવાય બીજું કાંઇ જ જોઇતું નથી - આ સમાધિ છે. અનુષ્ઠાન કર્યા પછી પ્રાપ્ત થયેલી નિર્જરાને છોડીને બીજી કોઇ વસ્તુની અપેક્ષા રહેતી નથી. યોગમાર્ગની સાધનાનો એ એક જ પ્રભાવ છે કે જેથી ઇચ્છાનો અંત આવે છે. ઇચ્છાનું અસ્તિત્વ જ વસ્તુતઃ ચિત્તની અસમાધિ છે. અધ્યાત્મની પ્રાપ્તિ થવાથી પૌદ્ગલિક ઇચ્છાઓ નાશ પામતી જાય છે. તેથી ચિત્તની સમાધિ ઉત્તરોત્તર વધે છે. તે શીલ(સદનુષ્ઠાન)નું કાર્ય હોવાથી શીલસ્વરૂપે તેનું અહીં વર્ણન કર્યું છે.

અધ્યાત્મભાવની પ્રાપ્તિ થવાથી ઉપર જણાવ્યા મુજબ શીલસ્વરૂપ ચિત્તસમાધિ પ્રાપ્ત થાય છે. તેથી કોઇ પણ સ્થાને સ્ખલના ન પામે એવું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થાય છે. યોગની સાધનામાં ઉલ્લાસ આવવાથી ઉત્તરોત્તર જ્ઞાન વધે છે. જ્ઞાનની પ્રાપ્તિના પુરુષાર્થમાં સુખની ઇચ્છા વગેરે મુખ્યપણે અવરોધ કરે છે. અધ્યાત્મથી એ અવરોધ દૂર થવાથી જ્ઞાનની પ્રાપ્તિ સરળ બને છે. આ પ્રમાણે પાપક્ષય, સત્ત્વ, શીલ અને જ્ઞાનની અધ્યાત્મથી પ્રાપ્તિ થાય છે. તેમ જ આ અધ્યાત્મ જ પોતાના સંવેદનથી પ્રત્યક્ષ અનુભવાતું એવું અમૃત છે. કારણ કે અધ્યાત્મભાવની પરિણતિથી, અત્યંત ભયંકર એવા મોહ સ્વરૂપ વિષના તે તે વિકારો દૂર થાય છે. પ્રસિદ્ધ અમૃત જેમ વિષના વિકારોને દૂર કરે છે, તેમ મોહસ્વરૂપ વિષના વિકારો અધ્યાત્મસ્વરૂપ અમૃતથી નાશ પામે છે. અમૃતનો સ્વભાવ જ છે કે તે વિષની બાધાને દૂર કરે જ. તેમ અધ્યાત્મનો પણ સ્વભાવ જ છે કે તે મોહના વિકારોને દૂર કરે. મોહજન્ય પરિણતિની તરતમતાથી અધ્યાત્મની પરિણતિનો સ્પષ્ટ ખ્યાલ આવતો હોય છે. મોહજન્ય વિકારો જણાતા હોય તો સમજી લેવું જોઇએ કે અધ્યાત્મભાવનો આવિર્ભાવ થયો નથી. જેટલા અંશમાં મોહજન્ય વિકારોનો અભાવ હોય છે, એટલા જ અંશોમાં અધ્યાત્મનો આવિર્ભાવ હોય છે. ॥૧૮-૮॥

અધ્યાત્મનું વર્ણન કર્યું. હવે 'ભાવના'નું વર્ણન કરાય છે.

**अभ्यासो वृद्धिमानस्य, भावना बुद्धिसङ्गतः ।**
**निवृत्तिरशुभाभ्यासाद्, भाववृद्धिश्च तत्फलम् ॥१८-९॥**

अभ्यास इति–(प्रत्यहं प्रतिदिवसं) वृद्धिमानुत्कर्षमनुभवन् । बुद्धिसङ्गतो ज्ञानानुगतः । अस्याध्यात्मस्य अभ्यासोऽनुवर्तनं भावनोच्यते । अशुभाभ्यासात्

कामक्रोधादिपरिचयात् । निवृत्तिरुपरतिः । भाववृद्धिश्च शुद्धसत्त्वसमुत्कर्षरूपा । तत्फलं भावनाफलम् ।।१८-९।।

"આ અધ્યાત્મનો જ્ઞાનસંગત, દરરોજ વધતો એવો જે અભ્યાસ છે તેને ભાવના કહેવાય છે. અશુભ એવા અભ્યાસથી નિવૃત્તિ અને ભાવની વૃદ્ધિ - એ ભાવનાનું ફળ છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે પૂર્વે જણાવ્યા મુજબ અધ્યાત્મથી અપ્રતિપાતી શુદ્ધરત્નના તેજની જેમ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ જ્ઞાનથી સંગત એવા અધ્યાત્મનો દિવસે દિવસે વધતો જતો જે અભ્યાસ-અનુવર્ત્તન(વારંવાર કરવું) છે, તેને ભાવના કહેવાય છે. અધ્યાત્મનો તાદૃશ અભ્યાસ જ ભાવના હોવાથી અધ્યાત્મ અને ભાવનાનો વિષય એક જ છે. માત્ર અધ્યાત્મમાં પ્રવૃત્તિ વારંવાર હોતી નથી અને ભાવનામાં એ પ્રવૃત્તિ વારંવાર હોય છે.

ભાવના વડે અશુભાભ્યાસથી નિવૃત્તિ થાય છે. અભ્યાસ, પરિચયસ્વરૂપ છે. વારંવારના સંપર્કથી સામાન્ય રીતે પરિચય થતો હોય છે. જન્મ-જન્મથી કામ, ક્રોધ અને મદ વગેરે આપણા પરિચિત છે. તેનો પરિચય જ અશુભ અભ્યાસ સ્વરૂપ છે. ભાવનામાં વારંવાર અધ્યાત્મની પ્રવૃત્તિ થવાથી પરિચિત અધ્યાત્મના કારણે (ભાવનાના કારણે) અશુભાભ્યાસથી નિવૃત્તિ થાય છે. શુભ પ્રવૃત્તિ અશુભના અભ્યાસને દૂર કરે છે. આ રીતે અશુભ અભ્યાસથી નિવૃત્ત થવાથી ભાવની વૃદ્ધિ થાય છે. અધ્યાત્મના અનુવર્ત્તન સ્વરૂપ ભાવનાના પ્રભાવે ચિત્ત શુદ્ધ સાત્ત્વિક ભાવમાં પરિણમે છે. વિષય-કષાયની પરિણતિની મલિનતાનો નાશ થવાથી ચિત્ત પરિશુદ્ધ બને છે. ચિત્તની પરિશુદ્ધિ શુદ્ધસત્ત્વના સમુત્કર્ષ સ્વરૂપ છે. વિષયકષાયની કાલિમાથી યુક્ત ચિત્ત ભાવોલ્લાસને પ્રાપ્ત કરી શકતું નથી, તેમાં શુદ્ધસાત્ત્વિકભાવની અપેક્ષા છે. રજોગુણ કે તમોગુણથી અભિભૂત સત્ત્વગુણ અપરિશુદ્ધ છે. એવા ગુણવાળા ચિત્તમાં ભાવવૃદ્ધિ થતી નથી. આથી સમજી શકાશે કે અશુભની નિવૃત્તિ અને ભાવની વૃદ્ધિ : એ ભાવનાનું ફળ છે. ।।૧૮-૯।।

ભાવનાના પ્રકાર વર્ણવાય છે—

**ज्ञानदर्शनचारित्रतपोवैराग्यभेदतः ।**
**इष्यते पञ्चधा चेयं, दृढसंस्कारकारणम् ।।१८-१०।।**

ज्ञानेति–इयं च भावना भाव्यमानज्ञानादिभेदेनावश्यकभाष्यादिप्रसिद्धा पञ्चधेष्यते । दृढम्य झटित्युपस्थितिहेतोः संस्कारस्य कारणम् । भावनाया एव पटुतर-भावनाजनकत्वनियमात् ।।१८-१०।।

"જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વૈરાગ્યના ભેદને(પ્રકારને) આશ્રયીને આ ભાવના પાંચ પ્રકારની મનાય છે અને તે દૃઢ સંસ્કારની પ્રત્યે કારણ છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે આ ભાવના ભાવ્યમાન(જેનું પરિભાવન કરવાનું છે તે) વિષય જ્ઞાનાદિના કારણે પાંચ પ્રકારની મનાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વૈરાગ્ય મોક્ષનાં અનન્ય સાધન છે. એની સાધનામાં જ યોગની સાધના સમાયેલી છે. જ્ઞાનાદિનું સ્વરૂપ, તેના સાધક, તેના બાધક, તેના પ્રકારો અને તેનું ફળ... ઇત્યાદિની વિચારણા મુખ્ય રીતે ભાવનામાં કરાય છે, તેથી તે ભાવ્યમાન પાંચને લઈને ભાવનાના પણ પાંચ પ્રકાર મનાય છે. વિશેષાવશ્યકભાષ્યમાં ભાવનાના આ પાંચ પ્રકારો પ્રસિદ્ધ છે.

દૃઢ એવા સંસ્કારનું ભાવના કારણ છે. જલદીથી સ્મરણના કારણભૂત સંસ્કારને દૃઢ સંસ્કાર કહેવાય છે. ભાવનાના કારણે સંસ્કારમાં દૃઢતા આવે છે. ભાવના સંસ્કારવિશેષ સ્વરૂપ છે. તેથી પટુતર(વિશિષ્ટ) ભાવનાની ઉત્પત્તિ થતી હોય છે. અભ્યાસથી સંસ્કાર, સંસ્કારથી સ્મૃતિ અને તેથી દૃઢતર સંસ્કાર - આ ક્રમથી સમજી શકાશે કે ભાવના, પટુતર ભાવનાનું કારણ છે. ।।૧૮-૧૦।।

હવે ધ્યાનનું નિરૂપણ કરાય છે–

**उपयोगे विजातीयप्रत्ययाव्यवधानभाक् ।**
**शुभैकप्रत्ययो ध्यानं, सूक्ष्माभोगसमन्वितम् ।।१८-११।।**

उपयोग इति–उपयोगे स्थिरप्रदीपसदृशे धारालग्ने ज्ञाने । विजातीयप्रत्ययेन तद्विच्छेदकारिणा विषयान्तरसञ्चारेणालक्ष्यकालेनाप्यव्यवधानभागनन्तरितः शुभैकप्रत्ययः प्रशस्तैकार्थबोधो ध्यानमुच्यते । सूक्ष्माभोगेनोत्पातादिविषयसूक्ष्मालोचनेन समन्वितं सहितम् ।।१८-११।।

"ઉપયોગ(જ્ઞાનવિશેષ)ને વિશે વિજાતીયવિષયક પ્રત્યયના વ્યવધાનથી રહિત પ્રશસ્ત એક વિષયના બોધને ધ્યાન કહેવાય છે, જે સૂક્ષ્મ પદાર્થની વિચારણાથી યુક્ત હોય છે." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે અધ્યાત્મ અને ભાવના સ્વરૂપ યોગમાર્ગની સાધના પછી જ આત્માને ધ્યાનસ્વરૂપ ત્રીજા યોગના પ્રકારની પ્રાપ્તિ થાય છે. શ્રી વીતરાગપરમાત્માના વચનને અનુસરીને કરાતી તત્ત્વવિચારણા અધ્યાત્મ છે અને તેનો અભ્યાસ ભાવના છે. તેવા પ્રકારની તત્ત્વવિચારણાથી જે બોધવિશેષ થાય છે તે જ્ઞાનવિશેષસ્વરૂપ જ ધ્યાન છે.

સ્થિરદીપકના જેવું ધારાલગ્ન એવું જે જ્ઞાન હોય છે, તે અહીં ઉપયોગ તરીકે વિવક્ષિત છે. આમ પણ સામાન્ય રીતે જ્ઞાનની પરંપરા(ચિત્સંતતિ) સ્વરૂપ ધ્યાન પ્રસિદ્ધ છે. યોગસ્વરૂપ ધ્યાનને વર્ણવતાં અહીં ફરમાવ્યું છે કે ધારાલગ્ન એવા જ્ઞાનને(ઉપયોગને) વિશે તેના વિષયથી ભિન્ન (વિજાતીય) એવા વિષયનો સંચાર થવાથી તે જ્ઞાનની ધારાનો વિચ્છેદ થાય છે. તે વિચ્છિન્ન જ્ઞાનની ધારા જ્યારે કાલાંતરે પ્રવર્ત્તે છે ત્યારે તે ઉપયોગને વિશે તેના વિચ્છેદને કરનાર એવા વિજાતીય પ્રત્યયના વ્યવધાનથી સંગત એવો બોધ થાય છે. પરંતુ સ્થિર દીપક જેવા ધારાલગ્ન જ્ઞાનને વિષે તાદૃશ વિજાતીય પ્રત્યયના વ્યવધાનથી રહિત એવો બોધ(અવ્યવધાનભાક્ બોધ) હોય છે. કહેવાનો આશય એ છે કે ધ્યાનસ્વરૂપ જ્ઞાન ધારાલગ્ન સ્થિરદીપકની જેમ એક વિષયમાં સ્થિર હોય છે. એમાં બીજા વિષયનો સંચાર થાય તો તે ધ્યાનનો વિચ્છેદ થવાથી લક્ષ્ય ચૂકી જવાના કારણે અલક્ષ્યકાળ ઉપસ્થિત થાય છે. એવા અલક્ષ્યકાળનું પણ ધ્યાનમાં વ્યવધાન(અંતરિતત્વ) હોતું નથી. આવું અપ્રશસ્તધ્યાનમાં આપણને અનુભવગમ્ય છે. અર્થ-કામાદિના ધ્યાનમાં અનવરત ધારા ચાલતી જ હોય છે. વચ્ચે ધર્માદિના વિષયથી પણ (અલક્ષ્યકાળથી પણ) તેમાં વ્યવધાન નડતું નથી. બાહ્ય પ્રશસ્ત પ્રવૃત્તિ વખતે પણ અપ્રશસ્ત વિષયનું ધ્યાન અનવરત ચાલતું હોય છે.

અહીં યોગસ્વરૂપ ધ્યાનનું નિરૂપણ હોવાથી તાદૃશ જ્ઞાનમાં થતો બોધ પ્રશસ્ત એક જ વિષયક બોધ હોય છે. તેવા જ બોધને ધ્યાનસ્વરૂપ યોગ કહેવાય છે. એ બોધ સૂક્ષ્માભોગથી સારી રીતે યુક્ત હોય છે. સૂક્ષ્મબુદ્ધિથી જણાતા અર્થને અહીં સૂક્ષ્માર્થ કહેવાય છે. વસ્તુના ઉત્પાત, વ્યય અને ધ્રૌવ્ય(સ્થિતિ) વગેરે સૂક્ષ્મ અર્થની વિચારણાથી યુક્ત ધ્યાનાત્મક બોધ હોય છે. જાણવું અને સમજવું : એ બેમાં જે વિશેષ છે તે સમજી શકનારા જ્ઞાન અને બોધમાં જે ભેદ છે તે સમજી શકશે. ॥૧૮-૧૧॥

ધ્યાનને પ્રાપ્ત કરવા માટે ઉપાય જણાવાય છે–

**खेदोद्वेगभ्रमोत्थानक्षेपासङ्गान्यमुद्रुजाम् ।**
**त्यागादष्टपृथक्चित्तदोषाणामनुबन्ध्यदः ॥१८-१२॥**

खेदेति–खेदादीनां वक्ष्यमाणलक्षणानाम् । अष्टानां पृथक्चित्तदोषाणां योगिमनोदोषाणाम् । त्यागात् परिहाराद् । अदो ध्यानम् । अनुबन्धि उत्तरोत्तरवृद्धिमद्भवति । यद्यप्यन्यत्र "खेदोद्वेगक्षेपोत्थानभ्रान्त्यन्यमुद्रुगासङ्गैः । युक्तानि हि चित्तानि प्रबन्धतो वर्जयेन्मतिमान्" इत्येवं क्रमोऽभिहितस्तथाप्यत्र बन्धानुलोम्याद्व्यत्ययेनाभिधानमिति द्रष्टव्यम् ॥१८-१२॥

"ખેદ, ઉદ્વેગ, ભ્રમ, ઉત્થાન, ક્ષેપ, આસંગ, અન્યમુદ્ અને રોગ; આ આઠ પૃથક્ ચિત્તદોષોના ત્યાગથી ધ્યાન, ઉત્તરોત્તર વૃદ્ધિમદ્ બને છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે ખેદ વગેરે આઠ દોષો ચિત્તના છે. એનાથી યુક્ત ચિત્ત, યોગની પ્રાપ્તિમાં અવરોધ કરે છે. તેથી યોગના અર્થીએ તેનો ત્યાગ કરવો જોઇએ.

ખેદ, ઉદ્વેગ અને ભ્રમ વગેરે દોષોનું વર્ણન હવે પછીના શ્લોકોથી કરાશે. એ આઠ દોષો જુદા જુદા ચિત્તના છે. યોગી જનોનું મન જ અહીં ચિત્તસ્વરૂપે વર્ણવ્યું છે. યોગી જનોને આશ્રયીને ચિત્ત, સામાન્યથી આઠ પ્રકારનું છે. તે તે ખેદાદિ દોષના પરિહારથી તે તે ચિત્ત જુદું જુદું બને છે. તેથી ખેદાદિ દોષો પૃથક્ચિત્તદોષો છે. એ દોષોનો પરિહાર કરવાથી ધ્યાનસ્વરૂપ યોગ ઉત્તરોત્તર વૃદ્ધિને પામે છે અર્થાત્ અનુબંધવાળો બને છે.

જોકે "**खेदोद्वेगक्षेपोत्थानभ्रान्त्यन्यमुद्रुगासङ्गैः । युक्तानि हि चित्तानि प्रबन्धतो वर्जयेन्मतिमान् ॥**" આ રીતે શ્રી ષોડશકપ્રકરણાદિમાં ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાંતિ, અન્યમુદ્, રુગ્ અને આસંગ - આ પ્રમાણે દોષોનો ક્રમ છે. એનાથી જુદી રીતે એનો ક્રમ અહીં છંદની અનુકૂળતાના કારણે જણાવ્યો છે. છંદની (અનુષ્ટુભ્ છંદની) રચનાનો ભંગ ન થાય : એ માટે એ ક્રમનું ઉલ્લંઘન કર્યું છે. યોગની આઠ દૃષ્ટિઓને અનુલક્ષીને એક એક દૃષ્ટિમાં જે જે દોષનો વિગમ થાય છે તેને અનુલક્ષીને એ ક્રમ છે. અહીં તો માત્ર સાનુબંધ ધ્યાનાત્મક યોગની પ્રાપ્તિ માટે દોષોના પરિહારની કારણતાનું વર્ણન કરવાનું તાત્પર્ય હોવાથી

સામાન્યથી આઠ દોષોને જણાવીને તેના ત્યાગનું વર્ણન કરવામાં આવ્યું છે. તેથી ક્રમબદ્ધ જ નિરૂપણ કરવું જોઈએ - એવું ન હોવાથી ક્રમવ્યત્યય દોષ નથી. ॥૧૮-૧૨॥

પહેલા ખેદદોષનું નિરૂપણ કરાય છે–

**प्रवृत्तिजः क्लमः खेदस्ततो दार्ढ्यं न चेतसः ।**
**मुख्यो हेतुरदश्चात्र, कृषिकर्मणि वारिवत् ॥१८-१३॥**

प्रवृत्तिज इति–प्रवृत्तिजः क्रियाजनितः । क्लमो मानसदुःखानुबन्धी प्रयासः खेदः । तत्र तस्मिन् सति । दार्ढ्यं प्रणिधानैकाग्रत्वलक्षणं चेतसो न भवति । अदश्च प्रणिधानैकाग्र्यं च । अत्र योगकर्मणि । कृषिकर्मणि कृषिसाध्यधान्यनिष्पत्तौ । वारिवद् मुख्योऽसाधारणो हेतुः । तदुक्तं–खेदे दार्ढ्याभावान्न प्रणिधानमिह सुन्दरं भवति । एतच्चेह प्रवरं कृषिकर्मणि सलिलवज्ज्ञेयम् ॥१८-१३॥

પ્રવૃત્તિ-ક્રિયાના કારણે ઉત્પન્ન થનાર ક્લમ(માનસિક દુઃખજનક થાક)ને ખેદ કહેવાય છે. તે ખેદને લઈને ચિત્તની દઢતા પ્રાપ્ત થતી નથી. ખેતીના કાર્ય માટે પાણીની જેમ યોગની પ્રાપ્તિ માટે ચિત્તની દઢતા, મુખ્ય હેતુ છે.'' - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે યોગની પ્રાપ્તિમાં પ્રતિબંધક એવા આઠ દોષોમાં પહેલો દોષ ખેદ છે. સામાન્ય રીતે મોક્ષ માટે વિહિત કરાયેલી ક્રિયા કરતી વખતે જે ક્લમ થાય છે તેને ખેદ કહેવાય છે. થાક, પરિશ્રમ, પ્રયાસ... વગેરેને ક્લમ કહેવાય છે. કોઈ પણ કામ કરીએ તો પરિશ્રમ પડવાનો જ, પરંતુ પરિશ્રમ બે પ્રકારના હોય છે. એક પરિશ્રમ થયા પછી મનને આનંદપ્રદ થાય છે અને બીજો પરિશ્રમ (પ્રયાસ) માનસિક દુઃખના અનુબંધનું કારણ બને છે. જે ક્રિયા કર્યા પછી અભીષ્ટ કાર્યની સિદ્ધિ થતી હોય છે, ત્યારે તે ક્રિયાના કારણે થયેલો ક્લમ(પરિશ્રમ-પ્રયાસ); માનસિક દુઃખનો અનુબંધી થતો નથી. પરંતુ જ્યારે ક્રિયાથી અભીષ્ટની સિદ્ધિ થતી નથી, ત્યારે તે ક્રિયાજનિત ક્લમ ખેદસ્વરૂપ મનાય છે. અર્થ-કામાદિની પ્રવૃત્તિમાં પરિશ્રમ થવા છતાં ખેદ થતો નથી અને ધર્માદિની પ્રવૃત્તિમાં અલ્પ પરિશ્રમ થવા છતાં ખેદ થાય છે - એ આપણા અનુભવની વાત છે. ધર્માદિની પ્રવૃત્તિથી નિર્જરા પ્રાપ્ત કરવાનો આશય સેવ્યો હોત તો ખેદ થાત નહિ. ધર્માદિની પ્રવૃત્તિથી સુખની

પ્રાપ્તિ કે દુઃખની નિવૃત્તિ કરવાનો આશય હોય અને તેમ ન બને એટલે પરિશ્રમ, માનસિક દુઃખનો અનુબંધ કરે - એ સ્પષ્ટ છે. વર્ષોથી કરવા છતાં ખેદ ન થાય ને કોઇ વાર જ કરવા છતાં ખેદ થાય એમાં જે હેતુ છે તેનો વિચાર કરવાથી સમજી શકાશે કે ખેદનું મુખ્ય કારણ નિર્જરાના અર્થીપણાનો અભાવ છે.

આ ખેદને લઇને, પ્રણિધાનથી થનારી જે મન-વચન-કાયાની એકાગ્રતા સ્વરૂપ દૃઢતા છે તે ચિત્તમાં આવતી નથી. સામાન્ય રીતે ક્રિયાથી પ્રાપ્ત થનારા વાસ્તવિક ફળને પ્રાપ્ત કરવાના આશયથી વિહિત રીતે ક્રિયા કરવાના સંકલ્પને(અધ્યવસાયને) પ્રણિધાન કહેવાય છે. એ પ્રણિધાનથી ક્રિયામાં મન-વચન-કાયાની એકાગ્રતા થાય છે, તે દૃઢતા સ્વરૂપ છે. ચિત્તની દૃઢતા ફળની સિદ્ધિમાં મુખ્ય કારણ છે. ખેતીના કાર્યમાં ફળની નિષ્પત્તિ માટે જેમ પાણી મુખ્ય કારણ છે, તેમ અહીં યોગની સિદ્ધિમાં ચિત્તની દૃઢતા અસાધારણ કારણ છે, જે ખેદદોષના અભાવમાં જ પ્રાપ્ત થઇ શકે છે. આ વિષયમાં શ્રીષોડશકપ્રકરણને વિષે જણાવ્યું છે કે "ખેદ નામનો દોષ હોતે છતે ચિત્તની દૃઢતા ન હોવાથી સુંદર પ્રણિધાન હોતું નથી. ખેતીના કાર્યમાં પાણીની જેમ આ સુંદર એવું પ્રણિધાન યોગની સિદ્ધિમાં અસાધારણ કારણ જાણવું." ॥૧૮-૧૩॥

બીજા ઉદ્વેગદોષનું નિરૂપણ કરાય છે—

**स्थितस्यैव स उद्वेगो, योगद्वेषात् ततः क्रिया ।**
**राजविष्टिसमा जन्म, बाधते योगिनां कुले ॥१८-१४॥**

स्थितस्यैवेति–स्थितस्यैवाप्रवृत्तस्यैव । स क्लम उद्वेग उच्यते । ततस्तस्मादनादर-जनिताद् योगद्वेषात् । क्रिया पारवश्यादिनिमित्ता प्रवृत्तिः । राजविष्टिसमा नृपनियुक्ता-नुष्ठानतुल्या । योगिनां श्रीमतां श्राद्धानां कुले जन्म बाधते प्रतिबध्नाति । अनादरेण योगक्रियाया योगिकुलजन्मबाधकत्वनियमात् । तदुक्तम्–"उद्वेगे विद्वेषाद्विष्टिसमं करण-मस्य पापेन । योगिकुलजन्मबाधकमलमेतत्तद्विदामिष्टम् ॥१॥" ॥१८-१४॥

"યોગમાર્ગમાં પ્રવૃત્ત ન થનારનો જ તે ક્લમ ઉદ્વેગ છે. તેથી યોગદ્વેષથી થનારી યોગક્રિયા રાજાની વેઠ ઉતાર્યા જેવી બને છે, જેના ફળસ્વરૂપે યોગીઓના કુળમાં જન્મ બાધિત થાય છે. અર્થાત્ યોગીકુળમાં જન્મ પ્રાપ્ત થતો નથી." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ક્રિયાના કારણે

ઉત્પન્ન થયેલા ખેદના કારણે ભવિષ્યમાં યોગની પ્રવૃત્તિ ન થાય ત્યારે ખેદ વખતનો જે ક્લમ છે, તે યોગમાં અપ્રવૃત્ત આત્માનો છે - તેને જ ઉદ્વેગ કહેવાય છે. ખેદ વખતે પ્રવૃત્તિ હોય છે અને ઉદ્વેગ વખતે વાસ્તવિક રીતે પ્રવૃત્તિ હોતી નથી.

ઉદ્વેગ નામનો દોષ હોતે છતે યોગ પ્રત્યે દ્વેષ હોવાથી ગુર્વાદિકના અનુરોધે જ્યારે પણ યોગની ક્રિયા થાય ત્યારે તે યોગના અનાદરથી પરવશતાએ થયેલી તે તે યોગની ક્રિયા, રાજાની વેઠ ઉતાર્યા જેવી બને છે. રાજા દ્વારા નિયુક્ત અનુષ્ઠાન કરતી વખતે જેમ ઉલ્લાસ ન હોવાથી ક્રિયામાં બહુ ભલીવાર આવતો નથી તેમ જ રાજાએ કહ્યું છે માટે કર્યા વિના ચાલે એવું નથી; આવી પરવશતાએ કરાતાં કાર્યમાં જેમ વેઠ ઉતારવાનું જ બનતું હોય છે તેમ ઉદ્વેગના કારણે જ્યાં પણ યોગની ક્રિયાઓ પરવશપણે કરવી પડે છે, ત્યાં વેઠ ઉતાર્યા જેવી જ ક્રિયાઓ થાય છે. તેથી **राजविष्टिसमा क्रिया** - આ પ્રમાણે ઉચિત જ જણાવ્યું છે.

આ રીતે ઉદ્વેગદોષના કારણે થતી ક્રિયાથી યોગના અનાદરના કારણે ઉત્પન્ન થયેલા યોગદ્વેષને લઈને શ્રદ્ધાસંપન્ન યોગી જનોના કુળમાં જન્મનો પ્રતિબંધ થાય છે. કારણ કે અનાદરથી કરેલી યોગક્રિયા યોગી જનોના કુળમાં જન્મનો બાધ કરનારી છે - એવો નિયમ છે. શ્રી ષોડશકપ્રકરણમાં એ વાત જણાવતાં ફરમાવ્યું છે કે - "ઉદ્વેગ હોતે છતે યોગ પ્રત્યેના દ્વેષથી અનાદરપૂર્વક યોગની ક્રિયા કરવાનું. વેઠ ઉતારવા જેવું થાય છે. તેથી સારી રીતે યોગી જનોના કુળમાં તેના જન્મનો બાધ થાય છે. એમ યોગના જાણકારોનું માનવું છે." ॥૧૮-૧૪॥

ત્રીજા ભ્રમદોષનું વર્ણન કરાય છે—

**भ्रमोऽन्तर्विप्लवस्तत्र, न कृताकृतवासना ।**
**तां विना योगकरणं, प्रस्तुतार्थविरोधकृत् ॥१८-१५॥**

भ्रम इति—भ्रमोऽन्तर्विप्लवश्चित्तविपर्ययः, शुक्तिकायां रजतमिदमितिवदतस्मिंस्तद्ग्रह इतियावत् । तत्र तस्मिन् सति । कृताकृतवासना इदं मया कृतमिदं वा न कृतमित्येवंरूपा वासना न भवति । विभ्रमदोषेण सत्यसंस्कारनाशाद्विपरीतसंस्कारोत्पादाद्वा । तां कृताकृतवासनां विना योगकरणं प्रस्तुतार्थस्य योगसिद्धिलक्षणस्य विरोधकृत् । संस्काररहितयोगस्य तादृशयोग एव हेतुत्वादिति भावः । तदिदमुक्तं—"भ्रान्तौ विभ्रमयोगान्न हि संस्कारः कृतेतरादिगतः । तदभावे तत्करणं प्रक्रान्तविरोध्यनिष्टफलम् ॥१॥" ॥१८-१५॥

"ચિત્તના વિપર્યયને ભ્રમ કહેવાય છે. એ હોતે છતે યોગના વિષયમાં 'આ મેં કર્યું અથવા આ મેં ન કર્યું' ઇત્યાદિ સંસ્કાર પડતા નથી અને એ સંસ્કાર વિના કરાતી યોગની પ્રવૃત્તિ યોગની સિદ્ધિના વિરોધને કરનારી બને છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે અંતર્વિપ્લવ એટલે ચિત્તનો વિપર્યય. તદ્‌થી ભિન્ન-અતદ્‌માં જે તદ્‌નો ગ્રહ(જ્ઞાન) થાય છે; તેને ભ્રમ કહેવાય છે. શુક્તિ(છીપ)માં રજત(ચાંદી)નું જે જ્ઞાન થાય છે, તે ભ્રમ છે.

તે ભ્રમસ્વરૂપ દોષ હોતે છતે 'આ મેં કર્યું અને આ મેં ન કર્યું...' ઇત્યાદિ સ્વરૂપ વાસના (સંસ્કાર) ઉત્પન્ન થતી નથી. વિભ્રમ(ભ્રમ) સ્વરૂપ દોષના કારણે સાચા સંસ્કારોનો નાશ થવાથી અથવા તો વિપરીત-મિથ્યા સંસ્કાર ઉત્પન્ન થવાથી ઉપર જણાવ્યા મુજબ કૃતાકૃતાદિવિષયક સંસ્કાર પડતા નથી. તેવા પ્રકારના સંસ્કારથી રહિત એવી યોગની પ્રવૃત્તિ કરવાથી યોગની સિદ્ધિ સ્વરૂપ પ્રકૃત અર્થની સિદ્ધિ થતી નથી પરંતુ તેનો વિરોધ થાય છે. અર્થાત્ તેવી યોગની પ્રવૃત્તિ યોગની સિદ્ધિનો વિરોધ કરનારી બને છે. કારણ કે સંસ્કારથી રહિત યોગ(યોગની પ્રવૃત્તિ); તેવા પ્રકારના અયોગ(યોગસિદ્ધિના અભાવ)માં જ કારણ બને છે. શ્રી ષોડશકપ્રકરણમાં એના વિશે ફરમાવ્યું છે કે - "વિભ્રમદોષથી કૃત અથવા અકૃતના વિષયનો સંસ્કાર ભ્રમાત્મક બને છે. પ્રમાત્મક તાદૃશ સંસ્કારના અભાવમાં યોગની પ્રવૃત્તિ કરવાનું, યોગની સિદ્ધિનું વિરોધી બને છે. તેમ જ અનિષ્ટ ફળને આપનારું બને છે."... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૧૮-૧૫॥

હવે ઉત્થાન નામના દોષનું નિરૂપણ કરાય છે–

**प्रशान्तवाहिताभाव, उत्थानं करणं ततः ।**
**त्यागानुरूपमत्यागं, निर्वेदादतथोदयम् ॥१८-१६॥**

प्रशान्तेति–प्रशान्तवाहितायाः प्रशमैकवृत्तिसन्तानस्याभावो मनःप्रभृतीनामुद्रेकान्मदावष्टव्धपुरुषवदुत्थानमुच्यते । ततः करणं योगस्य त्यागानुरूपं परिहारोचितं प्रशान्तवाहिताभावदोषाद् । अत्यागं न विद्यते त्यागो यस्य तत्तथा कथञ्चिदुपादेयत्वात् । निर्वेदादेकवृत्तिभङ्गलक्षणात् खेदात् । न विद्यते तथा योगकरणोचितत्वेन उदयो

भाविकालविपाको यत्र तत्तथा । तदुक्तम्–"उत्थाने निर्वेदात्करणमकरणोदयं सदैवास्य । अत्यागत्यागोचितमेतत्तु स्वसमयेऽपि मतम् ॥१॥" ॥१८-१६॥

"પ્રશાન્તવાહિતાના અભાવને ઉત્થાન કહેવાય છે. એ ઉત્થાનદોષને લઈને યોગકરણ, અત્યાગસ્વરૂપ હોવા છતાં ભવિષ્યમાં યોગને ઉચિત વિપાકવાળું ન હોવાથી ત્યાગને અનુરૂપ જ છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે - પ્રશમૈકવૃત્તિની પરંપરાના અભાવને પ્રશાંતવાહિતાનો અભાવ કહેવાય છે. મન, પાંચ ઈન્દ્રિયો અને હાથ પગ વગેરે કર્મેન્દ્રિયોની ઉદ્રિક્ત અવસ્થાના કારણે પ્રશમઅવસ્થાનો અભાવ થાય છે. વિષય અને કષાયની પરિણતિની મંદતાદિને લઈને પ્રશમાવસ્થા પ્રાપ્ત થતી હોય છે. મન અને ઈન્દ્રિયોની ઉદ્રિક્ત અવસ્થા આત્માને વિષયકષાયની પરિણતિને પરવશ બનાવે છે. તેથી પ્રશમૈકવૃત્તિની પરંપરાનો અભાવ થાય છે અને આત્મા તેવા પ્રકારની વિષયકષાયની પરિણતિમાં સતત લીન બને છે.

આત્માની મૂળભૂત અવસ્થા પ્રશમ સ્વરૂપ (કષાયાદિથી રહિત) છે. કર્મપરવશ એ સ્વરૂપ આવૃત્ત છે. કર્મવિપાકે જીવ જો કર્મના વિપાકને આધીન ના બને તો પ્રશમૈકવૃત્તિ પ્રાપ્ત થઈ શકે છે. કર્મબંધાદિને રોકવા માટે પ્રશમવૃત્તિને રાખવાનું ખૂબ જ આવશ્યક છે. વિષયકષાયની પરિણતિનાં નિમિત્તોથી સર્વદા દૂર રહેવાનો પ્રયત્ન કર્યા વિના આત્માની એ વિશુદ્ધ અવસ્થાનો આવિર્ભાવ શક્ય નહિ બને. પ્રશમવૃત્તિની જ પરંપરાથી ધ્યાનની પ્રાપ્તિ થતી હોય છે. વચ્ચે વચ્ચે પ્રશમવૃત્તિ આવવાથી યોગની પ્રાપ્તિ થતી નથી. તેથી પ્રશમૈકવૃત્તિસંતાન (અવિરત પરંપરા)ની આવશ્યકતા છે. તત્સ્વરૂપ પ્રશાંતવાહિતા છે. તેના અભાવે મન અને ઈન્દ્રિયોની ઉદ્રિક્તતાથી (નિયંત્રણરહિત અવસ્થાથી) જીવમાં પૂર્વેના દોષોનો આવિર્ભાવ થાય છે. માણસ ગમે તેટલો પ્રાજ્ઞ હોય પરંતુ જ્યારે તે મદથી અવષ્ટબ્ધ(વિવશ) બને છે ત્યારે તેમાં જેમ અવિવેકાદિ દોષોનો ઉદ્ભવ થાય છે, તેમ પ્રશાંતવાહિતાનો અભાવ હોતે છતે આત્મામાં મન વગેરેની ઉદ્રિક્ત અવસ્થાથી મોહજન્ય વિકારાદિ દોષોનું ઉત્થાન થાય છે. તેથી અહીં તાદૃશ પ્રશાંતવાહિતાના અભાવ સ્વરૂપ જ ઉત્થાન નામનો ચોથો દોષ છે.

ઉત્થાનદોષને લઈને જ્યારે પણ યોગની પ્રવૃત્તિ કરવામાં આવે છે ત્યારે તે પ્રશાંતવાહિતાના અભાવરૂપ દોષના કારણે પરિહાર કરવા માટે જ ઉચિત બને

છે. કારણ કે દોષયુક્ત પ્રવૃત્તિથી કોઇ ગુણની પ્રાપ્તિ થતી નથી. કથંચિદ્ યોગની તે પ્રવૃત્તિ હોવાથી ઉપાદેય હોવાથી તેનો ત્યાગ કરાય નહિ તોપણ તે અત્યાગસ્વરૂપ યોગની પ્રવૃત્તિ તથોદયા નથી. યોગની ઉચિત પ્રવૃત્તિથી જે ફળની પ્રાપ્તિ થાય છે તે પ્રવૃત્તિને તથોદયા કહેવાય છે. ઉત્થાનદોષથી સહિત જે પ્રવૃત્તિ છે તે તથોદયા નથી. તે પ્રવૃત્તિથી, યોગોચિત પ્રવૃત્તિથી જન્ય એવા વિપાક-ફળનો ઉદય (પ્રાપ્તિ) થતો નથી. કારણ કે આ પ્રવૃત્તિ નિર્વેદથી થયેલી છે. પ્રશાંતવાહિતાસ્વરૂપ એક વૃત્તિનો અહીં ભંગ થયો છે. તેને ખેદસ્વરૂપ નિર્વેદ કહેવાય છે. પ્રવૃત્તિમાં સાતત્ય ન હોય ત્યારે ત્યાં ખેદ-નિર્વેદ હોય જ - એ સમજી શકાય છે. આ વિષયને જણાવતાં શ્રી ષોડશકપ્રકરણમાં ફરમાવ્યું છે કે - "ઉત્થાન નામનો દોષ હોતે છતે નિર્વેદના કારણે કરાયેલી યોગની પ્રવૃત્તિ અકરણના ફળને સદાને માટે આપનારી બને છે. એ પ્રવૃત્તિ અત્યાગસ્વરૂપ હોવા છતાં ત્યાગને ઉચિત છે - એમ પોતાના આગમમાં પણ જણાવ્યું છે." ॥૧૮-૧૬॥

પાંચમા ક્ષેપદોષનું સ્વરૂપ વર્ણવાય છે–

**क्षेपोऽन्तरान्तरान्यत्र, चित्तन्यासोऽफलावहः ।**
**शालेरपि फलं नो यद्, दृष्टमुत्खननेऽसकृत् ॥१८-१७॥**

क्षेप इति–अन्तरान्तरा योगकरणकालस्यैव । अन्यत्राधिकृतान्यकर्मणि । चित्तन्यासः क्षेपः । स चाफलावहः फलाजनकः । यद्यस्माच्छालेरपि व्रीहेरपि । असकृद्वारं-वारम् । उत्खनने उत्पाटने फलं न दृष्टम् । असकृदुत्पाटनेन शालेरिव क्षेपेण योगस्य फलजननशक्तिनाशान्न ततः फलमिति भावः । तदुक्तं–"क्षेपेऽपि चाप्रबन्धादिष्टफलसमृद्धये न जात्वेतत् । नासकृदुत्पाटनतः शालिरपि फलावहः पुंसः ॥१॥" ॥१८-१७॥

"યોગની પ્રવૃત્તિના કાળમાં વચ્ચે વચ્ચે બીજા કામમાં ચિત્તનો જે વિન્યાસ(જોડવું) છે, તેને ક્ષેપ કહેવાય છે; જે યોગથી જન્ય એવા ફળનો જનક બનતો નથી. કારણ કે વારંવાર ઉખેડવામાં ડાંગરથી પણ ફળની પ્રાપ્તિ થતી દેખાતી નથી." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે- કોઇ પણ એક વિવક્ષિત પ્રવૃત્તિ કરવાના સમયમાં વચ્ચે વચ્ચે તેને છોડીને(યોગની તે પ્રવૃત્તિથી અન્ય કોઇ પણ) બીજી પ્રવૃત્તિ કરવાથી ક્ષેપદોષ પ્રાપ્ત થાય છે. જેમ કે ગાથા કરતી વખતે વચ્ચે વચ્ચે પડિલેહણ કરવી, બીજું

પુસ્તક વાંચવું, વાતો કરવી વગેરે પ્રવૃત્તિમાં ચિત્તને જોડવામાં આવે છે; તે ક્ષેપ નામનો દોષ છે. તેથી જેમ ગાથા આવડતી નથી તેમ યોગથી પ્રાપ્ત થનારું ફળ પ્રાપ્ત થતું નથી. આ વાતને દૃષ્ટાંતથી શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવાય છે.

એનો આશય એ છે કે શાલિ અર્થાત્ વ્રીહિ(ડાંગર)ને વાવ્યા પછી તેના છોડવા થાય ત્યારે તેને ત્યાંથી ઉખેડીને બીજે વાવવા પડે છે. પછી જ તે ડાંગરને આપવા સમર્થ બને છે. આ રીતે એક વાર શાલિનું ઉત્ખનન(ઉખેડવું) થાય તે ઉચિત છે. પરંતુ વારંવાર તેનું ઉત્ખનન(ઉત્પાટન) કરવામાં આવે તો તે ફળપ્રદ બનતું નથી. તેવી જ રીતે વિવક્ષિત કોઈ એક સ્વાધ્યાયાદિ યોગની પ્રવૃત્તિમાં ચિત્તને જોડ્યા પછી વારંવાર તેને બીજી પ્રવૃત્તિમાં જોડવામાં આવે તો તેથી ક્ષેપદોષને લઈને યોગની પ્રવૃત્તિનું ફળ પ્રાપ્ત થતું નથી - એ સમજી શકાય છે. આ વિષયનું નિરૂપણ કરતાં શ્રી ષોડશકપ્રકરણમાં જણાવ્યું છે કે - "ક્ષેપદોષ હોતે છતે પણ ચિત્તનો પ્રબંધ (એક સ્થાને લાગી રહેવું) ન હોવાથી ક્યારે પણ યોગની પ્રવૃત્તિ, ઈષ્ટ ફળની સમૃદ્ધિ (સંપ્રાપ્તિ) માટે થતી નથી. વારંવાર ઉખેડવાથી શાલિ(ડાંગરનો છોડ) પણ પુરુષોને ફળ પ્રાપ્ત કરાવી શકતો નથી. ॥૧૮-૧૭॥

આસંગદોષનું નિરૂપણ કરાય છે–

**आसङ्गः स्यादभिष्वङ्गस्तत्राऽसङ्गक्रियैव न ।**
**ततोऽयं हन्त तन्मात्रगुणस्थानस्थितिप्रदः ॥१८-१८॥**

आसङ्ग इति–आसङ्गोऽभिष्वङ्गः स्याद् 'इदमेव सुन्दरमनुष्ठानमि' त्येवं नियताभिनिवेशरूपः । तत्र तस्मिन् सति । असङ्गक्रियैवाभिष्वङ्गाभाववत्यनवरत-प्रवृत्तिरेव न भवति । ततोऽयमासङ्गो हन्त । तन्मात्रगुणस्थानेऽधिकृतगुणस्थानमात्रे स्थितिप्रदः, न तु मोहोन्मूलनद्वारेण केवलज्ञानोत्पत्तये प्रभवतीत्यासङ्गादपि तत्त्वतो-ऽफलमेवानुष्ठानम् । तदाह–"आसङ्गेऽप्यविधानादसङ्गसक्त्युचितमित्यफलमेतत् । भवतीष्टफलदमुच्चैस्तदप्यसङ्गं यतः परमम् ॥१॥" [षोडशके चतुर्दशे] ॥१८-१८॥

"અભિષ્વંગ(અભિનિવેશ) સ્વરૂપ આસંગદોષ છે. તે વિદ્યમાન હોતે છતે અસંગક્રિયા જ થતી નથી. તેથી આ આસંગ નામનો દોષ વિવક્ષિત-અધિકૃત(જે જે ગુણસ્થાનક હોય તે તે ગુણસ્થાનકને તે તે આત્માનું અધિકૃત

ગુણસ્થાનક કહેવાય છે.) ગુણસ્થાનકે જ સ્થિતિને કરાવે છે.'' - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે અભિષ્વંગને આસંગદોષ કહેવાય છે. 'આ અનુષ્ઠાન જ સારું છે' આવા પ્રકારના નિયત અભિનિવેશને અભિષ્વંગ કહેવાય છે. શ્રી અરિહંત પરમાત્માએ ઉપદેશેલાં પરમતારક બધાં જ અનુષ્ઠાનો મોક્ષસાધક છે. એમાંથી આપણને જે અનુકૂળ પડે તે અનુષ્ઠાન જ સારું છે - એવું લાગે તે એક જાતનો અભિનિવેશ છે. એથી બીજાં અનુષ્ઠાનો પ્રત્યે અરુચિ અને અનાદરભાવ વ્યક્ત થાય છે. અનુષ્ઠાન સારું લાગે એ દોષ નથી, પરંતુ વિવક્ષિત એક જ અનુષ્ઠાન સુંદર લાગે તે દોષ છે. એ દોષને લઇને અસંગક્રિયા જ થતી નથી. અભિષ્વંગથી રહિત અનવરત(નિરંતર-સતત)પણે થતી ક્રિયા(પ્રવૃત્તિ)ને અસંગક્રિયા કહેવાય છે. પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ ભેદથી અનુષ્ઠાન ચાર પ્રકારનાં છે. અસંગ-અનુષ્ઠાન-(ક્રિયા)ની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. આસંગ-દોષના કારણે અસંગક્રિયા જ અવરોધાય છે. તેથી યોગના ફળને પામવાનું શક્ય ન જ બને તે સમજી શકાય છે.

આવી સ્થિતિમાં આસંગદોષને સેવનાર જે ગુણસ્થાનકે હોય તે ગુણસ્થાનકે જ રહી શકે છે. પરંતુ તેની પછીના ગુણસ્થાનકને તે પ્રાપ્ત કરી શકતો નથી. 'જે છે તે જ સારું છે' એવું લાગે તો તેના કરતાં સારું ન જ મળે : એ સ્પષ્ટ છે. તેથી મોહનીયકર્મની મંદતા કે ક્ષયોપશમાદિની અવસ્થા જ સુંદર જણાય તો મોહનું સર્વથા ઉન્મૂલન કરી કેવલજ્ઞાનની ઉત્પત્તિ માટે તે તે ગુણસ્થાનક સમર્થ બનતું નથી. તેથી તાત્ત્વિક રીતે આસંગદોષથી અનુષ્ઠાનનું કોઇ જ ફળ નથી. કારણ કે માત્ર તે તે ગુણસ્થાનકે સ્થિતિ બની રહે એ માટે અનુષ્ઠાન કરવાનું ઇષ્ટ નથી. પરંતુ ઉત્તરોત્તર ગુણસ્થાનકની પ્રાપ્તિ દ્વારા કેવલજ્ઞાન પામવાના આશયથી અનુષ્ઠાન પ્રારબ્ધ હતું, પણ એ આશય આસંગદોષના કારણે પૂર્ણપણે સફળ બનતો નથી. આથી સમજી શકાશે કે આસંગદોષથી સહિત થતું અનુષ્ઠાન તત્ત્વની રીતે જોઇએ તો ફળથી શૂન્ય છે.

આ વિષયનું નિરૂપણ કરતાં શ્રી ષોડશકપ્રકરણમાં જણાવ્યું છે કે- ''આસંગદોષ હોતે છતે પણ અનુષ્ઠાનનું કોઇ જ ફળ નથી. કારણ કે એવું દોષયુક્ત કરાતું અનુષ્ઠાન શાસ્ત્રવિહિત નથી. શાસ્ત્રવિહિત અનુષ્ઠાન સંગ વિના

નિરંતર કરવા યોગ્ય છે. તેથી આસંગયુક્ત આ અનુષ્ઠાન નિષ્ફળ છે. શાસ્ત્રવિહિત પણ અનુષ્ઠાન અસંગસ્વરૂપ પરમકોટિનું હોય તો ઇષ્ટ ફળને સારી રીતે આપનારું છે.'' ॥૧૮-૧૮॥

'અન્યમુદ્' દોષનું વર્ણન કરાય છે–

**विहितेऽविहिते वार्थेऽन्यत्र मुत्प्रकृतात् किल ।**
**इष्टेऽर्थेऽङ्गारवृष्ट्याभात्यनादरविधानतः ॥१८-१९॥**

विहित इति–प्रकृतात् प्रस्तुतात् कर्मणोऽन्यत्र विहितेऽविहिते वाऽर्थे । मुत् प्रीतिः । इष्टेऽर्थेऽङ्गारवृष्ट्याभा अत्यनादरस्य गाढाबहुमानस्य विधानतोऽवमरोचितरागाभावरागविषयानवसराभ्यां प्रतिपक्षरागाच्च । यथा चैत्यवन्दनस्वाध्यायकरणादिषु प्रतिनियतकालविषयेषु श्रुतानुरागादन्यासक्तचित्ततया वा चैत्यवन्दनाद्यनाद्रियमाणस्य । तदुक्तम्–"अन्यमुदि तत्र रागात्तदनादरतार्थतो महापाया । सर्वानर्थनिमित्तं मुद्विषयाङ्गारवृष्ट्याभा ॥१॥" ॥१८-१९॥

''પ્રકૃત (વિવક્ષિત - કરવા લીધેલા) અનુષ્ઠાનને છોડીને બીજે વિહિત કે અવિહિત અનુષ્ઠાનમાં જે પ્રીતિ થાય છે, તે અન્યમુદ્દોષ છે. તેથી અત્યંત અનાદરપૂર્વક અનુષ્ઠાન થતું હોવાથી ઇષ્ટ અર્થની પ્રાપ્તિના વિષયમાં અંગારાની વર્ષા કરવા જેવું થાય છે.'' - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે.

એનો આશય સ્પષ્ટ છે કે કરવા ધારેલ(પ્રસ્તુત) અનુષ્ઠાનવિશેષને છોડીને બીજા કોઇ પણ શાસ્ત્રવિહિત કે શાસ્ત્રાવિહિત અનુષ્ઠાનને વિશે જે પ્રીતિ થાય છે તેને અન્યમુદ્ નામનો દોષ કહેવાય છે, જે ઇષ્ટ અર્થની પ્રાપ્તિના વિષયમાં અંગારાની વૃષ્ટિ સમાન છે. જે અનુષ્ઠાન મોક્ષને આપનારું છે, તેને બાળી નાખવાનું કામ આ અન્યમુદ્ નામનો દોષ કરે છે. વાત સમજાય એવી છે. જે કરીએ છીએ તેનાથી અન્ય પ્રત્યે પ્રીતિ હોય તો સ્પષ્ટ જ છે કે જે કરાય છે, તે અત્યંત અનાદરપૂર્વક જ થવાનું. આથી કોઇ પણ ફળની સિદ્ધિ કઇ રીતે થાય ? કારણ કે અન્યમુદ્દોષને લઇને કરાતા અનુષ્ઠાન પ્રત્યે ઉત્કટ અબહુમાન છે. અવસરને ઉચિત કરાતા અનુષ્ઠાન પ્રત્યે રાગનો અભાવ હોવાથી અને જેની પ્રત્યે રાગ(પ્રીતિ) છે તેનો અવસર ન હોવાથી વિરુદ્ધ અનુષ્ઠાન પ્રત્યે રાગ છે.

ચૈત્યવંદન, સ્વાધ્યાય વગેરે પ્રતિનિયત કાળે કરવાનાં તે તે અનુષ્ઠાનોને વિશે જ્યારે કથાશ્રવણાદિના અનુરાગથી અથવા તો વિકથાદિ, પ્રમાદ વગેરેમાં ચિત્ત આસક્ત બનવાના કારણે અનાદર થાય છે ત્યારે તે ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનો અન્યમુદ્દોષથી દુષ્ટ બને છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અનંતજ્ઞાનીઓએ જે કાળે જે અનુષ્ઠાનો વિહિત કર્યાં છે, તે અનુષ્ઠાનો તે કાળે જ કરવાં જોઇએ. આપણને ગમે કે ના ગમે પરંતુ તે તે અનુષ્ઠાનો તે તે કાળે અનંતજ્ઞાનીઓની આજ્ઞા મુજબ જ કરવાનું લક્ષ્ય રાખવું જોઇએ. તે એક શ્રેષ્ઠ પ્રકારનું પ્રણિધાન છે. અનુષ્ઠાન પ્રત્યેની આપણી પ્રીતિ એવી તો ના જ હોવી જોઇએ કે જેથી તે તે અનુષ્ઠાન પ્રત્યે અત્યંત અનાદરભાવ લાવે. અનુષ્ઠાનની પ્રીતિ અનુષ્ઠાનાંતરના અનાદરનું કારણ બને તો તે અંગારાજેવી છે. બીજ ઉપર અંગારા પડે તો જેમ બીજ બળી જાય છે અને તેથી ઇષ્ટ ફળની પ્રાપ્તિ થતી નથી તેમ યોગની સાધનાના વિષયમાં પણ અન્યમુદ્ નામના દોષથી મોક્ષનાં સાધન, ઇષ્ટ ફળને પ્રાપ્ત કરાવવા સમર્થ બનતાં નથી.

શ્રી ષોડશકપ્રકરણમાં અન્યમુદ્દોષનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે - "અન્યમુદ્દોષ હોતે છતે પ્રકૃત અનુષ્ઠાનને છોડીને બીજાં અનુષ્ઠાનને વિશે રાગ હોવાથી પ્રકૃત અનુષ્ઠાનને વિશે અર્થતઃ(પરિણામે) અનાદરભાવ જાગે છે; જે મહાન અપાયસ્વરૂપ છે, સર્વ અનર્થનું નિમિત્ત છે અને પ્રીતિના વિષયભૂત અનુષ્ઠાન બીજા અનુષ્ઠાન ઉપર અંગારાની વૃષ્ટિ સ્વરૂપ બને છે." તેનો આશય ઉપર જણાવ્યો છે. ॥૧૮-૧૯॥

રુગ્દોષનું વર્ણન કરાય છે–

**रुजि सम्यगनुष्ठानोच्छेदाद् वन्ध्यफलं हि तत् ।**
**एतान् दोषान् विना ध्यानं, शान्तोदात्तस्य तद्धितम् ॥१८-२०॥**

रुजीति–रुजि पीडारूपायां भङ्गरूपायां वा सत्याम् । सम्यगनुष्ठानोच्छेदात् सदनुष्ठनसामान्यविलयात् । वन्ध्यफलं मोघप्रयोजनं हि तदनुष्ठानं बलात्कारेण क्रियमाणम् । तदुक्तं–"रुजि निजजात्युच्छेदात्करणमपि हि नेष्टसिद्धये नियमाद् । अस्येत्यननुष्ठानं तेनैतद्वन्ध्यफलमेव ॥१॥" तत्तस्मादेतान् दोषान् विना शान्तोदात्तस्य क्रोधादिविकाररहितोदाराशयस्य योगिनो ध्यानं हितं कुशलानुबन्धि ॥१८-२०॥

"રુગ્ નામનો દોષ હોતે છતે સમ્યગ્(સદ્) અનુષ્ઠાનનો ઉચ્છેદ થવાથી તે અનુષ્ઠાન ફળથી રહિત બને છે. તેથી ખેદ, ઉદ્વેગ... વગેરે દોષો ન હોય તો ક્રોધાદિથી રહિત એવા શાંત અને ઉદાત્ત યોગીઓને ધ્યાન હિતકર છે." - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે જે અનુષ્ઠાન આપણે કરતા હોઇએ તે અનુષ્ઠાનમાં અતિચાર કે અનાચાર લાગે ત્યારે તે અનુષ્ઠાનને પીડા કે ભંગ સ્વરૂપ દોષ પ્રાપ્ત થાય છે, તેને રુગ્ નામનો દોષ કહેવાય છે.

ધાન્ય(અનાજ)ની નિષ્પત્તિ વખતે રોગ લાગુ પડવાથી જેમ ધાન્યની નિષ્પત્તિ થતી નથી, વાવેલાં બીજ અને ઊગેલા છોડ નકામાં થઇ જાય છે તેમ અતિચારવાળાં કે અનાચારવાળાં (ખંડિત કે ભગ્ન) અનુષ્ઠાનો તદ્દન નકામાં થઇ જાય છે. તેનું કારણ રુગ્દોષ છે. આ દોષના કારણે સદનુષ્ઠાન(સમ્યગનુષ્ઠાન)નું અનુષ્ઠાનત્વ (પોતાનું સ્વરૂપ) જ વિલય પામે છે. વસ્તુ, પોતાનું કાર્ય જ ન કરી શકે તો વાસ્તવિક રીતે તેમાં વસ્તુત્વ જ રહેતું નથી. ખંડિત કે ભગ્ન ઘડાને ઘડો માનવાનો કોઇ જ અર્થ નથી. કારણ કે તેમાં પાણી ભરવાનું શક્ય નથી. આવી જ રીતે ખંડિત કે વિરાધિત અનુષ્ઠાન રોગદોષથી દુષ્ટ હોવાથી તેનું વાસ્તવિક કોઇ જ ફળ નથી. ખંડિત કે વિરાધિત અનુષ્ઠાન બળાત્કારે થતું હોય છે. પોતાની ઇચ્છાથી એ અનુષ્ઠાન થતું નથી. આશય એ છે કે ભગવાનની આજ્ઞા મુજબ નિરતિચાર અનુષ્ઠાન કરવાની ઇચ્છા હોય તો તે અનુષ્ઠાન તે રીતે કરવાનું અશક્ય નથી. આમ છતાં એ શક્ય ના બને તો માનવું રહ્યું કે અનુષ્ઠાન કરનારને તેવી ઇચ્છા નથી. 'અનુષ્ઠાન કર્યા વિના ચાલે એવું નથી' એમ માનીને અનુષ્ઠાન કરવામાં આવે તો તે બળાત્કારે-પરાણે જ થવાનું, જેનું વાસ્તવિક કોઇ પ્રયોજન નથી.

શ્રી ષોડશકપ્રકરણમાં (૧૪-૧૦) રુગ્ (રોગ) નામના દોષનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે - "રુગ્દોષ હોતે છતે અનુષ્ઠાનસામાન્યનો ઉચ્છેદ થવાથી જે અનુષ્ઠાન કરાય છે તેનાથી નિયમે કરી ઇષ્ટ(કર્મનિર્જરાદિ)ની સિદ્ધિ થતી નથી. તેથી તે અનુષ્ઠાન ન કરવા સ્વરૂપ જ છે, માટે તે વંધ્ય ફળવાળું છે."

તેથી સ્પષ્ટ છે કે ઉપર વર્ણવેલા ખેદ, ઉદ્વેગ... વગેરે દોષોના અભાવે ક્રોધ, લોભ વગેરે વિકારથી રહિત એવા યોગી જનોને જ કુશલાનુબંધી (ઉત્તરોત્તર વિશિષ્ટ ફળને આપવાવાળું) ધ્યાન હોય છે. પણ જો ખેદાદિ દોષો વિદ્યમાન હોય તો તે તે યોગી જનોને હિતકર એવા ધ્યાનની પ્રાપ્તિ થતી નથી.

કુશલાનુબંધી ધ્યાનની પ્રાપ્તિ માટે ખેદાદિ ચિત્તદોષોનો પરિહાર કરવાનું ખૂબ જ આવશ્યક છે. ॥૧૮-૨૦॥

કુશલાનુબંધી એવા ધ્યાનનું ફળ વર્ણવાય છે–

**वशिता चैव सर्वत्र, भावस्तैमित्यमेव च ।**
**अनुबन्धव्यवच्छेदश्चेति ध्यानफलं विदुः ॥१८-२१॥**

वशितेति–सर्वत्र कार्ये । वशिता चैवात्मायत्ततैव । भावस्यान्तःकरणपरिणामस्य स्तैमित्यमेव च निश्चलत्वमेव । अनुबन्धव्यवच्छेदो भवान्तरारम्भकाणामितरेषां च कर्मणां वन्ध्यभावकरणं चेत्येतद्ध्यानफलं विदुर्जानते ध्यानफलविदः ॥१८-२१॥

"સઘળાં ય કાર્યોને વિશે સ્વાધીનતા, ભાવની નિશ્ચળતા અને અનુબંધનો વ્યવચ્છેદ : આ ધ્યાનનાં ફળ છે એમ ધ્યાનફળના જાણકારો માને છે." - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. જે આત્માઓને હિતકર એવા ધ્યાનની પ્રાપ્તિ થાય છે, તે આત્માઓને દરેક કાર્યને વિશે વશિતા પ્રાપ્ત થાય છે. જ્યારે પણ તેમને તે તે કાર્ય-અનુષ્ઠાન કરવાની ભાવના થાય ત્યારે તેઓને તેમાં કોઇ જ અવરોધ નડતો નથી. સ્વાધીનપણે તેઓ તે તે કાર્ય કરવા માટે સ્વભાવથી જ સમર્થ બને છે. તે તે કાર્ય કરવાનો જાણે તેમનો સ્વભાવ હોય તે રીતે તેઓ કાર્ય કરે છે.

કુશલાનુબંધી ધ્યાનને પ્રાપ્ત કરનારા આત્માઓના મનના પરિણામો અત્યંત સ્થિર-નિશ્ચલ હોય છે. ખેદાદિ આઠ દોષોના પરિહારથી તેમનું મન શુદ્ધ બને છે. તેથી મનમાં કોઇ પણ જાતના વિકારાદિ ન હોવાથી મન ધ્યેયને વિશે સ્થિર બને છે. સ્થિરતા પ્રાપ્ત થવાના કારણે મનની ચંચળતા નાશ પામે છે. સ્વાધીનતા અને ભાવની સ્થિરતાના કારણે કર્મોના અનુબંધ પડતા નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે ભવાંતરને પ્રાપ્ત કરાવનારાં તેમ જ ભવાંતરને પ્રાપ્ત ન કરાવનારાં કર્મોને નિષ્ફળ બનાવવાનું કાર્ય ધ્યાનથી શક્ય બને છે. બદ્ધ કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે તે એવા કર્મબંધમાં કારણ બનતું નથી કે જેથી ભવાંતરમાં જવું પડે. આથી સમજી શકાશે કે હિતકર એવા ધ્યાનથી કર્મોના બંધાભાવને કરવા સ્વરૂપ અનુબંધનો વ્યવચ્છેદ થાય છે. (જુઓ યોગબિંદુ શ્લો.નં. ૩૬૩). ॥૧૮-૨૧॥

ધ્યાનનું વર્ણન કરીને હવે 'સમતા'નું વર્ણન કરાય છે–

**व्यवहारकुदृष्ट्योच्चैरिष्टानिष्टेषु वस्तुषु ।**
**कल्पितेषु विवेकेन, तत्त्वधीः समतोच्यते ॥१८-२२॥**

व्यवहारेति–व्यवहारकुदृष्ट्याऽनादिमत्या वितथगोचरया कुव्यवहारवासनयाऽविद्यापराभिधानया । उच्चैरतीव । कल्पितेषु इष्टानिष्टेषु इन्द्रियमनः–प्रमोददायिषु तदितरेषु च वस्तुषु शब्दादिषु । विवेकेन "तानेवार्थान् द्विषतस्तानेवार्थान् प्रलीयमानस्य । निश्चयतो नानिष्टं न विद्यते किञ्चिदिष्टं वे" त्यादिनिश्चयालोचनेन । तत्त्वधीरिष्टानिष्टत्वपरिहारेण तुल्यताधीरुपेक्षालक्षणा समतोच्यते । यदुक्तं–"अविद्याकल्पितेषूच्चैरिष्टानिष्टेषु वस्तुषु । सञ्ज्ञानात्तद्व्युदासेन समता समतोच्यते ॥१॥" ॥१८-२२॥

"અનાદિના વિતથવ્યવહારના સંસ્કારોથી અજ્ઞાનના કારણે કલ્પિત અત્યંત ઇષ્ટાનિષ્ટ વસ્તુઓને વિશે વિવેકથી પ્રાપ્ત થયેલી તત્ત્વબુદ્ધિને સમતા કહેવાય છે." – આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે અનાદિકાળથી આ સંસારમાં શરીરાદિ વસ્તુઓને વિશે અજ્ઞાનાદિને લઇને આત્માદિની જે વિતથબુદ્ધિ થાય છે - તેને અવિદ્યા કહેવાય છે.

શરીર એ આત્મા નથી. શરીરથી આત્મા ભિન્ન છે. જ્ઞાનાદિ ગુણોના સ્વામી એવા આત્માને શરીરસ્વરૂપ માની જે જે પ્રવૃત્તિ કરાય છે, તે બધી અજ્ઞાનમૂલક છે. તેમ જ આત્માના જ્ઞાનાદિ ગુણોને છોડીને માતાપિતાદિ પરિવાર, ધન અને તેનાથી પ્રાપ્ત થનારા તે તે શબ્દાદિ વિષયો : એ બધામાં આત્મીયત્વ(પોતાનાપણા)ની જે બુદ્ધિ થાય છે તે અજ્ઞાન-અવિદ્યાને લઇને છે. એ અવિદ્યા આત્માના સંસારનું એકમાત્ર બીજ છે. અનાદિકાળની વિતથ (અવાસ્તવિક) વિષયવાળી જે દુષ્ટ વાસના(કુસંસ્કાર) છે તેને અહીં વ્યવહારકુદૃષ્ટિ તરીકે વર્ણવી છે, જેનું 'અવિદ્યા' : બીજું નામ છે. એ અવિદ્યાના કારણે માનેલા, ઇન્દ્રિય અને મનને આનંદ આપનારા અને નહિ આપનારા ઇષ્ટ અને અનિષ્ટ એવા શબ્દાદિ વિષયોમાં વિવેકને લઇને જે તત્ત્વબુદ્ધિ થાય છે, તેને સમતા કહેવાય છે.

ઇન્દ્રિય અને મનને આનંદ આપવાથી અને નહિ આપવાથી અત્યંત ઇષ્ટ અને અનિષ્ટ તરીકે શબ્દ વગેરે વિષયોને કલ્પી લેવામાં આવે છે. પરંતુ તે

અવિદ્યાથી કલ્પિત છે, વાસ્તવિક નથી. શબ્દાદિ વિષયો તત્ત્વદષ્ટિએ જોઇએ તો સમજાશે કે વસ્તુતઃ તે ઇષ્ટ અને અનિષ્ટ નથી. પ્રશમરતિ પ્રકરણમાં (ગાથા નં. ૫૨) જણાવ્યા મુજબ વાસ્તવિકતા તો એ છે કે, "તે (અમનોજ્ઞ) વિષયોને વિશે દ્વેષ કરનાર અને તે (મનોજ્ઞ) વિષયોને વિશે અત્યંત લીન થનારા આત્માને નિશ્ચયથી કોઇ પણ વિષય અનિષ્ટ નથી અથવા ઇષ્ટ નથી." - પ્રશમરતિમાં જણાવ્યા મુજબની નિશ્ચયથી વિચારણા કરવા સ્વરૂપ વિવેક વડે જ્યારે વિષયોની પૂર્વકલ્પિત ઇષ્ટતા અથવા અનિષ્ટતાનો પરિહાર કરીને વિષયોમાં સમાનતાની જે બુદ્ધિ થાય છે, તે તત્ત્વની બુદ્ધિને સમતા કહેવાય છે. તેથી વિષયોને ઇષ્ટ માનીને ન તો પ્રવૃત્તિ થાય છે, તેમ જ વિષયોને અનિષ્ટ માનીને ન તો નિવૃત્તિ થાય છે. ઉપેક્ષામૂલક જ અહીં વિષયોમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ થાય છે. આવી ઉપેક્ષા સ્વરૂપ સમતા કહેવાય છે. શરીરના કારણે વિષયોની આવશ્યકતા ઊભી થાય તો તેમાં પ્રવૃત્તિ થાય અન્યથા તેમાં પ્રવૃત્તિ ન થાય (નિવૃત્તિ થાય). પરંતુ વિષયો મનોજ્ઞ કે અમનોજ્ઞ છે માટે તેમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ ન થાય. સમતાત્મક યોગની પ્રાપ્તિ થવાથી એ રીતે વિષયો પ્રત્યે ઉપેક્ષા(ઔદાસીન્ય)ભાવ આવે છે.

યોગબિંદુમાં સમતાના સ્વરૂપનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે - અનાદિના વિતથ (અવાસ્તવિક) સંસ્કારોના કારણે ઉત્પન્ન થયેલા વિકલ્પથી કલ્પેલી અત્યંત ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુઓને વિશે, ઇષ્ટત્વ કે અનિષ્ટત્વનો પરિહાર કરીને સંજ્ઞાન (પ્રશમરતિ વગેરેમાં જણાવેલી વાસ્તવિકતાની ભાવના સ્વરૂપ વિવેક)ના કારણે જે સમતા(સામ્ય)ની પરિણતિ(અધ્યવસાય) મનમાં થાય છે, તેને સમતા નામનો યોગ કહેવાય છે. ॥૧૮-૨૨॥

ધ્યાનનું કાર્ય જેમ સમતા છે તેમ સમતાનું કાર્ય ધ્યાન છે : એમ પરસ્પર કાર્ય-કારણભાવ જણાવાય છે—

**विनैतया नहि ध्यानं, ध्यानेनेयं विना च न ।**
**अतः प्रवृत्तचक्रं स्याद्, द्वयमन्योन्यकारणात् ॥१८-२३॥**

विनेति—एतया समतया विना हि ध्यानं न स्यात्, चित्तव्यासङ्गानुपरमात् । ध्यानेन विना चेयं समता न भवति, प्रतिपक्षसामग्र्या बलवत्त्वाद् । अतो द्वयं ध्यान-समतालक्षणम् । अन्योऽन्यकारणात् प्रवृत्तचक्रमनुपरतप्रवाहं स्यात् । न चैवमन्यो-

ऽन्याश्रयः. अपकृष्टयोस्तयोर्मिथ उत्कृष्टयोर्हेतुत्वात् । सामान्यतस्तु क्षयोपशमभेदस्यैव हेतुत्वादिति ज्ञेयम् ।।१८-२३।।

"આ સમતા વિના ધ્યાન નથી થતું અને ધ્યાન વિના આ સમતા થતી નથી, તેથી પરસ્પર કારણ હોવાથી ધ્યાન અને સમતાનું ચક્ર પ્રવર્ત્તે છે. અર્થાત્ એ બંન્ને અનવરત પ્રવાહવાળા બને છે." - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે આ સમતા વિના ધ્યાનની પ્રાપ્તિ શક્ય નથી. કારણ કે ચિત્તના વ્યાસંગની નિવૃત્તિ ત્યારે થયેલી હોતી નથી. સમતાની પ્રાપ્તિ થયેલી ન હોય ત્યારે ચિત્ત શરીરાદિ પરપદાર્થોમાં આસક્ત હોવાથી પરમાત્માદિ ધ્યેય-તત્ત્વોમાં તે સ્થિરતાને પામતું નથી, જેથી ધ્યાનની પ્રાપ્તિ શક્ય બનતી નથી. ધ્યાનની પ્રાપ્તિ માટે ચિત્તની સ્થિરતા અત્યંત આવશ્યક છે. પરપદાર્થોમાં ચિત્ત આસક્ત હોય તો તે પરમાત્માદિ ધ્યેયતત્ત્વોમાં સ્થિર ન બને એ સમજી શકાય એવું છે. સમતાથી શરીરાદિને વિશે ઉપેક્ષાભાવ થતો હોવાથી ધ્યાનની પ્રાપ્તિ થાય છે. ધ્યાનની પ્રાપ્તિમાં અવરોધરૂપ ચિત્તવ્યાસંગ, સમતાથી દૂર થાય છે.

આવી જ રીતે ધ્યાન વિના સમતા પ્રાપ્ત થતી નથી. કારણ કે પ્રતિપક્ષ સામગ્રી બળવાન છે. આશય એ છે કે સમતાને પ્રાપ્ત કરાવનારી સામગ્રી અવિદ્યાનો નાશ કરનારી સામગ્રી છે. અવિદ્યાનો નાશ સ્વપરસ્વરૂપના વાસ્તવિક પરિશીલનથી થાય છે અને તે પરિશીલન ચિત્તની સ્થિરતાથી સાધ્ય છે. ધ્યાન ચિત્તની સ્થિરતા સ્વરૂપ છે. શરીરાદિ પર પદાર્થોની આસક્તિ ચિત્તની સ્થિરતાનો બાધ કરે છે. ધ્યાનના અભાવમાં ચિત્તની વિચલિત અવસ્થા હોય છે. તેની બલવત્તાના કારણે સમતાની પ્રાપ્તિ થતી નથી. આથી સમજી શકાશે કે ધ્યાનના અભાવની સામગ્રી અહીં પ્રતિપક્ષ સામગ્રી છે. આસક્તિના સંસ્કાર અનાદિના હોવાથી તે બળવાન છે. તેને ધ્યાન વિના દૂર કરી શકાય એમ નથી. ધ્યાનથી તે દૂર થાય તો સમતાની પ્રાપ્તિ સરળ બને.

આથી સ્પષ્ટ છે કે સમતાથી ધ્યાન અને ધ્યાનથી સમતા : આ રીતે એકબીજા એકબીજાનાં કારણ હોવાથી ધ્યાન અને સમતા : આ બંન્નેનું ચક્ર પ્રવર્ત્તે છે. નિરંતર એનો પ્રવાહ ચાલ્યા કરે છે. "ધ્યાનથી સમતા થાય છે અને સમતાથી ધ્યાન થાય છે - આ પ્રમાણે પરસ્પર એકબીજાનું કારણ છે એમ માનવાથી અન્યોન્યાશ્રય દોષ આવે છે. કારણ કે ધ્યાન વિના સમતા ન થાય અને સમતા વિના ધ્યાન ન થાય.

એનો અર્થ એ છે કે એકની પણ ઉત્પત્તિ નથી થતી.''... આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે અપકૃષ્ટ(અલ્પમાત્રાના) ધ્યાન અને સમતા; તેનાથી ઉત્કૃષ્ટ સમતા અને ધ્યાનનાં પરસ્પર કારણ મનાય છે, તેથી કોઇ દોષ નથી. સામાન્યથી તો મોહનીયાદિ કર્મનો ક્ષયોપશમવિશેષ જ ધ્યાન અને સમતા સ્વરૂપ યોગનું કારણ છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું. ।।૧૮-૨૩।।

સમતાયોગનું ફળ વર્ણવાય છે—

**ऋद्ध्यप्रवर्त्तनं चैव, सूक्ष्मकर्मक्षयस्तथा ।**
**अपेक्षातन्तुविच्छेदः, फलमस्याः प्रचक्षते ।।१८-२४।।**

ऋद्धीति—ऋद्धीनामामर्षौषध्यादीनामनुपजीवनेनाप्रवर्तनमव्यापारणम् । सूक्ष्माणां केवलज्ञानदर्शनयथाख्यातचारित्राद्यावरकाणां कर्मणां क्षयः । तथेति समुच्चये । अपेक्षैव वन्धनहेतुत्वात्तन्तुस्तद्व्यवच्छेदः फलमस्याः समतायाः प्रचक्षते विचक्षणाः ।।१८-२४।।

''પ્રાપ્ત થયેલી ઋદ્ધિઓમાં પ્રવૃત્તિ ન કરવી, સૂક્ષ્મ એવાં કર્મોનો ક્ષય કરવો અને અપેક્ષાસ્વરૂપ તંતુનો વિચ્છેદ કરવો : આ સમતાનાં ફળ છે એમ બુદ્ધિમાનો કહે છે.'' - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સમતાત્મક યોગના પ્રભાવથી તે યોગીને આમર્ષૌષધિ વગેરે અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થતી હોય છે. પરંતુ સમતાના પ્રભાવે તેઓ તે તે ઋદ્ધિઓનો ઉપયોગ કરતા નથી. પુણ્યથી પ્રાપ્ત થયેલી સિદ્ધિઓમાં સર્વથા નિઃસ્પૃહ એ મહાત્માઓ માત્ર કર્મક્ષય માટે પ્રબળ પુરુષાર્થ કરતા હોય છે. તેથી સૂક્ષ્મકર્મક્ષયને કરનારા તેઓ બને છે. કેવલજ્ઞાન, કેવલદર્શન અને યથાખ્યાતચારિત્ર... ઇત્યાદિ ક્ષાયિકગુણોના આવારક એવા કર્મને સૂક્ષ્મ કર્મ કહેવાય છે. સૂક્ષ્મ સાધનાથી એ કર્મોનો નાશ થાય છે. અત્યંત વિશુદ્ધ અધ્યવસાયથી એ કર્મોની નિર્જરા થાય છે. તેથી તે કર્મોને સૂક્ષ્મ કર્મ કહેવાય છે.

આ રીતે સૂક્ષ્મકર્મોનો ક્ષય થવાથી મોહનો નાશ થાય છે અને મોહનો નાશ થવાથી અપેક્ષાનો નાશ થાય છે. અપેક્ષા (ઇચ્છા-સ્પૃહા) કર્મબંધનું કારણ હોવાથી તેને તંતુ તરીકે અહીં વર્ણવી છે. સમતાયોગના કારણે તે અપેક્ષાતંતુનો વિચ્છેદ થાય છે. અવિદ્યાનો વિગમ થવાથી યોગીને આ સંસારમાં કોઇ પણ વસ્તુની

અપેક્ષા રહેતી નથી. ઋદ્ધિમાં અપ્રવૃત્તિ, સૂક્ષ્મ કર્મોનો ક્ષય અને અપેક્ષાતંતુનો વિચ્છેદ : આ ત્રણ સમતાત્મક યોગનાં ફળ છે - એમ વિચક્ષણો કહે છે. ॥૧૮-૨૪॥

અધ્યાત્માદિ પાંચ પ્રકારના યોગમાંના પાંચમા વૃત્તિસંક્ષયયોગનું નિરૂપણ કરાય છે–

**विकल्पस्यन्दरूपाणां, वृत्तीनामन्यजन्मनाम् ।**
**अपुनर्भावतो रोधः, प्रोच्यते वृत्तिसङ्क्षयः ॥१८-२५॥**

विकल्पेति–स्वभावत एव निस्तरङ्गमहोदधिकल्पस्यात्मनोऽन्यजन्मनां पवनस्थानीयस्वेतरतथाविधमनःशरीरद्रव्यसंयोगजनितानां विकल्पस्यन्दरूपाणां वृत्तीनाम् । अपुनर्भावतः पुनरुत्पत्तियोग्यतापरिहारात् । रोधः परित्यागः केवलज्ञानलाभकाले अयोगिकेवलित्वकाले च वृत्तिसङ्क्षयः प्रोच्यते । तदाह–"अन्यसंयोगवृत्तीनां यो निरोधस्तथा तथा । अपुनर्भावरूपेण स तु तत्सङ्क्षयो मतः ॥१॥" ॥१८-२५॥

"અન્ય જન્મ સંબંધી વિકલ્પ અને સ્યન્દ સ્વરૂપ વૃત્તિઓનો, ફરીથી ઉત્પત્તિ થવામાં કારણભૂત યોગ્યતા ન રહે એ રીતે જે નિરોધ છે, તેને વૃત્તિસંક્ષય કહેવાય છે." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે સ્વભાવથી જ આત્માનું સ્વરૂપ તરંગથી રહિત એવા સમુદ્ર જેવું અત્યંત શાંત છે. પરંતુ પૂર્વભવસંબંધી, મન અને શરીરના સંયોગથી વિકલ્પ અને સ્યંદન સ્વરૂપ વૃત્તિઓ (વિકારાત્મક પરિણામ - વિભાવો) આત્મામાં થાય છે. પવનના કારણે જેમ સમુદ્રમાં તરંગો પેદા થાય છે, તેમ આત્મામાં પોતાથી ભિન્ન એવા પવનજેવા મન અને શરીર સ્વરૂપ દ્રવ્યના સંયોગથી અનેકાનેક વૃત્તિઓનો ઉદ્ભવ થાય છે, જે અન્યજન્મકૃત કર્મોનો વિપાક હોવાથી અન્યજન્મસંબંધી છે. તેવા પ્રકારના મનોદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થનારી વૃત્તિઓને વિકલ્પાત્મક વૃત્તિઓ કહેવાય છે અને તેવા પ્રકારના શરીરદ્રવ્યસંયોગથી ઉત્પન્ન થનારી વૃત્તિઓને સ્યન્દ(પરિસ્પન્દ) વૃત્તિઓ કહેવાય છે.

વિકલ્પ અને સ્યન્દ વૃત્તિઓનો, ફરીથી તેની ઉત્પત્તિ માટેની જે યોગ્યતા છે તેના પરિહાર(નાશ)પૂર્વક જે નિરોધ(પરિત્યાગ) છે તેને વૃત્તિસંક્ષય નામનો યોગ કહેવાય છે. આ યોગ કેવલજ્ઞાનની પ્રાપ્તિના અવસરે અને અયોગી

કેવલીપણાના અવસરે હોય છે. આ યોગનું નિરૂપણ કરતાં યોગબિંદુ ગ્રંથમાં ફરમાવ્યું છે કે - "સ્વભાવથી જ નિસ્તરંગ મહાસમુદ્ર જેવા આત્માની મન અને શરીર દ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થનારી વિકલ્પસ્વરૂપ અને પરિસ્પંદસ્વરૂપ વૃત્તિઓનો ફરીથી ઉદ્ભવ ન થાય એ રીતે જે નિરોધ છે તેને વૃત્તિસંક્ષય યોગ કહેવાય છે." ॥૧૮-૨૫॥

વૃત્તિસંક્ષયયોગનું ફળ વર્ણવાય છે–

**केवलज्ञानलाभश्च, शैलेशीसम्परिग्रहः ।**
**मोक्षप्राप्तिरनाबाधा, फलमस्य प्रकीर्त्तितम् ॥१८-२६॥**

केवलेति–स्पष्टः ॥१८-२६॥

"કેવલજ્ઞાનની પ્રાપ્તિ, શૈલેશી અવસ્થાની પ્રાપ્તિ અને સર્વ આબાધાઓથી રહિત એવી મોક્ષની પ્રાપ્તિ : આ વૃત્તિસંક્ષયયોગનું ફળ છે." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે મનોદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થનારી વિકલ્પવૃત્તિઓના સંક્ષયથી આત્માને સકલ દ્રવ્યાદિ વિષયને ગ્રહણ કરનારું પરિપૂર્ણ એવું કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે અને પરિસ્પંદાત્મક વૃત્તિઓ(શરીરદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થનારી વૃત્તિઓ)ના સંક્ષયથી શૈલેશી અવસ્થા પ્રાપ્ત થાય છે. સર્વસંવરભાવસ્વરૂપ શીલના સ્વામી એવા મહાત્માની એ અવસ્થા છે.

શૈલેશી અવસ્થાની પ્રાપ્તિથી આત્માને મોક્ષની પ્રાપ્તિ થાય છે, જે સર્વ શરીર અને મન સંબંધી વ્યથા(આબાધા)થી રહિત છે અને સદા આનંદને આપનારી છે. ॥૧૮-૨૬॥

મોક્ષની સાથે જોડી આપનાર આત્મવ્યાપારસ્વરૂપ સ્વાભિમત યોગના, ઉપર જણાવ્યા મુજબ અધ્યાત્મ, ભાવના... વગેરે પાંચ પ્રકાર વર્ણવ્યા. હવે ચિત્તવૃત્તિનિરોધ સ્વરૂપ પાતંજલદર્શનપ્રસિદ્ધ યોગના પણ પાંચ પ્રકાર છે, તે જણાવાય છે–

**वृत्तिरोधोऽपि योगश्चेद्, भिद्यते पञ्चधाऽप्ययम् ।**
**मनोवाक्कायवृत्तीनां, रोधे व्यापारभेदतः ॥१८-२७॥**

वृत्तिरोधोऽपीति–मोक्षहेतुलक्षणो योगः पञ्चधा भिन्न इति प्रदर्शितम् । वृत्तिरोधोऽपि चेद्योग उच्यते । अयमपि पञ्चधा भिद्यते । मनोवाक्कायवृत्तीनां रोधे व्यापार-भेदतः । अनुभवसिद्धानां भेदानां दुरपह्नवत्वाद्, अन्यथा द्रव्यमात्रपरिशेषप्रसङ्गादिति भावः ॥१८-२७॥

"ચિત્તવૃત્તિઓનો નિરોધ પણ યોગ હોય તો એ યોગ પણ પાંચ પ્રકારનો છે. મન, વચન અને કાયાની વૃત્તિઓના નિરોધમાં વ્યાપાર(આત્મવ્યાપાર)ની ભિન્નતા હોવાથી તેને આશ્રયીને ચિત્તવૃત્તિનિરોધાત્મક યોગ પાંચ પ્રકારનો છે." - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે મોક્ષના કારણભૂત આત્મવ્યાપાર સ્વરૂપ યોગને આશ્રયીને અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય : આ પાંચ પ્રકારો વર્ણવ્યા. પરંતુ ચિત્તવૃત્તિઓના નિરોધ સ્વરૂપ યોગને માનવામાં આવે તો તેના પાંચ પ્રકાર કઇ રીતે થાય - એ જિજ્ઞાસામાં આ શ્લોકથી તેના પણ પાંચ પ્રકાર વર્ણવવાનો આરંભ કર્યો છે.

આશય એ છે કે મન, વચન, કાયાને આશ્રયીને થનારી વૃત્તિઓના નિરોધમાં આત્માનો તે તે પ્રકારનો વ્યાપાર ભિન્ન ભિન્ન હોવાથી વૃત્તિઓનો નિરોધ (અભાવ સ્વરૂપ) એક હોવા છતાં તે તે આત્મવ્યાપારને આશ્રયીને ભિન્ન ભિન્ન છે. યદ્યપિ તે તે વ્યાપાર ચિત્તના હોવાથી આત્મામાં એ ઔપાધિક છે. પુરુષમાં અનાદિશુદ્ધત્વ છે... ઇત્યાદિ સાંખ્યોની માન્યતા મુજબ વૃત્તિઓનો નિરોધ શુદ્ધ આત્મદ્રવ્યસ્વરૂપ જ છે. પરંતુ અનુભવસિદ્ધ અધ્યાત્માદિસ્વરૂપ આત્મવ્યાપારનો અપલાપ કરવાનું શક્ય નથી. અન્યથા દરેક દ્રવ્યોમાં જે જે ફેરફાર વર્તાય છે એ બધા જ જો કાલ્પનિક હોય તો માત્ર દ્રવ્યને જ (ગુણાદિને નહિ) માનવાનો પ્રસંગ આવશે... ઇત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઇએ. આ પૂર્વેની પાતંજલયોગબત્રીશીનું અનુસંધાન કરવાથી પણ અહીં જણાવેલી વાતને સમજવાની અનુકૂળતા થશે. તે બત્રીશીમાં જણાવેલી વાતોને અહીં જણાવવાની આવશ્યકતા ન હોવાથી સંક્ષેપથી જ અહીં વર્ણન કર્યું છે. ॥૧૮-૨૭॥

વૃત્તિનિરોધાત્મક યોગમાં અધ્યાત્માદિ પાંચ પ્રકારના યોગનો સમાવેશ જણાવાય છે–

**प्रवृत्तिस्थिरताभ्यां हि, मनोगुप्तिद्वये किल ।**
**भेदाश्चत्वार इष्यन्ते, तत्रान्त्यायां तथान्तिमः ॥१८-२८॥**

प्रवृत्तीति–प्रवृत्तिः प्रथमाभ्यासः, स्थिरता उत्कर्षकाष्ठाप्राप्तिस्ताभ्याम् । मनोगुप्तिद्वये किल । आद्याश्चत्वारो भेदा अध्यात्मभावनाध्यानसमतालक्षणा इष्यन्ते, व्यापारभेदादेकत्र क्रमेणोभयोः समावेशाद्यथोत्तरं विशुद्धत्वात् । तथाऽन्त्यायां चरमायाम् । तत्र मनोगुप्तौ । अन्तिमो वृत्तिसङ्क्षय इष्यते । इत्थं हि पञ्चापि प्रकारा निरपाया एव ।।१८-२८।।

"પ્રવૃત્તિ અને સ્થિરતાને લઇને મનોગુપ્તિ બે પ્રકારની છે. અધ્યાત્મ વગેરે યોગના ચાર પ્રકારોનો સમાવેશ પ્રવૃત્તિસ્વરૂપ મનોગુપ્તિમાં થાય છે અને યોગના પાંચમા પ્રકાર વૃત્તિસંક્ષયનો સમાવેશ છેલ્લી(બીજી) સ્થિરતાસ્વરૂપ મનોગુપ્તિમાં થાય છે." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે યોગના પ્રથમ અભ્યાસને પ્રવૃત્તિસ્વરૂપ મનોગુપ્તિ કહેવાય છે અને યોગની પરાકાષ્ઠા(ઉત્કર્ષકાષ્ઠા)ને સ્થિરતાસ્વરૂપ મનોગુપ્તિ કહેવાય છે. સામાન્ય રીતે અપ્રશસ્ત(સાવદ્ય) પ્રવૃત્તિઓમાં જતા મનને રોકવું અને પ્રશસ્ત(તે તે કાળે વિહિત) એવી પ્રવૃત્તિમાં મનને જોડવું તે સ્વરૂપ મનોગુપ્તિ છે, જે પાતંજલદર્શનપ્રસિદ્ધ વૃત્તિનિરોધ સ્વરૂપ છે.

યોગની અભ્યાસદશા સ્વરૂપ પ્રથમ પ્રવૃત્તિમનોગુપ્તિમાં અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતા : આ ચાર યોગ-પ્રકારનો સમાવેશ થાય છે. આ પૂર્વે જણાવ્યા મુજબ અધ્યાત્માદિસ્વરૂપ આત્મવ્યાપાર (ક્ષયોપશમભાવવિશેષ) ભિન્ન ભિન્ન છે. ક્રમે કરી ઉભયનો એકમાં સમાવેશ થવાથી તેમ જ પૂર્વ પૂર્વ કરતાં ઉત્તરોત્તર વિશુદ્ધ હોવાથી પ્રથમ મનોગુપ્તિમાં અધ્યાત્માદિ ચારનો સમાવેશ થાય છે. કહેવાનો આશય એ છે કે અધ્યાત્માદિ પરસ્પર ભિન્ન હોવાથી એક જ મનોગુપ્તિ સ્વરૂપ તે ચાર પ્રકારને માનવાનું યદ્યપિ શક્ય નથી, પરંતુ ક્રમે કરી એકમાં ભિન્ન ભિન્ન કાળે ઉભયનો સમાવેશ કરી શકાય છે. અધ્યાત્માદિભાવો ઉત્તરોત્તર વિશુદ્ધ હોવાથી ક્રમે કરી એક મનોગુપ્તિમાં સમાવિષ્ટ થાય છે.

છેલ્લી સ્થિરતાસ્વરૂપ મનોગુપ્તિમાં વૃત્તિસંક્ષયસ્વરૂપ પાંચમા યોગભેદ (પ્રકાર)નો સમાવેશ થાય છે. આ રીતે વૃત્તિનિરોધસ્વરૂપ યોગમાં અધ્યાત્માદિ પાંચે ય યોગપ્રકારો સંગત બને છે, એમાં કોઇ દોષ નથી. ।।૧૮-૨૮।।

અધ્યાત્માદિ યોગોનો વૃત્તિનિરોધમાં જે રીતે સમાવેશ થાય છે તેનું દિગ્દર્શન કરાય છે–

**विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम् ।**
**आत्मारामं मनश्चेति (स्तज्ज्ञैः) मनोगुप्तिस्त्रिधोदिता ॥१८-२९॥**

विमुक्तेति—विमुक्तं परित्यक्तं कल्पनाजालं सङ्कल्पविकल्पचक्रं येन तत् । तथा समत्वे सुप्रतिष्ठितं सम्यग्व्यवस्थितम् । आत्मारामं स्वभावप्रतिबद्धं मनस्तज्ज्ञैस्तद्वेदिभिर्मनोगुप्तिस्त्रिधा त्रिभिः प्रकारैरुदिता कथिता ॥१८-२९॥

"કલ્પનાચક્રથી મુક્ત, સમતામાં પ્રતિષ્ઠિત અને આત્મરમણતાપ્રતિબદ્ધ મન હોવાથી મનોગુપ્તિ ત્રણ પ્રકારની છે. (**चेति** ના સ્થાને **तज्ज्ञैः** આવો પાઠ છે. એ મુજબ તાદૃશ ત્રણ પ્રકારના મનને આશ્રયીને મનોગુપ્તિ તેના જાણકારોએ ત્રણ પ્રકારની વર્ણવી છે.)" - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ વૃત્તિનિરોધ મનોગુપ્તિસ્વરૂપ છે. એ મનોગુપ્તિને તેના જાણકારોએ ત્રણ પ્રકારની વર્ણવી છે. સંકલ્પ અને વિકલ્પોની કલ્પનાઓની જાળ(ચક્ર)માંથી વિમુક્ત મન બને છે, ત્યારે પહેલી મનોગુપ્તિ થાય છે. મિથ્યાત્વમોહનીય વગેરે કર્મના ઉદયથી સંકલ્પ(અસદ્ ઇચ્છાઓ) અને વિકલ્પ(અવાસ્તવિક જ્ઞાન) થતા હોય છે. મિથ્યાત્વાદિકર્મની મંદતાએ તેમ જ ક્ષયોપશમાદિએ સંકલ્પવિકલ્પથી મુક્ત થવાય છે. તેથી ક્રમે કરી મન સમતામાં સારી રીતે વ્યવસ્થિત થાય છે. સમતામાં પ્રતિષ્ઠિત થયેલા મન વખતે બીજી મનોગુપ્તિ હોય છે. આ રીતે વિષયાદિના વાસ્તવિક જ્ઞાનની પરિણતિથી સમતામાં પ્રતિષ્ઠિત થયેલું મન ક્રમે કરી વિષયાદિની (પુદ્ગલાદિની પરપરિણતિની) ઉપેક્ષા કરીને આત્મામાં રમણતા કરે છે; ત્યારે મન સ્વભાવપ્રતિબદ્ધ(સ્થિર) બને છે. તે વખતે ત્રીજી મનોગુપ્તિ હોય છે. મનોગુપ્તિના જાણકારોએ આ રીતે મનોગુપ્તિ ત્રણ પ્રકારની વર્ણવી છે. પહેલી મનોગુપ્તિમાં અધ્યાત્માદિ ત્રણ યોગનો સમાવેશ થાય છે અને અનુક્રમે બીજી અને ત્રીજી મનોગુપ્તિમાં સમતા અને વૃત્તિસંક્ષય યોગનો સમાવેશ થાય છે... એ સમજી શકાય છે. વિકલ્પોની જાળમાંથી મુક્ત બન્યા વિના અધ્યાત્મ, ભાવના અને ધ્યાનની પ્રાપ્તિ શક્ય નથી. આત્માને છોડીને અન્ય પદાર્થો પ્રત્યે ઉપેક્ષાભાવ ન આવે તો સમતાની પ્રાપ્તિ શક્ય નથી. તેમ જ આત્મસ્વભાવમાં રમણતા ન આવે તો વૃત્તિસંક્ષયની પ્રાપ્તિ પણ શક્ય નથી. કારણ કે તે તે

અધ્યાત્માદિભાવો મનોગુપ્તિ-વિશેષને લઇને પ્રાપ્ત થાય છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૧૮-૨૯॥

અધ્યાત્માદિ યોગમાં જેમ મનોગુપ્તિનો ઉપર જણાવ્યા મુજબ અવતાર(સમાવેશ) થાય છે; તેમ વાગ્ અને કાયગુપ્તિ વગેરેનો પણ સમાવેશ થાય છે, તે જણાવાય છે–

**अन्यासामवतारोऽपि, यथायोगं विभाव्यताम् ।**
**यतः समितिगुप्तीनां, प्रपञ्चो योग उत्तमः ॥१८-३०॥**

अन्यासामिति–अन्यासां वाक्कायगुप्तीर्यासमित्यादीनाम् । अवतारोऽप्यन्तर्भावोऽपि । यथायोगं यथास्थानम् । विभाव्यतां विचार्यताम् । यतो यस्मात् । समितिगुप्तीनां प्रपञ्चो यथापर्यायं विस्तारो योग उच्यते । उत्तम उत्कृष्टः । न तु समितिगुप्तिविभिन्नस्वभावो योगपदार्थोऽतिरिक्तः कोऽपि विद्यत इति ॥१८-३०॥

"મનોગુપ્તિને છોડીને અન્ય ગુપ્તિ વગેરેનો યોગમાં અંતર્ભાવ જે રીતે થાય છે તે રીતે વિચારવું. કારણ કે સમિતિ-ગુપ્તિઓનો પ્રપંચ ઉત્તમ યોગ છે." - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સ્વરૂપ અષ્ટ પ્રવચનમાતામાં સમસ્ત મોક્ષસાધક વ્યાપાર સમાય છે. ઇર્યાસમિતિ, ભાષાસમિતિ અને એષણાસમિતિ... વગેરે પાંચ સમિતિઓ તે તે, માર્ગગમનાદિ પ્રવૃત્તિના અવસરે અવસરે ઉપયોગમાં આવતી હોવાથી સર્વદા હોતી નથી. પરંતુ અશુભ મન-વચન-કાયાની પ્રવૃત્તિથી વિરામ પામવાદિ સ્વરૂપ ગુપ્તિઓ તો સર્વદા હોય છે. મનોગુપ્તિનો જે રીતે અધ્યાત્માદિ યોગમાં અંતર્ભાવ જણાવ્યો છે, એ રીતે વચનગુપ્તિ અને કાયગુપ્તિનો તેમ જ પાંચસમિતિઓનો અંતર્ભાવ અધ્યાત્માદિ યોગમાં સમજી લેવો. સંકલ્પ-વિકલ્પથી શૂન્ય પ્રવૃત્તિ, ઉપેક્ષાપૂર્ણ પ્રવૃત્તિ અને આત્મસ્વભાવપ્રતિબદ્ધતા : આ ત્રણ અવસ્થાને આશ્રયીને વચન અને કાયગુપ્તિ વગેરેનો અંતર્ભાવ અનુક્રમે અધ્યાત્માદિ ત્રણમાં, સમતામાં અને વૃત્તિસંક્ષયમાં થઇ શકે છે.

સમિતિ અને ગુપ્તિનો જે વિસ્તાર છે તે યોગ છે. તે તે ગુણસ્થાનકને ઉચિત તેનો પ્રપંચ ઉત્કૃષ્ટ યોગ છે. સમિતિ અને ગુપ્તિને છોડીને બીજા કોઇ પણ સ્વરૂપવાળો યોગ નથી. કોઇ પણ યોગ સમિતિ-ગુપ્તિ સ્વરૂપ છે. ॥૧૮-૩૦॥

અધ્યાત્મ, ભાવના... વગેરે યોગના ઉપાય છે. તેથી તેને યોગસ્વરૂપ કઈ રીતે વર્ણવાય - એ શંકાનું સમાધાન કરાય છે–

**उपायत्वेऽत्र पूर्वेषामन्त्य एवावशिष्यते ।**
**तत्पञ्चमगुणस्थानादुपायोऽर्वागिति स्थितिः ।।१८-३१।।**

उपायत्व इति–अत्राध्यात्मादिभेदेषु योगेषु । पूर्वेषामध्यात्मादीनाम् । उपायत्वे योगोपायत्वमात्रे वक्तव्ये । अन्त्य एव वृत्तिक्षय एव योगोऽवशिष्यते । तत्तस्मात्पञ्चमगुणस्थानादर्वाक् पूर्वसेवारूप उपायस्तत आरभ्य तु सानुबन्धयोगप्रवृत्तिरेवेति स्थितिः सत्तन्त्रमर्यादा ।।१८-३१।।

"અધ્યાત્માદિ પૂર્વયોગો જો યોગના ઉપાયભૂત વર્ણવાતા હોય તો વૃત્તિસંક્ષય નામનો પાંચમો જ યોગ છે. તેથી પાંચમા ગુણસ્થાનકની પૂર્વે યોગની પૂર્વસેવા સ્વરૂપ યોગોપાય જ હોય છે. આ પ્રમાણે યોગતંત્ર(શાસ્ત્ર)ની મર્યાદા છે." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ પૂર્વે અધ્યાત્માદિ પાંચને યોગ તરીકે વર્ણવ્યા છે. પરંતુ પહેલા કે ચોથા ગુણસ્થાનકે વિરતિ(ચારિત્ર)નો અભાવ હોવાથી ત્યાં યોગનો સંભવ નથી. તેથી અધ્યાત્માદિને યોગના ઉપાય તરીકે અન્યત્ર વર્ણવ્યા છે. એ મુજબ અધ્યાત્મ, ભાવના, ધ્યાન અને સમતા : આ ચારને યોગના ઉપાય જ માનવા જોઈએ. વૃત્તિસંક્ષય આ એક જ યોગ છે. વ્યવહારનયને આશ્રયીને કારણમાં કાર્યના ઉપચારે યોગના ઉપાયોને પણ યોગ કહેવાય છે. પરંતુ એવી વિવક્ષાના અભાવમાં અધ્યાત્માદિ ચારને યોગના ઉપાય જ મનાય છે અને વૃત્તિસંક્ષયને જ યોગ મનાય છે. તેથી પાંચમા ગુણસ્થાનકની પૂર્વે યોગની પૂર્વસેવા સ્વરૂપ યોગના ઉપાય હોય છે. પાંચમા દેશવિરતિગુણસ્થાનકથી આરંભીને સાનુબંધ(ઉત્તરોત્તર વધતી) યોગની પ્રવૃત્તિ જ હોય છે. આ પ્રમાણે વાસ્તવિક યોગશાસ્ત્રની મર્યાદા છે. ।।૧૮-૩૧।।

પ્રકરણાર્થનું સમાપન કરતાં યોગનું ફળ વર્ણવાય છે–

**भगवद्वचनस्थित्या, योगः पञ्चविधोऽप्ययम् ।**
**सर्वोत्तमं फलं दत्ते, परमानन्दमञ्जसा ।।१८-३२।।**

भगवदिति–निगदसिद्धोऽयम् ।।१८-३२।।

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે ભગવાન શ્રી જિનેશ્વરદેવના વચનમાં સ્થિર થવાથી અધ્યાત્મ, ભાવના... વગેરે પાંચેય પ્રકારનો આ યોગ સર્વોત્કૃષ્ટ પરમાનંદ સ્વરૂપ મોક્ષફળને શીઘ્ર આપે છે. અંતે અધ્યાત્માદિ યોગને આરાધી આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ એ જ એકની એક શુભાભિલાષા. ।।૧૮-૩૨।।

**।। इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां योगभेदद्वात्रिंशिका ।।**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ।।**

# પરિશીલનની પૂર્વે

અનંતોપકારી દેવાધિદેવ શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનની એ વિશેષતા છે કે જે, મોક્ષની સાથે આપણા આત્માનો યોગ કરાવી આપે છે. આ પરમતારક શાસનને છોડીને બીજો કોઈ જ યોગ નથી.

આજ સુધી યોગનું નિરૂપણ માત્ર જૈનદર્શને જ કર્યું છે અને બીજાં દર્શનોએ એ કર્યું નથી એવું નથી. પરંતુ બીજા દર્શનકારોએ કરેલા યોગનિરૂપણમાં અને શ્રી જૈનશાસને કરેલા એ નિરૂપણમાં ઘણું મોટું અંતર છે. એ સમજાવવા માટે ગ્રંથકારપરમર્ષિઓએ અનેક રીતે જુદી જુદી દૃષ્ટિએ યોગનું સ્વરૂપ તે તે ગ્રંથોથી વર્ણવ્યું છે. એના અધ્યયનાદિ દ્વારા મુમુક્ષુ આત્માઓ યોગના વાસ્તવિક સ્વરૂપને સારી રીતે સમજી શકે છે.

આ 'યોગવિવેક' બત્રીશીમાં સામાન્ય રીતે ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ : આ ત્રણ યોગનું સ્વરૂપ વર્ણવ્યું છે. 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથના આધારે વર્ણન કરતી વખતે શરૂઆતમાં જ ગ્રંથકારશ્રીએ ઇચ્છાયોગના વિષયમાં ખૂબ જ મહત્ત્વની વાત કરી છે. **'निर्व्याजं यो विधीयते'** આ પ્રમાણે જણાવીને યોગની સાધના માટેની અનિવાર્ય યોગ્યતા જણાવી છે. ગમે તેટલા આપણે બુદ્ધિશાળી હોઈએ અને અસાધારણ આપણી પ્રતિભા હોય, તોય ઇચ્છાયોગના પ્રસંગે પણ ધર્મની પ્રવૃત્તિ નિષ્કપટભાવે જ કરવાની છે. અન્યથા ઇચ્છાયોગની પણ પ્રાપ્તિ શક્ય નહીં બને.

સામાન્ય રીતે ઇચ્છાના અભાવને છુપાવવા માટે શક્તિના અભાવને આગળ કરીને માયા કરવાની શરૂઆત થતી હોય છે. કામ કરવું ન હોય ત્યારે 'ઇચ્છા નથી' એમ કહેવાના બદલે 'શક્તિ નથી' એમ કહીને આરંભેલી માયા આત્માને ઇચ્છાયોગથી પણ દૂર રાખે છે. દરેક યોગની યોગ્યતા નિર્વ્યાજતાસ્વરૂપ છે. આ બત્રીશીના પ્રથમ શ્લોકથી એ સ્પષ્ટપણે સમજાવ્યું છે કે વ્યાજ(માયા) સાથે કરાયેલ ધર્મ યોગાભાસસ્વરૂપ છે.

ઇચ્છાયોગનું સ્વરૂપ વર્ણવીને ચોથા શ્લોકથી શાસ્ત્ર-યોગનું વર્ણન કર્યું છે. એનું મુખ્ય બીજ અપ્રમત્તતા છે. વિકથાદિ પ્રમાદના પરિહાર વિના શાસ્ત્રયોગની આરાધના શક્ય નથી. પાંચમા શ્લોકથી સામર્થ્યયોગનું સ્વરૂપ વર્ણવતાં

પ્રાતિભજ્ઞાનનું નિરૂપણ કર્યું છે. ઋતમ્ભરાપ્રજ્ઞાદિ સ્વરૂપે અન્ય દર્શનકારોએ સ્વીકારેલ પ્રાતિભજ્ઞાનથી સામર્થ્યયોગ પ્રાપ્ત થાય છે. ધર્મસન્ન્યાસ અને યોગસન્ન્યાસ ભેદથી સામર્થ્યયોગ બે પ્રકારનો છે. તાત્ત્વિક અને અતાત્ત્વિક સ્વરૂપે બે પ્રકારનો ધર્મસન્ન્યાસયોગ છે, જે; અનુક્રમે ક્ષપકશ્રેણીમાં અને પ્રવ્રજ્યાકાળમાં હોય છે... ઇત્યાદિનું નિરૂપણ કરીને યોગમાત્રના તાત્ત્વિક અને અતાત્ત્વિક ભેદનું નિરૂપણ કર્યું છે. કોઈ પણ નયની અપેક્ષાએ આત્માને મોક્ષની સાથે જોડી આપે છે તે તાત્ત્વિક યોગ છે અને જે તેવા પ્રકારના ફળને પ્રાપ્ત કરાવતો નથી, પરંતુ યોગને ઉચિતવેષાદિના કારણે યોગ જેવો જણાય છે તે અતાત્ત્વિક યોગ છે.

વ્યવહાર અને નિશ્ચયનયની અપેક્ષાએ અનુક્રમે અપુનર્બન્ધકાદિ આત્માને અને ચારિત્રવન્ત આત્માને તાત્ત્વિક યોગ હોય છે તેમ જ અતાત્ત્વિક યોગ સકૃદ્બન્ધકાદિ જીવોને હોય છે. તાત્ત્વિક અને અતાત્ત્વિક ભેદથી જેમ યોગના બે પ્રકાર છે તેમ સાનુબન્ધ-નિરનુબંધ અને સાશ્રવ - અનાશ્રવ ભેદથી પણ યોગના બે પ્રકાર છે, જેનું સ્વરૂપ સત્તરમા અને અઢારમા શ્લોકમાં વર્ણવ્યું છે. ત્યારબાદ યોગના અધિકારી તરીકે યોગી જનોના પ્રકારોનું વર્ણન કરાયું છે. કુલયોગી, ગોત્રયોગી, પ્રવૃત્તચક્રયોગી અને નિષ્પન્નયોગી - આ ચાર પ્રકારના યોગી જનોનું વર્ણન અહીં સ્પષ્ટપણે કર્યું છે. એ પ્રસંગે ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિ : આ ચાર પ્રકારના યોગને આશ્રયીને અહિંસા, સત્ય વગેરે યમોનું સ્વરૂપ પણ વર્ણવ્યું છે.

અંતે અવઞ્ચકયોગત્રયનું વર્ણન કરી આ બત્રીશી પૂર્ણ કરી છે. 'યોગબિન્દુ' અને 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માંના કેટલાક પદાર્થોને લઇને રચાયેલી આ બત્રીશીના અધ્યયનથી યોગવિવેકના જ્ઞાનને પ્રાપ્ત કરવા દ્વારા તેને પ્રાપ્ત કરી આપણે સૌ પરમાનંદના પાત્ર બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

# अथ प्रारभ्यते योगविवेकद्वात्रिंशिका ।

अध्यात्मादीन् योगभेदानुपदर्श्य तदवान्तरनानाभेदप्रदर्शनेन तद्विवेकमेवाह–

અધ્યાત્માદિ યોગના પ્રકારોને વર્ણવીને તેના અવાંતર ભેદોને જણાવવા દ્વારા યોગનો વિવેક(પૃથક્તા) જણાવાય છે–

**इच्छां शास्त्रं च सामर्थ्यमाश्रित्य त्रिविधोऽप्ययम् ।**
**गीयते योगशास्त्रज्ञैर्निर्व्याजं यो विधीयते ।।१९-१।।**

इच्छामिति–इच्छां शास्त्रं सामर्थ्यं चाश्रित्य त्रिविधोऽप्ययं योगो योगशास्त्रज्ञैर्गीयते, इच्छायोगः शास्त्रयोगः सामर्थ्ययोगश्चेति । यो निर्व्याजं निष्कपटं विधीयते । सव्याजस्तु योगाभासो गणनायामेव नावतरतीति ।।१९-१।।

"યોગશાસ્ત્રના જ્ઞાતાઓએ ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્યને આશ્રયીને ત્રણ પ્રકારનો યોગ વર્ણવ્યો છે, જે નિષ્કપટભાવે વિહિત છે." - આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે. આશય એ છે કે આ પૂર્વે અઢારમી બત્રીશીથી અધ્યાત્માદિ પાંચ પ્રકારના યોગનું વર્ણન કર્યું છે. આ બત્રીશીથી યોગના બીજા ભેદોનું નિરૂપણ કરાય છે. બીજી રીતે યોગના અનેક ભેદોનું એ રીતે વર્ણન કરવાથી યોગનું વિવિક્ત જ્ઞાન થાય છે. અસંકીર્ણ સ્વરૂપે તેનું જ્ઞાન થવાથી યોગનું સુસ્પષ્ટજ્ઞાન થાય છે.

યોગશાસ્ત્રના જ્ઞાતાઓએ ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્યને આશ્રયીને ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ : આ ત્રણ યોગ વર્ણવ્યા છે. માત્ર શરત એટલી જ છે કે તે નિષ્કપટભાવે આરાધાય. કપટભાવે જો યોગનું વિધાન(આચરણ) કરવામાં આવે તો તે યોગાભાસસ્વરૂપ હોવાથી તેની ગણના જ થતી નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે મોક્ષસાધક અસંખ્ય યોગના પ્રકારોને ઇચ્છાયોગાદિ ત્રણ પ્રકારમાં સમાવીને યોગશાસ્ત્રના જાણકારોએ યોગનું વર્ણન કર્યું છે. એ યોગની આરાધના નિષ્કપટભાવે થાય તો જ તે યોગરૂપ મનાય છે. અન્યથા કપટભાવે(માયાપૂર્વક) કરેલા યોગો વસ્તુતઃ યોગાભાસ છે. તેથી તેની કોઇ ગણતરી જ કરાતી નથી. અર્થાત્ મોક્ષની સાધનામાં તેનું કોઇ જ મૂલ્ય નથી.

શ્રી વીતરાગપરમાત્માના શાસનમાં સામાન્ય રીતે ઋજુ અને જડ; ઋજુ અને પ્રાજ્ઞ તેમ જ વક્ર અને જડ : એમ ત્રણ પ્રકારના જીવો છે. તેમાં વક્ર જીવોને ધર્મારાધના દુષ્કર છે. કારણ કે માયાની અધિકતાથી એવા જીવો ધર્મની આરાધના સરળતાથી કરી શકતા નથી. પગમાં શલ્ય હોય તો માર્ગગમન કેટલું દુષ્કર બને છે - એનો આપણને પૂરતો અનુભવ છે. પરંતુ મોક્ષની સાધનામાં માયાનું શલ્ય હોય તો શું થાય એનો વિચાર પણ આપણે કર્યો છે કે કેમ : એનો જવાબ આપવાનું પણ આપણા માટે દુષ્કર છે. કંઈકેટલી ય જાતિની માયા છે. 'કરવું નથી' એના બદલે 'થતું નથી' - આવા અધ્યવસાયથી માયાની શરૂઆત થાય છે. એ પ્રગટ ન થાય અને સર્વદા પ્રચ્છન્ન બની રહે એ માટે અનવરતપણે આપણને માયાનો આશ્રય કરવો પડે છે. આ બત્રીશીના પ્રારંભમાં જ **निर्व्याजं यो विधीयते** કહીને ખૂબ જ માર્મિક રીતે યોગના અર્થીઓનું ધ્યાન દોરવામાં આવ્યું છે. અત્યાર સુધી યોગને યોગાભાસ બનાવીને આરાધ્યો હોવાથી મોક્ષસાધક યોગની પ્રાપ્તિ આપણને થઇ નહીં. યોગને યોગાભાસ બનાવવામાં જો કોઇ મુખ્ય કારણ હોય તો તે માયા-કપટને છોડીને બીજું કોઇ જ નથી. યોગના આરંભકાળથી જ મુમુક્ષુ આત્માઓએ માયાના પરિહાર માટે પ્રયત્નપૂર્વક ધ્યાન આપવું જોઇએ. અન્યથા યોગના આરંભમાં જ યોગાભાસનો આરંભ થશે. ॥૧૯-૧॥

ઇચ્છાયોગનું નિરૂપણ કરાય છે–

**चिकीर्षोः श्रुतशास्त्रस्य, ज्ञानिनोऽपि प्रमादिनः ।**
**कालादिविकलो योग, इच्छायोग उदाहृतः ॥१९-२॥**

चिकीर्षोरिति–चिकीर्षोस्तथाविधक्षयोपशमाभावेऽपि निर्व्याजमेव कर्तुमिच्छोः । श्रुतार्थस्य श्रुतागमस्य । अर्यतेऽनेन तत्त्वमिति तत्त्वा(कृत्वा)र्थशब्दस्यागमवचनत्वात् । ज्ञानिनोऽपि अवगतानुष्ठेयतत्त्वार्थस्यापि । प्रमादिनो विकथादिप्रमादवतः । कालादिना विकलोऽसम्पूर्णः । योगश्चैत्यवन्दनादिव्यापार इच्छायोग उदाहृतः प्रतिपादितः ॥१९-२॥

"આગમમાં જણાવેલા અર્થને કરવાની ઇચ્છાવાળા જ્ઞાની એવા પણ પ્રમાદીનો કાલાદિથી વિકલ જે યોગ છે તેને ઇચ્છાયોગ કહેવાય છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે શ્રુતશાસ્ત્ર એટલે શ્રુતાગમ;

અને શ્રુતાગમનો અર્થ શ્રુતાર્થ થાય છે. કારણ કે **अर्यते (प्राप्यते) तत्त्वमनेन** અર્થાત્ જેના વડે તત્ત્વ અધિગત થાય છે તેને અર્થ કહેવાય છે. આવી વ્યુત્પત્તિથી અર્થ અને આગમ બંન્ને સમાનાર્થક છે. એ મુજબ શ્રુતશાસ્ત્રને અર્થાત્ આગમમાં જેનું વિધાન કરાયું છે તે શ્રુતાર્થને કરવાની ઇચ્છાને ધરનારા એવા જ્ઞાનીઓનો જે કાલાદિથી વિકલ યોગ(ધર્મવ્યાપાર) છે, તેને ઇચ્છાયોગ કહેવાય છે.

તાત્પર્ય એ છે કે આગમમાં વિધાન કરેલા અનુષ્ઠાનને કરવાની ઇચ્છા હોય અને તે અનુષ્ઠાન કઇ રીતે કરવાનું છે, ક્યારે કરવાનું છે અને એ માટે કયા દ્રવ્યાદિની અપેક્ષા છે... વગેરેનું જ્ઞાન હોય તોપણ એવા જ્ઞાનીને વિકથા-નિદ્રાદિ પ્રમાદને લઇને તે અનુષ્ઠાન તે રીતે કરવાનું શક્ય બનતું નથી. તેથી તે તે અનુષ્ઠાનો કાળ, દ્રવ્ય કે ક્ષેત્ર વગેરેની ઉપેક્ષા કરીને થતાં હોય છે. તેવા પ્રકારના ક્ષયોપશમના અભાવે શ્રી અરિહંતપરમાત્માની આજ્ઞા મુજબ કાલાદિથી અવિકલ અનુષ્ઠાન થતું નથી. પરંતુ નિષ્કપટભાવે, તે અનુષ્ઠાન શ્રી વીતરાગપરમાત્માના વચન અનુસાર કરવાની ઇચ્છા હોવાથી કાલાદિથી વિકલ(અસંપૂર્ણ) પણ અનુષ્ઠાન તેઓ કરે છે. એવા જ્ઞાની પ્રમાદીનો ચૈત્યવંદનાદિધર્મવ્યાપારસ્વરૂપ યોગ ઇચ્છાયોગ કહેવાય છે. એ વિકલ અનુષ્ઠાનમાં ઇચ્છાનું જ પ્રાધાન્ય હોવાથી તેને ઇચ્છાયોગ કહેવાય છે.

અહીં સમજી લેવું જોઇએ કે પ્રમાદાદિના કારણે જ્ઞાનીઓ પણ જ્યારે તે તે અનુષ્ઠાનો શાસ્ત્રાનુસાર કરી શકતા નથી ત્યારે કોઇ પણ જાતિની માયા સેવ્યા વિના ઉત્કટ ઇચ્છાથી કરાતાં તે તે ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનો ઇચ્છાયોગનાં કહેવાય છે. કરવાયોગ્ય અનુષ્ઠાનનું જ્ઞાન હોવું જોઇએ, તેને અનુકૂળ ક્ષયોપશમનો અભાવ હોય, વિકથાદિ પ્રમાદનો અવરોધ હોય અને અનુષ્ઠાનસંબંધી પ્રબળ ઇચ્છા હોય ત્યારે ઇચ્છાયોગની પ્રાપ્તિ થતી હોય છે. અજ્ઞાનથી, મજેથી, સામર્થ્ય હોવા છતાં ગતાનુગતિકે કરાતાં વિકલ અનુષ્ઠાનો ઇચ્છાયોગની મર્યાદામાં આવતાં નથી. અહીં યાદ રાખવું જોઇએ કે યોગના ભેદો વર્ણવવાનું અહીં તાત્પર્ય છે. યોગાભાસનું વર્ણન કરવાનું તાત્પર્ય ન હોવાથી સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષની સાધકતાનો જ વિચાર કરીને યોગસ્વરૂપ સમજવું જોઇએ. ॥૧૯-૨॥

प्रधानस्येच्छायोगत्वे तदङ्गस्यापि तथात्वमिति दर्शयन्नाह–

ઉપર જણાવ્યા મુજબ મુખ્ય કર્મ(કાર્ય-અનુષ્ઠાન) ઇચ્છાયોગ હોવાથી તેનું અંગ પણ ઇચ્છાયોગ છે - તે જણાવાય છે–

**साङ्गमप्येककं कर्म, प्रतिपन्ने प्रमादिनः ।**
**नत्वेच्छायोगत इति, श्रवणादत्र मज्जति ॥१९-३॥**

साङ्गमिति–साङ्गमपि अङ्गसाकल्येनाविकलमपि । एककं स्वल्पं किञ्चित् कर्म । प्रतिपन्ने बहुकालव्यापिनि प्रधाने कर्मण्याहृते । प्रमादिनः प्रमादवतः । नत्वेच्छायोगत इति श्रवणादत्र इच्छायोगे निमज्जति निमग्नं भवति । अन्यथा हीच्छायोगाधिकारी भगवान् हरिभद्रसूरिर्योगदृष्टिसमुच्चयप्रकरणप्रारम्भे मृषावादपरिहारेण सर्वत्रौचित्यारम्भप्रदर्शनार्थं नत्वेच्छायोगतोऽयोगमित्यादि नाऽवक्ष्यत् । वाग्नमस्कारमात्रस्याल्पस्य विधिशुद्धस्यापि सम्भवात् । प्रतिपन्नस्वपर्यायान्तर्भूतत्वेन च प्रकृतनमस्कारस्यापीच्छायोगप्रभवत्वमदुष्टमिति विभावनीयम् ॥१९-३॥

"લાંબા કાળ સુધી ચાલે એવા પ્રધાન(ઉત્તમ) કાર્ય કરવામાં તત્પર બનનારા પ્રમાદવાળા જીવોનું થોડું અવિકલ પણ કોઇ કર્મ(કાર્ય-અનુષ્ઠાન), 'ઇચ્છાયોગથી નમસ્કાર કરીને' - આ પ્રમાણે વચન હોવાથી ઇચ્છાયોગમાં સમાય છે. અર્થાત્ એ કર્મ પણ ઇચ્છાયોગનું મનાય છે." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે 'શ્રીયોગદૃષ્ટિ સમુચ્ચય'ના પ્રારંભમાં જ ગ્રંથકારશ્રીએ '**नत्वेच्छायोगतोऽयोगं योगिगम्यं जिनोत्तमम्**'... ઇત્યાદિનો ઉલ્લેખ કરી ગ્રંથના આરંભે મંગલ તરીકે ઇચ્છાયોગને આશ્રયીને મંગલ કર્યું છે (ઇષ્ટદેવતાને નમસ્કાર કર્યો છે.) - એમ જણાવ્યું છે. એની પાછળનો આશય એ છે કે ગ્રંથરચનાસ્વરૂપ પ્રધાન કાર્યનો આદર કર્યા પછી લાંબા કાળ સુધી ચાલનારા કાર્ય વખતે પ્રમાદનો સંભવ હોવાથી પ્રમાદવાળાનું એ અનુષ્ઠાન ઇચ્છાયોગનું છે. તેથી તેના અંગભૂત નમસ્કારાત્મક મંગલ સ્વરૂપ અનુષ્ઠાન પણ ઇચ્છાયોગનું છે.અન્યથા વાગ્નમસ્કારમાત્રસ્વરૂપ એ મંગલરૂપ અનુષ્ઠાન વિશુદ્ધ-શાસ્ત્રયોગાદિ સ્વરૂપ થઇ શકે છે. કારણ કે અત્યંત અલ્પકાલીન એ અનુષ્ઠાન છે. અપ્રમત્તપણે થઇ શકનારું એ કર્મ હોવા છતાં, ઇચ્છાયોગના અધિકારી યોગદૃષ્ટિસમુચ્ચયના કર્તા ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે

પ્રકરણના આરંભે **नत्वेच्छायोगतोऽयोगम्...** ઇત્યાદિ વચન દ્વારા તેને ઇચ્છાયોગનું વર્ણવ્યું છે, તે; ઉપર જણાવ્યા મુજબ અવિકલ પણ અનુષ્ઠાન ઇચ્છાયોગનું હોવાથી મૃષાવાદનો પરિત્યાગ કરવા માટે અને સર્વત્ર ઉચિત જ પ્રવૃત્તિ કરવી જોઇએ એ જણાવવા માટે છે. અન્યથા અવિકલ અનુષ્ઠાનને ઇચ્છાયોગનું વર્ણવવાનો કોઇ જ અર્થ નથી.

અવિકલ-અનુષ્ઠાનમાત્ર, જો શાસ્ત્રયોગાદિસ્વરૂપ જ હોય અને તે અત્યંત અલ્પકાલીન હોવાથી કરી શકાતું હોય તો એને ઇચ્છાયોગનું વર્ણવવાથી મૃષાવાદનો પ્રસંગ આવે. તેમ જ તેને ઇચ્છાયોગનું ન વર્ણવીએ તોય તે અશક્ય ન હોવાથી તે કરવામાં ઔચિત્યનો ભંગ પણ નથી... એ સમજી શકાય છે. તેમ જ ઉપર જણાવ્યા મુજબ અવિકલ એવા અંગભૂત એ અનુષ્ઠાનને ઇચ્છાયોગનું વર્ણવવાથી મૃષાવાદનો પરિહાર થાય છે. અને ઇચ્છાયોગના અધિકારીએ તે મુજબ જ અનુષ્ઠાન કર્યું હોવાથી ઔચિત્યપૂર્વક જ એનો આરંભ છે - એ પણ સમજી શકાય છે.

યદ્યપિ અલ્પકાલીન વાગ્નમસ્કારાદિસ્વરૂપ અવિકલ અનુષ્ઠાનને ઇચ્છાયોગનું અનુષ્ઠાન માનવાની આવશ્યકતા નથી. કારણ કે તે વિકલ નથી. પરંતુ વાગ્યોગનમસ્કાર સ્વરૂપ પ્રકૃત અનુષ્ઠાન ઇચ્છાયોગથી થયેલું છે. કારણ કે દીર્ઘકાલીન ગ્રંથરચના સ્વરૂપ અનુષ્ઠાન ઇચ્છાયોગનું છે અને ઇષ્ટદેવતાનમસ્કાર (સ્તવ) સ્વરૂપ મંગલ તેના પર્યાય(અંગ)ભૂત છે. તેથી ઇચ્છાયોગથી જન્ય એ અનુષ્ઠાન ઇચ્છાયોગનું છે, એમ કહેવામાં કોઇ દોષ નથી - એ વિચારવું જોઇએ. ॥૧૯-૩॥

શાસ્ત્રયોગનું નિરૂપણ કરાય છે–

**यथाशक्त्यप्रमत्तस्य, तीव्रश्रद्धावबोधतः ।**
**शास्त्रयोगस्त्वखण्डार्थाराधनादुपदिश्यते ॥१९-४॥**

यथाशक्तीति–यथाशक्ति स्वशक्त्यनतिक्रमेण । अप्रमत्तस्य विकथादिप्रमादरहितस्य । तीव्रौ तथाविधमोहापगमात् पटुतरौ यौ श्रद्धाववोधौ जिनप्रवचनास्तिक्यतत्त्वपरिच्छेदौ ततः । अखण्डार्थाराधनात् कालाद्यविकलवचनानुष्ठानात्तु । शास्त्रयोग उपदिश्यते ॥१९-४॥

"તીવ્ર શ્રદ્ધા અને અવબોધના કારણે પ્રમાદથી રહિત એવા આત્માની, શક્તિના અતિક્રમણ વિના જે અખંડપણે આરાધના થાય છે તે વચનાનુષ્ઠાનને લઇને શાસ્ત્રયોગ જણાવાય છે અર્થાત્ તે અનુષ્ઠાન શાસ્ત્રયોગનું વર્ણવાય છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે.

એનો આશય એ છે કે તેવા પ્રકારના મિથ્યાત્વાદિ મોહનીય વગેરે કર્મના અપગમથી આત્માને નિર્મલતર શ્રદ્ધા અને અવબોધની પ્રાપ્તિ થાય છે. શ્રી જિનેશ્વરદેવોના પ્રવચન પ્રત્યે જે આસ્તિક્ય('છે' એવી દૃઢ માન્યતા) છે, તેને શ્રદ્ધા કહેવાય છે અને તત્ત્વપરિચ્છેદસ્વરૂપ અવબોધ છે. એ તીવ્ર શ્રદ્ધા અને અવબોધના કારણે વિકથા કે નિદ્રાદિ પ્રમાદથી રહિત એવા આત્માઓ, પોતાની શક્તિનો સમગ્રપણે ઉપયોગ કરી અર્થાત્ પોતાની શક્તિનું અતિક્રમણ કર્યા વિના તે તે અનુષ્ઠાનો અખંડપણે આરાધે છે. તેમનાં તે તે કાલાદિથી અવિકલ અનુષ્ઠાનથી શાસ્ત્રયોગ સિદ્ધ બને છે. તીવ્ર શ્રદ્ધા અને અવબોધ, શક્તિનો સમગ્ર રીતે ઉપયોગ, વિકથાદિ પ્રમાદનો પરિહાર અને કાલાદિસાપેક્ષ અખંડ આરાધનાને આશ્રયીને શાસ્ત્રયોગનો વિચાર કરવો જોઇએ. દૃઢશ્રદ્ધા, અત્યંત સ્પષ્ટ બોધ, અપ્રતિમવીર્યોલ્લાસ, પ્રમાદનો અભાવ અને કાલાદિનો આગ્રહ : આ શાસ્ત્રયોગનાં મુખ્ય સાધનો છે. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનને અનુસરી તે તે દોષોથી રહિત અખંડિત અનુષ્ઠાનો શાસ્ત્રયોગનાં છે. ॥૧૯-૪॥

સામર્થ્યયોગનું વર્ણન કરાય છે–

**शास्त्रेण दर्शितोपायः, फलपर्यवसायिना ।**
**तदतिक्रान्तविषयः, सामर्थ्याख्योऽतिशक्तितः ॥१९-५॥**

शास्त्रेणेति–फलपर्यवसायिना मोक्षपर्यन्तोपदेशेन शास्त्रेण दर्शितः सामान्यतो ज्ञापित उपायो यस्य स तथा, सामान्यतः फलपर्यवसानत्वाच्छास्त्रस्य द्रागमात्रबोधनेन विशेषहेतुदिक्प्रदर्शकत्वाद् । अतिशक्तितः शक्तिप्राबल्यात् । तदतिक्रान्तविषयः शास्त्रातिक्रान्तगोचरः । सामर्थ्याख्यो योग उच्यते ॥१९-५॥

"મોક્ષસ્વરૂપ ફળ સુધીનું વર્ણન કરનારા શાસ્ત્ર વડે જેનો ઉપાય જણાવાયો છે અને શક્તિની પ્રબળતાના કારણે જે શાસ્ત્રનો વિષય બનતો નથી, તે સામર્થ્યયોગ છે." - એ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ

છે કે સામાન્ય રીતે શાસ્ત્રો મોક્ષસ્વરૂપ અંતિમ ફળની પ્રાપ્તિના ઉપાયોનું વર્ણન કરતાં હોય છે. તેથી શાસ્ત્ર ફલપર્યવસાયી હોય છે. ફલપર્યવસાયી એવા શાસ્ત્ર વડે સામાન્યથી સામર્થ્યયોગનો ઉપાય ચારિત્ર વગેરે વર્ણવાયો છે. જે પણ થોડાઘણા વિશેષ હેતુઓનું વર્ણન શાસ્ત્રમાં ઉપલબ્ધ છે તે દ્વારમાત્રને જણાવવા વડે તે તે વિશેષ હેતુઓનું દિશાસૂચન માત્ર છે. આથી સમજી શકાય છે કે શાસ્ત્ર ફલપર્યવસાયી હોવા છતાં ફળના ઉપાયોનું વર્ણન સામાન્યથી જ કરે છે.

આ રીતે સામર્થ્યયોગ ફલપર્યવસાયી એવા શાસ્ત્રનો વિષય છે અને તેની શક્તિ પ્રબળ હોવાથી તે શાસ્ત્રના વિષયથી અતિક્રાંત છે. શાસ્ત્રથી સામર્થ્યયોગની શક્તિ અધિક છે, તે સ્પષ્ટ છે. શાસ્ત્રથી સામર્થ્યયોગની પ્રાપ્તિ થાય છે અને સામર્થ્યયોગથી કૈવલ્યની પ્રાપ્તિ થાય છે. ॥૧૯-૫॥

शास्त्रातिक्रान्तविषयत्वमस्य समर्थयन्नाह–

સામર્થ્યયોગ શાસ્ત્રાતિક્રાંતવિષયવાળો છે : તેનું સમર્થન કરાય છે–

**शास्त्रादेव न बुध्यन्ते, सर्वथा सिद्धिहेतवः ।**
**अन्यथा श्रवणादेव, सर्वज्ञत्वं प्रसज्यते ॥१९-६॥**

शास्त्रादिति–सिद्धिहेतवः सर्वे । सर्वथा सर्वैः प्रकारैः । शास्त्रादेव न बुध्यन्ते । अन्यथा शास्त्रादेव सर्वसिद्धिहेतूनां बोधे सर्वज्ञत्वं प्रसज्यते । श्रवणादेव सर्वसिद्धिहेतुज्ञाने सार्वज्ञ्यसिद्ध्युपधायकोत्कृष्टहेतुज्ञानस्याप्यावश्यकत्वात्, तदुपलम्भाख्यस्वरूपाचरणरूप-चारित्रस्यापि विलम्बाभावात्, सर्वसिद्ध्युपायज्ञानस्य सार्वज्ञ्यव्याप्यत्वाच्च । तदिदमुक्तं– "सिद्ध्याख्यपदसम्प्राप्तेर्हेतुभेदा न तत्त्वतः । शास्त्रादेवावगम्यन्ते सर्वथैवेह योगिभिः ॥१॥ सर्वथा तत्परिच्छेदात्साक्षात्कारित्वयोगतः । तत्सर्वज्ञत्वसंसिद्धेस्तदा सिद्धिपदाप्तितः ॥२॥" ॥१९-६॥

"મોક્ષનાં કારણોનો બધી રીતે બોધ શાસ્ત્રથી જ થતો નથી. અન્યથા શાસ્ત્રથી જ તેનો બોધ થાય તો શાસ્ત્રના જ્ઞાતાને સર્વજ્ઞ માનવાનો પ્રસંગ આવશે." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે મોક્ષના કારણભૂત યોગો અસંખ્ય છે, એ બધા બધી રીતે શાસ્ત્રથી જ જણાતા નથી. કારણ કે શાસ્ત્રનું એટલું સામર્થ્ય નથી. શાસ્ત્રથી જ જો એ બધા સિદ્ધિહેતુઓ જણાય

તો શાસ્ત્રના જ્ઞાતાઓ સર્વજ્ઞ જ થઇ જાય. અર્થાત્ તેઓ બધામાં સર્વજ્ઞત્વ માનવાનો પ્રસંગ આવશે.

યદ્યપિ શાસ્ત્રથી જ બધા ય સિદ્ધિહેતુઓને જાણવા છતાંય સર્વજ્ઞત્વની સિદ્ધિને કરી આપનાર ઉત્કૃષ્ટહેતુભૂત જ્ઞાન ન હોવાથી શાસ્ત્રના જ્ઞાતાઓને સર્વજ્ઞ માનવાનો પ્રસંગ નહીં આવે. પરંતુ શાસ્ત્રથી જ સઘળાય સિદ્ધિહેતુઓનું જ્ઞાન થતું હોય તો સર્વજ્ઞત્વની સિદ્ધિના ઉપધાયક ઉત્કૃષ્ટ - હેતુભૂત જ્ઞાન પણ થવું જ જોઇએ અને તેથી માત્ર શાસ્ત્રના જ્ઞાતાને સર્વજ્ઞ માનવાનો પ્રસંગ છે જ.

યદ્યપિ સર્વ સિદ્ધિહેતુઓનું શાસ્ત્રથી જ્ઞાન થવા છતાં એ મુજબ સર્વહેયોપાદેયની નિવૃત્તિ અને પ્રવૃત્તિ સ્વરૂપ આચરણરૂપ ચારિત્રની પ્રાપ્તિ થયેલી ન હોવાથી જ માત્ર શાસ્ત્રજ્ઞાતાઓને વિશે સર્વજ્ઞત્વ માનવાનો પ્રસંગ નહીં આવે. પરંતુ સર્વસિદ્ધિહેતુઓના જ્ઞાનથી હેયોપાદેયના ઉપલંભસ્વરૂપાચરણાત્મક ચારિત્રમાં વિલંબ થવાનું કોઇ જ કારણ નથી. તેથી માત્ર શાસ્ત્રજ્ઞાતાઓને સર્વજ્ઞ માનવાનો પ્રસંગ છે જ. આશય એ છે કે હેયની નિવૃત્તિ અને ઉપાદેયની પ્રવૃત્તિ સ્વરૂપ ચારિત્ર છે. સર્વસિદ્ધિહેતુઓનું જ્ઞાન શાસ્ત્રથી જ થતું હોય તો ચારિત્રની ઉત્પત્તિમાં વિલંબ થવાનું કોઇ જ કારણ નથી. જ્ઞાનના પ્રતિભાસિત વિષયો જ આચરણના વિષય હોય છે. જ્ઞાન સંવાદી પ્રવૃત્તિનું જનક હોય છે. એ અપેક્ષાએ જ્ઞાનમાં જેટલી જ્ઞેયની વર્ત્તના છે, તેટલી ચારિત્રની વર્તના છે. જ્ઞેયને કૃતિનો વિષય બનાવવાથી ઉપલંભ થતો હોય છે. હેયની નિવૃત્તિ, ઉપાદેયની પ્રવૃત્તિ અને તદ્ભિન્ન જ્ઞેયની ઉપેક્ષા વસ્તુતઃ જ્ઞેયનો ઉપલંભ છે, તદાત્મક આચરણ સ્વરૂપ ચારિત્ર છે અને એ ચારિત્ર સર્વજ્ઞતાની સિદ્ધિનું ઉપધાયક છે. એના અભાવમાં સર્વજ્ઞતાની પ્રાપ્તિ થતી નથી. શાસ્ત્રથી જ જો બધાય સિદ્ધિહેતુઓનું જ્ઞાન થઇ જાય તો તેવા પ્રકારના ચારિત્રની પ્રાપ્તિમાં વિલંબનું કોઇ જ કારણ નહિ હોવાથી માત્ર શાસ્ત્રજ્ઞાતાઓમાં સર્વજ્ઞત્વ માનવાનો પ્રસંગ આવશે.

સર્વસિદ્ધિહેતુઓનું જ્ઞાન શાસ્ત્રથી જ થતું હોવા છતાં ક્ષાયિકભાવનું ચારિત્ર નહિ હોવાથી સર્વજ્ઞત્વનો પ્રસંગ યદ્યપિ આવતો નથી. પરંતુ જ્યાં જ્યાં સર્વસિદ્ધિ-ઉપાયનું જ્ઞાન છે, ત્યાં ત્યાં સર્વજ્ઞત્વ છે - આ પ્રમાણે સર્વજ્ઞત્વનું વ્યાપ્ય સર્વસિદ્ધિ-ઉપાયનું જ્ઞાન હોવાથી શાસ્ત્રથી જ જો સર્વસિદ્ધ્યુપાયનું જ્ઞાન થતું હોય તો માત્ર શાસ્ત્રજ્ઞાતાઓમાં સર્વજ્ઞત્વ માનવું જ પડશે. કારણ કે જ્યાં વ્યાપ્ય (ધૂમાદિ) હોય

ત્યાં વ્યાપક (વહ્નિ વગેરે) હોય જ એ સ્પષ્ટ છે. આ વિષયને જણાવતાં 'યોગદષ્ટિ સમુચ્ચય'માં ફરમાવ્યું છે કે - સિદ્ધિ નામના પદની સમ્પ્રાપ્તિના હેતુવિશેષ સમ્યગ્દર્શન વગેરે, પરમાર્થથી અહીં લોકમાં યોગીઓ વડે સર્વપ્રકારે જ શાસ્ત્રથી જ જાણી શકાતા નથી. કારણ કે તેના અનંત પ્રકારો છે. શાસ્ત્રથી જ વિના વિલંબે ફળ આપવાદિ બધા પ્રકારે મોક્ષપ્રાપ્તિહેતુઓનું જ્ઞાન થવાથી કેવલજ્ઞાનની જેમ સાક્ષાત્કાર થવાના કારણે શ્રોતા એવા યોગીને સર્વજ્ઞપણાની સિદ્ધિ થશે અને તેથી શાસ્ત્રશ્રવણ વખતે મોક્ષપદની પ્રાપ્તિનો પ્રસંગ આવશે. કારણ કે અયોગિ-કેવલિત્વના સદ્ભાવનું જ્ઞાન તે વખતે શાસ્ત્રશ્રવણથી જ થયેલું હશે. ॥૧૯-૬॥

ઉપર જણાવેલા પ્રસંગને ઇષ્ટાપત્તિથી નિવારી નહિ શકાય, એનું કારણ જણાવાય છે–

**प्रातिभज्ञानगम्यस्तत्सामर्थ्याख्योऽयमिष्यते ।**
**अरुणोदयकल्पं हि, प्राच्यं तत्केवलार्कतः ॥१९-७॥**

प्रातिभेति–तत्तस्मात्प्रातिभज्ञानगम्योऽयं सामर्थ्याख्यो योग उच्यते (इष्यते) । सार्वज्ञ्यहेतुः खल्वयं मार्गानुसारिप्रकृष्टोहस्यैव विषयो न तु वाचां, क्षपकश्रेणिगतस्य धर्मव्यापारस्य स्वानुभवमात्रवेद्यत्वादिति भावः । ननु प्रातिभमपि श्रुतज्ञानमेव अन्यथा पष्ठज्ञानप्रसङ्गात्तथा च कथं शास्त्रातिक्रान्तविषयत्वमस्येत्यत आह–तत्प्रातिभं हि केवलार्कतः केवलज्ञानभानुमालिनः प्राच्यं पूर्वकालीनमरुणोदयकल्पम् ॥१९-७॥

"તેથી પ્રાતિભજ્ઞાનથી જણાતો આ સામર્થ્ય નામનો યોગ કહેવાય છે. કેવલજ્ઞાનસ્વરૂપ સૂર્યના પૂર્વકાળમાં થનાર અરુણોદય જેવો આ સામર્થ્યયોગ છે." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે સામર્થ્યયોગનું સ્વરૂપ શાસ્ત્રાતીત છે. તેનું વર્ણન જો શાસ્ત્રો કરે તો ઉપર જણાવ્યા મુજબ તે તે શાસ્ત્રના શ્રવણકાળમાં શ્રોતાઓને મોક્ષની પ્રાપ્તિનો પ્રસંગ આવશે. 'એ પ્રસંગ ઇષ્ટ જ છે' - એમ કહી શકાય એવું નથી. કારણ કે એમ બનતું નથી. તેથી સામર્થ્યયોગને શાસ્ત્રથી ગમ્ય માનતા નથી, પરંતુ પ્રાતિભજ્ઞાનથી ગમ્ય મનાય છે.

સર્વજ્ઞપણાનો કારણભૂત એ યોગ માર્ગાનુસારી પ્રકૃષ્ટ વિચારનો જ વિષય છે, વાણીનો તે વિષય નથી. કારણ કે ક્ષપકશ્રેણીના કાળમાં થનાર ધર્મવ્યાપાર

માત્ર સ્વાનુભવથી જ વેદ્ય (ગમ્ય) છે. પ્રાતિભજ્ઞાનથી ગમ્ય સામર્થ્યયોગ ક્ષપકશ્રેણીના કાળમાં હોવાથી તે શાસ્ત્રથી ગમ્ય નથી. પરંતુ સ્વાનુભવ (પ્રાતિભજ્ઞાનાત્મક અનુભવ)થી ગમ્ય બને છે.

યદ્યપિ પ્રાતિભજ્ઞાનથી ગમ્ય સામર્થ્યયોગ શાસ્ત્રથી ગમ્ય નથી : એ કહેવાનું ઉચિત નથી. કારણ કે પ્રાતિભજ્ઞાન પણ શ્રુતજ્ઞાનવિશેષ સ્વરૂપ છે. અન્યથા એને શ્રુતજ્ઞાનથી અતિરિક્ત માનવામાં આવે તો છઠ્ઠું જ્ઞાન માનવાનો પ્રસંગ આવશે. અર્થાત્ જ્ઞાન પાંચ છે : એ વાક્યનો વિરોધ આવશે. તેથી સામર્થ્યયોગમાં શાસ્ત્રાતિક્રાંતવિષયત્વ છે. (શાસ્ત્રમાં સર્વ પ્રકારે તેનું વર્ણન નથી.) - એ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. પરંતુ પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાનસ્વરૂપ ન હોવાથી તેનાથી ગમ્ય સામર્થ્યયોગ શાસ્ત્રાતિક્રાંતગોચર છે - એમ કહેવામાં કોઈ દોષ નથી. "પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાનસ્વરૂપ ન હોય તો છઠ્ઠા જ્ઞાનને માનવાનો પ્રસંગ આવશે." આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે તે પ્રાતિભજ્ઞાન કેવલજ્ઞાનસ્વરૂપ સૂર્યની પૂર્વકાળમાં થતું હોવાથી અરુણોદય (લાલ આભા) જેવું છે. અર્થાત્ શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનની વચ્ચે થનારું એ જ્ઞાન હોવાથી તેનો સમાવેશ ઉભયમાં શક્ય છે. ॥૧૯-૭॥

एतदेव भावयति—

અરુણોદય જેવું પ્રાતિભજ્ઞાન છઠ્ઠું જ્ઞાન નથી - એ સ્પષ્ટ કરાય છે—

**रात्रेर्दिनादपि पृथग्, यथा नो वारुणोदयः ।**
**श्रुताच्च केवलज्ञानात्, तथेदमपि भाव्यताम् ॥१९-८॥**

रात्रेरिति—यथाऽरुणोदयो रात्रेर्दिनादपि पृथग् नो वाऽपृथगित्यर्थः । न पुनरत्रैकरूप्यं विवेचयितुं शक्यते, पूर्वापरत्वाविशेषेणोभयभागसम्भवात् । श्रुतात् केवलज्ञानाच्च तथेदमपि प्रातिभं ज्ञानं भाव्यतां, तत्काल एव तथाविधक्षयोपशमभाविनस्तस्य श्रुतत्वेन तत्त्वतोऽसंव्यवहार्यतया श्रुतादशेषद्रव्यपर्यायाविषयत्वेन क्षायोपशमिकत्वेन च केवलज्ञानाद्विभिन्नत्वात् केवलश्रुतपूर्वापरकोटिव्यवस्थितत्वेन तद्धेतुकार्यतया च ताभ्यामभिन्नत्वात् ॥१९-८॥

"જેમ અરુણોદય રાત્રિ અને દિવસથી પૃથગ્(અતિરિક્ત) અથવા અપૃથગ્(અનતિરિક્ત) નથી, તેમ કેવલજ્ઞાનથી કે શ્રુતજ્ઞાનથી આ પ્રાતિભજ્ઞાન

પૃથગ્ કે અપૃથગ્ નથી - એ વિચારવું જોઈએ.'' - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે અરુણોદય રાત અને દિવસના અંતે અને શરૂઆતમાં થાય છે, તે જેમ રાત અને દિવસથી અતિરિક્ત નથી તેમ જ બંન્નેથી અનતિરિક્ત પણ નથી. કારણ કે તેને રાત-દિવસ સ્વરૂપ માનવાનું શક્ય નથી. રાત અને દિવસની પૂર્વે કે પછી થનાર અરુણોદયને તે બંન્નેના અંશસ્વરૂપ માનવાનું શક્ય નથી. તેથી તેને રાત કે દિવસથી પૃથગ્ કે અપૃથગ્ માની શકાય એમ નથી.

એવી જ રીતે પ્રાતિભજ્ઞાનના વિષયમાં પણ સમજી લેવું જોઈએ. ક્ષપકશ્રેણીના કાળમાં જ થનાર એ ક્ષયોપશમભાવવાળું જ્ઞાન હોવાથી શ્રુતજ્ઞાન-સ્વરૂપ હોવા છતાં તત્ત્વથી તે શ્રુતસ્વરૂપે સંવ્યવહાર્ય નથી. તેમ જ સઘળાંય દ્રવ્ય અને પર્યાયને ગ્રહણ કરતું ન હોવાથી અને ક્ષાયોપશમિક હોવાથી ક્ષાયિક એવા કેવલજ્ઞાનથી ભિન્ન છે. આમ છતાં શ્રુતજ્ઞાનના અંતે અને કેવલજ્ઞાનની પૂર્વેની અવસ્થામાં વ્યવસ્થિત હોવાથી પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનથી અભિન્ન મનાય છે. કારણ કે પ્રાતિભજ્ઞાન શ્રુતજ્ઞાનનું કાર્ય છે અને કેવલજ્ઞાનનું કારણ છે. તેથી ઉપચારથી તેને તે બંન્ને સ્વરૂપ મનાય છે, અતિરિક્ત નથી માન્યું; જેથી પ્રાતિભજ્ઞાનને મતિજ્ઞાનાદિથી અતિરિક્ત છઠ્ઠા જ્ઞાન સ્વરૂપે માનવાનો પ્રસંગ નહીં આવે. ॥૧૯-૮॥

સામર્થ્યયોગને જણાવનાર પ્રાતિભજ્ઞાન છે. એ વાત અન્યદર્શનકારોએ પણ માની છે, તે જણાવાય છે–

**ऋतम्भरादिभिः शब्दैर्वाच्यमेतत्परैरपि ।**
**इष्यते गमकत्वं चामुष्य व्यासोऽपि यज्जगौ ॥१९-९॥**

ऋतम्भरादिभिरिति–एतत् प्रकृतं प्रातिभज्ञानं परैरपि पातञ्जलादिभिरृतम्भरादिभिः शब्दैर्वाच्यमिष्यते । आदिना तारकादिशब्दग्रहः । गमकत्वं सामर्थ्ययोगज्ञापकत्वं चामुष्य प्रातिभस्य परैरिष्यते । यद्यस्माद्व्यासोऽपि जगौ ॥१९-९॥

''આ પ્રાતિભજ્ઞાનને સામર્થ્યયોગના જ્ઞાપક તરીકે અન્યદર્શનકારોએ ઋતંભરાપ્રજ્ઞા ઇત્યાદિ નામે ઇચ્છ્યું છે. આથી જ મહર્ષિ વ્યાસે પણ કહ્યું છે કે - (જે શ્લો.નં. ૧૦માં જણાવાશે).'' - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે પાતંજલાદિએ સામર્થ્યયોગના જ્ઞાપક તરીકે આ

પ્રાતિભજ્ઞાનને ઋતંભરાપ્રજ્ઞા વગેરે નામથી જણાવ્યું છે. મોક્ષના સાધનભૂત તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે પ્રાપ્ત થનારી એ પ્રજ્ઞા છે. દરેક દર્શનકારોએ એવી અવસ્થાવિશેષનું વર્ણન જુદી જુદી રીતે કર્યું છે.

આત્માના શુદ્ધ સ્વરૂપનો આવિર્ભાવક સામર્થ્યયોગ છે અને તેનું જ્ઞાપક પ્રાતિભજ્ઞાન છે. જેને અન્યદર્શનકારોએ ઋતંભરાપ્રજ્ઞા, તારકજ્ઞાન વગેરે શબ્દો દ્વારા વર્ણવ્યું છે. સામર્થ્યયોગને જણાવવાનું સામર્થ્ય પ્રાતિભજ્ઞાનાદિમાં જ મનાય છે. ॥૧૯-૯॥

મહર્ષિ વ્યાસે જે વર્ણવ્યું છે તે જણાવાય છે–

**आगमेनानुमानेन, ध्यानाभ्यासरसेन च ।**
**त्रिधा प्रकल्पयन् प्रज्ञां, लभते योगमुत्तमम् ॥१९-१०॥**

आगमेनेति–आगमेन शास्त्रेण । अनुमानेन लिङ्गाल्लिङ्गिज्ञानरूपेण । ध्यानाभ्यासस्य रसः श्रुतानुमानप्रज्ञाविलक्षणऋतम्भराख्यो विशेषविषयस्तेन च त्रिधा प्रज्ञां प्रकल्पयन् । उत्तमं सर्वोत्कृष्टं योगं लभते ॥१९-१०॥

"આગમથી, અનુમાનથી અને ધ્યાનાભ્યાસના રસથી : એમ ત્રણ પ્રકારે પ્રજ્ઞાનો ઉપયોગ કરનાર ઉત્તમ એવા યોગને પ્રાપ્ત કરે છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે સામર્થ્યયોગના ગમક-જ્ઞાપક તરીકે ઋતંભરાપ્રજ્ઞા સ્વરૂપે પ્રાતિભજ્ઞાનનું વ્યાસમહર્ષિએ વર્ણન કર્યું છે. આ શ્લોકથી વ્યાસમહર્ષિએ એ પ્રજ્ઞાનું તેના ફળના વર્ણન દ્વારા વર્ણન કર્યું છે.

એનો આશય એ છે કે આગમના ઉપયોગથી, ત્યાર પછી અનુમાનના ઉપયોગથી અને અંતે ધ્યાનાભ્યાસના રસના ઉપયોગથી જે આત્માઓ પોતાની પ્રજ્ઞાનો ઉપયોગ-વ્યાપાર (કાર્યાન્વિત) કરે છે, તેને ઉત્તમયોગની પ્રાપ્તિ થાય છે. રાગાદિથી રહિત એવા આપ્તપુરુષના વચનને આગમ કહેવાય છે, જે શાસ્ત્રસ્વરૂપે પ્રસિદ્ધ છે. અતીન્દ્રિય પદાર્થોના અસ્તિત્વની સિદ્ધિ માટે એ એક જ આપણા માટે સાધન છે. શાસ્ત્રસિદ્ધ તે તે પદાર્થની સિદ્ધિની દૃઢતા માટે અનુમાન છે. લિંગ(ધૂમાદિ) જ્ઞાનથી થનાર લિંગી(અગ્નિ વગેરે)ના જ્ઞાનને અનુમાન કહેવાય છે. શાસ્ત્રથી જાણેલા (શાસ્ત્રશ્રવણ દ્વારા જાણેલા) અર્થોને અનુમાનથી

ગ્રહણ કરવાના કારણે જ્ઞાનમાં દઢતા આવે છે. અનુમાનથી અર્થગ્રહણ કરવાના કારણે આગમથી જાણેલા અર્થની ઉપપત્તિ થાય છે.

આ રીતે આગમ અને અનુમાનથી ગ્રહણ કરેલા અર્થની દિદક્ષા(જોવાની ઇચ્છા)ને લઇને તે અર્થના વારંવાર સતત અનુશીલન સ્વરૂપ ધ્યાનાભ્યાસના રસથી ઋતંભરાપ્રજ્ઞા પ્રાપ્ત થાય છે, જેનો વિષય આગમ(શ્રુત) અને અનુમાનના વિષયથી જુદો છે - એ સમજી શકાય છે. આગમથી, અનુમાનથી અને ધ્યાનાભ્યાસના રસથી બુદ્ધિનો ઉપયોગ કરવાથી શ્રેષ્ઠ યોગની - સામર્થ્યયોગની પ્રાપ્તિ થાય છે. મતિજ્ઞાનાદિના ક્ષયોપશમાદિના કારણે મળેલી પ્રજ્ઞાનો ઉપર જણાવ્યા મુજબ ત્રણ રીતે ઉપયોગ કરવાથી ઉત્તમ યોગની પ્રાપ્તિ થાય છે. એક રીતે વિચારવાથી સમજાશે કે પ્રજ્ઞાનો એ જ ઉપયોગ છે. શાસ્ત્રની વાતોનો સ્વીકાર કરી અને અનુમાનથી એની દૃઢ પ્રતીતિ કરી તેને સાક્ષાત્ કરવા સતત તેના ધ્યાનનો રસ કેળવવો જોઇએ. આ રીતે પ્રજ્ઞાનો ત્રણ પ્રકારે ઉપયોગ કરવાથી ઉત્તમ એવા યોગની પ્રાપ્તિ થાય છે, જે સર્વોત્કૃષ્ટ-સામર્થ્યયોગસ્વરૂપ છે. ॥૧૯-૧૦॥

ઉપર જણાવેલા સામર્થ્યયોગના પ્રકાર જણાવાય છે–

**द्विधाऽयं धर्मसन्न्यासयोगसन्न्याससञ्ज्ञितः ।**
**क्षायोपशमिका धर्मा, योगाः कायादिकर्म तु ॥१९-११॥**

द्विधेति–द्विधा द्विप्रकारोऽयं सामर्थ्ययोगः । धर्मसन्न्यासयोगसन्न्याससञ्ज्ञं जातं यस्य स तथा । सञ्ज्ञा चेह तथा सञ्ज्ञायत इति कृत्वा तत्स्वरूपमेव गृह्यते । क्षायोपशमिकाः क्षयोपशमनिर्वृत्ताः क्षान्त्यादयो धर्मा योगास्तु कायादिकर्म कायोत्सर्गकरणादयः कायादिव्यापाराः ॥१९-११॥

"ધર્મસંન્યાસનામવાળો અને યોગસંન્યાસનામવાળો સામર્થ્યયોગ બે પ્રકારનો છે. ધર્મસંન્યાસમાંનો ધર્મ ક્ષાયોપશમિક છે અને યોગસંન્યાસઘટક યોગ કાયાદિના વ્યાપાર(પ્રવૃત્તિ) સ્વરૂપ છે. આ પ્રમાણે અગિયારમી ગાથાનો સામાન્ય અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સામર્થ્યયોગ બે પ્રકારનો છે. એકનું નામ ધર્મસંન્યાસ છે અને બીજાનું નામ યોગસંન્યાસ છે. શ્લોકમાંના '**धर्मसन्न्यासयोग-सन्न्याससञ्ज्ञितः**' - આ પદનો અર્થ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે ધર્મસંન્યાસ

અને યોગસંન્યાસ સંજ્ઞા જેને થઇ છે તે સામર્થ્યયોગ છે. 'જે જણાય છે તે સંજ્ઞા છે.' - આ અર્થની અપેક્ષાએ **सञ्ज्ञा** શબ્દનો અર્થ તેનું (પદાર્થસામર્થ્યયોગનું) સ્વરૂપ થાય છે. પરંતુ **सञ्ज्ञा** શબ્દનો અર્થ અહીં નામ નથી. આથી સમજી શકાશે કે ધર્મસંન્યાસસ્વરૂપ અને યોગસંન્યાસસ્વરૂપ : આ બે સ્વરૂપના ભેદથી તે તે સ્વરૂપવાળા સામર્થ્યયોગનું દ્વૈવિધ્ય છે. ધર્મસંન્યાસસ્વરૂપ સામર્થ્યયોગ અને યોગસંન્યાસસ્વરૂપ સામર્થ્યયોગ : આ બે પ્રકારનો સામર્થ્યયોગ છે. તેમાં જે ધર્મોનો સંન્યાસ છે, તે ધર્મો ક્ષયોપશમભાવથી ઉત્પન્ન થયેલા છે. ક્ષમા વગેરે ધર્મો ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. તે ક્ષમા, મુક્તિ (ઇચ્છાનો અભાવ), ઋજુતા વગેરે ધર્મોનો ધર્મસંન્યાસયોગમાં સંન્યાસ હોય છે. 'મૂકી દેવું' તેને ન્યાસ કહેવાય છે. અને 'સારી રીતે મૂકી દેવું' તેને સંન્યાસ કહેવાય છે. 'એકવાર મૂકી (છોડી) દીધા પછી ફરી પાછું તેનું ગ્રહણ ન કરવું' તે સંન્યાસ છે. ક્ષમાદિ ધર્મોનો ક્ષયોપશમભાવ આજ સુધી અનેકવાર થયો હતો. તેનો ત્યાગ પણ અનેકવાર થયો. પરંતુ તેને ફરી પાછા ગ્રહણ કર્યા. તેથી ધર્મસંન્યાસયોગની પ્રાપ્તિ થઇ નહીં. ધર્મસંન્યાસયોગમાં ક્ષયોપશમભાવના ક્ષમા, મુક્તિ અને ઋજુતાદિ ધર્મોનો સંન્યાસ થાય છે. તે બધા ધર્મો ક્ષાયિકભાવે પરિણમતા હોવાથી ફરી પાછો તે ધર્મોનો ન્યાસ કરવાનો પ્રસંગ આવતો નથી.

કાયા અને વચનાદિના વ્યાપાર(કર્મ-ક્રિયા-પ્રવૃત્તિ)ને અહીં યોગસંન્યાસયોગમાં યોગ કહેવાય છે. કાયયોગાદિનો ત્યાગ કર્યા પછી ફરીથી તેનું ગ્રહણ કરવું પડતું ન હોવાથી તે વખતે યોગનો સંન્યાસ થાય છે, જે યોગનિરોધની અવસ્થા સ્વરૂપે પ્રસિદ્ધ છે. યોગસંન્યાસયોગના ફળસ્વરૂપે પરમપદ પ્રાપ્ત થાય છે. તેથી અશરીરીપણામાં કાયાદિકર્મનો સર્વથા અભાવ થાય છે. ॥૧૯-૧૧॥

ઉપર જણાવેલા ધર્મસંન્યાસાદિ યોગ ક્યારે હોય છે - તે જણાવાય છે–

**द्वितीयापूर्वकरणे, प्रथमस्तात्त्विको भवेत् ।**
**आयोज्यकरणादूर्ध्वं, द्वितीय इति तद्विदः ॥१९-१२॥**

द्वितीयेति–द्वितीयापूर्वकरण इति ग्रन्थिभेदनिबन्धनप्रथमापूर्वकरणव्यवच्छेदार्थं द्वितीयग्रहणं, प्रथमेऽधिकृतसामर्थ्ययोगासिद्धेः । अपूर्वकरणस्य तु तत्रासञ्जातपूर्वग्रन्थि-

भेदादिफलेनाभिधानाद् यथाप्राधान्यमयमुपन्यासः । चारुश्च पश्चानुपूर्व्येति समयविदः । ततो द्वितीयेऽस्मिंस्तथाविधकर्मस्थितेस्तथाविधसङ्ख्येयसागरोपमातिक्रमभाविनि प्रथमो धर्मसन्न्याससञ्ज्ञितः सामर्थ्ययोगस्तात्त्विकः–पारमार्थिको भवेत् । क्षपकश्रेणियोगिनः क्षायोपशमिकक्षान्त्यादिधर्मनिवृत्तेः । अतात्त्विकस्तु प्रव्रज्याकालेऽपि भवति, प्रवृत्तिलक्षणधर्मसन्न्यासायाः प्रव्रज्याया ज्ञानयोगप्रतिपत्तिरूपत्वाद् । अत एवास्या भवविरक्त एवाधिकार्युक्तः । यथोक्तम्–"अथ प्रव्रज्यार्हः आर्यदेशोत्पन्नो, विशिष्टजातिकुलान्वितः, क्षीणप्रायकर्ममलः, तत एव विमलबुद्धिः, 'दुर्लभं मानुष्यं, जन्ममरणनिमित्तं, सम्पदश्चलाः, विषया दुःखहेतवः, संयोगो वियोगान्तः, प्रतिक्षणं मरणं, दारुणो विपाक,' इत्यवगतसंसारनैर्गुण्यस्तत एव तद्विरक्तः, प्रतनुकषायोऽल्पहास्यादिः, कृतज्ञो, विनीतः प्रागपि राजामात्यपौरजनबहुमतोऽद्रोहकारी, कल्याणाङ्गः, श्राद्धः समुपसम्पन्नश्चेति" । न ह्यनीदृशो ज्ञानयोगमाराधयति, न चेदृशो नाराधयतीति भावनीयं, सर्वज्ञवचनमागमस्तन्न्याय[1]मनिरूपितार्थ इति । आयोज्यकरणं केवलाभोगेनाचिन्त्यवीर्यतया भवोपग्राहिकर्माणि तथा व्यवस्थाप्य तत्क्षपणव्यापारणं शैलेश्यवस्थाफलं तत ऊर्ध्वं द्वितीयो योगसन्न्याससञ्ज्ञित इति तद्विदोऽभिदधति शैलेश्यवस्थायां कायादियोगानां सन्न्यासेनायोगाख्यस्य सर्वसन्न्यासलक्षणस्य सर्वोत्तमस्य योगस्य प्राप्तेरिति ॥११-१२॥

"પ્રથમ-ધર્મસંન્યાસયોગ બીજા અપૂર્વકરણ વખતે તાત્ત્વિક રીતે હોય છે અને બીજો યોગ-સંન્યાસયોગ આયોજ્યકરણ પછી તાત્ત્વિક રીતે હોય છે - એ પ્રમાણે સામર્થ્યયોગના જાણકારો કહે છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સામર્થ્યયોગમાં પ્રથમ જે ધર્મસંન્યાસસ્વરૂપ સામર્થ્યયોગ છે તે દ્વિતીય અપૂર્વકરણ વખતે તાત્ત્વિક રીતે હોય છે.

આત્માનો શુદ્ધપરિણામવિશેષ અપૂર્વકરણ છે. રાગ-દ્વેષના તીવ્ર પરિણામ સ્વરૂપ ગ્રંથિના ભેદનો કારણભૂત આત્મપરિણામ(અધ્યવસાય) પ્રથમ અપૂર્વકરણ છે. તે પરિણામ વખતે તાત્ત્વિક રીતે ધર્મસંન્યાસયોગ પ્રાપ્ત થતો ન હોવાથી અહીં દ્વિતીય અપૂર્વકરણનું ગ્રહણ કર્યું છે. પ્રથમ અપૂર્વકરણનો વ્યવચ્છેદ કર્યો છે. કારણ કે પહેલા અપૂર્વકરણમાં તાત્ત્વિક સામર્થ્યયોગની સિદ્ધિ થતી નથી. શ્લોકમાં '**દ્વિતીય**' પદનું ઉપાદાન કર્યું ન હોત તો સામાન્યથી અપૂર્વકરણમાત્રમાં તાત્ત્વિક સામર્થ્યયોગની સિદ્ધિ માનવાનો પ્રસંગ આવત.

---

૧. દ્વિતીયાપૂર્વકરણકાલીનધર્મસન્ન્યાસઃ ।

યદ્યપિ પ્રથમ અપૂર્વકરણમાં તેવા પ્રકારના સામર્થ્યયોગની પ્રાપ્તિ થતી ન હોવાથી તેને અપૂર્વકરણ કહેવું ના જોઇએ. પરંતુ અનાદિકાળથી પ્રાપ્ત નહીં થયેલા એવા ગ્રંથિભેદ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વગેરે અપૂર્વફળને આશ્રયીને તે પ્રમાણે ત્યાં અપૂર્વકરણના નિરૂપણમાં કહેવામાં આવ્યું છે. પ્રથમ અપૂર્વકરણ પ્રધાન છે. બીજું અપૂર્વકરણ પ્રધાનતમ છે. તેથી તે મુજબ તે બંન્નેનો ઉપન્યાસ કર્યો છે. પશ્ચાનુપૂર્વીએ તે ચારુ અર્થાત્ સુંદર છે. દ્વિતીય અપૂર્વકરણ સુંદર છે. એની અપેક્ષાએ પ્રથમ અપૂર્વકરણ ઓછું સુંદર છે - એ પ્રમાણે આગમના જાણકારો જણાવે છે.

તેથી સ્પષ્ટ છે કે, તેવા પ્રકારની અંતઃકોટાકોટિ સાગરોપમની આસપાસની કર્મસ્થિતિનું સંખ્યાત સાગરોપમ પ્રમાણ અતિક્રમ થયે છતે પ્રાપ્ત થનારા બીજા આ અપૂર્વકરણમાં પ્રથમ ધર્મસંન્યાસસ્વરૂપ યોગ તાત્ત્વિક રીતે પ્રાપ્ત થાય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે જે કર્મસ્થિતિ હોય છે, તે સ્થિતિ સંખ્યાત સાગરોપમ જેટલી ઓછી થાય ત્યારે આ બીજું અપૂર્વકરણ હોય છે અને તેમાં પ્રથમ ધર્મસંન્યાસસ્વરૂપ સામર્થ્યયોગ તાત્ત્વિક હોય છે. કારણ કે એ સમયે ક્ષપકશ્રેણીનો આરંભ કરનાર યોગીને ક્ષયોપશમભાવના ક્ષમા વગેરે ધર્મોની નિવૃત્તિ થાય છે.

અતાત્ત્વિક(અપારમાર્થિક) એવો ધર્મસંન્યાસયોગ તો પ્રવ્રજ્યાકાળમાં પણ હોય છે. કારણ કે તે સમયે પ્રવૃત્તિસ્વરૂપ (સાવદ્યપ્રવૃત્તિસ્વરૂપ) ધર્મોનો સંન્યાસ હોય છે. પ્રવ્રજ્યા દરમ્યાન પૂજા દાનાદિ ધર્મોનો ત્યાગ કરવાનો હોય છે. તેથી પ્રવ્રજ્યા જ્ઞાનયોગની પ્રતિપત્તિ (સ્વીકાર) સ્વરૂપ છે. ચતુર્થગુણ-સ્થાનકાદિ માટે વિહિત પણ એવી પ્રવૃત્તિ સ્વરૂપ ધર્મોનો, છઠ્ઠા ગુણસ્થાનકાદિ માટે તે નિષિદ્ધ હોવાથી ત્યાગ કરવો પડે છે. આથી જ એ પ્રવ્રજ્યાનો અધિકારી ભવવિરક્ત મનાય છે. રાગ, પ્રવૃત્તિનું કારણ છે અને વૈરાગ્ય નિવૃત્તિનું કારણ છે. નિવૃત્તિ વખતે પ્રવૃત્તિસ્વરૂપ ધર્મોનો ત્યાગ હોય જ : એ સમજી શકાય છે.

પ્રવ્રજ્યાના અધિકારી તરીકે ભવવિરક્તનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે - આર્યદેશમાં જન્મેલા, વિશિષ્ટ જાતિ અને કુળવાળા, લગભગ ક્ષીણ થયેલા કર્મમલવાળા, નિર્મળબુદ્ધિવાળા, "મનુષ્યપણું દુર્લભ છે, જન્મ-મરણનું કારણ છે, પુણ્યથી પ્રાપ્ત સંપત્તિ ચંચળ છે, વિષયો દુઃખના કારણ છે, સંયોગના અંતે

વિયોગ છે, પ્રત્યેક ક્ષણે મરણ છે (આયુષ્ય ક્ષીણ થાય છે), ભવાંતરમાં ભયંકર વિપાક છે.'' - આ પ્રમાણે સંસારની નિર્ગુણતાના જ્ઞાનવાળા, તેથી જ તેનાથી વિરક્ત થયેલા, અત્યંતમંદ કષાયવાળા, અલ્પ(નહિવત્) હાસ્ય રતિ વગેરે નોકષાયવાળા, કૃતજ્ઞ, વિનયવાળા, દીક્ષા લેવાની ભાવના પૂર્વે પણ રાજા મંત્રી વગેરેથી માન્ય બનેલા, ગુર્વાદિકનો દ્રોહ નહીં કરનારા, અક્ષત અંગવાળા, શ્રદ્ધાવંત અને સામેથી પોતાની મેળે દીક્ષા લેવા માટે આવેલા જીવો પ્રવ્રજ્યાના અધિકારી છે. જે જીવો એવા નથી, તેઓ જ્ઞાનયોગની આરાધના કરી શકતા નથી અને જે જીવો આવા છે તેઓ જ્ઞાનયોગની આરાધના કરતા નથી એવું નથી અર્થાત્ કરતા હોય છે. આગમ શ્રી સર્વજ્ઞભગવંતોના વચન સ્વરૂપ છે. તેથી ત્યાં આ વાત જણાવી નથી - એવું નથી.

કેવલજ્ઞાન વડે, અચિંત્યવીર્યના કારણે ભવોપગ્રાહી કર્મો તત્કાલમાં ક્ષય પામે તે રીતે વ્યવસ્થિત કરી તે કર્મોનો ક્ષય કરવાના વ્યાપારને(આત્માના પ્રયત્નવિશેષને) આયોજ્યકરણ કહેવાય છે. તેનું ફળ શૈલેશી-અવસ્થા છે. આયોજ્યકરણ પછી યોગસંન્યાસસ્વરૂપ યોગની પ્રાપ્તિ થાય છે - એ પ્રમાણે તેના જાણકારો કહે છે. શૈલેશી અવસ્થામાં કાયા, વચન અને મનના યોગોનો સંન્યાસ થવાથી અયોગ નામના સર્વસંન્યાસસ્વરૂપ સર્વોત્તમ યોગની પ્રાપ્તિ થાય છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ॥૧૯-૧૨॥

યોગસામાન્યના ભેદ જણાવાય છે—

**तात्त्विकोऽतात्त्विकश्चेति, सामान्येन द्विधाप्ययम् ।**
**तात्त्विको वास्तवोऽन्यस्तु, तदाभासः प्रकीर्त्तितः ॥१९-१३॥**

तात्त्विक इति—सामान्येन विशेषभेदानुपग्रहेण तात्त्विकोऽतात्त्विकश्चेति द्विधाप्ययं योग इष्यते । तात्त्विको वास्तवः केनापि नयेन मोक्षयोजनफल इत्यर्थः । अन्योऽतात्त्विकस्तु तदाभास उक्तलक्षणविरहितोऽपि योगोचितवेषादिना योगवदाभासमानः प्रकीर्तितः ॥१९-१३॥

''સામાન્યથી આ યોગ તાત્ત્વિક અને અતાત્ત્વિક : એમ બે પ્રકારે પણ મનાય છે. તાત્ત્વિકયોગ વાસ્તવિક હોય છે અને અતાત્ત્વિકયોગ તો યોગાભાસસ્વરૂપ કહેવાય છે.'' - આ પ્રમાણે તેરમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સામાન્યથી એટલે કે યોગના અધ્યાત્માદિ વિશેષભેદોની વિવક્ષા ન કરીએ તો યોગસામાન્યના તાત્ત્વિક અને અતાત્ત્વિક : આવા બે ભેદ છે. અર્થાત્ તાત્ત્વિક અને અતાત્ત્વિક ભેદથી યોગ બે પ્રકારનો પણ મનાય છે.

તાત્ત્વિકયોગ કોઇ પણ નયને આશ્રયીને સાક્ષાત્ કે પરંપરાએ આત્માને મોક્ષની સાથે જોડી આપવા સ્વરૂપ ફળવાળો હોવાથી તે વાસ્તવિક છે. પરંતુ તાત્ત્વિકયોગને છોડીને જે બીજો અતાત્ત્વિકયોગ છે, તે કોઇ પણ નયની અપેક્ષાએ મોક્ષની સાથે આત્માને જોડી આપનારો ન હોવાથી વાસ્તવિક નથી. યોગને ઉચિત વેષાદિના કારણે યોગની જેમ પ્રતીત થતો હોવાથી તે યોગાભાસ, યોગ તરીકે વર્ણવાય છે, પરમાર્થથી તો તે યોગ નથી. ॥૧૯-૧૩॥

તાત્ત્વિકયોગ કોને હોય છે, તે જણાવાય છે–

**अपुनर्बन्धकस्यायं, व्यवहारेण तात्त्विकः ।**
**अध्यात्मभावनारूपो, निश्चयेनोत्तरस्य तु ॥१९-१४॥**

अपुनर्वन्धकस्येति–अपुनर्वन्धकस्य उपलक्षणात्सम्यग्दृष्टेश्च । अयं योगो व्यवहारेण । कारणस्यापि कार्योपचाररूपेण तात्त्विकोऽध्यात्मरूपो भावनारूपश्च । निश्चयेन निश्चयनयेनोपचारपरिहाररूपेणोत्तरस्य तु चारित्रिण एव ॥१९-१४॥

"તાત્ત્વિક અધ્યાત્મ અને ભાવના સ્વરૂપ યોગ વ્યવહારનયથી અપુનર્બંધકદશાને પામેલા આત્માને હોય છે અને નિશ્ચયનયથી તે ચારિત્રસંપન્ન આત્માને જ હોય છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે કારણમાં કાર્યનો ઉપચાર કરવા સ્વરૂપ વ્યવહારથી અધ્યાત્મ અને ભાવના સ્વરૂપ યોગ (તાત્ત્વિકયોગ), અપુનર્બંધકદશાને પામેલા આત્માઓને હોય છે.

જે જીવો હવે પછી મિથ્યાત્વમોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ અથવા ઉત્કૃષ્ટરસનો બંધ કરવાના નથી એવા જીવોને અપુનર્બંધક કહેવાય છે. વ્યવહારનયની અપેક્ષાએ કારણમાં કાર્યનો ઉપચાર થતો હોવાથી યોગના કારણને યોગ માનવામાં આવે છે. તેથી અધ્યાત્મ અને ભાવના સ્વરૂપ તાત્ત્વિકયોગ અપુનર્બંધકદશામાં પણ માનવામાં આવે છે. તેમ જ ઉપલક્ષણથી સમ્યગ્દૃષ્ટિ આત્માને પણ તે હોય છે - એ સમજી લેવું જોઇએ.

નિશ્ચયનયની અપેક્ષાએ કારણમાં કાર્યનો ઉપચાર થતો ન હોવાથી તાત્ત્વિક રીતે અધ્યાત્માદિયોગ ચારિત્રસંપન્ન આત્માઓને જ હોય છે, અપુનર્બંધકાદિને તે હોતો નથી. અહીં આ શ્લોકથી અધ્યાત્મ અને ભાવના યોગ તાત્ત્વિક રીતે કોને હોય છે, તે જણાવ્યું છે. ધ્યાનાદિ યોગ અંગે હવે પછી જણાવાશે. ॥૧૯-૧૪॥

અતાત્ત્વિક અધ્યાત્માદિ યોગ કોને હોય છે તે જણાવાય છે—

**सकृदावर्त्तनादीनामतात्त्विक उदाहृतः ।**
**प्रत्यपायफलप्रायस्तथावेषादिमात्रतः ॥१९-१५॥**

सकृदिति—सकृदेकवारमावर्तन्त उत्कृष्टस्थितिं बध्नन्तीति सकृदावर्तनाः । आदिशब्दाद्द्विरावर्तनादिग्रहः । तेषामतात्त्विको व्यवहारतः । निश्चयतश्चातत्त्वरूपोऽशुद्धपरिणामत्वादुदाहृतोऽध्यात्मभावनारूपो योगः । प्रत्यपायोऽनर्थः फलं प्रायो बाहुल्येन यस्य स तथा । तथा तत्प्रकारभावसाराध्यात्मभावनायुक्तयोगियोग्यं यद्वेषादिमात्रं नेपथ्यचेष्टाभाषालक्षणं श्रद्धानशून्यं वस्तु तस्मात् । तत्र हि वेषादिमात्रमेव स्याद्, न पुनस्तेषां काचिच्छ्रद्धालुतेति ॥१९-१५॥

''સકૃદાવર્ત્તનાદિક જીવોને અધ્યાત્મ અને ભાવના સ્વરૂપ યોગ વ્યવહારથી અને નિશ્ચયથી અતાત્ત્વિક હોય છે. તેવા પ્રકારના વેષાદિમાત્ર જ હોવાથી એવા અતાત્ત્વિક યોગનું ફળ પ્રાયઃ અનર્થ છે.'' - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે જે જીવો હજુ મિથ્યાત્વમોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો એકવાર બંધ કરવાના છે તેમને સકૃદાવર્ત્તન(સકૃદ્બંધક) કહેવાય છે. તેમ જ તેવા પ્રકારની ઉત્કૃષ્ટસ્થિતિનો બંધ બે વાર કરવાના છે તેમને દ્વિરાવર્ત્તન કહેવાય છે. શ્લોકમાંના **सकृदावर्त्तनादीनाम्** ના **आदि** પદથી દ્વિરાવર્ત્તન (દ્વિર્બન્ધક) જીવો અને ત્રિરાવર્ત્તનાદિ જીવોનો સંગ્રહ કરાય છે. એ સકૃદ્બંધક અને દ્વિર્બંધકાદિ જીવોને વ્યવહારથી તેમ જ નિશ્ચયથી અતાત્ત્વિક યોગ હોય છે. કારણ કે તે જીવોના પરિણામ અશુદ્ધ હોય છે. તેથી સકૃદ્બંધકાદિ જીવોને અધ્યાત્મ અને ભાવના સ્વરૂપ યોગ અતાત્ત્વિક હોય છે.

એ અતાત્ત્વિક યોગનું ફળ પ્રાયે કરી અનર્થ હોય છે. કોઈ જીવવિશેષને તેનું તેવા પ્રકારનું અનિષ્ટ-અનર્થસ્વરૂપ ફળ કોઈ વાર ન પણ પ્રાપ્ત થાય. પરંતુ

મોટા ભાગે અતાત્ત્વિકયોગ અનર્થપ્રદ જ છે. અતાત્ત્વિકયોગ વખતે, તેવા પ્રકારના (તાત્ત્વિકયોગને અનુકૂળ) ભાવથી સારભૂત અધ્યાત્મ અને ભાવના યોગવાળા યોગી જનોને ઉચિત એવો વેષ તેમ જ તેવી ક્રિયા અને ભાષા હોય છે. અર્થાત્ માત્ર બાહ્ય વેષ, ક્રિયા વગેરે હોય છે; પરંતુ કોઇ પણ પ્રકારની તેવી શ્રદ્ધા હોતી નથી. બાહ્ય દૃષ્ટિએ યોગી જનોનું સ્વરૂપ, તેમની કાયિક ચેષ્ટા અને વચનની પ્રવૃત્તિ અતાત્ત્વિકયોગવાળા આત્માઓમાં જોવા મળે પરંતુ આંતરિક એવી કોઇ શ્રદ્ધા તેમનામાં હોતી નથી, જેથી બહુલતયા એ આત્માઓને અનર્થની જ પ્રાપ્તિ થતી હોય છે. તથાભવ્યત્વની વિશિષ્ટતાએ કોઇ વાર આવા અતાત્ત્વિક યોગની પ્રવૃત્તિથી તે જીવવિશેષને પ્રત્યપાય-અનર્થની પ્રાપ્તિ થતી નથી. તેથી શ્લોકમાં **प्रायः** પદનું ઉપાદન કર્યું છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. ॥૧૯-૧૫॥

ધ્યાનાદિયોગ કોને હોય છે - તે જણાવાય છે–

**शुद्ध्यपेक्षो यथायोगं, चारित्रवत एव च ।**
**हन्त ध्यानादिको योगस्तात्त्विकः प्रविजृम्भते ॥१९-१६॥**

शुद्ध्यपेक्ष इति–यथायोगं यथास्थानम् । शुद्ध्यपेक्ष उत्तरोत्तरां शुद्धिमपेक्ष्य प्रवर्तमानचारित्रवत एव च हन्त तात्त्विकः पारमार्थिकैकस्वरूपो ध्यानादिको योगः प्रविजृम्भते प्रोल्लसति ॥१९-१६॥

"યોગને અનુસરી ઉત્તરોત્તર શુદ્ધિની અપેક્ષાએ ચારિત્રવાળા જ આત્માઓને પારમાર્થિક ધ્યાન વગેરે યોગનો આવિર્ભાવ થાય છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે તે તે અવસ્થાના અધ્યવસાય મુજબ ઉત્તરોત્તર થતી પરિણામની શુદ્ધિને લઇને પ્રવર્ત્તતા ચારિત્રવાળા આત્માઓને જ પારમાર્થિક એક જ સ્વરૂપવાળો ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય સ્વરૂપ યોગ પ્રાપ્ત થાય છે. ચારિત્રવંત આત્માઓને છોડીને બીજા અવિરતિવાળા આત્માઓને ધ્યાનાદિસ્વરૂપ તાત્ત્વિકયોગની પ્રાપ્તિ થતી નથી.

ધ્યાનાદિસ્વરૂપ તાત્ત્વિકયોગ ચારિત્રવાળાને જ હોય છે, બીજાઓને નહીં - આ નિયમ છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. યોગબિંદુમાં શ્લો.નં. ૩૭૧નું અહીં થોડું અનુસંધાન કરવું જોઇએ. **शुद्ध्यपेक्षो यथायोगं** ના સ્થાને **शुद्ध्यपेक्षो यथोत्तरं**

આવો પાઠ ત્યાં છે. આમ જોઈએ તો બંન્નેનું તાત્પર્ય એક છે જે, તે શ્લોકને જોવાથી સમજી શકાશે. ॥૧૯-૧૬॥

પ્રકારાંતરે યોગસામાન્યના ભેદ જણાવાય છે–

**अपायाभावभावाभ्यां, सानुबन्धोऽपरश्च सः ।**
**निरुपक्रमकर्मैवाऽपायो योगस्य बाधकम् ॥१९-१७॥**

अपायेति–अपायस्याभावभावाभ्यामसद्भावसद्भावाभ्यां सानुबन्धोऽपरो निरनुबन्धश्च स योगः । अपायरहितः सानुबन्धः, तत्सहितश्च निरनुबन्ध इति । योगस्य बाधकं निरुपक्रमं विशिष्टानुष्ठानचेष्टयाप्यनुच्छेद्यमनाश्यस्वविपाकसामर्थ्यं वा कर्मैव चारित्रमोहनीयाख्यमपायः ॥१९-१७॥

"અપાયના અસદ્ભાવ અને સદ્ભાવને લઈને અનુક્રમે સાનુબંધ અને નિરનુબંધ : એ બે પ્રકારનો યોગ છે. યોગનું બાધક એવું નિરુપક્રમ કર્મ જ અહીં અપાય છે." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ જ છે કે અપાયથી રહિત યોગ સાનુબંધ છે અને અપાયથી સહિત યોગ નિરનુબંધ છે. આ રીતે યોગના સાપાય અને નિરપાય આ બે ભેદ છે.

અહીં નિરુપક્રમકોટિનું ચારિત્રમોહનીયકર્મ અપાય છે. વિશેષ પ્રકારના અનુષ્ઠાનને કરવા છતાં પણ જે કર્મનો ઉચ્છેદ થતો નથી અથવા જે કર્મના, ફળને આપવાના સામર્થ્યનો નાશ થઈ શકતો નથી, એવા કર્મને નિરુપક્રમ કર્મ કહેવાય છે. એવા પ્રકારના નિરુપક્રમ ચારિત્રમોહનીયકર્મ સ્વરૂપ અપાયને લઈને યોગ નિરનુબંધ બને છે. કારણ કે એ કર્મ યોગનું બાધક બને છે. ॥૧૯-૧૭॥

પ્રકારાંતરથી યોગના ભેદો જણાવાય છે–

**बहुजन्मान्तरकरः, सापायस्यैव साश्रवः ।**
**अनाश्रवस्त्वेकजन्मा, तत्त्वाङ्गव्यवहारतः ॥१९-१८॥**

बह्विति–बहुजन्मान्तरकरो देवमनुष्याद्यनेकजन्मविशेषहेतुर्निरुपक्रमकर्मणोऽवश्यवेदनीयत्वात् । सापायस्यैवापायवत एव साश्रवो योगः । एकमेव वर्तमानं जन्म यत्र स त्वनाश्रवः । ननु कथमेतदयोगिकेवलिगुणस्थानादर्वाक् सर्वसंवराभावेनानाश्रवत्वासम्भवादित्यत आह–तत्त्वाङ्गं निश्चयप्रापको यो व्यवहारस्ततः । तेन साम्परायिक-

कर्मबन्धलक्षणस्यैवाश्रवस्याभ्युपगमात्तदभावे इत्वराश्रवभावेऽपि नानाश्रवयोगक्षतिरिति भावः । तदुक्तम्–"आश्रवो बन्धहेतुत्वाद् बन्ध एवेह यन्मतः । स साम्परायिको मुख्यस्तदेपोऽर्थोऽस्य सङ्गतः ॥१॥ एवं चरमदेहस्य सम्परायवियोगतः । इत्वरा-श्रवभावेऽपि स तथानाश्रवो मतः ॥२॥ निश्चयेनात्र शब्दार्थः सर्वत्र व्यवहारतः । निश्चयव्यवहारौ यद् द्वावप्यभिमतार्थदौ ॥३॥" निश्चयेनेत्युपलक्षणं तृतीया । ततो निश्चयेनोपलक्षितात्तत्प्रापकव्यवहारत इत्यन्वयः ॥१९-१८॥

"અપાય(નિરુપક્રમ ચારિત્રમોહનીયકર્મ)વાળા આત્માને જ ઘણા બીજા જન્મોને કરનારો સાશ્રવયોગ હોય છે. નિશ્ચયનયને પ્રાપ્ત કરાવનારા વ્યવહારનયની અપેક્ષાએ એક જન્મવાળો અનાશ્રવયોગ છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે યોગના સાપાય અને નિરપાય જેમ બે ભેદ છે તેમ સાશ્રવ અને અનાશ્રવ : આ પણ બે ભેદ છે.

ચારિત્રમોહનીયસ્વરૂપ નિરુપક્રમકર્મવાળા(સાપાયયોગવાળા) આત્માને જ સાશ્રવયોગ હોય છે. સાશ્રવયોગ દેવ, મનુષ્ય વગેરે અનેક જન્મોની પ્રાપ્તિ કરાવનારો બને છે. કારણ કે નિરુપક્રમ (ઉપક્રમરહિત) કર્મ, અવશ્ય ભોગવવાં પડે છે, જેથી એના કારણે વારંવાર જનમવું પડે છે. આ રીતે સાશ્રવયોગ વર્તમાન જન્મને છોડીને બીજા દેવ કે મનુષ્ય વગેરે અનેક જન્મોનું કારણ બને છે. અનાશ્રવયોગ તો વર્તમાન એક મનુષ્યજન્મવાળો જ હોય છે. અર્થાત્ એ જન્મને છોડીને બીજા જન્મનું, એ અનાશ્રવયોગ કારણ થતો નથી.

યદ્યપિ અયોગીકેવલીગુણસ્થાનકની પૂર્વે સર્વસંવરભાવ ન હોવાથી આશ્રવનો અભાવ નથી. તેથી એ વખતે વર્તમાન જન્મમાં અનાશ્રવયોગનો સંભવ નથી, પરંતુ નિશ્ચયનયને પ્રાપ્ત કરાવનાર તત્ત્વાંગસ્વરૂપ વ્યવહારનયને આશ્રયીને અનાશ્રવયોગનું નિરૂપણ અહીં છે, તેથી કોઇ દોષ નથી. કારણ કે તત્ત્વાઙ્ગભૂત (નિશ્ચયપ્રાપક) વ્યવહારનય, કષાયપ્રત્યયિક (કષાયના કારણે) કર્મબંધસ્વરૂપ જ આશ્રવને સ્વીકારે છે. તેથી યોગાદિપ્રત્યયિક અલ્પકાળપ્રમાણ આશ્રવ હોવા છતાં અનાશ્રવત્વ માનવામાં કોઇ દોષ નથી, જ્યાં કષાયપ્રત્યયિક કર્મબંધ થાય છે, ત્યાં તાદૃશ વ્યવહારનયને આશ્રયીને આશ્રવત્વ મનાય છે, અન્યત્ર નહીં.

આ વિષયને વર્ણવતાં યોગબિંદુમાં ફરમાવ્યું છે કે - “બંધનું કારણ હોવાથી આશ્રવ બંધસ્વરૂપ છે. (કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી - એ અર્થ થાય છે.) જે કારણથી એ બંધ સાંપરાયિક(કષાયપ્રત્યયિક) મુખ્ય - વાસ્તવિક મનાય છે તેથી આશ્રવનો સાંપરાયિક કર્મબંધ સ્વરૂપ અર્થ સંગત છે.” (યો.બિં.૩૭૬) “આ પ્રમાણે જેમ કષાયવાળા આત્માને સાશ્રવયોગ હોય છે, તેમ ચરમશરીરી (તદ્ભવમુક્તિગામી)ને કષાયનો દશમા સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકના અંતે વિગમ થવાથી યોગપ્રત્યયિક બે સમયવાળો વેદનીય કર્મનો અલ્પકાલીન આશ્રવ હોવા છતાં અનાશ્રવયોગ મનાય છે.” (યો.બિં. ૩૭૭) “નિશ્ચયથી અર્થાત્ નિશ્ચયોપલક્ષિત (નિશ્ચયપ્રાપક) વ્યવહારથી અહીં યોગના નિરૂપણને વિષે સર્વત્ર વ્યવહારનયને આશ્રયીને અનાશ્રવત્વાદિ શબ્દોનો અર્થ કરવામાં આવ્યો છે. નિશ્ચય અને વ્યવહાર બંન્ને નયો અભિપ્રેત અર્થને જણાવનારા છે. નિશ્ચયનયથી અયોગીકેવલીપરમાત્માને અનાશ્રવયોગ હોય છે અને નિશ્ચયના કારણભૂત વ્યવહારનયને આશ્રયીને કષાયરહિત આત્માને અનાશ્રવયોગ હોય છે.” (યો.બિં. ૩૭૮)

‘યોગબિંદુ’ના ૩૭૮મા શ્લોકમાં **निश्चयेन** અહીં તૃતીયા વિભક્તિનો અર્થ ઉપલક્ષણ છે. તેથી ‘**निश्चयेनोपलक्षितात्तत्प्रापकव्यवहारतः**’ - આ પ્રમાણે અન્વય સમજવો. એનો અર્થ ઉપર જણાવ્યો છે. અહીં બત્રીશીના **साश्रव**... વગેરે પાઠના સ્થાને યોગબિંદુમાં **सास्रव**... વગેરે પાઠ છે. ।।૧૯-૧૮।।

इत्थं साश्रवानाश्रवत्वाभ्यां योगद्वैविध्यमुक्त्वा शास्त्रसापेक्षस्वाधिकारिकत्वतद्विपर्ययाभ्यां तद्द्वैविध्याभिधानाभिप्रायवानाह—

આ રીતે સાશ્રવ અને અનાશ્રવ સ્વરૂપે યોગના બે પ્રકારનું વર્ણન કરીને હવે શાસ્ત્રીય રીતે યોગનું અધિકારિકત્વ અને અનધિકારિકત્વ સ્વરૂપે યોગના બે પ્રકાર જણાવવાની ભાવનાથી કહેવાય છે—

**शास्त्रेणाधीयते चायं, नासिद्धेर्गोत्रयोगिनाम् ।**
**सिद्धेर्निष्पन्नयोगस्य, नोद्देशः पश्यकस्य यत् ।।१९-१९।।**

शास्त्रेणेति—अयं च योगो गोत्रयोगिनां गोत्रमात्रेण योगिनामसिद्धेर्मलिनान्तरात्मतया योगसाध्यफलाभावाच्छास्त्रेण योगतन्त्रेण नाधीयते । तथा सिद्धेः सामर्थ्ययोगत

एव कार्यनिष्पत्ते र्निष्पन्नयोगस्यासङ्गानुष्ठानप्रवाहप्रदर्शनेन सिद्धयोगस्यायं शास्त्रेण नाधीयते । यद्यस्मात् पश्यकस्य स्वत एव विदितवेद्यस्य । उद्दिश्यत इत्युद्देशः सदसत्कर्तव्याकर्तव्यादेशो नास्ति । यतोऽभिहितमाचारे–"उद्देसो पासगस्स नत्थि त्ति" ॥१९-१९॥

"ગોત્રયોગીઓને યોગથી સાધ્ય એવા ફળની સિદ્ધિ થતી ન હોવાથી યોગનાં શાસ્ત્રો વડે યોગનું અધ્યયન થતું નથી તેમ જ નિષ્પન્નયોગીઓને ફળની સિદ્ધિ થયેલી હોવાથી એ રીતે યોગનું અધ્યયન થતું નથી. કારણ કે જેઓએ જાણવાયોગ્ય જાણી લીધું છે તેમને ઉપદેશ હોતો નથી." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે.

એનો આશય સ્પષ્ટ છે કે જેઓ ગોત્રમાત્રથી જ યોગી છે, પરંતુ યોગની સાથે જેમને કશો જ સંબંધ નથી - એવા યોગીઓને ગોત્રયોગી કહેવાય છે. આવા માત્ર ગોત્રના કારણે યોગી થયેલા જીવો, તેમનું મન મલિન હોવાથી, યોગથી સાધ્ય એવા ફળને પ્રાપ્ત કરી શકતા નથી. તેથી તેવા પ્રકારની ફળની અસિદ્ધિના કારણે યોગશાસ્ત્રથી યોગનું અધ્યયન તેમને કરાવાતું નથી. જેમને ફળ મળવાનું નથી તેમને સાધન આપવાનો કોઈ અર્થ નથી - એ સમજી શકાય છે. માત્ર ગોત્રથી યોગીઓનું મન મલિન હોવાથી યોગનું ફળ પામવાની શક્યતા જ તેમને નથી.

આવી જ રીતે જેમને સામર્થ્યયોગથી જ કાર્યની (વિવક્ષિત ફળની) સિદ્ધિ થઈ ગઈ છે, એવા નિષ્પન્નયોગીઓને પણ શાસ્ત્રથી યોગનું અધ્યયન કરાવવાનું રહેતું નથી. અસંગાનુષ્ઠાનના પ્રવાહના દર્શનથી જેમને યોગની સિદ્ધિ થઈ છે - એવા સિદ્ધયોગીઓને અહીં નિષ્પન્નયોગીઓ કહેવાય છે. તેમને કાર્ય સિદ્ધ હોવાથી કારણની આવશ્યકતા નથી. કારણ કે પશ્યકને અર્થાત્ પોતાની મેળે વેદ્ય(જાણવાયોગ્ય)ને જેણે જાણી લીધું છે તેને ઉદ્દેશ નથી અર્થાત્ સદ્-અસદ્ના કર્ત્તવ્યાકર્ત્તવ્યનો ઉપદેશ અપાતો નથી. આથી એ વાતને જણાવતાં શ્રી આચારાંગસૂત્રમાં પણ જણાવ્યું છે કે **उद्देसो पासगस्स नत्थि** અર્થાત્ સ્વતઃ જે વિદિતવેદ્ય (જાણવાયોગ્ય જેણે જાણી લીધું છે તે) છે, તેને ઉપદેશ નથી. ॥૧૯-૧૯॥

શાસ્ત્રથી જેને યોગનું અધ્યયન કરાવાય છે, તે જણાવાય છે–

**कुलप्रवृत्तचक्राणां, शास्त्रात् तत्तदुपक्रिया ।**
**योगाचार्यैर्विनिर्दिष्टं, तल्लक्षणमिदं पुनः ॥१९-२०॥**

कुलेति–कुलयोगिनां प्रवृत्तचक्रयोगिनां च शास्त्राद्योगतन्त्रात् सा विचित्रत्वेन प्रसिद्धा उपक्रिया योगसिद्धिरूपा भवति । तदुक्तं योगदृष्टिसमुच्चये–"कुलप्रवृत्तचक्रा ये त एवास्याधिकारिणः । योगिनो न तु सर्वेऽपि तथासिद्ध्यादिभावतः ।।१।।" तेषां कुल-प्रवृत्तचक्रयोगिनां लक्षणं पुनरिदं वक्ष्यमाणं योगाचार्यै र्योगप्रतिपादकैः सूरिभिर्विनिर्दिष्टम् ।।१९-२०।।

"યોગશાસ્ત્રથી કુલયોગીઓને તેમ જ પ્રવૃત્તચક્ર યોગીઓને તે તે ઉપકાર (યોગની સિદ્ધિ સ્વરૂપ ઉપકાર) થાય છે. યોગાચાર્યોએ તે યોગીઓનું લક્ષણ આ પ્રમાણે (આગળના શ્લોકમાં જણાવવામાં આવશે તે) જણાવ્યું છે." - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જેમનાં લક્ષણો હવે પછી જણાવવામાં આવશે તે કુલયોગી અને પ્રવૃત્તચક્ર યોગીઓને યોગશાસ્ત્રના અધ્યયનથી જુદી જુદી રીતે પ્રસિદ્ધ એવા યોગની સિદ્ધિ સ્વરૂપ ઉપકાર થાય છે. વ્યવહાર-નિશ્ચય, સાપાય-અનપાય, સાશ્રવ-અનાશ્રવ અને ઇચ્છાદિ સ્થાનાદિ તેમ જ પ્રીત્યાદિ સ્વરૂપે યોગ પ્રસિદ્ધ છે. એ યોગોની સિદ્ધિ, કુલયોગીઓને તેમ જ પ્રવૃત્તયોગી(પ્રવૃત્તચક્રયોગી)ઓને જ યોગશાસ્ત્રના અભ્યાસથી થાય છે. તેમના માટે યોગસંબંધી ઉપદેશ છે. યોગદૃષ્ટિસમુચ્ચયમાં (૨૦૯) એ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે "આ યોગશાસ્ત્રના અધિકારી કુલયોગી અને પ્રવૃત્તચક્ર યોગીઓ જ છે. બીજા યોગીઓ તેના અધિકારી નથી. કારણ કે તે બીજા યોગીઓમાંના ગોત્રયોગીને સિદ્ધિનો સંભવ નથી અને નિષ્પન્નયોગીને સિદ્ધિ પ્રાપ્ત થયેલી છે.

યોગનું પ્રતિપાદન-નિરૂપણ કરનારા આચાર્યભગવંતોએ કુલયોગી વગેરે યોગીઓનું લક્ષણ નીચે જણાવ્યા મુજબ વર્ણવ્યું છે. ।।૧૯-૨૦।।

કુલયોગીઓનું સ્વરૂપ(લક્ષણ) જણાવાય છે–

**ये योगिनां कुले जातास्तद्धर्मानुगताश्च ये ।**
**कुलयोगिन उच्यन्ते, गोत्रवन्तोऽपि नाऽपरे ।।१९-२१।।**

य इति–ये योगिनां कुले जाता लब्धजन्मानस्तद्धर्मानुगताश्च योगिधर्मानु-सरणवन्तश्च ये प्रकृत्याऽन्येऽपि, कुलयोगिन उच्यन्ते द्रव्यतो भावतश्च, गोत्रवन्तोऽपि सामान्येन कर्मभूमिभव्या अपि नापरे कुलयोगिन इति ।।१९-२१।।

"જેઓ યોગીઓના કુળમાં જન્મ્યા છે, તેમ જ જેઓ તેમના ધર્મની પ્રવૃત્તિને કરનારા છે, તેમને કુલયોગી કહેવાય છે. બીજા ગોત્રવંતો પણ, કુલયોગી કહેવાતા નથી." - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે જેઓ યોગીજનોના કુળમાં જન્મ પામ્યા છે, તેમ જ જેઓ સ્વભાવથી તેવા ન હોવા છતાં યોગીજનોના ધર્મનું અનુસરણ કરે છે, તેમને કુલયોગી કહેવાય છે. દ્રવ્યથી અને ભાવથી તેઓ કુલયોગી છે. ગોત્રવંતો અર્થાત્ સામાન્યથી કર્મની અપેક્ષાએ ભવ્ય હોવા છતાં જેઓ યોગીજનોના ધર્મનું અનુસરણ કરતા નથી, તેઓને કુલયોગી તરીકે માનતા નથી. આ શ્લોકની ટીકામાં **कर्मभूमिभव्या अपि**... આ પાઠ છે, તેના સ્થાને યોગદષ્ટિસમુચ્ચયમાં શ્લો.નં. ૨૧૦ની ટીકામાં **भूमिभव्या अपि**... આવો પાઠ છે. અર્થથી બંન્ને એક છે. ॥૧૯-૨૧॥

કુલયોગીનાં વિશેષ લક્ષણો જણાવાય છે–

**सर्वत्राद्वेषिणश्चैते, गुरुदेवद्विजप्रियाः ।**
**दयालवो विनीताश्च, बोधवन्तो जितेन्द्रियाः ॥१९-२२॥**

सर्वत्रेति–एते च तथाविधाग्रहाभावेन सर्वत्राद्वेषिणः । तथा धर्मपभावाद्यथा-स्वाचारं गुर्वादिप्रियाः । तथा प्रकृत्या क्लिष्टपापाभावेन दयालवः । विनीताश्च कुशलानुबन्धिभव्यतया । बोधवन्तो ग्रन्थिभेदेन । जितेन्द्रियाश्चारित्रभावेन ॥१९-२२॥

"સર્વત્ર દ્વેષરહિત, ગુરુદેવ અને દ્વિજ જેને પ્રિય છે એવા દયાળુ, વિનીત, બોધવંત અને જિતેન્દ્રિય કુલયોગીઓ હોય છે." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે કુલયોગીઓને ક્યાંય પણ દ્વેષ હોતો નથી. કારણ કે કોઇ પણ સ્થાને તેમને તેવા પ્રકારનો આગ્રહ હોતો નથી. મુખ્યપણે દ્વેષનું કારણ આગ્રહ હોય છે. 'આપણી ઇચ્છા મુજબ જ થવું જોઇએ' એવો આગ્રહ ન હોય તો ક્યારે ય કોઇ પણ સ્થાને દ્વેષ નહિ થાય. કુલયોગીને તેવા પ્રકારનો આગ્રહ ન હોવાથી સર્વત્ર અદ્વેષ જ હોય છે.

ધર્મના પ્રભાવથી પોતાના આચાર મુજબ કુલયોગીને ગુરુદેવ અને બ્રાહ્મણ પ્રિય હોય છે. ધર્મપ્રિય હોવાથી, ધર્મના પ્રરૂપક ગુરુ, ધર્મમાં સહાયક દેવ અને ધર્મક્રિયામાં તત્પર દ્વિજ-બ્રાહ્મણ, પ્રિય બને એ સમજી શકાય છે.

પોતપોતાના આચારનું ઉલ્લંઘન કર્યા વિના ગુર્વાદિ ધર્મમાં સ્થિર હોવાથી કુલયોગીને તેઓ પ્રિય બને છે.

કુલયોગીઓ સ્વભાવથી જ ક્લિષ્ટ પાપકર્મથી રહિત હોવાથી દયાળુ હોય છે. ક્લિષ્ટ પાપકર્મના યોગે માણસને દયાનો પરિણામ આવતો નથી. 'બીજાને ગમે તેટલું દુઃખ પડે તો પણ પોતાને દુઃખ આવવું ના જોઇએ.' - આવો પરિણામ ક્લિષ્ટ પાપકર્મના ઉદયથી આવતો હોય છે, જેથી આત્માનો પરિણામ દયાહીન બને છે. કુલયોગી એવા હોતા નથી. પોતાને દુઃખ ભોગવવું પડે તોય બીજાને દુઃખ નહિ આપવાના પરિણામ સાથે બીજાના દુઃખને દૂર કરવાના પરિણામવાળા તેઓ હોય છે.

કુલયોગીઓ કુશલાનુબંધી ભવ્યાત્મા હોવાથી વિનીત હોય છે. સામાન્ય રીતે વિશેષે કરી કર્મને આત્માથી જે દૂર કરે છે, તેને વિનય કહેવાય છે. એવા વિનયથી સંપન્ન આત્માને વિનીત કહેવાય છે. ઉત્તરોત્તર કુશલના અનુબંધી ભવ્યાત્માઓ સ્વભાવથી જ કર્મની નિર્જરાને કરનારા હોવાથી વિનીત હોય છે - એ સ્પષ્ટ છે. રાગ-દ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ ગ્રંથિનો ભેદ કરવાથી કુલયોગીઓ બોધવાળા હોય છે. મિથ્યાત્વની મંદતાદિને લઇને આત્માને બોધ પ્રાપ્ત થતો હોય છે. જ્ઞાનાવરણીયકર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ હોય તોપણ જો તેવા પ્રકારની મિથ્યાત્વની મંદતા વગેરે ન હોય તો જ્ઞાન બોધસ્વરૂપે પરિણમતું નથી. મિત્રા તારા... વગેરે આઠ દૃષ્ટિઓમાં તૃણાગ્નિ, ગોમયાગ્નિ... વગેરે સ્વરૂપ જેવું તે તે બોધનું સ્વરૂપ વર્ણવ્યું છે. જ્ઞાનમાં અને બોધમાં જે ફરક છે તે સમજી લેવો જોઇએ.

ચારિત્રના કારણે કુલયોગીઓ જિતેન્દ્રિય હોય છે. સામાન્ય રીતે આત્માની ઉપર લાગેલા કર્મસમૂહને જે ખાલી કરે છે તેને ચારિત્ર કહેવાય છે. સર્વસાવદ્યયોગથી વિરામ પામવા સ્વરૂપ ચારિત્ર પ્રસિદ્ધ છે. અંશતઃ પણ એવા ચારિત્રની પ્રાપ્તિ માટે ઇન્દ્રિયોને જીતવાનું આવશ્યક છે. કુલયોગીઓ ચારિત્રવંત હોવાથી જિતેન્દ્રિય હોય છે. ઇન્દ્રિયોને જીતવાથી જ ખરી રીતે યોગની શરૂઆત થતી હોય છે. કુલયોગીઓનું સ્વરૂપ વિચારીએ તો તેઓ જિતેન્દ્રિય હોય જ : એ સમજી શકાય. ॥૧૯-૨૨॥

પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ જણાવાય છે–

**प्रवृत्तचक्रास्तु पुनर्यमद्वयसमाश्रयाः ।**
**शेषद्वयार्थिनोऽत्यन्तं, शुश्रूषादिगुणान्विताः ।।१९-२३।।**

प्रवृत्तचक्रास्त्विति–प्रवृत्तचक्रास्तु पुनर्यमद्वयस्य इच्छायमप्रवृत्तियमलक्षणस्य समाश्रया आधारीभूताः । शेषद्वयार्थिनः स्थिरयमसिद्धियमद्वयार्थिनः । अत्यन्तं सदुपाय-प्रवृत्त्या । शुश्रूषादयो गुणाः शुश्रूषाश्रवण-ग्रहणधारणविज्ञानोहापोहलक्षणास्तैरन्विता युक्ताः ।।१९-२३।।

"પ્રવૃત્તચક્રયોગીઓ તો અહિંસાદિ (પાંચ સ્વરૂપ) યમોના પ્રથમ બે યમોને પામેલા હોય છે અને બુદ્ધિના શુશ્રૂષાદિ આઠ ગુણોથી યુક્ત એવા તે યોગીઓ છેલ્લા બે યમના અત્યંત અર્થી હોય છે." - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અહિંસા, સત્ય, અસ્તેય (અચૌર્ય), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ સ્વરૂપ પાંચ યમ છે. તેના દરેકના ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિને આશ્રયીને ચાર ચાર પ્રકાર છે. અર્થાત્ ઈચ્છાદિ ચારને આશ્રયીને યમ ચાર પ્રકારનો છે અને તેના દરેકના અહિંસાદિ પાંચ પ્રકાર છે.

પ્રવૃત્તચક્રયોગીઓને યમના ચાર પ્રકારમાંથી ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમ : આ શરૂઆતના બે પ્રકારના યમની પ્રાપ્તિ થયેલી હોય છે તેમ જ છેલ્લા બે પ્રકારના અર્થાત્ સ્થૈર્યયમ અને સિદ્ધિયમ સ્વરૂપ યમના તેઓ અત્યંત અર્થી હોય છે. તેમની સદુપાયમાં કરાતી યમની (યમના સાધનના વિષયમાં કરાતી યમની) પ્રવૃત્તિના કારણે તેમને છેલ્લા બે યમની અત્યંત ઈચ્છા છે - એ સમજાય છે. એ છેલ્લા બે યમને પ્રાપ્ત કરવાની ઈચ્છાને સફળ બનાવવા માટે આ યોગીજનો બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત હોય છે.

શુશ્રૂષા(સાંભળવાની તીવ્ર ઈચ્છા), શ્રવણ(યાદ રાખી શકાય તે રીતે ઉપયોગપૂર્વક સાંભળવું), સાંભળીને તેનો અર્થ સમજવા માટે પ્રયત્ન કરવા સ્વરૂપ ગ્રહણ, ગ્રહણ કરેલા અર્થને ધારી રાખવા સ્વરૂપ ધારણા(ધારણ), વિશિષ્ટ બોધ સ્વરૂપ વિજ્ઞાન, એના વિષયની વિચારણા સ્વરૂપ ઊહ, અસદ્ વિચારણાના પરિત્યાગ સ્વરૂપ અપોહ અને પારમાર્થિક સ્વરૂપની પ્રતિપત્તિસ્વરૂપ તત્ત્વનો અભિનિવેશ : આ આઠ બુદ્ધિગુણો છે.

એનું સ્વરૂપ અન્યત્ર 'યોગદષ્ટિ એક પરિશીલન' વગેરે સ્થાને વર્ણવ્યું છે. ઇચ્છાદિ ચાર યમોનું સ્વરૂપ હવે પછી વર્ણવાશે. (જુઓ શ્લો.નં. ૨૬-૨૭). ॥૧૯-૨૩॥

પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ જ વર્ણવાય છે–

**आद्यावञ्चकयोगाप्त्या, तदन्यद्वयलाभिनः ।**
**एतेऽधिकारिणो योगप्रयोगस्येति तद्विदः ॥१९-२४॥**

आद्येति–आद्यावञ्चकयोगस्य योगावञ्चकयोगस्य आप्त्या प्राप्त्या हेतुभूतया । तदन्यद्वयलाभिनः क्रियावञ्चकफलावञ्चकयोगलाभवन्तस्तदवन्ध्यभव्यतया तत्त्वतस्तेषां तल्लाभवत्त्वाद् । एतेऽधिकारिणो योगप्रयोगस्याधिकृतयोगव्यापारस्येत्येवं तद्विदो योगविदोऽभिदधति ॥१९-२४॥

"પહેલા અવઞ્ચકયોગની પ્રાપ્તિ થવાના કારણે બીજા અને ત્રીજા અવઞ્ચકયોગના અવશ્યલાભવાળા આ પ્રવૃત્તચક્રયોગીઓ યોગની પ્રવૃત્તિના અધિકારી છે - એમ યોગના જાણકારો કહે છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે અવઞ્ચકયોગ ત્રણ પ્રકારનો છે. એમાંના પ્રથમ યોગાવઞ્ચકયોગની પ્રાપ્તિ પ્રવૃત્તચક્રયોગીને થયેલી હોય છે. તેના કારણે ચોક્કસ જ તેમને બીજા અને ત્રીજા ક્રિયાવઞ્ચક અને ફલાવઞ્ચક યોગની પ્રાપ્તિ થવાની હોય છે. કારણ કે પ્રવૃત્તચક્રયોગીને થયેલી યોગાવઞ્ચકયોગની પ્રાપ્તિ ચોક્કસ જ ક્રિયાવઞ્ચક અને ફલાવઞ્ચક યોગની પ્રાપ્તિને કરાવનારી હોય છે. તેથી વાસ્તવિક રીતે પ્રવૃત્તચક્રયોગીને ક્રિયાવઞ્ચક અને ફલાવઞ્ચક : આ બે યોગની પ્રાપ્તિ થયેલી જ છે. જે ચોક્કસ જ થવાનું છે તે થયેલું છે - એમ ઉપચારથી માનવાનું પ્રસિદ્ધ છે.

આ પ્રવૃત્તચક્રયોગીઓ ઇચ્છાયોગાદિના અધિકારી છે. પ્રવૃત્તચક્રયોગીઓમાં જે યોગ્યતા છે, તેને લઇને તેઓ ઇચ્છાયોગાદિને સારી રીતે પ્રાપ્ત કરી શકે છે, તેથી અધિકૃત યોગની પ્રવૃત્તિના અધિકારી પ્રવૃત્તચક્રયોગી છે - એમ યોગના જાણકારો કહે છે. ॥૧૯-૨૪॥

પૂર્વે જણાવેલા ચાર પ્રકારના યમને જણાવાય છે–

**यमाश्चतुर्विधा इच्छाप्रवृत्तिस्थैर्यसिद्धयः ।**
**योगक्रियाफलाख्यं च, स्मर्यतेऽवञ्चकत्रयम् ।।१९-२५।।**

यमा इति–यमाश्चतुर्विधा इच्छायमाः प्रवृत्तियमाः स्थिरयमाः सिद्धियमाश्च । अवञ्चकत्रयं च योगक्रियाफलाख्यं श्रूयते योगावञ्चकः क्रियावञ्चकः फलावञ्चकश्चेति ।।१९-२५।।

"ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિ સ્વરૂપ ચાર પ્રકારનો યમ છે અને યોગ, ક્રિયા તેમ જ ફળના નામવાળો અવઞ્ચક યોગ ત્રણ પ્રકારનો છે." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ : આ પાંચ યમ છે. તેના દરેકના ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિ : આ ચાર પ્રકાર છે. તેથી પાંચ ઇચ્છાયમ છે, પાંચ પ્રવૃત્તિયમ છે, પાંચ સ્થૈર્યયમ છે અને પાંચ સિદ્ધિયમ છે, જેનું સ્વરૂપ આગળના શ્લોકથી જણાવવામાં આવશે.

યોગ, ક્રિયા અને ફલના નામવાળો અવઞ્ચકયોગ ત્રણ પ્રકારનો છે. યોગાવઞ્ચકયોગ, ક્રિયાવઞ્ચકયોગ અને ફલાવઞ્ચકયોગનું સ્વરૂપ પણ આગળના શ્લોકથી વર્ણવાશે. જુદી જુદી રીતે યોગનું સ્વરૂપ વર્ણવવાનું અહીં તાત્પર્ય છે. તેથી પ્રસંગથી તે તે યોગનું નિરૂપણ કર્યું છે. ।।૧૯-૨૫।।

ઇચ્છા અને પ્રવૃત્તિ યમનું સ્વરૂપ વર્ણવાય છે–

**इच्छायमो यमेष्विच्छा, युता तद्वत्कथामुदा ।**
**स प्रवृत्तियमो यत्तत्पालनं शमसंयुतम् ।।१९-२६।।**

इच्छेति–तद्वतां यमवतां कथातो या मुत् प्रीतिस्तया युता सहिता यमेष्विच्छा इच्छायम उच्यते । यत्तेषां यमानां पालनं शमसंयुतमुपशमान्वितं स प्रवृत्तियमः । तत्पालनं चात्राविकलमभिप्रेतं, तेन न कालादिविकलतत्पालनलक्षणे इच्छायमेऽतिव्याप्तिः । न च सोऽपि प्रवृत्तियम एव, केवलं तथाविधसाधुचेष्टया प्रधान इच्छायम एव तात्त्विक-पक्षपातस्यापि द्रव्यक्रियातिशायित्वात् । तदुक्तं–"तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया । अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ।।१।।" संविग्नपाक्षिकस्य प्रवृत्तचक्रत्वानुरोधे तु प्रवृत्तियम एवायं तस्य शास्त्रयोगानियतत्वादिति नयभेदेन भावनीयम् ।।१९-२६।।

"અહિંસાદિયમવાળા આત્માઓની કથાના શ્રવણાદિથી થતા આનંદથી યુક્ત એવી જે યમની ઇચ્છા, તેને ઇચ્છાયમ કહેવાય છે અને પ્રવૃત્તિયમ તેને કહેવાય છે કે જે ઉપશમથી યુક્ત તેનું પાલન કરે છે." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો સામાન્યાર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે આ બત્રીશીના બીજા શ્લોકમાં જણાવ્યા મુજબ ઇચ્છાયોગના સ્વરૂપનો વિચાર કરવાથી સમજાશે કે સાધનની વિકલતામાં જ્યારે વિહિત અનુષ્ઠાનની ઉત્કટ ઇચ્છાથી કાલાદિથી વિકલ અનુષ્ઠાન કરવામાં આવે છે ત્યારે તે ઇચ્છાયોગનું અનુષ્ઠાન હોય છે. ઇચ્છાયમ પણ ઇચ્છાયોગવિશેષ છે. અહિંસાદિ પાંચ પ્રકારના યમસ્વરૂપ મહાવ્રતોને જે લોકો સારી રીતે આરાધે છે, તેઓની કથાના પુણ્યશ્રવણથી આત્માને પરમ આનંદ થાય છે અને તેથી તે તે મહાત્માઓની જેમ મને પણ તે અહિંસાદિયમની પ્રાપ્તિ ક્યારે થશે, કઇ રીતે થશે... ઇત્યાદિ ઇચ્છા, યમના વિષયમાં થાય છે. તેને 'ઇચ્છાયમ' કહેવાય છે. યોગની તીવ્ર ઇચ્છાની અભિવ્યક્તિ આ રીતે થતી હોય છે. યમ-નિયમાદિ અષ્ટાંગયોગની સાધનામાં યોગના પ્રથમ અંગ સ્વરૂપે અહિંસાદિ પાંચ યમની પ્રાપ્તિ થતી હોય છે. મહાવ્રતોના નામથી પ્રસિદ્ધ યમ, ઇચ્છાદિના ભેદથી ચાર પ્રકારનો છે. પ્રવૃત્તિના અભાવમાં પણ ઇચ્છા કેટલી ઉત્કટ હોય છે તે આપણે આપણી દૈનિક આહારાદિની પ્રવૃત્તિથી સમજી શકીએ છીએ. એ મુજબ જ આ ઇચ્છાયમનું સ્વરૂપ સમજી લેવું જોઇએ. આપણે જે ઇચ્છીએ છીએ તે કરી શકતા ન હોઇએ ત્યારે તે વસ્તુને પામેલાઓની તેમ જ તે વસ્તુની કે તેના સાધનાદિની કથા(વાત) સાંભળવામાં અત્યંત પ્રીતિ થતી હોય છે અને તેને લઇને તે વિષયની તીવ્ર સ્પૃહા થાય છે. એવી યમવિષયિણી તીવ્ર સ્પૃહાને ઇચ્છાયમ કહેવાય છે.

તે યમો(અહિંસાદિ)નું ક્રોધાદિ કષાયોના ઉપશમપૂર્વકનું જે પાલન(પ્રવૃત્તિ) છે, તેને પ્રવૃત્તિયમ કહેવાય છે. અહીં કાલાદિથી અવિકલ પાલન જ પ્રવૃત્તિયમ તરીકે વિવક્ષિત છે, તેથી કાલાદિથી વિકલ એવા પાલનથી યુક્ત એવા ઇચ્છાયમને પ્રવૃત્તિયમ કહેવાનો પ્રસંગ નહીં આવે. અન્યથા પાલનસામાન્યને (વિકલ-અવિકલ) પ્રવૃત્તિયમ માનવામાં આવે તો ઇચ્છાયમને પણ પ્રવૃત્તિયમ માનવાનો પ્રસંગ સ્પષ્ટ છે.

યમના વિકલ પણ પાલનને પ્રવૃત્તિયમ કહેવાનું યોગ્ય નથી. કારણ કે વિકલયમની પ્રવૃત્તિ સ્થળે તેવી સાધુઓની સચ્ચેષ્ટાને લઇને ત્યાં પ્રધાન-શ્રેષ્ઠ ઇચ્છાયમ જ મનાય છે. શુદ્ધક્રિયાનો જ્યાં અભાવ છે પરંતુ તાત્ત્વિક પક્ષપાત (આગ્રહ) છે, ત્યાં દ્રવ્યક્રિયા(વિકલ અનુષ્ઠાન)ની અપેક્ષાએ તાત્ત્વિક પક્ષપાતને શ્રેષ્ઠ મનાય છે. 'યોગદષ્ટિ સમુચ્ચય'માં શ્લો.નં. ૨૨૩થી ફરમાવ્યું છે કે - 'તાત્ત્વિકપક્ષપાત(ક્રિયાશૂન્ય ભાવ) અને ભાવશૂન્ય જે ક્રિયા(તાત્ત્વિકપક્ષપાત-રહિત ક્રિયા) : એ બંન્નેમાં સૂર્ય અને ખદ્યોત(ખજવો) જેટલું અંતર છે અર્થાત્ ઘણો મોટો ફરક છે.

યદ્યપિ સંવિગ્નપાક્ષિક આત્માઓનું તે તે અનુષ્ઠાન કાલાદિથી વિકલ હોવા છતાં તેમને પ્રવૃત્તચક્રયોગી મનાય છે, તેથી તે મુજબ તેમને પ્રવૃત્તિયમ છે - એમ માનવાનું આવશ્યક હોવાથી પ્રવૃત્તિયમની વિવક્ષામાં પ્રવૃત્તિસામાન્યની વિવક્ષા કરવી જોઇએ. અન્યથા સંવિગ્નપાક્ષિકોને તેવા પ્રકારના અવિકલ અનુષ્ઠાનના અભાવે પ્રવૃત્તિયમના અભાવમાં પ્રવૃત્તચક્રયોગી માનવાનું શક્ય નહીં બને. પરંતુ સંવિગ્નપાક્ષિકોને પ્રવૃત્તચક્રયોગી તરીકે વર્ણવાય છે, તેથી તેમના યમ(વિકલ પણ યમ)ને પ્રવૃત્તિયમ જ કહેવાય છે. પ્રવૃત્તિયમ માટે યમનું પાલન શાસ્ત્રનિયત (શાસ્ત્રયોગાનુસારી) જ હોવું જોઇએ એવો નિયમ નથી. વ્યવહારનયવિશેષની અપેક્ષાએ એ વિચારવું જોઇએ. ॥૧૯-૨૬॥

'સ્થિરયમ'નું સ્વરૂપ વર્ણવાય છે–

**सत्क्षयोपशमोत्कर्षादतिचारादिचिन्तया ।**
**रहिता यमसेवा तु, तृतीयो यम उच्यते ॥१९-२७॥**

सदिति–सतो विशिष्टस्य क्षयोपशमस्योत्कर्षादुद्रेकादतिचारादीनां चिन्तया रहिता तदभावस्यैव विनिश्चयात् । यमसेवा तु तृतीयो यमः स्थिरयम उच्यते ॥१९-२७॥

"વિશિષ્ટ ક્ષયોપશમના ઉત્કર્ષથી અતિચારાદિની ચિંતાથી રહિત જે યમનું પાલન છે તેને ત્રીજો સ્થિરયમ કહેવાય છે." - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે પ્રવૃત્તિયમ અને સ્થિરયમ બંન્નેમાં યમનું પાલન તો હોય છે. પરંતુ ચારિત્રમોહનીયાદિ કર્મના વિશિષ્ટ ક્ષયોપશમાદિના કારણે મહાવ્રતોના પાલનમાં કોઇ પણ અતિચાર લાગવાનો સંભવ રહેતો ન હોવાથી

જ્યારે તે તે અતિચારોના અભાવનો નિશ્ચય થાય છે, ત્યારે તે યમના પાલનને સ્થિરયમ કહેવાય છે.

ક્ષયોપશમના ઉત્કર્ષથી મહાવ્રતોના પાલનમાં અતિચાર - અનાચાર વગેરેનો ભય ન હોવાથી અતિચારાદિની ચિંતાથી રહિત એવી યમની સેવા સ્થિરયમમાં હોય છે. પ્રવૃત્તિયમમાં એવો ક્ષયોપશમનો ઉત્કર્ષ ન હોવાથી અતિચારાદિનો ભય હોવાથી અતિચારાદિની ચિંતા હોય છે. તેથી ત્યાં યમોનું- મહાવ્રતોનું પાલન અતિચારાદિની ચિંતાથી રહિત હોતું નથી... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૧૯-૨૭॥

સિદ્ધિયમનું સ્વરૂપ વર્ણવાય છે–

**परार्थसाधिका त्वेषा, सिद्धिः शुद्धान्तरात्मनः ।**
**अचिन्त्यशक्तियोगेन, चतुर्थो यम उच्यते ॥१९-२८॥**

परार्थेति–परार्थसाधिका स्वसन्निधौ परस्य वैरत्यागादिकारिणी तु एषा यमसेवा सिद्धिः । शुद्धः क्षीणमलतया निर्मलोऽन्तरात्मा यस्य । अचिन्त्याया अनिर्वचनीयायाः शक्तेः स्ववीर्योल्लासरूपाया योगेन चतुर्थो यम उच्यते ॥१९-२८॥

"શુદ્ધમનવાળા આત્માની અચિંત્ય શક્તિના યોગે બીજાના પ્રયોજન(કાર્ય)ને સાધી આપનારી સિદ્ધિને ચતુર્થયમ-સિદ્ધિયમ કહેવાય છે." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે જે યોગના યોગીના સાંનિધ્યને લઇને બીજાને વૈરત્યાગ વગેરેની પ્રાપ્તિ થાય છે તે યોગસ્વરૂપ યમની સિદ્ધિને સિદ્ધિયમ કહેવાય છે.

જેમનો અંતરાત્મા(મન) કર્મમલના ક્ષયથી નિર્મળ છે તે શુદ્ધમનવાળા યોગીજનોના અચિંત્યવીર્યોલ્લાસસ્વરૂપ સામર્થ્યથી બીજાને પણ પોતાની સિદ્ધિ જેવી સિદ્ધિને પ્રાપ્ત કરાવનારી સિદ્ધિ સ્વરૂપ ચોથા યમની પ્રાપ્તિ થાય છે. કોઇ સંયોગોમાં તેવા પ્રકારની અન્ય કારણસામગ્રીનો અભાવ હોય તો યોગીઓની સિદ્ધિથી બીજાને તેવી સિદ્ધિ ન પણ મળે એ બનવાજોગ છે. એટલા માત્રથી યોગીજનને સિદ્ધિ મળી નથી - એમ માનવાની ભૂલ કરવી ના જોઇએ. કારણ કે આવા પ્રસંગે યોગીજનોની સિદ્ધિમાં પરાર્થ-સાધકત્વ સ્વરૂપયોગ્યતારૂપે છે જ... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૧૯-૨૮॥

ચાર પ્રકારના ઇચ્છાદિયમોનું નિરૂપણ કરીને હવે અવગ્ચક ત્રણ યોગોનું સ્વરૂપ જણાવતાં પ્રથમ અવંચક યોગનું સ્વરૂપ વર્ણવાય છે–

**सद्भिः कल्याणसम्पन्नै, र्दर्शनादपि पावनैः ।**
**तथादर्शनतो योग, आद्यावञ्चक उच्यते ।।१९-२९।।**

सद्भिरिति–सद्भिरुत्तमैः । कल्याणसम्पन्नैर्विशिष्टपुण्यवद्भिः । दर्शनादप्यवलोकनादपि पावनैः पवित्रैः । तथा तेन प्रकारेण गुणवत्तयेत्यर्थः । दर्शनतो योगः सम्बन्ध आद्यावञ्चकः सद्योगावञ्चक इष्यते ।।१९-२९।।

"દર્શનથી પણ પવિત્ર કરનારા એવા ઉત્તમ વિશિષ્ટ પુણ્યવાળા યોગીઓની સાથે તેવા પ્રકારે દર્શનને આશ્રયીને જે સંબંધ છે તેને આદ્યાવંચક(યોગાવંચક) યોગ કહેવાય છે." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે યોગીજનોના દર્શન દ્વારા તેમની સાથે આપણો જે સંબંધ થાય છે તેને પ્રથમ યોગાવંચક યોગ કહેવાય છે. અવંચક ત્રણ યોગમાં તે પ્રથમ છે.

જે યોગીજનોના દર્શનથી યોગાવંચકયોગની પ્રાપ્તિ થાય છે, તે યોગીઓનું સ્વરૂપ શ્લોકના પૂર્વાર્દ્ધથી વર્ણવ્યું છે. તે યોગીજનો વિશિષ્ટપુણ્યસ્વરૂપ કલ્યાણના ભાજન હોય છે અને તેમના દર્શનમાત્ર થવાથી પણ તેઓ આપણા આત્માને પવિત્ર કરનારા હોય છે. એ ઉત્તમ યોગીઓનાં તેમને ગુણી માનીને જે દર્શન થાય છે તેવા દર્શનને આશ્રયીને તેમની સાથે થનારા સંબંધને આદ્ય (પ્રથમ) અવંચક (યોગાવંચક) યોગ કહેવાય છે. અવંચકયોગની શરૂઆતની આ અવસ્થા છે. આ અવસ્થાનું ઘણું જ મહત્ત્વ છે. એને અનુરૂપ જ આગળના યોગની પ્રાપ્તિ થવાની છે. શરૂઆતમાં જ યોગી સારા મળે, એ પણ સિદ્ધિનું મુખ્ય અંગ છે, નહિ તો આપણને યોગની સિદ્ધિ મેળવવી હોય અને એ વખતે માર્ગદર્શક યોગી સારા ન મળે તો; સિદ્ધિ તો દૂર રહી, પણ જે સિદ્ધ છે તે પણ ગુમાવવાનો વખત આવે એવું પણ બને !

શ્લોકમાંનું **तथादर्शनतो योग**... આ પદ નિરંતર સ્મરણીય છે. એનું તાત્પર્ય એ છે કે સારા પણ યોગીજનોનું દર્શન તેમને ગુણવાન માનીને થાય

તો જ યોગાવંચકયોગની પ્રાપ્તિ થાય છે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુનું દર્શન પણ તેને તેની વિશેષતાને જાણવાથી ફળે છે. અન્યથા તેનું કોઇ જ ફળ પ્રાપ્ત થતું નથી - એ સમજી શકાય છે. જેનું આપણને કામ હોય અને તે આપણને સામે જ મળી જાય પરંતુ તેમને આપણે ઓળખીએ જ નહિ તો કાર્ય સિદ્ધ કઇ રીતે થાય ? યોગીજનોની વિશેષતાને જાણીને તેમનું દર્શન થાય તો યોગાવંચકયોગની પ્રાપ્તિ થઇ શકે છે... ઇત્યાદિ સ્પષ્ટ રીતે સમજી લેવું જોઇએ. ।।૧૯-૨૯।।

ક્રિયાવંચકયોગનું સ્વરૂપ વર્ણવાય છે–

**तेषामेव प्रणामादिक्रियानियम इत्यलम् ।**
**क्रियावञ्चकयोगः स्यान्महापापक्षयोदयः ।।१९-३०।।**

तेषामेवेति–तेषामेव सतामेव प्रणामादिक्रियानियम इत्यलं क्रियावञ्चकयोगः स्यात् । महापापक्षयस्य नीचैर्गोत्रकर्मक्षयस्योदय उत्पत्तिर्यस्मात् स तथा ।।१९-३०।।

"સદ્યોગીઓને જ પ્રણામ વગેરે કરવાના નિયમથી ક્રિયાવંચકયોગ સારી રીતે (સમર્થપણે) થાય છે, જેનાથી મહાપાપના ક્ષયનો ઉદય થાય છે." - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય સ્પષ્ટ છે કે યોગાવંચકયોગની પ્રાપ્તિથી યોગીજનોનું ગુણવાન તરીકે દર્શન થાય છે. ત્યાર પછી નિયમિતપણે તેમને પ્રણામ કરવાની તેમ જ તેમનો સત્કાર કરવા વગેરેની ક્રિયા કરવાથી ક્રિયાવંચકયોગની પ્રાપ્તિ થાય છે.

કહેવાનો આશય એ છે કે વિશિષ્ટપુણ્યવાળા ઉત્તમ યોગીના દર્શન પછી પણ પ્રમાદાદિના કારણે અથવા તો બાહ્ય સંયોગોની વિચિત્રતાના કારણે તેઓશ્રીને પ્રણામ કરવાનું બનતું નથી. બને તો તેવો નિયમ રહેતો નથી અને તેથી એવા યોગીજનોને પ્રણામ કરવા વગેરેથી પ્રાપ્ત થનારા ફળથી આપણે વંચિત રહીએ છીએ. પરંતુ ચોક્કસપણે એવા યોગીજનોને પ્રણામ વગેરે કરવાથી તે યોગના ફળને આપવા માટે સમર્થ એવો ક્રિયાવંચકયોગ પ્રાપ્ત થાય છે. 'ક્રિયાવંચક' શબ્દના અર્થ ઉપરથી એ સમજી શકાય છે.

આ બીજા અવંચકયોગથી મહાપાપસ્વરૂપ નીચગોત્રકર્મનો ક્ષય થાય છે. યોગના અર્થી જનો માટે નીચગોત્રકર્મ મહાપાપસ્વરૂપ છે. કારણ કે એ કર્મના

ઉદયથી જ્યાં યોગનું નામ પણ સાંભળવા ન મળે એવા નીચકુળમાં જન્મ મળે છે. યોગના અર્થી માટે એવા જન્મને છોડીને બીજું કયું ખરાબ છે ? જે જોઇએ છે એ જ મળે નહીં અને બીજું બધું મળે એનો કોઇ અર્થ નથી - એમ જ યોગના અર્થીઓને થતું હોય છે. યોગની સિદ્ધિ માટે ખૂબ જ અગત્યનું એ સાધન છે. એની પ્રાપ્તિમાં નીચગોત્રકર્મનો ઉદય પ્રતિબંધક છે અને એનો ક્ષય આ ક્રિયાવંચકયોગથી થાય છે. ॥૧૯-૩૦॥

છેલ્લા અવંચકયોગનું સ્વરૂપ જણાવાય છે–

**फलावञ्चकयोगस्तु, सद्भ्य एव नियोगतः ।**
**सानुबन्धफलावाप्तिर्धर्मसिद्धौ सतां मता ॥१९-३१॥**

फलेति–फलावञ्चकयोगस्तु सद्भ्य एवानन्तरोदितेभ्यो नियोगतोऽवश्यम्भावेन सानुवन्धस्योत्तरोत्तरवृत्तिमतः फलस्यावाप्तिस्तथा सदुपदेशादिना धर्मसिद्धौ विषये सतां मता ॥१९-३१॥

"ઉત્તમ પ્રકારના યોગીઓથી જ અવશ્યપણે ઉત્તરોત્તર તે તે ફળની પ્રાપ્તિને, ધર્મસિદ્ધિને વિશે ફલાવંચકયોગ તરીકે સત્પુરુષોએ માની છે." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે - જે યોગીઓને ક્રિયાવંચકયોગને લઇને પ્રણામ વગેરે સ્વરૂપ ક્રિયા કરી હતી તે ઉત્તમયોગી પાસેથી જ સદુપદેશાદિને પ્રાપ્ત કરવાથી ચોક્કસપણે જે ફળની ઉત્તરોત્તર પ્રાપ્તિ થાય છે તે જ ફલાવંચકયોગ તરીકે મનાય છે.

અહીં ધર્મસિદ્ધિના વિષયમાં યોગાવંચકાદિની ઉપયોગિતા સ્પષ્ટપણે વિચારી લેવી જોઇએ. ઉત્તમયોગીઓનું દર્શન, તેમને પ્રણામ વગેરે કરવા સ્વરૂપ ક્રિયાનું કરણ અને ત્યાર બાદ તેમની જ પાસે સદુપદેશાદિનું શ્રવણ કરવાથી મુમુક્ષુ આત્માને સાનુબંધ ધર્મની પ્રાપ્તિ થાય છે. તે જ ફલાવંચકયોગ છે. ઉત્તરોત્તર અનુક્રમે વિશિષ્ટ એવા ધર્મસ્વરૂપ ફળની પ્રાપ્તિને અહીં સાનુબંધફલાવાપ્તિ તરીકે વર્ણવી છે. એકાદ બે વાર ધર્મસ્વરૂપ ફળ મળે પરંતુ પછી તે ન મળે તો તે નિરનુબંધ ફળની પ્રાપ્તિને ફલાવંચકયોગ સ્વરૂપે વર્ણવી નથી. યોગના ફળને જેઓ ઇચ્છે છે તેમની તે ઇચ્છાને પૂર્ણ કરવા માટે આ અવંચક ત્રણ યોગનું સ્વરૂપ તેઓએ સમજી

લેવું જોઇએ. તે તે કાર્ય કરતી વખતે શરૂઆત ખોટી ન થાય, ક્રિયા અટકી ન પડે અને તે બગડી ન જાય એની કાળજી આપણે ચાલુ વ્યવહારમાં બરાબર રાખતા હોઇએ છીએ. એવી જ કાળજી શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલાં અનુષ્ઠાન કરતી વખતે રાખવામાં આવે તો ચોક્કસ જ સિદ્ધિ પ્રાપ્ત થશે. ક્રિયાનો આરંભ ખોટો થાય તેમ જ ક્રિયા અટકી પડે કે બગડી જાય તો શું થાય એની કલ્પના આપણને છે જ, તેથી અવંચકયોગોનું મહત્ત્વ આપણે સારી રીતે સમજી શકીએ છીએ. ||૧૯-૩૧||

પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે–

**इत्थं योगविवेकस्य, विज्ञानाद्धीनकल्मषः ।**
**यतमानो यथाशक्ति, परमानन्दमश्नुते ॥१९-३२॥**

इत्थमिति–स्पष्टः ॥१९-३२॥

"આ રીતે યોગવિવેકના વિશિષ્ટજ્ઞાનથી જેનાં પાપ ક્ષીણ થયાં છે તે પોતાની શક્તિનું અતિક્રમણ કર્યા વિના યોગની આરાધનામાં પ્રયત્ન કરનાર આત્માને પરમાનંદસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે." - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય સ્પષ્ટ છે કે આ પૂર્વે જણાવ્યા મુજબ અનેક રીતે યોગના ભેદ-પ્રભેદોનું જ્ઞાન કરાવવા માટે આ બત્રીશીમાં એ રીતે જ યોગવિવેકનું નિરૂપણ કરાયું છે.

એ યોગવિવેકના જ્ઞાનથી આત્માનાં પાપો ક્ષીણ થાય છે. આવી હીનકલ્મષ અવસ્થામાં પોતાની શક્તિ અનુસાર અર્થાત્ પોતાની શક્તિને ગોપવ્યા વિના જો યોગની સાધનામાં પ્રયત્ન કરવામાં આવે તો ચોક્કસ જ આત્મા પરમાનંદસ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. શ્લોકમાં **यतमानो यथाशक्ति** - આ ત્રીજું પદ છે, જે મુમુક્ષુજનોએ નિરંતર યાદ કરવું જોઇએ. યોગની સાધનામાં યથાશક્તિ પ્રયત્ન હોય તો મોક્ષની પ્રાપ્તિમાં કોઇ અવરોધ નથી. અર્થ અને કામની પ્રાપ્તિ માટે જે પ્રયત્ન થાય છે તેનો જેને ખ્યાલ છે, એવા આત્માઓને યથાશક્તિ યત્નનો અર્થ સમજાવવાની આવશ્યકતા નથી. આપણી પાસે જેટલી શક્તિ છે એટલી બધી જ શક્તિનો ઉપયોગ કરી યોગની સાધનામાં પ્રયત્ન કરવા સ્વરૂપ જ અહીં યથાશક્તિ યતમાન અવસ્થા

છે. અંતે એવી અવસ્થાને પામવા દ્વારા ગ્રંથમાં જણાવ્યા મુજબ આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક શુભાભિલાષા. ॥૧૯-૩૨॥

**॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां योगविवेकद्वात्रिंशिका ॥**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

# પરિશીલનની પૂર્વે

'યોગવિવેક' બત્રીશીમાં સ્વાભિમત યોગનું નિરૂપણ કરીને અન્યદર્શનકારોએ વર્ણવેલા યોગ; તે કયા યોગમાં સમાય છે આવી જિજ્ઞાસાને શાંત કરવા આ બત્રીશીમાં 'યોગાવતાર' જણાવાય છે. ચિત્તવૃત્તિઓના નિરોધને યોગ તરીકે વર્ણવીને પતઞ્જલિ વગેરે યોગના જાણકારોએ સમ્પ્રજ્ઞાત અને અસમ્પ્રજ્ઞાત : આ બે મુખ્ય ભેદો વર્ણવ્યા છે.

તેના અવાંતર ભેદોનું સ્વરૂપ, તેનું ફળ અને તેને પ્રાપ્ત કરવાના સામાન્ય ઉપાયો વગેરેના વર્ણન સાથે યોગીઓના ચિત્તની દશાદિનું વર્ણન; પાતંજલયોગસૂત્ર વગેરેમાં વિસ્તારથી કરેલું છે. એને અનુલક્ષીને પૂ. મહામહોપાધ્યાયજી મહારાજાએ આ બત્રીશીની શરૂઆતમાં ચૌદ શ્લોક દ્વારા ખૂબ જ સંક્ષેપથી વર્ણન કર્યું છે. ખૂબ જ સ્વસ્થ ચિત્તે એકાગ્રતાપૂર્વક તેનું અધ્યયન કરવાથી અન્યદર્શનના યોગના સ્વરૂપાદિનો ખ્યાલ આવી શકે છે.

મૌલિક આત્માદિના સ્વરૂપમાં જ મતભેદ હોવાથી ખરેખર તો તેમની જ માન્યતા મુજબ તેમણે જણાવેલી વાતો સઙ્ગત થતી નથી. તેથી તેમની માન્યતા મુજબના યોગની વિચારણા કરવાનો કોઇ અર્થ નથી. પરંતુ યોગના જિજ્ઞાસુઓને જ્યાં પણ યોગની વાત સાંભળવા મળે એટલે તેનો સમાવેશ આપણે ત્યાં ક્યાં અને કઇ રીતે થઇ શકે તે અંગે જિજ્ઞાસા થતી હોય છે. તેને અનુસરીને પંદરમા શ્લોકથી યોગાવતારનો પ્રારંભ કરાયો છે.

અન્યાભિમત યોગનો યથાસંભવ સ્વાભિમત યોગમાં અવતરણ કરતાં ગ્રંથકારશ્રીએ સમાપત્તિનું વર્ણન વીશમા શ્લોકમાં સ્પષ્ટ રીતે કર્યું છે. ત્યાર પછી અસમ્પ્રજ્ઞાતયોગનો સમાવેશ વૃત્તિસંક્ષય નામના યોગમાં જણાવીને તેના ફળ સ્વરૂપે પાપાકરણનિયમનું વર્ણન કર્યું છે, જે યોગનું વાસ્તવિક ફળ છે. એ નિયમના અભાવમાં યોગની પ્રવૃત્તિનું વસ્તુતઃ કોઇ ફળ નથી. દૃષ્ટાંતથી પાપાકરણનિયમની આવશ્યકતા સમજાવીને અંતે મોક્ષની પ્રાપ્તિમાં તેનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું છે. તેને લઇને જ વૃત્તિસંક્ષયયોગ ઉપપન્ન બને છે... ઇત્યાદિ નિરૂપણ યોગના અર્થીઓ માટે અનુશીલન કરવા યોગ્ય છે. યોગશાસ્ત્ર અને આપણું

વર્તન : એ બંન્નેનો સંવાદ જ આપણા આત્માને પરમાત્મા બનાવી શકે છે - એ સાધકે તો નહીં જ ભૂલવું જોઇએ.

આ રીતે અન્યદર્શનકારે જણાવેલા અને જૈનદર્શનમાં જણાવેલા યોગનું સ્વરૂપ એક હોય તો ભેદ કઇ રીતે પડે છે - આ શઙ્કાનું સમાધાન ચોવીશમા શ્લોકમાં જણાવ્યું છે. દશ્ય એક હોવા છતાં બાહ્યસંયોગો, દ્રષ્ટાની સ્થિતિ અને સાધનની ક્ષતિ... વગેરે કારણે જેમ દશ્યમાં ભિન્નતા વર્ત્તાય છે તેમ દર્શનોમાં પણ ભેદ પડે છે. ઇત્યાદિ વર્ણન ખૂબ જ શ્રદ્ધાજનક છે. પચીસમા શ્લોકથી આ રીતે આઠ સદ્દષ્ટિઓના નિરૂપણનો પ્રારંભ થાય છે. તે તે દૃષ્ટિઓનું સ્વરૂપ, તે તે દૃષ્ટિમાં પ્રાપ્ત થતાં યોગનાં અઙ્ગો, બાધક દોષની હાનિ અને સાધક ગુણની પ્રાપ્તિનું અહીં સામાન્યથી વર્ણન છે. સંક્ષેપથી આઠ દૃષ્ટિઓના જ્ઞાન માટે એ પૂરતું છે.

બત્રીશીના અંતિમ ભાગમાં દૃષ્ટિઓના સાપાય નિરપાય; પ્રતિપાતયુતા અને અપ્રતિપાતયુતા : આ રીતે બે બે ભેદ દર્શાવ્યા છે. એમાંનો આદ્ય ચાર દૃષ્ટિઓનો પ્રથમ ભેદ મિથ્યાદૃષ્ટિને હોય છે અને બીજો ભેદ ભિન્નગ્રંથિક જીવોને હોય છે - એ જણાવીને છેલ્લે મિથ્યાદૃષ્ટિઓને સદ્દૃષ્ટિઓ કઇ રીતે હોય - એ શઙ્કાનું સમાધાન જણાવ્યું છે. મિથ્યાત્વની મંદતામાં પ્રથમ ચાર દૃષ્ટિઓ પણ આત્માને મોક્ષની સાથે જોડી આપે છે. તેથી તેને યોગદૃષ્ટિ કહેવાય છે. મિથ્યાદૃષ્ટિ-ગુણસ્થાનકે પણ નિસર્ગથી જ જેઓ ભદ્રમૂર્ત્તિ, શાંત, મૃદુ, વિનીત અને સંતોષના સુખની પ્રધાનતાને માનનારા હોય છે તેઓ પરમાનંદના ભાજન બને છે - આ વાત છેલ્લા શ્લોકથી જણાવી છે.

અંતે આ રીતે પ્રથમ ગુણસ્થાનકની નૈસર્ગિક એ યોગ્યતાને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની આપણે પરમાનંદના ભાજન બની રહીએ... એ જ એક અભ્યર્થના...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

જૈન ઉપાશ્રય : પિંપળગામ
(બસવંત) (જિ. નાસિક)
ફાગણ સુદ-૩, સોમવાર, તા. ૨૩-૦૨-૨૦૦૪

अनन्तरोक्तो योगविवेकः स्वाभिमतयोगभेदे परोक्तयोगानामवतारे सति व्यवतिष्ठत इत्यतोऽयं निरूप्यते–

આ પૂર્વેની યોગવિવેકબત્રીશીમાં વર્ણવેલા પોતાને માન્ય એવા યોગના ભેદોમાં અન્ય દર્શનકારોએ વર્ણવેલા તે તે યોગના પ્રકારોનો અવતાર(સમાવેશ) થયે છતે પોતાના માન્ય યોગપ્રકારો વ્યવસ્થિત બને છે. તેથી આ બત્રીશીથી યોગાવતાર જણાવાય છે. કહેવાનો આશય એ છે કે અન્યદર્શનકારોએ પણ ચિત્તવૃત્તિના નિરોધાદિને યોગના સ્વરૂપે વર્ણવીને તેના સંપ્રજ્ઞાતાદિ ભેદો વર્ણવ્યા છે. એનો ખ્યાલ આવવાથી મુમુક્ષુઓને અધ્યાત્માદિ યોગોમાં તેનો સમાવેશ ક્યાં થાય છે... વગેરે જાણવાની ઈચ્છા થાય એ સમજી શકાય છે. મુમુક્ષુઓની તે તે જિજ્ઞાસાને તૃપ્ત કરવા આ બત્રીશીથી યોગાવતારનું નિરૂપણ કરાય છે–

**सम्प्रज्ञातोऽपरश्चेति, द्विधाऽन्यैरयमिष्यते ।**
**सम्यक् प्रज्ञायते येन, सम्प्रज्ञातः स उच्यते ।।२०-१।।**

सम्प्रज्ञात इति–सम्प्रज्ञातोऽपरोऽसम्प्रज्ञातश्चेति अन्यैः पातञ्जलैरयं योगो द्विधेष्यते । सम्यक् संशयविपर्ययानध्यवसायरहितत्वेन प्रज्ञायते प्रकर्षेण ज्ञायते भाव्यस्य स्वरूपं येन स सम्प्रज्ञात उच्यते ।।२०-१।।

“જૈનેતર દર્શનના અનુયાયી એવા પાતંજલોએ સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત ભેદથી યોગને બે પ્રકારનો માન્યો છે. જેના વડે સારી રીતે ભાવ્ય(ભાવિત બનાવવા માટે યોગ્ય) પદાર્થો જણાય છે તેને સંપ્રજ્ઞાતયોગ કહેવાય છે.” આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે પાતંજલોની માન્યતા મુજબ સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત ભેદથી યોગ બે પ્રકારનો છે. સારી રીતે સંશય, વિપર્યય અને અનધ્યવસાયથી રહિતપણે ભાવ્યનું જેના વડે જ્ઞાન થાય છે; તેને સંપ્રજ્ઞાતયોગ કહેવાય છે. “આ પુરુષ છે કે સ્થાણુ (ઠૂંઠું) છે.”... ઈત્યાદિ સ્વરૂપ સંશય છે. શુક્તિ(છીપ)માં રજતનું જે જ્ઞાન થાય છે તે વિપર્યય છે અને રસ્તે જતી વખતે પગે અડતી વસ્તુ વગેરેનું જે અસ્પષ્ટ જ્ઞાન થાય છે તે અનધ્યવસાય છે.

ગ્રાહ્ય પૃથ્વી પાણી વગેરે અને ગંધ રૂપ રસ વગેરે; ગ્રહણ જ્ઞાનેન્દ્રિય તેમ જ કર્મેન્દ્રિય વગેરે અને ગ્રહીતા આત્મા વગેરે ત્રણ પ્રકારના ભાવ્ય (ધ્યેય-ધ્યાનના વિષય) છે. સંશય, વિપર્યય અને અનધ્યવસાયથી ભિન્ન એવું નિશ્ચયાત્મક, ભાવ્યનું પ્રકૃષ્ટજ્ઞાન, જે યોગથી થાય છે તેને સંપ્રજ્ઞાતયોગ કહેવાય છે. સામાન્ય રીતે ધ્યેયભૂત વિષયને ભાવ્ય કહેવાય છે. જેનું ધ્યાન કરાય છે; તેને ધ્યેય કહેવાય છે. ગ્રાહ્યાદિ ભાવ્ય સ્વરૂપનું પ્રકર્ષથી સંશયાદિથી રહિતપણે જે યોગથી જ્ઞાન થાય છે તે સંપ્રજ્ઞાતયોગ છે. કોઈ પણ વસ્તુનું તેવા પ્રકારનું વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન કરવું હોય તો તે વિષયના સ્વરૂપનું ધ્યાન આવશ્યક છે - એ સમજી શકાય છે. ||૨૦-૧||

સંપ્રજ્ઞાતસમાધિ-યોગના પ્રકાર જણાવાય છે–

**वितर्केण विचारेणानन्देनास्मितयान्वितः ।**
**भाव्यस्य भावनाभेदात्, सम्प्रज्ञातश्चतुर्विधः ॥२०-२॥**

वितर्केणेति–वितर्केण विचारेणानन्देनास्मितयाऽन्वितः क्रमेण युक्तः । भाव्यस्य भावनाया विषयान्तरपरिहारेण चेतसि पुनः पुनर्निवेशनलक्षणाया भेदात् । सम्प्रज्ञातश्चतुर्विधो भवति । तदुक्तं–"वितर्कविचारानन्दास्मितारूपानुगमात्सम्प्रज्ञात इति [१-१७]" ॥२०-२॥

"ભાવ્યની ભાવનાના ભેદથી વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતાથી યુક્ત એવો સંપ્રજ્ઞાતયોગ ચાર પ્રકારનો છે." આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે પાતંજલદર્શનની માન્યતા મુજબ ચિત્તવૃત્તિઓનો નિરોધ યોગ છે. વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતાથી અન્વિત(અનુગત-સંબદ્ધ) એ નિરોધ અનુક્રમે વિતર્કાન્વિત, વિચારાન્વિત, આનંદાન્વિત અને અસ્મિતાન્વિત કહેવાય છે. તેથી તે સ્વરૂપે સંપ્રજ્ઞાતસમાધિ-યોગ ચાર પ્રકારનો છે. જે ભાવનામાં સંશય, વિપર્યય અને અનધ્યવસાયાત્મક જ્ઞાનના અભાવપૂર્વક યથાર્થરૂપે ધ્યેય-ભાવ્યનું જ્ઞાન થાય છે; તે ભાવનાવિશેષ સંપ્રજ્ઞાત છે. વિષયાંતરના પરિહારપૂર્વક કોઈ એક ધ્યેય-ભાવ્યનો ચિત્તમાં વારંવાર જે નિવેશ છે તેને ભાવના કહેવાય છે, જે ભાવ્યના ભેદથી વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતાથી અન્વિત બને છે. તે ચાર પ્રકારની ભાવનાથી સંપ્રજ્ઞાતયોગ ચાર

પ્રકારનો છે. 'પાતંજલયોગસૂત્રમાં સૂ.નં. ૧-૧૭' થી જણાવ્યું છે કે વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતાત્મક સ્વરૂપના અનુગમથી તે નિરોધ સંપ્રજ્ઞાત કહેવાય છે. આને જ સવિકલ્પયોગ અથવા સવિકલ્પસમાધિ કહેવાય છે. વિતર્ક, વિચાર વગેરેનું સ્વરૂપ હવે પછી જણાવાશે. ॥૨૦-૨॥

વિતર્કાન્વિત સંપ્રજ્ઞાતયોગનું સ્વરૂપ વર્ણવાય છે–

**पूर्वापरानुसन्धानाच्छब्दोल्लेखाच्च भावना ।**
**महाभूतेन्द्रियार्थेषु, सविकल्पोऽन्यथापरः ॥२०-३॥**

पूर्वेति–पूर्वापरयोरर्थयोरनुसन्धानाच्छब्दोल्लेखाच्छब्दार्थोपरागाच्च यदा भावना प्रवर्तते महाभूतेन्द्रियलक्षणेष्वर्थेषु स्थूलविषयेषु तदा सवितर्कः समाधिः । अन्यथाऽस्मिन्नेवालम्वने पूर्वापरानुसन्धानशब्दार्थोल्लेखशून्यत्वेन भावनायामपरो निर्वितर्कः ॥३॥

"પૃથ્વી વગેરે પાંચ મહાભૂતો અને ગંધાદિ પાંચ ઇન્દ્રિયાર્થોને વિશે પૂર્વાપરના અનુસંધાનથી અને શબ્દોના ઉલ્લેખથી જ્યારે ભાવના પ્રવર્ત્તે છે; ત્યારે સવિકલ્પ-સવિતર્ક (વિતર્કાન્વિત) સમાધિયોગ હોય છે. અન્યથા તાદૃશ શબ્દોના ઉલ્લેખથી શૂન્ય ભાવના પ્રવર્ત્તે છે; ત્યારે નિર્વિકલ્પ-નિર્વિતર્કસમાધિ હોય છે." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો સામાન્યાર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વાપર અર્થના અનુસંધાન(સ્મરણ)થી શબ્દ અને અર્થના સંબંધને લઈને જ્યારે પૃથ્વી પાણી અગ્નિ વાયુ અને આકાશ : આ પાંચ મહાભૂતો સ્વરૂપ સ્થૂલ વિષયમાં ભાવના-ધ્યાન પ્રવર્ત્તે છે; ત્યારે સવિતર્કસમાધિયોગ હોય છે. સામે ઘટ પડેલો હોય ત્યારે આને શું કહેવાય ? આ શું છે ? અને અહીં શું જાણ્યું ? - આ ત્રણેય પ્રશ્નોના જવાબમાં 'ઘટ' આવો એકાકાર ઉત્તર પ્રાપ્ત થતો હોય છે, જેને શબ્દ, અર્થ અને જ્ઞાનની એકરૂપતાની પ્રતીતિ કહેવાય છે. એમાં પૂર્વાપર અર્થનું અનુસંધાન અવશ્ય હોય છે. શબ્દ, અર્થ અને જ્ઞાન સ્વરૂપ વિકલ્પોથી સંકીર્ણ(એકમેક) આ સમાધિને સવિતર્કસમાધિ કહેવાય છે. જ્યારે પૂર્વાપરઅર્થના અનુસંધાનથી શબ્દાર્થના ઉલ્લેખનો અભાવ હોય ત્યારે માત્ર ઘટાદિસ્વરૂપ મહાભૂતોના અર્થનિર્ભાસથી યુક્ત સમાધિ નિર્વિતર્ક મનાય છે.

સ્થૂલ મહાભૂતો અને સૂક્ષ્મ ગંધાદિ પંચતન્માત્રા ગ્રાહ્ય છે. તેના વિષયવાળી સમાધિને ગ્રાહ્યસમાધિ કહેવાય છે. સ્થૂલવિષયક ગ્રાહ્યસમાધિ વિતર્કાનુગત છે, જે ઉપર જણાવ્યા મુજબ સવિકલ્પ અને નિર્વિકલ્પ યોગ સ્વરૂપ છે. સામાન્ય રીતે કોઇ પણ લક્ષ્યવેધી પહેલાં સ્થૂલ લક્ષ્યને વીંધવા માટે તેની પ્રત્યે ધ્યાન આપે છે અને ત્યાર પછી સૂક્ષ્મ લક્ષ્યને વીંધવા માટે તેની પ્રત્યે ધ્યાન આપે છે. તેમ અહીં પણ સ્થૂલ અને સૂક્ષ્મ વિષયમાં અનુક્રમે ભાવના પ્રવર્ત્તે છે... ઇત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું. ॥૨૦-૩॥

વિચારાન્વિતસમાધિનું (સંપ્રજ્ઞાતયોગનું) નિરૂપણ કરાય છે–

**तन्मात्रान्तःकरणयोः, सूक्ष्मयो र्भावना पुनः ।**
**दिक्कालधर्मावच्छेदात्, सविचारोऽन्यथापरः ॥२०-४॥**

तन्मात्रेति–तन्मात्रान्तःकरणयोः सूक्ष्मयोर्भाव्ययोर्दिक्कालधर्मावच्छेदाद् देशकाल-धर्मावच्छेदेन भावना पुनः सविचारः समाधिः । अन्यथा तस्मिन्नेवालम्बने देशकाल-धर्मावच्छेदं विना धर्मिमात्रावभासित्वेन भावनायामपरो निर्विचारः ॥२०-४॥

''દેશ અને કાળને લઇને સૂક્ષ્મ એવા ગંધાદિતન્માત્રા અને અંતઃકરણના વિષયમાં જે ભાવના(ધ્યાનવિશેષ) છે; તેને સવિચારસમાધિયોગ કહેવાય છે. અન્યથા દેશ-કાળને આશ્રયીને ન પ્રવર્ત્તતી ભાવનામાં જ્યારે માત્ર ધર્મી જ (પંચતન્માત્રા અને અંતઃકરણ જ) ભાસે છે, ત્યારે એ જ સમાધિને 'નિર્વિચારસમાધિયોગ' કહેવાય છે.'' - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે.

એનો આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ ગ્રાહ્ય; સ્થૂલ અને સૂક્ષ્મ ભેદથી બે પ્રકારના છે. સ્થૂલ ગ્રાહ્ય ભાવ્યને વિષય બનાવીને જ્યારે ભાવના પ્રવર્ત્તે છે ત્યારે વિતર્કાનુગતસમાધિ હોય છે. પરંતુ સૂક્ષ્મ ગ્રાહ્યને વિષય બનાવીને પ્રવર્ત્તતી ભાવના હોય ત્યારે વિચારાનુગતસમાધિ હોય છે, જેના સવિચાર અને નિર્વિચાર : એમ બે ભેદ છે. પૃથ્વી વગેરેના સૂક્ષ્મ પરમાણુ; ગંધાદિ પંચતન્માત્રા અને સાંખ્યદર્શનપ્રસિદ્ધ મહત્તત્ત્વ સ્વરૂપ અંતઃકરણ સૂક્ષ્મ ગ્રાહ્ય છે. તેના ધ્યાન વખતે ઊર્ધ્વાદિ દેશ તેમ જ વર્તમાનાદિ કાળને આશ્રયીને જે ભાવના પ્રવર્ત્તે છે, તે સવિચારસમાધિ છે. અન્યથા સૂક્ષ્મ ગ્રાહ્યના વિષયમાં જ જ્યારે દેશ કે કાળના અવચ્છેદ વિના માત્ર સૂક્ષ્મ ધર્મીનો જ અવભાસ કરાય

છે ત્યારે નિર્વિચારસમાધિ હોય છે. સ્થૂલ મહાભૂતોના કારણભૂત જે પંચતન્માત્રાદિ છે; તે સૂક્ષ્મગ્રાહ્ય છે. તે તે દેશ-કાળને આશ્રયીને સૂક્ષ્મ ગ્રાહ્યની ભાવનાને સવિચાર-સમાધિયોગ કહેવાય છે... ઇત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. આથી વિશેષ હવે પછીના શ્લોકોથી સ્પષ્ટ કરાશે. ॥૨૦-૪॥

આનંદાનુગત સંપ્રજ્ઞાતયોગનું સ્વરૂપ વર્ણવાય છે–

**यदा रजस्तमोलेशानुविद्धं भाव्यते मनः ।**
**तदा भाव्यसुखोद्रेकाच्चिच्छक्ते र्गुणभावतः ॥२०-५॥**

यदेति–यदा रजस्तमसोर्लेशेनानुविद्धं मनोऽन्तःकरणतत्त्वं भाव्यते तदा भाव्यस्य भावनाविषयस्य सुखस्य सुखप्रकाशमयस्य सत्त्वस्योद्रेकादाधिक्याच्चिच्छक्तेर्गुणभावतोऽनुद्रेकात् ॥२०-५॥

“જ્યારે રજોગુણ અને તમોગુણના લેશથી(અંશથી) અનુવિદ્ધ(સંબદ્ધ-વ્યાપ્ત) એવા મનનું ધ્યાન (ભાવના) થાય છે; ત્યારે ભાવ્ય(ધ્યેય-ભાવનાનો વિષય) સ્વરૂપ સુખના ઉદ્રેક(આધિક્ય)થી ચિત્‌શક્તિની ગૌણતાના કારણે સાનંદ-સમાધિયોગ થાય છે.” - આ પ્રમાણે **सानन्दोऽत्रैव**... ઇત્યાદિ શ્લોકમાંના (છઠ્ઠા શ્લોકમાંના) **सानन्द** પદના સંબંધથી પાંચમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સંપ્રજ્ઞાતયોગના ત્રીજા આનંદાનુગત-સાનંદ પ્રકારનું આ શ્લોકથી વર્ણન કરાયું છે. ગ્રહણસમાધિસ્વરૂપ આ યોગ છે. આનો વિષય, ગ્રહણ સ્વરૂપ મન અને ઇન્દ્રિયો છે. સામાન્ય રીતે મનના વિષયને આશ્રયીને અહીં સાનંદયોગનું સ્વરૂપ દર્શાવ્યું છે. સાંખ્યાદિ દર્શનપ્રસિદ્ધ અંતઃકરણતત્ત્વસ્વરૂપ મન છે; જે જ્ઞાનનું સાધન છે, ચિત્‌શક્તિથી અન્વિત છે. સત્ત્વ, રજસ્‌ અને તમોગુણમાંના રજોગુણ અને તમોગુણની અત્યંત અલ્પતાથી અનુવિદ્ધ એવા મનની જ્યારે ભાવના પ્રવર્ત્તે છે ત્યારે ભાવનાના વિષયભૂત મન; સુખસ્વરૂપ અર્થાત્‌ સુખપ્રકાશ(જ્ઞાન)સ્વરૂપ સત્ત્વગુણથી પરિપૂર્ણ-ઉદ્રિક્ત હોય છે. તેથી તે વખતે ચિત્‌શક્તિની અનુદ્રિક્તાવસ્થાને લઇને સુખાનુભવસ્વરૂપ સાનંદસમાધિ હોય છે. તે વખતે સુખનું જ્ઞાન હોવા છતાં સુખનું પ્રાધાન્ય અને જ્ઞાનનું અપ્રાધાન્ય વર્ત્તાય છે... એ સમજી શકાય છે. ॥૨૦-૫॥

સાનંદસમાધિ વખતે યોગીઓનું જે સ્વરૂપ હોય છે તે વર્ણવાય છે–

**सानन्दोऽत्रैव भण्यन्ते, विदेहा बद्धवृत्तयः ।**
**देहाहङ्कारविगमात्, प्रधानपुमदर्शिनः ।।२०-६।।**

सानन्द इति–सानन्दः समाधिर्भवत्युक्तहेतुतः । अत्रैव समाधौ बद्धवृत्तयो विदेहा भण्यन्ते । देहाहङ्कारविगमाद् बहिर्विषयावेशनिवृत्तेः । प्रधानपुमदर्शिनः प्रधानपुरुषतत्त्वाविभावकाः ।।२०-६।।

"આ સાનંદસમાધિમાં જ જેમનું ચિત્ત લીન બન્યું છે; તે યોગીજનોના દેહાહંકારની નિવૃત્તિ થવાથી તેઓને વિદેહ કહેવાય છે. જેઓ પ્રધાન અને પુરુષતત્ત્વના વિભાવક હોતા નથી." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. આ શ્લોકમાંના **सानन्द** આ પદનો સંબંધ પાંચમા શ્લોકમાં છે. ત્યાં એ પ્રમાણે અર્થ કર્યો છે.

કહેવાનો આશય એ છે કે સાનંદસમાધિમાં ભાવ્ય મન છે. તે સમાધિમાં ચિત્ત લીન થવાથી મનમાં જ લય પામવાના કારણે યોગીના શરીરાહંકારનો વિગમ થાય છે. અનાત્મભૂત શરીરમાં અહંકાર(આત્મત્વ)નો વિગમ થવાથી બાહ્ય વિષયોની પ્રત્યેના આવેશની નિવૃત્તિ થાય છે. પરંતુ આ સાનંદસમાધિમાં(ગ્રહણસમાધિમાં) લીન થવાથી ગ્રહીતૃ પ્રધાન-પુરુષ વગેરે તત્ત્વોનું વિભાવન અહીં હોતું નથી. અનાત્મભૂત શરીરનો અધ્યાસ ન હોવાથી અહીં યોગીને વિદેહ કહેવાય છે. ધ્યાતા ધ્યેયાકાર પરિણત બની જ્યારે તેમાં જ બદ્ધવૃત્તિવાળો બને ત્યારે તેનાથી અતિરિક્તનું વિભાવન કરી શકતો નથી - એ સમજી શકાય છે. સામાન્ય રીતે જે માણસ ભૂત અથવા ઈન્દ્રિયોમાંથી કોઈ પદાર્થમાં આત્મત્વની ભાવના કરી તેનું જ સમાધિમાં આલંબન કરી તેનું જ ધ્યાન કરે છે ત્યારે તે વિદેહ કહેવાય છે. કારણ કે તે દેહપાત પછી ભૂત અથવા ઈન્દ્રિયોમાં લીન હોવાથી તે દેહરહિત થાય છે. જ્યાં સુધી તેઓ એ રીતે ધ્યેયમાં લીન રહે છે ત્યાં સુધી તેમની વૃત્તિઓ નિરુદ્ધ રહે છે. ગ્રાહ્ય અને ગ્રહીતૃ(પૃથ્વ્યાદિ વિષયો અને પુરુષ)નું ધ્યાન આ સાનંદસમાધિ વખતે હોતું નથી, જે **प्रधानपुमदर्शिनः** આ પદથી જણાવ્યું છે. ।।૨૦-૬।।

અસ્મિતાનુગત સંપ્રજ્ઞાતયોગનું નિરૂપણ કરાય છે–

**सत्त्वं रजस्तमोलेशानाक्रान्तं यत्र भाव्यते ।**
**स सास्मितोऽत्र चिच्छक्तिसत्त्वयो मुर्ख्यगौणता ।।२०-७।।**

सत्त्वमिति–यत्र रजस्तमोलेशेनानाक्रान्तं सत्त्वं भाव्यते, स सास्मितः समाधिः । अत्र चिच्छक्तिसत्त्वयोर्मुख्यगौणता । भाव्यस्य शुद्धसत्त्वस्य न्यग्भावाच्चितिशक्तेश्च उद्रेकात् सत्तामात्रावशेषत्वाच्चात्र सास्मितत्वोपपत्तिः । न चाहङ्कारास्मितयोरभेदः शङ्कनीयः, यतो यत्रान्तःकरणमहमित्युल्लेखेन विषयं वेदयते सोऽहङ्कारः, यत्रान्तर्मुखतया प्रतिलोमपरिणामेन प्रकृतिलीने चेतसि सत्तामात्रमेव भाति साऽस्मितेति ।।२०-७।।

"રજોગુણ અને તમોગુણના લેશ(અંશ)થી અનાક્રાંત(રહિત) એવા સત્ત્વનું જ્યાં પરિભાવન છે; તે સાસ્મિત(અસ્મિતાનુગત) સંપ્રજ્ઞાતયોગ(સમાધિ) છે. અહીં ચિચ્છક્તિનું પ્રાધાન્ય હોય છે અને સત્ત્વનું અપ્રાધાન્ય(ગૌણત્વ) હોય છે." આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે અસ્મિતાનુગતસમાધિમાં સાધક સત્ત્વનું પરિભાવન કરે છે. રજોગુણ અને તમોગુણનો લેશ પણ તેમાં ન હોવાથી શુદ્ધસત્ત્વનું અહીં પરિભાવન હોય છે. ગ્રાહ્ય અને ગ્રહણ વિષયથી અનનુગત આ યોગમાં માત્ર ગ્રહીતૃ વિષય હોય છે. અહંકાર, પ્રકૃતિ અને અહંકારોપાધિક પુરુષથી અનુગત આ સમાધિને સાસ્મિત એટલે કે અસ્મિતાનુગતસમાધિ કહેવાય છે. પૂર્વ પૂર્વ સમાધિમાં ઉત્તર ઉત્તર સમાધિનો વિષય અનુગત હોય છે. પરંતુ ઉત્તરોત્તર સમાધિમાં પૂર્વપૂર્વ સમાધિનો વિષય અનુગત હોતો નથી. સ્થૂલ ગ્રાહ્ય, સૂક્ષ્મગ્રાહ્ય, ગ્રહણ અને ગ્રહીતૃ : આ ચાર વિષયથી અનુગત વિતર્કસંપ્રજ્ઞાતયોગ છે. ત્યાર પછી પૂર્વપૂર્વવિષયથી અનનુગત ઉત્તરોત્તર ત્રણ, બે અને એક વિષયથી અનુગત અનુક્રમે વિચાર, આનંદ અને અસ્મિતાથી અન્વિત સંપ્રજ્ઞાતયોગ હોય છે... ઇત્યાદિ પાતંજલયોગસૂત્રના અનુસંધાનથી સમજી લેવું જોઇએ. સમાધિની વિશિષ્ટતા તેના વિષયની સૂક્ષ્મતાને લઇને છે - એ સમજી શકાય છે.

અસ્મિતાનુગતસમાધિમાં ચિત્શક્તિ (દૃક્શક્તિ, પુરુષ, આત્મા) મુખ્ય છે અને શુદ્ધસત્ત્વ ગૌણ છે. ભાવ્ય(ધ્યેય) શુદ્ધસત્ત્વ ગૌણ થવાથી અને ચિત્શક્તિની ઉદ્રિક્ત અવસ્થાના કારણે ભાવ્યના બીજા કોઇ પણ ધર્મની

ભાવનાને છોડીને માત્ર સત્તાનો પ્રતિભાસ હોવાથી આ સમાધિમાં સાસ્મિતત્વ (અસ્મિતા) સંગત બને છે. "આનંદાનુગતસમાધિમાં સત્ત્વ(અહંકાર)નું પરિભાવન હોય છે અને અસ્મિતાનુગતસમાધિમાં પણ સત્ત્વનું પરિભાવન હોય છે. તેથી અહંકાર (સાનંદસમાધિ) અને અસ્મિતા (સાસ્મિતસમાધિ) : એ બંન્નેમાં કોઇ ભેદ નહીં રહે." - આ શંકા કરવી ના જોઇએ. કારણ કે જ્યાં 'હું અંતઃકરણ છું." - આ પ્રમાણે વિષય-સત્ત્વનું વેદન થાય છે ત્યાં સાનંદ-સમાધિ છે. અર્થાત્ તેનો વિષય અહંકાર છે અને જ્યાં પ્રતિલોમ (પશ્ચાનુપૂર્વી) પરિણામથી પ્રકૃતિના વિકારભૂત ચિત્ત પ્રકૃતિમાં લીન થયે છતે માત્ર સત્તારૂપે (અસ્મિરૂપે) પ્રતીત થાય છે ત્યાં સાસ્મિતસમાધિની વિષયભૂત અસ્મિતા છે... ઇત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઇએ. તે તે કાર્યનું પોતાના તે તે કારણમાં લીન(વિલીન) થવા સ્વરૂપ પરિણામને પ્રતિલોમ પરિણામ કહેવાય છે. ॥૨૦-૭॥

અસ્મિતાનુગતસમાધિ વખતે યોગીઓનું જે સ્વરૂપ થાય છે તેનું વર્ણન કરાય છે–

**अत्रैव कृततोषा ये, परमात्मानवेक्षिणः ।**
**चित्ते गते ते प्रकृतिलया हि प्रकृतौ लयम् ॥२०-८॥**

अत्रैवेति–अत्रैव सास्मितसमाधावेव ये कृततोषाः परमात्मानवेक्षिणः परमपुरुषादर्शिनः, ते हि चित्ते प्रकृतौ लयं गते सति प्रकृतिलया उच्यन्ते ॥२०-८॥

"આ અસ્મિતાનુગતસમાધિમાં જ જેઓ સંતુષ્ટ થયા છે તે પરમાત્મતત્ત્વને નહિ જોનારા, પ્રકૃતિમાં ચિત્ત લય પામ્યે છતે 'પ્રકૃતિલય' તરીકે કહેવાય છે."... આ પ્રમાણે આઠમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે આ અસ્મિતાનુગતસમાધિમાં ગ્રહીતૃસમાપત્તિનું પરિભાસન છે. ગ્રાહ્ય અને ગ્રહણ સમાપત્તિના વિષયની અપેક્ષાએ ગ્રહીતૃસમાપત્તિના વિષયની સૂક્ષ્મતા છે. સ્થૂલ વિષયોના પરિભાવન પછી ક્રમે કરીને સૂક્ષ્મ સૂક્ષ્મતરાદિ વિષયોનું પરિભાવન થતું હોય છે : એ વસ્તુ સમજી શકાય છે. પાંચ મહાભૂતો (પૃથ્વી પાણી... વગેરે), ગંધાદિ પાંચ તન્માત્રાઓ અને અહંકારાદિનું પરિભાવન સાનંદસમાધિમાં થયા પછી, સાસ્મિતસમાધિમાં પ્રતિલોમ(સ્થૂલથી સૂક્ષ્મમાં જવા સ્વરૂપ) પરિણામથી અહંકાર, પ્રકૃતિ અને અહંકારોપાધિક પુરુષનું પરિભાવન હોય છે.

આ અવસ્થામાં જ્યારે સાધક તેમાં જ સંતોષ માની પ્રકૃતિમાં લીન બને છે; ત્યારે ચિત્ત પ્રકૃતિમાં લય પામે છે. આ વખતે નિરુપાધિક શુદ્ધ પુરુષનું પરિભાવન ન હોવાથી સાધક પરમપુરુષને જોતો નથી. તેથી આ અવસ્થામાં રહેલા સાધકને **'प्रकृतिलय'** કહેવાય છે. પરમપુરુષાદર્શી અવસ્થા હોવા છતાં અહીં સાધક; પરમપુરુષદર્શી અવસ્થાની ખૂબ જ પાસેની અવસ્થાનો અનુભવ કરે છે. આવી અવસ્થામાં લાખ મન્વંતર સુધી સાધકની સ્થિતિ માની છે. ૪૩ લાખ ૨૦ હજાર વર્ષના ચાર યુગ થાય છે અને ૨૫,૫૬૫ યુગચતુષ્ટયનું એક મન્વંતર થાય છે. (૪૩,૨૦,૦૦૦ **X** ૨૫,૫૬૫ **X** ૧,૦૦,૦૦૦ = લાખ મન્વંતર) આટલા કાળ સુધી સમાધિમાં રહ્યા પછી પણ યોગીના સંસારનો અંત આવતો નથી. એ સમાધિકાળ પછી યોગી ફરીથી સંસારમાં (બાહ્યભાવમાં) આવે છે... ઇત્યાદિ તેના જ્ઞાતાઓ પાસેથી સમજી લેવું જોઇએ. ॥૨૦-૮॥

ચાર પ્રકારના ઉપર જણાવેલા સમાધિઓના વિષયનો વિભાગ જણાવાય છે–

**गृहीतृग्रहणग्राह्यसमापत्तित्रयं किल ।**
**अत्र सास्मितसानन्दनिर्विचारान्तविश्रमम् ॥२०-९॥**

गृहीत्रिति–सास्मितसमाधिपर्यन्ते परं पुरुषं ज्ञात्वा भावनायां विवेकख्यातौ गृहीतृसमापत्तिः । सानन्दसमाधिपर्यन्ते ग्रहणसमापत्तिः । निर्विचारसमाधिपर्यन्ते च ग्राह्यसमापत्तिर्विश्रान्तेत्येतदर्थः ॥२०-९॥

"અહીં ગ્રહીતૃ (ગૃહીતૃ), ગ્રહણ અને ગ્રાહ્ય સમાપત્તિ અનુક્રમે સાસ્મિત, સાનંદ અને નિર્વિચાર સમાધિના અંતમાં વિશ્રાંત હોય છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. એનો આશય લગભગ આ પૂર્વે જ વર્ણવ્યો છે. સાસ્મિતસમાધિના અંતે પરમપુરુષને જાણીને વિવેકખ્યાતિ (પ્રકૃતિથી સર્વથા ભિન્ન પુરુષ છે... ઇત્યાદ્યાકારક જ્ઞાન)થી યુક્ત એવી ભાવનામાં ગ્રહીતૃસમાપત્તિ વિરામ પામે છે, આનંદાનુગતસમાધિના અંતે ગ્રહણસમાપત્તિ વિરામ પામે છે અને નિર્વિચારસમાધિના અંતે ગ્રાહ્યસમાપત્તિ વિશ્રાંત થાય છે. અર્થાત્ ઉત્તરોત્તર સમાધિ વખતે તે તે (ગ્રાહ્યાદિ) સમાપત્તિ હોતી નથી. ॥૨૦-૯॥

સમાપત્તિનું સ્વરૂપ વર્ણવાય છે–

**मणेरिवाभिजातस्य, क्षीणवृत्तेरसंशयम् ।**
**तात्स्थ्यात्तदञ्जनत्वाच्च, समापत्तिः प्रकीर्त्तिता ॥२०-१०॥**

मणेरिवेति–मणेरिव स्फटिकादिरत्नस्येवाभिजातस्य जात्यस्य क्षीणवृत्तेः क्षीणमलस्य । असंशयं निश्चितम् । तात्स्थ्यात्तत्रैकाग्रत्वात्तदञ्जनत्वाच्च तन्मयत्वात् । न्यग्भूते चित्ते विषयस्य भाव्यमानस्यैकत्वोत्कर्षात् समापत्तिः प्रकीर्तिता । तदुक्तं–"क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहीतृग्रहणग्राह्येषु तत्स्थतदञ्जनता समापत्तिः" [१-४१] । यथा हि निर्मलस्फटिकमणेस्तद्रूपाश्रयवशात्तद्रूपतापत्तिरेवं निर्मलचित्तसत्त्वस्य तत्तद्भावनीयवस्तूपरागात्तद्रूपतापत्तिः । यद्यपि ग्रहीतृग्रहणग्राह्येत्युक्तं तथापि भूमिकाक्रमवशेन व्यत्ययो बोध्यः । यतः प्रथमं ग्राह्यनिष्ठः समाधिः, ततो ग्रहणनिष्ठः, ततोऽस्मितोपरागेण ग्रहीतृनिष्ठः, केवलस्य पुरुषस्य ग्रहीतुर्भाव्यत्वासम्भवादिति बोध्यम् ॥२०-१०॥

''જાત્ય સ્ફટિકાદિરત્નની જેમ ક્ષીણ થયેલી છે વૃત્તિઓ જેની એવા ચિત્તની એકાગ્રતાના કારણે અને તન્મયતાના કારણે ભાવ્ય-વિષયની સાથે એકરૂપતા થવાથી સમાપત્તિ થાય છે.'' - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સામાન્ય રીતે ચિત્તની વિષયાકાર પરિણતિને સમાપત્તિ કહેવાય છે. ચિત્ત ગૌણ થયે છતે ભાવ્યમાન(જેનું પરિભાવન કરાય છે તે) વિષયના (ગ્રાહ્યાદિ) આકારની સાથે ચિત્ત એકરૂપ થવાથી સમાપત્તિનો આવિર્ભાવ થાય છે.

આ વસ્તુને જણાવતાં યોગસૂત્રમાં જણાવ્યું છે કે - '**क्षीणवृत्तेरभिजातस्येव मणे ग्रहीतृग्रहणग्राह्येषु तत्स्थतदञ्जनता समापत्तिः**' ॥૧-૪૧॥ જાત્ય એવા મણિની જેમ નિર્મળ એવા ચિત્તની, ગ્રહીતૃ ગ્રહણ અને ગ્રાહ્ય એવા વિષયોને વિશે જે એકાગ્રસ્થિતિ સ્વરૂપ વિષયાકારતા છે તેને સમાપત્તિ કહેવાય છે. એનું તાત્પર્ય એ છે કે જેમ નિર્મલસ્ફટિકમાં તે તે રૂપાશ્રય જપાપુષ્પાદિના સંનિધાનને લઇને તે તે આકાર-સ્વરૂપ પ્રતિભાસિત થાય છે તેમ નિર્મળ એવું ચિત્તસત્ત્વ (સાત્ત્વિકચિત્ત), તેના પરિભાવનીય વિષયોના આકાર જેવા આકારને પ્રાપ્ત કરે છે. તેવા પ્રકારની ચિત્તપરિણતિ અહીં સમાપત્તિ છે. અહીં સૂત્રમાં જોકે ગ્રહીતૃ, ગ્રહણ અને ગ્રાહ્ય એ રીતનો વિષયક્રમ જણાવ્યો હોવાથી સમાપત્તિનો પણ ક્રમ એવો જ જણાય છે; પરંતુ સમાપત્તિના સાધકની ભૂમિકા(યોગ્યતા) મુજબ એ ક્રમમાં વ્યત્યય(વૈપરીત્ય) સમજવો જોઇએ. કારણ કે પ્રથમ સ્થૂલ અને સૂક્ષ્મ પાંચ

ભૂતાદિસ્વરૂપ ગ્રાહ્યનિષ્ઠ સમાધિ હોય છે. ત્યાર બાદ ગ્રહણઇન્દ્રિયાદિનિષ્ઠ સમાધિ હોય છે અને અંતે અસ્મિતાન્વિત પુરુષાદિનિષ્ઠ(અહંકારોપાધિક પુરુષાદિનિષ્ઠ) ગ્રહીતૃસમાધિ હોય છે. નિરુપાધિક કેવલ શુદ્ધ પુરુષનું પરિભાવન સંભવિત નથી... ઇત્યાદિ યોગસૂત્રથી જાણી લેવું જોઇએ. ॥૨૦-૧૦॥

ગ્રાહ્યસમાપત્તિના પ્રકાર જણાવાય છે–

**सङ्कीर्णा सा च शब्दार्थज्ञानैरपि विकल्पतः ।**
**सवितर्का परैर्भेदैर्भवतीत्थं चतुर्विधा ॥२०-११॥**

सङ्कीर्णेति–सा च समापत्तिः शब्दार्थज्ञानैर्विकल्पतोऽपि सङ्कीर्णा सवितर्का । यदाह–"(तत्र) शब्दार्थज्ञानविकल्पैः सङ्कीर्णा सवितर्का [१-४२]" । तत्र श्रोत्रेन्द्रियग्राह्यः स्फोटरूपो वा शब्दः, अर्थो जात्यादिज्ञानं, सत्त्वप्रधाना बुद्धिवृत्तिर्विकल्पः शाब्दज्ञानानुपाती वस्तुशून्योऽर्थः, एतैः सङ्कीर्णा यत्रैते शब्दादयः परस्पराध्यासेन प्रतिभासन्ते– "गौरिति शब्दो गौरित्यर्थो गौरिति ज्ञानम्" इत्याकारेण । इत्थं परैर्भेदैश्चतुर्विधेयं भवति । तथाहि–"महास्मृतिपरिशुद्धौ स्वरूपशून्येवार्थमात्रनिर्भासा निर्वितर्का" [१-४३] । यदाह– "उक्तलक्षणविपरीता निर्वितर्केति" । यथा च स्थूलभूतादिविषया सवितर्का तथा सूक्ष्मतन्मात्रेन्द्रियादिकमर्थं शब्दार्थविकल्पसहितत्वेन देशकालधर्मावच्छेदेन च गृह्णन्ती सविचारा भण्यते, धर्मिमात्रतया च गृह्णन्ती निर्विचारेति । यत उक्तम्–"एतयैव सविचारा निर्विचारा च सूक्ष्मविषया व्याख्याता" [१-४४] । सूक्ष्मविषयत्वं चालिङ्गपर्यवसानं [१-४५] न क्वचिद्विद्यते, न वा किञ्चिल्लिङ्गति गमयतीत्यलिङ्गं प्रधानं तत्पर्यन्तमित्यर्थः । गुणानां हि परिणामे चत्वारि पर्वाणि विशिष्टलिङ्गमविशिष्टलिङ्गं लिङ्गमात्रमलिङ्गं चेति । विशिष्टलिङ्गं भूतानि, अविशिष्टलिङ्गं तन्मात्रेन्द्रियाणि, लिङ्गमात्रं बुद्धिः, अलिङ्गं च प्रधानमिति । एताश्च समापत्तयः सम्प्रज्ञातरूपा एव । यदाह–ता एव सबीजः समाधिरिति" [१-४६] सह बीजेनालम्बनेन वर्तत इति सबीजः सम्प्रज्ञात इत्यर्थः ॥२०-११॥

"શબ્દ, અર્થ અને જ્ઞાનથી વિકલ્પને આશ્રયીને પણ સંકીર્ણસમાપત્તિને સવિતર્કસમાપત્તિ કહેવાય છે. આ રીતે બીજા (આગળ વર્ણવવામાં આવશે તે) પ્રકારો સાથે આ સમાપત્તિ (ગ્રાહ્યસમાપત્તિ) ચાર પ્રકારની છે." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે શબ્દ અર્થ

અને જ્ઞાનથી જે વિકલ્પ થાય છે, તેને લઈને પણ જે સમાપત્તિ સંકીર્ણ હોય છે, તેને સવિતર્કસમાપત્તિ કહેવાય છે. યોગસૂત્રમાં પણ એ મુજબ જણાવ્યું છે કે શબ્દ અર્થ જ્ઞાન વિકલ્પથી સંકીર્ણ એવી સમાપત્તિને સવિતર્કસમાપત્તિ કહેવાય છે.

તેમાં શ્રવણેન્દ્રિયથી જેનું ગ્રહણ થાય છે, તે શબ્દ છે; જે સર્વવિદિત છે અથવા વર્ણ, પદ અને વાક્ય વગેરેથી અભિવ્યંગ્ય એવો સ્ફોટકસ્વરૂપ શબ્દ છે. તેના અભિવ્યંજક વર્ણાદિ છે. જાતિ, ગુણ, દ્રવ્ય વગેરે અર્થ છે. સત્ત્વપ્રધાન બુદ્ધિની વૃત્તિ સ્વરૂપ જ્ઞાન સાંખ્યદર્શનમાં પ્રસિદ્ધ છે. સામાન્યથી જ્ઞાનનું સ્વરૂપ સુપ્રસિદ્ધ છે. પરંતુ અહીં સાંખ્યાભિમત સમાપત્તિનું નિરૂપણ ચાલતું હોવાથી તે દર્શનપ્રસિદ્ધ જ્ઞાનનું સ્વરૂપ જણાવ્યું છે. બુદ્ધિના સત્ત્વગુણની પ્રધાનતાએ બુદ્ધિની વિષયાકાર(જ્ઞેયાકાર) પરિણતિવિશેષને અહીં જ્ઞાન કહેવાય છે. વસ્તુના(જ્ઞેયના) સ્વરૂપથી શૂન્ય એવા શાબ્દબોધના વિષયને વિકલ્પ કહેવાય છે. આ, 'ગાય' એ પ્રમાણે બોલે છે; આ ગાય છે અને મેં ગાયને જાણી; અહીં અનુક્રમે ગાય શબ્દ, ગાય અર્થ અને ગાયનું જ્ઞાન જણાય છે. એ ત્રણેય ભિન્ન હોવા છતાં એકસ્વરૂપે પ્રતીત થાય છે. આ રીતે શબ્દ, અર્થ અને જ્ઞાનના અભેદની પ્રતીતિ સ્વરૂપ સવિતર્કસમાપત્તિ છે. શબ્દાદિમાં ભેદ હોવા છતાં જે અભેદ જણાય છે તે વિતથ હોવાથી વિકલ્પ છે. આ સમાપત્તિમાં તે શબ્દ, અર્થ અને જ્ઞાન એકસ્વરૂપે પરસ્પર સંકીર્ણ પ્રતિભાસિત થાય છે. "**गौरिति शब्दो गौरित्यर्थो गौरिति ज्ञानम्**" - આ પ્રમાણે **गो**... ઇત્યાદિ શબ્દ, અર્થ અને જ્ઞાન એકસ્વરૂપે આ સવિતર્કસમાપત્તિમાં પ્રતીત થાય છે. ગ્રાહ્ય વિષયોનું શબ્દાદિના ઉલ્લેખથી જ્યાં ધ્યાન થાય છે; ત્યાં સવિકલ્પ સમાપત્તિ મનાય છે.

આ ગ્રાહ્યસમાપત્તિ બીજા પ્રકારો વડે ચાર પ્રકારની છે. તેમાંની નિર્વિતર્કસમાપત્તિનું વર્ણન કરતાં યોગસૂત્રમાં ફરમાવ્યું છે કે "**स्मृति(महास्मृति)परिशुद्धौ स्वरूपशून्येवाऽर्थमात्रनिर्भासा निर्वितर्का ।**" ।।૧-૪૩।। અર્થાત્ સ્મૃતિ(મહાસ્મૃતિ)ની નિવૃત્તિ થાય ત્યારે જાણે કે સ્વરૂપથી રહિત હોય નહીં એવી, કેવળ અર્થને જ બતાવવાવાળી જે સમાપત્તિ તેને નિર્વિતર્કસમાપત્તિ કહેવાય છે. આશય એ છે કે સામાન્ય રીતે સવિતર્કસમાધિમાં ગ્રાહ્યપદાર્થ, ગ્રાહ્યપદાર્થનો વાચક શબ્દ અને ગ્રાહ્ય પદાર્થનું જ્ઞાન ચિત્તમાં પ્રતિભાસે છે. એમાં મુખ્ય કારણ એ છે કે સાધકને શબ્દાર્થના સંકેતનું(વાચ્યવાચકભાવનું)

સ્મરણ(મહાસ્મૃતિ) હોય છે. તાદૃશ સ્મૃતિ ન હોય તો આગમ કે અનુમાનાદિથી જ્ઞાન શક્ય બનતું નથી. પરંતુ સવિતર્ક સમાધિના ઉત્તરકાળમાં તાદૃશ શબ્દાર્થસંકેતની સ્મૃતિની પરિશુદ્ધિ થયે છતે અર્થાત્ તેનો અપગમ(ઉપયોગનો અભાવ) થયે છતે માત્ર અર્થનો પ્રતિભાસ થાય છે. અપ્રશસ્ત આલંબનમાં રાગાદિની તીવ્ર પરિણતિમાં આવી નિર્વિતર્કતાનો અનુભવ આપણે અનેકવાર કર્યો છે. શરૂઆતમાં 'આ શું છે ? આને શું કહેવાય ? આ કઇ રીતે જણાય ?' ઇત્યાદિ જિજ્ઞાસાથી 'આ આ છે; આને આ કહેવાય અને આ મને જ્ઞાત થયું...' ઇત્યાદિ અનુભવ પછી માત્ર એનો જ પ્રતિભાસ સુદીર્ઘ સમય સુધી થતો હોય છે. આવા પ્રકારની જ સ્થિતિનો અનુભવ પ્રશસ્ત આલંબને સાધક આત્માને થતો હોય છે, જે સવિતર્ક-નિર્વિતર્ક-સમાધિની ક્રમિક અવસ્થાવિશેષ છે. જેથી અન્યત્ર વર્ણવ્યું પણ છે કે સવિતર્કસમાપત્તિના લક્ષણથી વિપરીત લક્ષણવાળી નિર્વિતર્કસમાપત્તિ છે, જેનો આશય ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે.

સવિચારગ્રાહ્યસમાપત્તિનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે સ્થૂલ ભૂતાદિવિષયમાં શબ્દાદિ વિકલ્પને લઇને જેમ સવિતર્કસમાપત્તિ પ્રવર્ત્તે છે; તેમ સ્થૂલ ભૂતાદિ જેના પરિણામ છે એવા સૂક્ષ્મભૂતાદિ પંચતન્માત્રાદિના વિષયમાં શબ્દાદિના વિકલ્પની સાથે દેશ(ઉપર નીચે દૂર પાસે...) અને કાળ(વર્તમાનાદિ) વિશિષ્ટ સ્વરૂપે તે તે અર્થને ગ્રહણ કરનારી સવિચારસમાધિ છે અને જ્યારે શબ્દાદિના વિકલ્પથી રહિત દેશ-કાલાદિની વિવક્ષા વિના ધર્મીમાત્રને ગ્રહણ કરનારી સમાપત્તિ નિર્વિચારા સમાપત્તિ કહેવાય છે. આ વસ્તુનું નિરૂપણ કરતાં "**एतयैव सविचारा निर्विचारा च सूक्ष्मविषया व्याख्याता ।।१-४४।।**" - આ યોગસૂત્રથી જણાવ્યું છે કે આ સવિતર્ક અને નિર્વિતર્ક સમાપત્તિના નિરૂપણથી જ સૂક્ષ્મવિષયવાળી સવિચાર અને નિર્વિચાર સમાપત્તિનું નિરૂપણ થઇ ગયું છે. એનો આશય ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે. આ બંન્ને સમાપત્તિની સૂક્ષ્મવિષયતા અલિંગ સુધીની સમજવી - એ પ્રમાણે "**सूक्ष्मविषयत्वं चालिङ्गपर्यवसानम् ।।१-४५।।**" આ યોગસૂત્રમાં જણાવ્યું છે.

જે ક્યાંય વૃત્તિ નથી અને જે કોઇને ય જણાવતું નથી તે અલિંગ પ્રધાન(પ્રકૃતિ)સ્વરૂપ છે. ત્યાં સુધી સૂક્ષ્મવિષયતા છે. યોગદર્શનની માન્યતા મુજબ પાર્થિવ પરમાણુ, જલપરમાણુ, અગ્નિપરમાણુ, વાયુપરમાણુ અને

આકાશપરમાણુ (અંશ) અનુક્રમે પૃથ્વી જલ તેજો વાયુ અને આકાશ સ્વરૂપ સૂક્ષ્મભૂત છે, જેની ઉત્પત્તિ અનુક્રમે ગંધ રસ રૂપ સ્પર્શ અને શબ્દ સ્વરૂપ તન્માત્રાથી થાય છે. આ બધા સૂક્ષ્મવિષય છે. ગુણોના પરિણામમાં ચાર પર્વ છે. વિશિષ્ટ લિંગ, અવિશિષ્ટ લિંગ, લિંગમાત્ર અને અલિંગ. વિશિષ્ટ લિંગો ભૂતો છે. અવિશિષ્ટ લિંગો ગંધાદિ તન્માત્રાઓ છે. બુદ્ધિ લિંગમાત્ર સ્વરૂપ છે અને પ્રકૃતિસ્વરૂપ અલિંગ છે. જે તત્ત્વ કારણમાં (ઉપાદાનમાં) લીન થાય છે તેને લિંગ કહેવાય છે. સામાન્યથી ઉત્તરોત્તર કાર્યસ્વરૂપ પરિણામ પૂર્વપૂર્વકારણ - સ્વરૂપ પરિણામમાં લીન થાય છે. પ્રકૃતિનું કોઇ કારણ ન હોવાથી તે ક્યાંય લીન થતી નથી. તેથી તેને અલિંગ કહેવાય છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. પાંચ મહાભૂતોનું કોઇ પરિણામસ્વરૂપ કાર્ય નથી. પંચતન્માત્રાનું કાર્ય છે અને બુદ્ધિ અર્થને જણાવનારી છે... ઇત્યાદિ અહીં યાદ રાખવું જોઇએ.

સવિતર્ક નિર્વિતર્ક સવિચાર અને નિર્વિચાર : આ ચારે ય સમાપત્તિ સંપ્રજ્ઞાત જ સમાપત્તિ છે. જે ભાવના(ધ્યાન-યોગ)માં સંશય વિપર્યય અને અનધ્યવસાયથી રહિત યથાર્થસ્વરૂપે ધ્યેય(ગ્રાહ્ય ગ્રહણ અને ગ્રહીતૃ)નું જ્ઞાન થાય છે, તે ભાવનાવિશેષને સંપ્રજ્ઞાતસમાપત્તિ કહેવાય છે; જે સબીજસમાધિ તરીકે વર્ણવાય છે. આ ચાર સમાપત્તિ સબીજ જ સમાધિ છે. કારણ કે અહીં અનાત્મભૂત સૂક્ષ્મ કે સ્થૂલ ગ્રાહ્યનું જ્ઞાન હોય છે. આત્મભૂત પુરુષનું અહીં જ્ઞાન નથી. બીજભૂત બાહ્ય આલંબનની સાથે વર્ત્તતી હોવાથી આ ચારેય (ગ્રાહ્યસમાપત્તિ) સબીજ જ છે. યોગસૂત્રના "**ता एव सबीजः समाधिः ।।१-४६।।**" આ સૂત્રમાં **एव** નો અન્વય **सबीज** ની સાથે છે. અન્યથા યથાસ્થાને તેનો અન્વય થાય તો ગ્રાહ્યસમાપત્તિ જ સબીજસમાધિ છે : એવો અર્થ થવાથી ગ્રહણ અને ગ્રહીતૃ સમાપત્તિને સબીજસમાધિ તરીકે માની શકાશે નહિ... ઇત્યાદિ યાદ રાખવું. ।।૨૦-૧૧।।

इतरासां समापत्तीनां निर्विचारफलत्वान्निर्विचारायाः फलमाह–

સવિતર્ક નિર્વિતર્ક અને સવિચાર : આ ત્રણ ગ્રાહ્યસમાપત્તિનું ફળ નિર્વિચારસમાપત્તિ હોવાથી નિર્વિચારસમાપત્તિના ફળનું નિરૂપણ કરાય છે–

**अध्यात्मं निर्विचारत्ववैशारद्ये प्रसीदति ।**
**ऋतम्भरा ततः प्रज्ञा, श्रुतानुमितितोऽधिका ।।२०-१२।।**

अध्यात्ममिति–निर्विचारत्वस्य चरमसमापत्तिलक्षणस्य वैशारद्ये प्रकृष्टाभ्यासवशेन नैर्मल्येऽध्यात्मं शुद्धसत्त्वं प्रसीदति क्लेशवासनारहितस्थितिप्रवाहयोग्यं भवति । यदुक्तं–"निर्विचारत्ववैशारद्येऽध्यात्मप्रसादः" [१-४७] ततोऽध्यात्मप्रसादादृतम्भरा प्रज्ञा भवति । ऋतं सत्यमेव बिभर्ति, न कदाचिदपि विपर्ययेणाच्छाद्यते या सा ऋतम्भरा । तदुक्तं–"ऋतम्भरा तत्र प्रज्ञा" [१-४८] । सा च श्रुतानुमितित आगमानुमानाभ्यां सामान्यविषयाभ्यां विशेषविषयत्वेनाधिका । यदाह–"श्रुतानुमानप्रज्ञाभ्यामन्यविषया विशेषार्थत्वादिति" [१-४९] ॥२०-१२॥

"નિર્વિચારસમાપત્તિની વિશારદતા પ્રાપ્ત થયે છતે યોગીને અધ્યાત્મ પ્રાપ્ત થાય છે. પ્રાપ્ત થયેલા એ અધ્યાત્મથી ઋતંભરા પ્રજ્ઞા પ્રાપ્ત થાય છે, જે શ્રુત અને અનુમિતિથી અધિક વિષયવાળી છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સવિતર્કાદિ ગ્રાહ્ય સમાપત્તિઓમાંની પ્રથમ ત્રણ સમાપત્તિઓનું ફળ નિર્વિચારસમાપત્તિ છે - એ સમજી શકાય છે. તેથી તેનું નિરૂપણ ન કરતાં નિર્વિચારસમાપત્તિના ફળનું વર્ણન કર્યું છે.

ચરમ સમાપત્તિ સ્વરૂપ નિર્વિચારસમાપત્તિની નિર્મળતા પ્રાપ્ત થયે છતે અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે. આ છેલ્લી ગ્રાહ્યસમાપત્તિના અભ્યાસની પ્રકૃષ્ટતાથી તેમાં નિર્મળતા પ્રાપ્ત થાય છે. તેને લઈને શુદ્ધસત્ત્વસ્વરૂપ અધ્યાત્મ પ્રાપ્ત થાય છે. એ અધ્યાત્મ ક્લેશ અને વાસનાથી રહિત એવી સ્થિતિના પ્રવાહને યોગ્ય બને છે. આશય એ છે કે રજોગુણ અને તમોગુણની અધિકતાથી ચિત્ત અશુદ્ધ બને છે અને આવરણના કારણે તે મલિન હોય છે. એ અશુદ્ધિ અને મલના વિગમથી પ્રકાશસ્વરૂપ બુદ્ધિમાં સત્ત્વગુણનું પ્રાધાન્ય હોય છે. તેથી ચિત્તસ્વરૂપ અધ્યાત્મ સ્વચ્છ સ્થિરતારૂપ એકાગ્ર પ્રવાહને યોગ્ય બને છે. આ જ અધ્યાત્મની પ્રાપ્તિમાં કારણભૂત નિર્વિચારસમાધિની વિશારદતા છે. "**निर्विचारत्ववैशारद्येऽध्यात्मप्रसादः** ॥१-४७॥" આ યોગસૂત્રથી એ વાત જણાવી છે. જેનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. ચિત્તની એકાગ્રતા માટે ચિત્તની અશુદ્ધિ અને તેના આવરણનો વિગમ થવો ખૂબ જ આવશ્યક છે. રજોગુણ અને તમોગુણના તિરોધાનથી (આચ્છાદનથી) ચિત્ત સત્ત્વપ્રધાન બને છે અને તેથી ક્લેશ અને વાસનાથી રહિત એવું ચિત્ત ઉત્તરોત્તર અધિકાધિક સ્થિરતાને પ્રાપ્ત કરવા માટે અનુકૂળ બને છે.

આ અધ્યાત્મની પ્રાપ્તિથી યોગી જનોને ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ થાય છે. જે પ્રજ્ઞા(બુદ્ધિ) સદાને માટે સત્યને જ ધારણ કરે છે, તે પ્રજ્ઞાને ઋતંભરા પ્રજ્ઞા કહેવાય છે, ક્યારે પણ એ પ્રજ્ઞા વિપર્યયથી આચ્છાદિત થતી નથી. આગમ અને અનુમાનથી સામાન્ય વિષયનું જ જ્ઞાન થાય છે. તેની અપેક્ષાએ આ પ્રજ્ઞાથી વિશેષ વિષયનું જ્ઞાન થતું હોવાથી શ્રુત અને અનુમિતિથી આ ઋતંભરા પ્રજ્ઞા અધિક છે. યોગસૂત્રના "**ऋतम्भरा तत्र प्रज्ञा ।।१-४८।।**" અને "**श्रुतानुमानप्रज्ञाभ्या-मन्यविषया विशेषार्थत्वाद् ।।१-४९।।**" આ બંન્ને સૂત્રોનો આશય ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે. આગમ(શબ્દ)થી તે તે પદાર્થોનો જે બોધ થાય છે તે સામાન્યથી જ થાય છે. કારણ કે તે તે શબ્દ તે તે અર્થને સામાન્યથી જ જણાવવા માટે સમર્થ છે. શબ્દ સ્વવાચ્યાર્થને જ જણાવવા સમર્થ છે. અનુમાનથી પણ ધૂમાદિ લિંગના કારણે થનારું અગ્નિ વગેરેનું સામાન્યથી જ જ્ઞાન થાય છે. ઋતંભરા પ્રજ્ઞા તો વિશેષરૂપથી પ્રકૃતિ વગેરે અનાત્મ સૂક્ષ્મ પદાર્થોને અને પુરુષગત વિશેષને પણ ગ્રહણ કરી લે છે તેથી શ્રુત અને અનુમિતિની અપેક્ષાએ તે અધિક છે. ।।૨૦-૧૨।।

ઋતંભરા પ્રજ્ઞાથી પ્રાપ્ત થનારા ઉત્તમ યોગના ફળનું નિરૂપણ કરાય છે. આશય એ છે કે આગમ, અનુમાન અને નિદિધ્યાસન : આ ત્રણ દ્વારા પ્રજ્ઞાને અત્યંત નિર્મળ બનાવવાના કારણે યોગી જનને ઉત્તમ યોગની પ્રાપ્તિ થાય છે, જે ઋતંભરા પ્રજ્ઞાનું ફળ છે. તેના કારણે જે ફળ મળે છે; તેનું વર્ણન કરાય છે–

**तज्जन्मा तत्त्वसंस्कारः, संस्कारान्तरबाधकः ।**
**असम्प्रज्ञातनामा स्यात्, समाधिस्तन्निरोधतः ।।२०-१३।।**

तज्जन्मेति–तत ऋतम्भराप्रज्ञाया जन्मोत्पत्तिर्यस्य स तथा । तत्त्वसंस्कारः परमार्थविषयः संस्कारः । संस्कारान्तरस्य स्वेतरस्य व्युत्थानजस्य समाधिजस्य वा संस्कारस्य बाधकस्तन्निष्ठकार्यकरणशक्तिभङ्गकृदिति यावत् । तदुक्तं–"तज्जः संस्कारः संस्कारप्रतिबन्धी" [१-५० तज्जः संस्कारोऽन्यसं] । तस्य निरोधतः सर्वासां चित्तवृत्तीनां स्वकारणे प्रविलयात् । संस्कारमात्रोदितवृत्तिलक्षणोऽसम्प्रज्ञातनामा समाधिः स्यात् । तदुक्तं–"तस्यापि निरोधे सर्व(वृत्ति)निरोधी नि(धान्नि)र्बीजः समाधिरिति" [१-५१] ।।२०-१३।।

"ઋતંભરા પ્રજ્ઞાના કારણે ઉત્પન્ન થયેલો તત્ત્વસંસ્કાર સંસ્કારાંતરનો બાધક બને છે. તેના નિરોધથી યોગીને અસંપ્રજ્ઞાતયોગની પ્રાપ્તિ થાય છે." -

આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વે જણાવેલી ઋતંભરા પ્રજ્ઞાથી જેનો જન્મ-ઉત્પત્તિ છે એવા સંસ્કારને તજ્જન્મા તરીકે વર્ણવ્યો છે. આ સંસ્કાર તત્ત્વવિષયક(પરમાર્થવિષયક) હોય છે. પોતાથી ભિન્ન એવા વ્યુત્થાન કાળના (સમાધિથી શૂન્ય કાળના) અથવા નિર્વિચારસમાધિ સુધીના સમાધિકાળના સંસ્કારોનો એ તાત્ત્વિક સંસ્કાર પ્રતિબંધક બને છે. અર્થાત્ વ્યુત્થાનકાળના અથવા સમાધિકાળના સંસ્કારો નાશ પામેલા ન હોવા છતાં તેમની પોતાનું કાર્ય કરવાની શક્તિનો ભંગ કરનારો એ પારમાર્થિક સંસ્કાર બને છે. આ આશયને જણાવતાં "**तज्जः संस्कारोऽन्यसंस्कारप्रतिबन्धी ॥१-५०॥**" આ સૂત્ર યોગસૂત્રકારે જણાવ્યું છે. "**तस्याऽपि निरोधे सर्वनिरोधान्निर्बीजः समाधिः ॥१-५१॥**" આ સૂત્રથી જે જણાવાયું છે તે જણાવતાં ગ્રંથકારશ્રીએ આ શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવ્યું છે કે આ તાત્ત્વિક સંસ્કારના પણ નિરોધથી બધી જ ચિત્તવૃત્તિઓ પોતાના કારણમાં વિલય પામતી હોવાથી યોગીને અસંપ્રજ્ઞાતયોગની પ્રાપ્તિ થાય છે.

વ્યુત્થાનકાળના સંસ્કાર અને સમાધિકાળના સંસ્કારોથી યુક્ત ચિત્ત પ્રકૃતિમાં લીન થવા છતાં અધિકાર વિશિષ્ટ જ પ્રતીત થાય છે. પરંતુ તે અધિકાર, વિરોધી નિરોધસંસ્કારને લઈને હોવાથી તે ભોગ માટે થતો નથી. તેથી આ અસંપ્રજ્ઞાતયોગમાં યોગીને શુદ્ધ સ્વરૂપનો આવિર્ભાવ થાય છે... ઇત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ॥૨૦-૧૩॥

અસંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ અને તેનું ફળ જણાવાય છે–

**विरामप्रत्ययाभ्यासान्नेति नेति निरन्तरात् ।**
**ततः संस्कारशेषाच्च, कैवल्यमुपतिष्ठते ॥२०-१४॥**

विरामेति–विरामो वितर्कादिचिन्तात्यागः स एव प्रत्ययो विरामप्रत्ययस्तस्याभ्यासः पौनःपुन्येन चेतसि निवेशनं ततः । नेति नेति निरन्तरादन्तररहितात्संस्कारशेषादुत्पन्नात्ततोऽसम्प्रज्ञातसमाधेः । यत उक्तं–"विरामप्रत्ययाभ्यासपूर्वः संस्कारशेषादन्य इति" [१-१८ पाऽन्य] । कैवल्यमात्मनः स्वप्रतिष्ठत्वलक्षणमुपतिष्ठत आविर्भवति ॥२०-१४॥

"વિતર્કાદિસમાધિની ચિંતાના ત્યાગના જ્ઞાનવિશેષના અભ્યાસથી નિરંતર 'નહિ... નહિ' - એવી ભાવનાથી - (સંસ્કાર-શેષસ્વરૂપ ભાવનાથી) ઉત્પન્ન એવી જીવની અવસ્થાવિશેષસ્વરૂપ અસંપ્રજ્ઞાતસમાધિ છે. એ સમાધિથી આત્માને કૈવલ્ય પ્રાપ્ત થાય છે." આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે વિતર્કાદિ સંપ્રજ્ઞાતસમાધિની ભાવનાનો ત્યાગ કરવાના પ્રત્યય(જ્ઞાન)ના વિષયના અભ્યાસથી અર્થાત્ તેમાં વારંવાર ચિત્તનો નિવેશ કરવાથી તેમ જ પૂર્વઅવસ્થાથી પોતાનું સ્વરૂપ વિલક્ષણ હોવાથી 'એ નહિ, એ નહિ...' ઇત્યાદિ પ્રકારના નિર્વૃત્તિક ચિત્તના સાતત્યથી માત્ર સંસ્કારસ્વરૂપ ચિત્તની અવસ્થાવિશેષ જે ઉત્પન્ન થાય છે તે અવસ્થાવિશેષને અહીં અસંપ્રજ્ઞાતસમાધિ કહેવાય છે. યોગસૂત્રમાં "**विरामप्रत्ययाभ्यासपूर्वः संस्कारशेषोऽन्यः** ।।૧-૧૮।।" - આ સૂત્રથી જણાવ્યું છે કે - સર્વ વૃત્તિઓના લયનો હેતુ જે પરવૈરાગ્ય, તેનો અભ્યાસ છે સાધન જેનું એવી અને માત્ર સાત્ત્વિક સંસ્કારો જ જેમાં શેષ રહે છે; એવી અસંપ્રજ્ઞાતસમાધિ જાણવી.

આ અસંપ્રજ્ઞાતસમાધિના કારણે આત્માને, પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થવા સ્વરૂપ કૈવલ્યની પ્રાપ્તિ થાય છે... ઇત્યાદિ પદાર્થનો વિચાર સાંખ્યદર્શનના આધારે કરવો જોઇએ. સામાન્ય રીતે અહીં ગુણસંપન્ન પ્રથમ ગુણસ્થાનક, ચતુર્થગુણસ્થાનક, ષષ્ઠસપ્તમગુણસ્થાનક અને સામર્થ્યયોગમાં ક્ષાયોપશમિક ભાવોના ત્યાગ... વગેરેની વિચારણાનું અનુસંધાન કરવાથી ઉપર જણાવેલી વાતનો થોડો થોડો ખ્યાલ આવી શકશે. બાકી તો તે અર્થનો સ્પષ્ટ ખ્યાલ 'યોગસૂત્ર'ના તલસ્પર્શી અધ્યયનથી જ મેળવી શકાશે. અહીં તો સામાન્યપણે દિક્પ્રદર્શનનું તાત્પર્ય છે; તેથી જિજ્ઞાસુએ અધ્યાપક પાસેથી સ્પષ્ટપણે સમજી લેવા પ્રયત્નશીલ બનવું જોઇએ. ।।૨૦-૧૪।।

तदेवमुक्तौ पराभिमतौ सभेदौ सोत्पत्तिक्रमौ च सम्प्रज्ञातासम्प्रज्ञाताख्यौ योगभेदौ, अथानयोर्यथासम्भवमवतारमाह—

ઉપર જણાવ્યા મુજબ પાતંજલદર્શનાભિમત પ્રકારો અને ઉત્પત્તિના ક્રમ સાથે સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત નામના યોગવિશેષનું નિરૂપણ કર્યું. હવે તેનો યથાસંભવ (સંગત બને તે રીતે) સ્વમતમાં જે રીતે જ્યાં અવતરણ થાય છે - તે વર્ણવાય છે—

**सम्प्रज्ञातोऽवतरति, ध्यानभेदेऽत्र तत्त्वतः ।**
**तात्त्विकी च समापत्ति, र्नात्मनो भाव्यतां विना ।।२०-१५।।**

सम्प्रज्ञात इति–अत्र सम्प्रज्ञातासम्प्रज्ञातयोर्योगभेदयोर्मध्ये सम्प्रज्ञातस्तत्त्वतो ध्यानभेदेऽवतरति. स्थिराध्यवसानरूपत्वाद्, अध्यात्मादिकमारभ्य ध्यानपर्यन्तं यथाप्रकर्षं सम्प्रज्ञातो विश्राम्यतीत्यर्थः । यदाह योगबिन्दुकृत्–"समाधिरेष एवान्यैः सम्प्रज्ञातोऽभिधीयते । सम्यक्प्रकर्षरूपेण वृत्त्यर्थज्ञानतस्तथा ।।१।। इति" । एष एवाध्यात्मादियोगः । तात्त्विकी निरुपचरिता च समापत्तिरात्मनो भाव्यतां भावनाविषयतां विना न घटते । शुद्धस्याभाव्यत्वे विशिष्टस्यापि तत्त्वायोगाद् विशेषणसम्बन्धं विना वैशिष्ट्यस्यापि दुर्वचत्वाच्चेति । तथा च ग्रहीतृसमापत्तिर्वाङ्मात्रमेवेति भावः ।।२०-१५।।

"વાસ્તવિક રીતે સંપ્રજ્ઞાતયોગ ધ્યાનમાં અવતરે છે. તાત્ત્વિક સમાપત્તિ તો આત્માને ભાવ્ય માન્યા વિના ઘટતી નથી." આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત આ બે પ્રકારના યોગમાંથી સંપ્રજ્ઞાતયોગનો અવતાર(સમાવેશ) ધ્યાનસ્વરૂપ યોગભેદમાં થઇ શકે છે. કારણ કે તે સ્થિર અધ્યવસાયસ્વરૂપ છે. અધ્યાત્મ ભાવના ધ્યાન સમતા અને વૃત્તિસંક્ષય : આ પાંચ પ્રકારનો યોગ છે. એમાંના અધ્યાત્મ ભાવના અને ધ્યાન : આ ત્રણ ભેદમાં યથાસંભવ સંપ્રજ્ઞાતયોગનો અવતાર થાય છે. સમતા અને વૃત્તિસંક્ષય : આ છેલ્લા બે યોગમાં સંપ્રજ્ઞાત-સમાધિનો અવતાર થતો નથી- એ તાત્પર્ય છે.

'યોગબિંદુ'માં (શ્લો.નં. ૪૧૯) આ અંગે ફરમાવ્યું છે કે - 'મનુષ્ય નારક વગેરે આત્મપર્યાયસ્વરૂપ વૃત્તિઓ અને દ્વીપ પર્વત સમુદ્ર વગેરે સ્વરૂપ અર્થને તે તે સ્વરૂપે- યથાર્થપણે નિશ્ચય કરવા વડે માનવાથી આ અધ્યાત્માદિ યોગને બીજા દર્શનકારોએ સંપ્રજ્ઞાતયોગ તરીકે વર્ણવ્યો છે. તાત્ત્વિક-ઉપચાર વિનાની સમાપત્તિ તો આત્માને ભાવનાનો વિષય બનાવ્યા વિના ઘટી શકે એમ નથી. યદ્યપિ શુદ્ધ એવા આત્માનું ધ્યાન ન હોવા છતાં અહંકારોપાધિવિશિષ્ટ આત્માનું ધ્યાન સાંખ્યોએ માન્યું છે. પરંતુ શુદ્ધનું ભાવ્યત્વ(ભાવનાવિષયત્વ) શક્ય ન હોય તો તાદૃશ ઉપાધિવિશિષ્ટનું પણ ભાવ્યત્વ શક્ય નથી. વિશેષણના સંબંધ વિના વૈશિષ્ટ્યનું

નિર્વચન શક્ય નથી. તેથી સાંખ્યાભિમત ગ્રહીતૃસમાપત્તિ માત્ર બોલવા માટે જ છે, તે વાસ્તવિક નથી. ॥૨૦-૧૫॥

તાત્ત્વિક સમાપત્તિ કઇ રીતે ઘટી શકે છે તે જણાવાય છે–

**परमात्मसमापत्ति, र्जीवात्मनि हि युज्यते ।**
**अभेदेन तथाध्यानादन्तरङ्गस्वशक्तितः ॥२०-१६॥**

परमात्मेति–जीवात्मनि हि परमात्मसमापत्तिस्तथापरिणामलक्षणा युज्यते । अभेदेन तथा परमात्मत्वेन ध्यानाज्जीवात्मनोऽन्तरङ्गाया उपादानभूतायाः स्वशक्तितस्तथापरिणमना(दा)त्मशक्तेः शक्त्या सत एव व्यक्ता(क्त्या)परिणमनस्य तथा सामग्रीतः सम्भवादिति भावः ॥२०-१६॥

"પરમાત્માની સાથે જીવાત્માને પરમાત્મસ્વરૂપે અભેદ છે - એ રીતે અંતરંગશક્તિથી પરમાત્મસ્વરૂપે ધ્યાન ધરવાથી જીવાત્માને વિશે પરમાત્મસમાપત્તિ(પરમાત્માની સાથે એકરસાપત્તિ) ઘટે છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. એનો ભાવ સ્પષ્ટ છે કે જીવાત્મામાં પરમાત્મસ્વરૂપ પરિણમવાસ્વરૂપ પરમાત્મસમાપત્તિ સંગત બને છે. અભેદપણે પરમાત્માનું ધ્યાન કરવાથી અર્થાત્ પરમાત્માનું જે સ્વરૂપ છે તે મારું પણ સ્વરૂપ છે... ઇત્યાદિ રીતે પરમાત્મસ્વરૂપે પરમાત્માનું ધ્યાન કરવાથી; પરમાત્મસ્વરૂપને પ્રગટ કરવાની જીવાત્મામાં જે ઉપાદાનસ્વરૂપ અંતરંગશક્તિ(સ્વરૂપયોગ્યતા) છે તેને લઇને જીવાત્મા પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. અર્થાત્ તે સ્વરૂપયોગ્યતા (અંતરંગશક્તિ) પરમાત્મસ્વરૂપ ફળમાં પરિણમે છે. શક્તિ(સ્વરૂપયોગ્યતા)થી સત્(વિદ્યમાન) વ્યક્તિ(ફલાત્મક વ્યક્તિ)રૂપે તેવા પ્રકારની સામગ્રીને લઇને પરિણામ પામે છે.

માત્ર સ્વરૂપયોગ્યતા હોય એટલે તાદૃશ યોગ્યતામાત્રથી ફળની સિદ્ધિ થતી નથી. તેમાં તેવા પ્રકારની સામગ્રીની અપેક્ષા હોય છે. માટીમાં શક્તિને આશ્રયીને ઘટ સત્ છે. તેથી કુલાલ ચક્ર ચીવરાદિ તથાવિધ સામગ્રીના કારણે માટી અંતરંગશક્તિથી ઘટસ્વરૂપે પરિણમે છે. એવી જ રીતે જીવાત્મા પણ તાદૃશ અંતરંગશક્તિથી પરમાત્માની સાથેના અભેદધ્યાનાદિ સામગ્રીના કારણે પરમાત્મસ્વરૂપ બને છે... આપણું પરમાત્મસ્વરૂપ છે; એનો ખ્યાલ આવે, એની

શ્રદ્ધા જાગે, એના તિરોધાનને કારણે આત્માને થનારા અહિતનું ભાન થાય અને તેથી એ પરમાત્મસ્વરૂપ પ્રગટાવવાની પ્રબળ ઇચ્છા વગેરે થાય ત્યારે પરમાત્માની સાથે અભેદધ્યાન ધરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.આ બધું ધારીએ છીએ એટલું સહેલું નથી. આપણે આપણું સર્વસ્વ ગુમાવ્યું છે - એવું જ્યારે લાગે ને, ત્યારે આ દિશામાં આપણી નજર મંડાશે. પરમાત્માની ભક્તિ આપણા આત્માને પરમાત્મા બનાવવા માટે છે - એ વીસરવું ના જોઇએ. આપણી સ્વરૂપયોગ્યતા અને વર્તમાનનો આપણો પ્રયત્ન : આ બંન્નેનો મેળ જ ખાતો નથી. નિરંતર આપણી યોગ્યતાનો વિચાર કરી આપણે આપણા આત્માને પરમાત્મા બનાવવા પ્રયત્નશીલ બની રહીએ - એ એકમાત્ર આશયથી અહીં તાત્ત્વિક સમાપત્તિનું નિરૂપણ છે. ॥૨૦-૧૬॥

जीवात्मनि परमात्मनः सत्त्वोपपत्त्यर्थमात्मत्रयं सन्निहितमुपदर्शयति—

જીવાત્મામાં પરમાત્માની સમાપત્તિની ઉપપત્તિ (પ્રાપ્તિ) માટે ત્રણ આત્માનું સાંનિધ્ય જણાવાય છે—

**बाह्यात्मा चान्तरात्मा च, परमात्मेति च त्रयः ।**
**कायाधिष्ठायकध्येयाः, प्रसिद्धा योगवाङ्मये ॥२०-१७॥**

वाह्यात्मा चेति—कायः स्वात्मधिया प्रतीयमानोऽहं स्थूलोऽहं कृश इत्याद्युल्लेखेनाधिष्ठायकः कायचेष्टाजनकप्रयत्नवान् ध्येयश्च ध्यानभाव्य एते त्रयो वाह्यात्मा चान्तरात्मा च परमात्मा चेति योगवाङ्मये योगशास्त्रे प्रसिद्धाः । एतेषां च स्वेतरभेदप्रतियोगित्वध्यातृत्वध्येयत्वैर्ध्यानोपयोगस्तात्त्विकातात्त्विकैकत्वपरिणामतश्च सन्निधानमतात्त्विकपरिणामनिवृत्तौ तात्त्विकपरिणामोपलम्भश्च समापत्तिरिति ध्येयम् ॥२०-१७॥

"કાયસ્વરૂપ, તેના અધિષ્ઠાયકસ્વરૂપ અને ધ્યેયસ્વરૂપ; અનુક્રમે બાહ્યાત્મા અંતરાત્મા અને પરમાત્મા : આ ત્રણ આત્મા યોગવાઙ્મયમાં પ્રસિદ્ધ છે." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનો આશય સમજી શકાય એવો છે. પોતાના આત્માની બુદ્ધિએ જ્યારે પોતાના શરીરમાં આત્માની પ્રતીતિ થાય છે; ત્યારે કાય-શરીર સ્વરૂપ બાહ્યાત્મા મનાય છે. **स्थूलोऽहम्** અને **कृशोऽहम्** ઇત્યાદિ પ્રતીતિ બાહ્યાત્માની છે. સ્થૂલત્વાદિ ધર્માશ્રયથી અભિન્ન એવા આત્માની

અહીં પ્રતીતિ થાય છે. સ્થૂલત્વાદિ ધર્મો શરીરના છે અને તેનો **अहम्** પદથી (આત્મવાચક પદથી) ઉલ્લેખ છે. આ રીતે શરીરસ્વરૂપ બાહ્યાત્માની પ્રસિદ્ધિ છે.

કાયાની ચેષ્ટાને ઉત્પન્ન કરનાર પ્રયત્નનો જે આશ્રય છે; તે કાયામાં રહેલો અંતરાત્મા છે. હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર : તેને અનુકૂળ જે ક્રિયા છે તેને ચેષ્ટા કહેવાય છે. એ ચેષ્ટાસ્વરૂપ ક્રિયાવિશેષનો જનક પ્રયત્ન છે. તાદૃશ પ્રયત્નનો આશ્રય જે છે તે અંતરાત્મા છે અને તે કાયામાં અધિષ્ઠિત છે.

ધ્યેય અર્થાત્ ધ્યાનના ભાવ્ય(ભાવવાયોગ્ય-વિષય)ભૂત આત્મા પરમાત્મા છે. બાહ્યાત્માદિ ત્રણ આત્મા આ રીતે યોગશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. સ્વેતરભેદપ્રતિયોગિત્વ, ધ્યાતૃત્વ અને ધ્યેયત્વ સ્વરૂપે ધ્યાન કરાતું હોવાથી તે ત્રણનો ધ્યાનમાં ઉપયોગ છે. જીવ; પોતાથી ઈતર શરીરાદિથી ભિન્ન છે. શરીરાદિનો ભેદ જીવમાં છે. શરીરાદિ ભેદના પ્રતિયોગી(જેનો ભેદ હોય તે ભેદના પ્રતિયોગી) છે અને તે ભેદનું પ્રતિયોગિત્વ શરીરાદિમાં છે. તે સ્વરૂપે શરીરાદિ ધ્યાનના ભાવ્ય બને છે. અનાદિકાળથી શરીરમાં જીવ અધિષ્ઠિત હોવાથી એ નિરંતર સહવાસથી જીવનું આત્મત્વ શરીરમાં (બાહ્યાત્મામાં) પ્રતીત થતું આવેલું પરંતુ એ અતાત્ત્વિક પરિણામ છે. જીવનું જીવત્વ (આત્મત્વ) તાત્ત્વિક છે. કારણ કે ધ્યાતા એવા જીવમાં (અંતરંગ આત્મામાં) આત્મત્વ વાસ્તવિક છે. જીવનું સ્વરૂપ અને પરમાત્માનું સ્વરૂપ એક જ છે. આ રીતે ધ્યાનમાં અતાત્ત્વિક, તાત્ત્વિક અને એકત્વ(એકસ્વરૂપત્વ) પરિણામને લઈને અનુક્રમે ત્રણેય આત્માનું સંનિધાન સમાપત્તિસ્વરૂપ ધ્યાનમાં હોય છે. અતાત્ત્વિક પરિણામની નિવૃત્તિ માટે તેનો (અતાત્ત્વિક પરિણામનો) વિચાર કરવો પડે છે. અતાત્ત્વિક પરિણામની નિવૃત્તિ થયે છતે તાત્ત્વિક પરિણામનો ઉપલંભ-સાક્ષાત્કાર થાય છે અને એ જ સમાપત્તિ છે... ઈત્યાદિ વિચારવું જોઈએ. ॥૨૦-૧૭॥

બીજાઓના મતે બાહ્યાત્માદિ ત્રણ આત્માનું સ્વરૂપ જણાવાય છે–

**अन्ये मिथ्यात्वसम्यक्त्वकेवलज्ञानभागिनः ।**
**मिश्रे च क्षीणमोहे च, विश्रान्तास्ते त्वयोगिनि ॥२०-१८॥**

अन्य इति–अन्ये पुनराहुः–मिथ्यात्वसम्यक्त्वकेवलज्ञानभागिनो बाह्यात्मान्तरात्मपरमात्मानः । ते तु मिश्रे च क्षीणमोहे चायोगिनि च गुणस्थाने क्रमेण विश्रान्ताः ।

तत्र च बाह्यात्मतादशायामन्तरात्मपरमात्मनोः शक्तिस्तदेकद्रव्यत्वाद्, अन्तरात्मदशायां च परमात्मनः शक्ति र्बाह्यात्मनस्तु भूतपूर्वनयेन योगः, परमात्मतादशायां च बाह्यात्मान्तरात्मनोर्द्वयोरपि भूतपूर्वनयेनैव योग इति वदन्ति । तत्त्वमत्रत्यमध्यात्ममतपरीक्षायां व्यवस्थापितमस्माभिः ॥२०-१८॥

"મિથ્યાત્વી, સમ્યક્ત્વવંત અને કેવલજ્ઞાની અનુક્રમે મિશ્રગુણસ્થાનક સુધીના, ત્યાર બાદ ક્ષીણમોહગુણસ્થાનક સુધીના અને ત્યાર બાદ અયોગી-ગુણસ્થાનક સુધીના આત્માઓ ક્રમશઃ બાહ્યાત્મા, અંતરાત્મા અને પરમાત્મા સ્વરૂપ છે - એમ બીજા કહે છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે સામાન્યથી જે આત્માઓ મિથ્યાત્વી છે અને સમ્યક્ત્વવંત નથી એવા આત્માઓને અહીં બાહ્યાત્મા તરીકે વર્ણવ્યા છે; જે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ગુણસ્થાનક સુધી હોય છે. જે આત્માઓ સમ્યક્ત્વવંત છે અને કેવલજ્ઞાન પામ્યા નથી એવા આત્માઓને અહીં અંતરાત્મા તરીકે વર્ણવ્યા છે; જે ચોથાગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધી હોય છે. કેવલજ્ઞાનને વરેલા આત્માઓ પરમાત્મા છે; જે છેલ્લાં બે ગુણસ્થાનક સુધી છે.

આ ત્રણ પ્રકારની આત્માની દશાઓમાં જ્યારે બાહ્યાત્મદશા ચાલતી હોય છે ત્યારે અંતરાત્મા અને પરમાત્માની શક્તિ હોય છે. કારણ કે તે ત્રણેય દશાઓ એક જ દ્રવ્યને (એકાત્મદ્રવ્યને) આશ્રયીને છે. અંતરાત્મદશા જ્યારે ચાલતી હોય છે ત્યારે પરમાત્માની શક્તિ હોય છે અને બાહ્યાત્માનું અસ્તિત્વ ભૂતપૂર્વનયથી હોય છે. વસ્તુ વર્તમાનમાં ન હોય પરંતુ તે ભૂતકાળમાં હતી, તેનો ઉપચાર વર્તમાનમાં ભૂતપૂર્વનયથી કરાય છે. પરમાત્મદશા જ્યારે હોય ત્યારે તો બાહ્યાત્મા અને અંતરાત્મા : એ બંન્નેનો યોગ ભૂતપૂર્વનયથી જ છે - આ પ્રમાણે બીજાઓ કહે છે. આ પૂર્વે સત્તરમા શ્લોકથી જણાવેલા ત્રણ આત્માઓ જુદા જુદા દ્રવ્યને આશ્રયીને જણાવ્યા હતા અને આ શ્લોકથી એકાત્મદ્રવ્યને આશ્રયીને તે તે દશાની અપેક્ષાએ ત્રણ આત્માઓનું નિરૂપણ કર્યું છે. આ વિષયમાં વસ્તુતત્ત્વનું નિરૂપણ અધ્યાત્મમતપરીક્ષામાં ગ્રંથકારશ્રીએ કર્યું છે, તત્ત્વજિજ્ઞાસુએ તે ગ્રંથથી જાણી લેવું જોઈએ. ॥૨૦-૧૮॥

પરમાત્મસમાપત્તિની જેમ વિષય(ભાવ્ય બાહ્યવિષય)સમાપત્તિ પણ હોય છે - તે જણાવવાપૂર્વક તે બંન્નેની તાત્ત્વિકતાદિ જણાવાય છે–

**विषयस्य समापत्तिरुत्पत्तिर्भावसञ्ज्ञिनः ।**
**आत्मनस्तु समापत्तिर्भावो द्रव्यस्य तात्त्विकः ॥२०-१९॥**

विषयस्येति–विषयस्यात्मातिरिक्तस्य भाव्यस्य समापत्तिर्भावसञ्ज्ञिनो भावाभिधानस्योत्पत्तिरुच्यते । वदन्ति हि नयदक्षाः–"अग्न्युपयुक्तो माणवकोऽप्यग्निरेवेति" । शब्दार्थप्रत्ययानां तुल्याभिधानत्वान्नत्वर्थज्ञानयोः कश्चनैकवृत्त्यारूढतया एकत्वपरिणामः सम्भवति, चेतनत्वाचेतनत्वयोर्विरोधादिति भावः । आत्मनस्तु समापत्तिर्द्रव्यस्य परमात्मदलस्य तात्त्विकः सहजशुद्धो भावः परिणामः ॥२०-१९॥

વિષયાત્મક ભાવનામવાળાની ઉત્પત્તિ સ્વરૂપ વિષયની સમાપત્તિ કહેવાય છે અને આત્માની સમાપત્તિ તો પરમાત્મસ્વરૂપ દ્રવ્યના પરિણામને કહેવાય છે - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. તેનું તાત્પર્ય એ છે કે સામાન્ય રીતે ભાવ્ય એવા પદાર્થના તે તે સ્વરૂપની આત્માને જે પ્રાપ્તિ થાય છે તેને સમાપત્તિ કહેવાય છે. આત્મા અને આત્માતિરિક્ત વિષયો એ બે ભાવ્ય છે. આત્માતિરિક્ત વિષયોની જ્યારે ભાવના પ્રવર્ત્તે છે, ત્યારે આત્મા તે વિષયાકાર પરિણામવાળો થાય છે. અર્થાત્ તે વિષયના ઉપયોગવાળો બને છે. અને તત્સ્વરૂપ તે ઉપયોગને લઈને તે ભાવના નામને આત્મા ધારણ કરે છે, જેથી ભાવ્યની સંજ્ઞા અને આત્માની સંજ્ઞા બંન્ને એક થાય છે. આને વિષયસમાપત્તિ કહેવાય છે.

નયના નિપુણો પણ આ વાતને જણાવતાં કહે છે કે "અગ્નિના ઉપયોગવાળો માણવક (નાનો છોકરો, તે નામનો માણસ) પણ અગ્નિ કહેવાય છે." શબ્દ(ઘટાદિ), અર્થ(ઘટાદિ) અને પ્રત્યય(ઘટાદિજ્ઞાન) : આ ત્રણેય સમાન(એક) અભિધાન(સંજ્ઞા, નામ) વાળા છે. અર્થ અને જ્ઞાન : એ બેમાં એકરૂપતાત્મક પરિણામ થવાનો સંભવ નથી. કારણ કે ચેતનત્વ અને અચેતનત્વનો વિરોધ છે. એક અભિધાન હોવાથી એક શબ્દથી એ બંન્નેનો ઉલ્લેખ થવાથી એ બંન્ને એકરૂપ થાય એવો સંભવ નથી. આથી સમજી શકાશે કે વિષયની સમાપત્તિ ઉપયોગને લઈને છે. પરંતુ વિષયના સ્વરૂપની પ્રાપ્તિના કારણે નથી. આત્માની સમાપત્તિ તો પરમાત્મસ્વરૂપ દ્રવ્યના સહજ શુદ્ધ(સ્વભાવથી જ નિર્મળ) તાત્ત્વિક પરિણામ સ્વરૂપ છે. આત્માના સહજ શુદ્ધ

પરિણામની પ્રાપ્તિ પરમાત્મસમાપત્તિથી થાય છે, જે ઔપચારિક નથી પરંતુ તાત્ત્વિક છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૦-૧૯॥

આત્માની તાત્ત્વિક સમાપત્તિનું જ સમર્થન કરાય છે–

**अत एव च योऽर्हन्तं, स्वद्रव्यगुणपर्ययैः ।**
**वेदात्मानं स एव स्वं, वेदेत्युक्तं महर्षिभिः ॥२०-२०॥**

अत एव चेति–यत एव 'दलतया परमात्मैव जीवात्मा,' अत एव च योऽर्हन्तं तीर्थकरं स्वद्रव्यगुणपर्ययैर्निजशुद्धात्मकेवलज्ञानस्वभावपरिणमनलक्षणैर्वेद जानाति, स एव स्वमात्मानं वेद तत्त्वतो जानाति, तथाज्ञानस्य तथाध्यानद्वारा तथासमापत्तिजनकत्वादिति महर्षिभिरुक्तम् । यतः पठ्यते–"जो जाणइ अरहंते दव्वत्तगुणत्तपज्जयत्तेहिं । सो जाणइ अप्पाणं मोहो खलु जाइ तस्स लयं ॥१॥" । न चैतद्गाथाकर्तुर्दिगम्बरत्वेन महर्षित्वाभिधानं न निरवद्यमिति मूढधिया शङ्कनीयं, सत्यार्थकथनगुणेन व्यासादीनामपि हरिभद्राचार्यैस्तथाभिधानादिति द्रष्टव्यम् ॥२०-२०॥

"આથી જ જે પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય(પર્યય)થી શ્રી અરિહંતપરમાત્માને જાણે છે તે જ પોતાના આત્માને તત્ત્વથી જાણે છે - એ પ્રમાણે મહર્ષિઓએ કહ્યું છે." - આ પ્રમાણે વીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે યોગ્યતાની દૃષ્ટિએ પરમાત્મા જ જીવાત્મા છે. તેમાં કોઇ ભેદ નથી. તેથી જ શ્રી તીર્થંકરપરમાત્માને; પોતાના સહજ શુદ્ધ આત્મદ્રવ્યરૂપે, કેવલજ્ઞાનાદિ ગુણો વડે અને સ્વભાવપરિણમનસ્વભાવ સ્વરૂપ પર્યાયોથી જે જાણે છે, તે જ પોતાના આત્માને તત્ત્વથી(પરમાર્થથી) જાણે છે. કારણ કે શ્રી તીર્થંકરપરમાત્માના તેવા પ્રકારના દ્રવ્ય, ગુણ અને પર્યય(પર્યાય)થી થનારા જ્ઞાનથી તે સ્વરૂપે કરાતા ધ્યાન દ્વારા તેવા પ્રકારની પરમાત્મસમાપત્તિ પ્રાપ્ત થાય છે.

મહર્ષિઓ દ્વારા આથી જ કહેવામાં આવ્યું છે કે - 'જે દ્રવ્યત્વસ્વરૂપે, ગુણત્વસ્વરૂપે અને પર્યાયત્વસ્વરૂપે(પ્રકારે) શ્રી અરિહંતપરમાત્માને જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ(અજ્ઞાન) વિલય પામે છે.' મૂઢબુદ્ધિથી એવી શંકા નહીં કરવી જોઇએ કે, "**जो जाणइ अरहंते**..." આ ગાથા દિગંબરકર્ત્તૃક (દિગંબરે બનાવેલી) હોવાથી તે ગાથાના કર્ત્તાને મહર્ષિ તરીકે

વર્ણવવાનું નિરવદ્ય નથી. કારણ કે શ્રીમદ્ હરિભદ્રસૂરિજીએ સત્ય અર્થનું કથન કરનારા વ્યાસ વગેરેને પણ મહર્ષિ ભગવાન... ઇત્યાદિરૂપે વર્ણવ્યા છે. તેથી અહીં દિગંબરને તે સ્વરૂપે વર્ણવવામાં કોઈ દોષ નથી. ॥૨૦-૨૦॥

અધ્યાત્માદિ પાંચ યોગમાંથી; અસંપ્રજ્ઞાતયોગનો સમાવેશ જે યોગમાં થાય છે તે જણાવાય છે–

**असम्प्रज्ञातनामा तु, सम्मतो वृत्तिसङ्क्षयः ।**
**सर्वतोऽस्मादकरणनियमः पापगोचरः ॥२०-२१॥**

असम्प्रज्ञातेति–असम्प्रज्ञातनामा तु समाधि र्वृत्तिसङ्क्षयः सम्मतः, सयोग्ययोगिकेवलित्वकाले मनोविकल्पपरिस्पन्दरूपवृत्तिक्षयेण तदुपगमात् । तदुक्तम्–"असम्प्रज्ञात एषोऽपि समाधिर्गीयतेऽपरैः । निरुद्धाशेषवृत्त्यादितत्स्वरूपानुवेधतः ॥१॥" इति । 'धर्ममेघः' इत्यप्यस्यैव नाम यावत्तत्त्वभावनेन फलमलिप्सोः सर्वथा विवेकख्यातो धर्ममशुक्लकृष्णं मेहति सिञ्चतीति व्युत्पत्तेः । तदुक्तं–'सम्प्रख्याने(प्य)कुसीदस्य सर्वथा विवेकख्यातौ धर्ममेघसमाधिरिति" [४-२९] । एवमन्येषामपि तत्तत्तन्त्रसिद्धानां शब्दानामर्थोऽत्र यथायोगं भावनीयः । तदाह–'धर्ममेघोऽमृतात्मा च भवशत्रुशिवोदयः । सत्त्वानन्दपरश्चेति योज्योऽत्रैवार्थयोगतः ॥१॥" अस्माद्वृत्तिसङ्क्षयात् फलीभूतात् । सर्वतः सर्वैः प्रकारैः । पापगोचरः पाप-विषयः । अकरणनियमोऽनुमीयते इति शेषः । नरकगमनादिवृत्तिनिर्वृत्तेर्महारम्भपरिग्रहादिहेत्वकरणनियमेनैवोपपत्तेः ॥२०-२१॥

"વૃત્તિસંક્ષય નામના યોગમાં અસંપ્રજ્ઞાતસમાધિ સમાય છે. એ સમાધિના ફળ સ્વરૂપે બધા પ્રકારે પાપના વિષયમાં અકરણનિયમ પ્રાપ્ત થાય છે." - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે બીજા દર્શનકારો જેને અસંપ્રજ્ઞાતસમાધિ કહે છે, તેને અધ્યાત્માદિ પાંચ યોગમાંથી વૃત્તિસંક્ષય નામના યોગમાં સમાવી શકાય છે. કારણ કે સયોગી કેવલી અને અયોગી કેવલી અવસ્થાના કાળમાં મનના વિકલ્પના કારણે થનારી મનની પરિસ્પંદરૂપવૃત્તિઓનો ક્ષય થવાથી તે વખતે અસંપ્રજ્ઞાતયોગ માનવામાં આવે છે. આ વિષયમાં 'યોગબિંદુ' શ્લોક નં. ૪૨૧થી જણાવ્યું છે કે "આ જ કૈવલ્યસ્વરૂપ-અવસ્થાંતરપ્રાપ્ત જે યોગ છે તેને પરદર્શનીઓ વડે અસંપ્રજ્ઞાત(સંપ્રજ્ઞાતથી ભિન્ન) સમાધિ તરીકે વર્ણવાય છે. કારણ કે ત્યાં સમગ્ર મનોવૃત્તિ અને તેના

બીજભૂત કર્મ(ભવાંતરાનુયાયી કર્મ)નો નિરોધ થવા સ્વરૂપ યોગ આત્મસ્વરૂપે પ્રગટ થાય છે. અર્થાત્ આત્માની સાથે યોગનો અનુવેધ(ઐક્યભાવ) પ્રાપ્ત થાય છે.'' આથી સમજી શકાશે કે જે સમાધિમાં વૃત્તિ અને વૃત્તિબીજો સમગ્રપણે નિરુદ્ધ હોય છે અને આત્મા તે સમાધિસ્વરૂપથી અનુવિદ્ધ હોય છે, તે અસંપ્રજ્ઞાતસમાધિ માનસ(મનોજન્ય) વિજ્ઞાનથી વિકલ હોય છે. અહીં યાદ રાખવું જોઇએ કે આ અસંપ્રજ્ઞાતસમાધિ(વૃત્તિસંક્ષય નામના યોગમાં સમાવિષ્ટ) બે પ્રકારે છે. એક સયોગીકેવલી અવસ્થાભાવી અને બીજો અયોગીકેવલી અવસ્થાભાવી. એમાં પ્રથમ અસંપ્રજ્ઞાત સમાધિ, વિકલ્પાત્મક જ્ઞાનસ્વરૂપ મનોવૃત્તિઓના અને તેના બીજભૂત જ્ઞાનાવરણાદિના ઉદયના નિરોધથી ઉત્પન્ન થાય છે અને બીજો તો સર્વ કાયાદિવૃત્તિઓના અને તેના બીજભૂત ઔદારિકાદિ શરીરરૂપ વૃત્તિબીજોના આત્યંતિક ઉચ્છેદથી ઉત્પન્ન થાય છે.

આ સમાધિનું જ બીજું નામ છે ધર્મમેઘ. યાવત્ તત્ત્વની ભાવના વડે ફળની ઇચ્છાથી રહિત થઇને સર્વથા વિવેકખ્યાતિને(પ્રકૃત્યાદિથી ભિન્નપણાના જ્ઞાનને) પ્રાપ્ત કરેલ યોગી અશુક્લકૃષ્ણ ધર્મને સિંચે છે તેથી તેને ધર્મમેઘ એવી સમાધિ કહેવાય છે. **धर्मं मेहति-सिञ्चति** - આ '**धर्ममेघ**' ની વ્યુત્પત્તિ છે. સામાન્ય રીતે શુક્લકર્મ, કૃષ્ણકર્મ, શુક્લકૃષ્ણકર્મ અને અશુક્લકૃષ્ણકર્મ - એમ ચાર પ્રકારનાં કર્મ છે. એમાં તમોગુણમૂલક તથા દુઃખરૂપ ફળને આપનારાં બ્રહ્મહત્યાદિસ્વરૂપ દુરાત્માઓનાં કર્મ કૃષ્ણકર્મ છે. સત્ત્વમૂલક અને સુખને આપનારાં તપ સ્વાધ્યાય વગેરે કર્મ શુક્લકર્મ છે. જે કર્મો રજોગુણમૂલક હોવાથી પુણ્યપાપના જનક અને દુઃખમિશ્રિત સુખસ્વરૂપ ફળને આપનારાં છે તે યજ્ઞયાગાદિ કર્મ શુક્લકૃષ્ણકર્મ છે અને જે કર્મો સુખદુઃખાદિનાં જનક નથી તે સંપ્રજ્ઞાતસમાધિ વગેરે કર્મો અશુક્લકૃષ્ણ કર્મ છે. (અશુક્લકૃષ્ણ-અશુક્લાકૃષ્ણ) કર્મ છે. "**सम्प्रख्यानेऽप्यकुसीदस्य सर्वथा विवेकख्यातौ धर्ममेघः समाधिः** ।।૪-૨૯।।" - આ યોગસૂત્રથી પણ ઉપર જણાવેલી વાત જણાવી છે કે 'વિવેકજ્ઞાનમાં પણ ફળની ઇચ્છાને ન રાખનાર યોગીને વિવેકખ્યાતિને લઇને ધર્મમેઘ-સમાધિ હોય છે.'

ધર્મમેઘસમાધિના અર્થની જેમ જ તે તે તંત્રપ્રસિદ્ધ શબ્દોનો અર્થ યથાયોગે (જે રીતે સંગત થાય તે રીતે) વિચારવો જોઇએ. તે તે તંત્રપ્રસિદ્ધ તે તે શબ્દો(અસંપ્રજ્ઞાતસમાધિને જણાવનારા તે તે શબ્દો)ને જણાવતાં 'યોગબિંદુ'માં

(શ્લો.નં. ૪૨૨) ફરમાવ્યું છે કે - 'ધર્મમેઘ અમૃતાત્મા ભવશત્રુ શિવોદય સત્ત્વાનંદ અને પર - આ શબ્દો અહીં અધ્યાત્માદિ યોગાર્થમાં યોજવા જોઈએ. કારણ કે તે અર્થની સાથે તે તે શબ્દોનો અર્થ સંગત થાય છે.'

અસંપ્રજ્ઞાતસમાધિની વૃત્તિસંક્ષયયોગસંમતતા જણાવીને તાદૃશ વૃત્તિસંક્ષયયોગનું ફળ જણાવતાં શ્લોકના ઉત્તરાર્દ્ધથી ફરમાવ્યું છે કે અધ્યાત્માદિ યોગના ફળભૂત આ વૃત્તિસંક્ષય નામના યોગથી સર્વ પ્રકારે પાપના વિષયમાં અકરણનિયમનું અનુમાન કરાય છે. કારણ કે આવા યોગી જનો નરકાદિ દુર્ગતિગમનની વૃત્તિની નિવૃત્તિવાળા હોવાથી તેઓને વિશે અનુમાન કરાય છે કે નરકાદિગમનની વૃત્તિના હેતુભૂત મહારંભ અને પરિગ્રહાદિને વિશે અકરણનિયમ તેમને છે. અન્યથા તાદૃશનિયમનો જો અભાવ હોત તો તે યોગીઓને પણ નરકાદિગમનની વૃત્તિ હોત. તેથી સ્પષ્ટ છે કે નરકાદિગમનની વૃત્તિની નિવૃત્તિ પાપાકરણનિયમથી જ ઉપપન્ન છે. ॥૨૦-૨૧॥

નરકાદિગતિને આશ્રયીને વર્ણવેલા પાપાકરણનિયમનું દૃષ્ટાંતથી સમર્થન કરાય છે–

**ग्रन्थिभेदे यथाऽयं स्याद्, बन्धहेतुं परं प्रति ।**
**नरकादिगतिष्वेवं, ज्ञेयस्तद्धेतुगोचरः ॥२०-२२॥**

ग्रन्थिभेद इति–यथाऽयमकरणनियमो बन्धहेतुं मिथ्यात्वं परमुत्कृष्टं सप्तति-कोटिकोट्यादिस्थितिनिमित्तं प्रत्याश्रित्य ग्रन्थिभेदे निरूप्यते । एवं नरकादिगतिषु निवर्तनीयासु तद्धेतुगोचरो नरकादिहेतुविषयोऽकरणनियमो ज्ञेयः ॥२०-२२॥

"ગ્રંથિભેદ થયે છતે મિથ્યાત્વના ઉત્કૃષ્ટ સ્થિતિબંધને આશ્રયીને જેમ આ અકરણનિયમ જણાવાય છે તેમ નરકાદિગતિને આશ્રયીને તેના હેતુના વિષયમાં પણ આ અકરણનિયમ સમજવો જોઈએ." આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે રાગદ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ ગ્રંથિ જેવો ગ્રંથિસ્વરૂપ આત્મપરિણામનો ભેદ થયે છતે મિથ્યાત્વમોહનીયકર્મનો સિત્તેર કોટાકોટી સાગરોપમનો સ્થિતિબંધ થતો નથી. કારણ કે ગ્રંથિભેદ થયે છતે મિથ્યાત્વ મોહનીયકર્મના ઉત્કૃષ્ટ સ્થિતિબંધનો હેતુભૂત અધ્યવસાય જ આત્માને આવતો નથી. તેથી કારણના અભાવે કાર્યનો અભાવ થાય છે.

અહીં જેમ પાપાકરણનો નિયમ સ્પષ્ટ છે, તેમ નરકાદિ ગતિની નિવૃત્તિમાં પણ નરકાદિગતિમાં જવા માટેના કારણભૂત પાપના અકરણનિયમને અવશ્ય માનવો જોઇએ. અન્યથા પાપ ચાલુ હોય તો તેના ફળસ્વરૂપે નરકાદિગતિમાં જવાનું થવાનું જ. તેની નિવૃત્તિ શક્ય નહીં જ બને. તેથી નરકાદિગતિમાં ગમનની નિવૃત્તિના અનુરોધથી નરકાદિ ગતિમાં ગમનના હેતુભૂત પાપના અકરણના નિયમનો સ્વીકાર કરવો આવશ્યક છે. ॥૨૦-૨૨॥

પાપાકરણનો નિયમ ન માનીએ તો જે દોષ આવે છે તે જણાવાય છે–

**दुःखात्यन्तविमुक्त्यादि, नान्यथा स्याच्छ्रुतोदितम् ।**
**हेतुः सिद्धश्च भावोऽस्मिन्निति वृत्तिक्षयौचिती ॥२०-२३॥**

दुःखेति–अन्यथा दुःखात्यन्तविमुक्त्यादि श्रुतोदितं सिद्धान्तप्रतिपादितं न स्यात् । तदाह–"अन्यथात्यन्तिको मृत्युर्भूयस्तत्रागतिस्तथा । न युज्यते हि सन्न्यायादित्यादि समयोदितम् ॥१॥" न च तत्त्वज्ञानेनैव दुःखात्यन्तविमुक्त्युपपत्तौ किमकरणनियमेनेति वाच्यं, तस्यात्यन्तिकमिथ्याज्ञाननाशद्वारा हेतुत्वोपगमे तद्धेत्वकरणनियमस्यावश्याश्रयणीयत्वादिति भावः । अस्मिंस्तत्तत्पापस्थानाकरणनियमे च सिद्धः परापराधनिवृत्तिहेतुतत्त्वज्ञानानुगतनया प्रतिष्ठितो भावोऽन्तःकरणपरिणामो हेतुः । तदुक्तं–"हेतुमस्य परं भावं सत्त्वाद्यागोनिवर्तनम् । प्रधानं करुणारूपं ब्रुवते सूक्ष्मदर्शिनः ॥१॥" इति । एवमकरणनियमोपपत्तौ वृत्तिक्षयौचिती वृत्तिक्षयस्य न्याय्यता हेत्वकरणनियमेन फलानुत्पत्तिपर्यायोपपत्तेस्तत्प्राग्भावापगमस्यापि योग्यताविगमाख्यस्य हेत्वकरणनियमेनैव फलवत्त्वात् तद्विरहितस्य फलनियतत्वात् । तदुक्तं–"मण्डुकभस्मन्यायेन वृत्तिबीजं महामुनिः । योग्यतापगमाद्दग्ध्वा ततः कल्याणमश्नुते ॥१॥ इति" ॥२०-२३॥

"પાપાકરણનો નિયમ ન હોય તો શાસ્ત્રમાં પ્રતિપાદન કરાયેલ દુઃખોની અત્યંત વિમુક્તિ વગેરે સંગત નહિ થાય. પાપાકરણનિયમનો સ્વીકાર કર્યે છતે અંતઃકરણનો પરિણામ સ્વરૂપ ભાવ હેતુ તરીકે સિદ્ધ છે. તેથી વૃત્તિસંક્ષયની ન્યાય્યતા થાય છે." - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જેમ જેમ યોગની સાધનામાં આત્મા વિકાસ સાધે તેમ તેમ તેને પાપાકરણનિયમની પ્રાપ્તિ થતી હોય છે અને એ રીતે ક્રમે કરી જીવને ફરી પાછા

ન આવે એ સ્વરૂપે દુઃખની અત્યંત વિમુક્તિ પ્રાપ્ત થતી હોય છે. પરંતુ આગમમાં વર્ણવેલી એ દુઃખની અત્યંત વિમુક્તિ પાપાકરણનિયમ વિના શક્ય નથી.

યોગબિંદુગ્રંથમાં (શ્લો.નં. ૪૧૭) આ વસ્તુને જણાવતાં ફરમાવ્યું છે કે "પાપાકરણનિયમનો સ્વીકાર કરવામાં ન આવે તો, ફરી પાછું ન આવે એવું આત્યંતિક મૃત્યુ તેમ જ ફરી પાછા નરકાદિમાં જવાનું ન બને એવી અગતિ વગેરે સદ્યુક્તિથી ઘટી શકતા નથી... એમ આગમમાં જણાવ્યું છે." આથી સ્પષ્ટ છે કે પાપાકરણનો નિયમ ન માનીએ તો દુઃખની અત્યંત વિમુક્તિ વગેરે યુક્તિસંગત નહિ બને. યદ્યપિ તત્ત્વજ્ઞાનથી જ દુઃખની આત્યંતિક વિમુક્તિ સંગત થતી હોવાથી તેના માટે (આત્યંતિક દુઃખધ્વંસ માટે) પાપાકરણનિયમને કારણ માનવાની આવશ્યકતા નથી. પરંતુ તત્ત્વજ્ઞાનની પ્રત્યે મિથ્યાજ્ઞાનનો નાશ કારણ છે અને મિથ્યાજ્ઞાનનો નાશ પાપાકરણનિયમથી થાય છે. તેથી પાપાકરણનિયમ, મિથ્યાજ્ઞાનના નાશ દ્વારા તત્ત્વજ્ઞાનની પ્રત્યે હેતુ હોવાથી પાપાકરણનિયમનો અવશ્ય સ્વીકાર કરવો જોઈએ.

પાપાકરણનિયમનો જે હેતુ છે તે શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવાય છે. એનો આશય એ છે કે પાપાકરણનિયમમાં, પરની(બીજાની) પ્રત્યે કરાતા અપરાધની નિવૃત્તિનો કારણભૂત અને તત્ત્વજ્ઞાનને અનુકૂળ એવો આત્મામાં પ્રતિષ્ઠિત (સુસ્થિર) થયેલો જે ભાવ (અંતઃકરણપરિણામ) છે તે હેતુ છે. આ અંગે 'યોગબિંદુ'(શ્લો.નં. ૪૧૮)માં જણાવ્યું છે કે "આ પાપાકરણના નિયમનો હેતુ આત્માનો ઉત્કૃષ્ટ પરિણામ છે, જે તે તે પાપસ્થાનના વિષયમાં શત્રુ મિત્ર કે ઉદાસીન જનોની પ્રત્યેના અપરાધની નિવૃત્તિનું કારણ છે તેમ જ પ્રધાન એટલે કે યથાવસ્થિત વિજ્ઞાનને અનુસરનારી કરુણાસ્વરૂપ છે - આ પ્રમાણે સૂક્ષ્મદર્શી એવા મહાત્માઓ કહે છે."

આ રીતે પાપાકરણનિયમની ઉપપત્તિ થયે છતે વૃત્તિક્ષયનું ઔચિત્ય છે. તે તે ફળના (દુષ્ટસંસારસ્વરૂપ ફળના) હેતુને ન કરવાના કારણે ફળની અનુત્પત્તિ સ્વરૂપ પર્યાયની પણ ઉપપત્તિ (સંગતિ) સિદ્ધ થાય છે. "આત્યંતિક દુઃખવિગમ પૂર્વે તેનો(દુઃખનો) પ્રાગભાવ નાશ પામે છે. તેથી દુઃખની અનુત્પત્તિ થાય છે. એમાં હેત્વકરણ(પાપાકરણ)નિયમને કારણ માનવાની આવશ્યકતા નથી." - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે દુઃખની ઉત્પત્તિની યોગ્યતાના વિગમ સ્વરૂપ,

દુઃખ-પ્રાગભાવનો અપગમ પણ વસ્તુતઃ તેના હેત્વકરણનિયમને લઈને જ ફળસ્વરૂપ બને છે. હેત્વકરણના નિયમના વિરહમાં ચોક્કસ જ ફળની(દુઃખાદિની) ઉત્પત્તિ થાય છે. યોગબિંદુ(શ્લો.નં. ૪૨૩)માં એ વિષયમાં જણાવ્યું છે કે "નવમાદિ ગુણસ્થાનકે રહેલા ક્ષપકશ્રેણીગત મહામુનિઓ, શરીર અને મન સંબંધી ચેષ્ટા સ્વરૂપ વૃત્તિઓના બીજને, તે તે કર્મબંધની યોગ્યતાનો વિગમ થવાથી દેડકાની ભસ્મના ન્યાયે શુક્લધ્યાનસ્વરૂપ દાવાનલથી બાળીને મોક્ષસ્વરૂપ કલ્યાણને પ્રાપ્ત કરે છે." દેડકાની ભસ્મ થવાથી નિમિત્ત મળતાં તેમાંથી જેમ ફરી દેડકા પેદા થતા નથી તેમ આ મહામુનિઓને ફરી કર્મબંધ થતો નથી. ॥૨૦-૨૩॥

ननु यद्येक एव योगस्तदा कथं भेदः ? भेदे च प्रकृते किं तदन्तर्भावप्रयासेनेत्यत आह—

ઉપર જણાવ્યા મુજબ યોગ એક જ (સ્વ-પરદર્શન-પ્રસિદ્ધ યોગ અભિન્ન જ) હોય તો ભેદ કેમ પડે ? અને જો બધા યોગમાં ભેદ હોય તો તેનો સમાવેશ કરવાનો પ્રયાસ શા માટે ? (અર્થાત્ એ વ્યર્થ છે) - આ શંકાનું સમાધાન કરાય છે—

**योगे जिनोक्तेऽप्येकस्मिन् दृष्टिभेदः प्रवर्त्तते ।**
**क्षयोपशमवैचित्र्यात्, समेघाद्योघदृष्टिवत् ॥२०-२४॥**

योग इति—(जिनेन) अर्हता सर्वज्ञेन प्रोक्ते तत्त्वत एकस्मिन्नपि योगे क्षयोपशमवैचित्र्याद् दृष्टिभेदो दर्शनविशेषः प्रवर्तते । समेघादौ मेघसहितरात्र्यादावोघदृष्टिवत् सामान्यदर्शनमिव । तथा हि एकस्मिन्नपि दृश्ये समेघायां रात्रौ दृष्टिः किञ्चिन्मात्रग्राहिणी, अमेघायां तु मनागधिकतरग्राहिणी । एवं समेघामेघयोर्दिवसयोरप्यस्ति विशेषः । तथा सग्रहाग्रहयोश्चित्तविभ्रमतदभावाभ्यामर्भकानर्भकयोरपि मुग्धत्वविवेकाभ्यामुपहतानुपहतलोचनयोश्च दोषगुणाभ्यां ग्राहकयोरपि । तथा प्रकृतेऽपि योगदृष्टिभेद इति भावनीयम् । एतन्निबन्धनोऽयं दर्शनभेद इति योगाचार्याः । न खल्वयं स्थिरादिदृष्टिमतां भिन्नग्रन्थीनां योगिनां, यथाविषयं नयभेदावबोधात्, प्रवृत्तिरपि अमीषां परार्थं शुद्धबोधभावेन विनिवृत्ताग्रहतया मैत्र्यादिपारतन्त्र्येण गम्भीरोदाराशयत्वाच्चारिचरकसञ्जीविन्यचरकचारणनीत्येत्याहुः ॥२०-२४॥

"શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો યોગ એક જ હોવા છતાં, મેઘસહિત રાત્રિ વગેરેને વિશે જેમ એક જ દશ્ય હોવા છતાં સામાન્યદષ્ટિમાં ભેદ વર્ત્તાય છે તેમ ક્ષયોપશમની વિચિત્રતાના કારણે દર્શનભેદ પ્રવર્ત્તે છે." - આ પ્રમાણે ચોવીસમા

શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે શ્રી સર્વજ્ઞ એવા અરિહંતપરમાત્માએ દર્શાવેલો યોગ એક જ પ્રકારનો હોવા છતાં તેને સમજનારા જિજ્ઞાસુઓના મિથ્યાત્વમોહનીયકર્મના ક્ષયોપશમાદિની વિચિત્રતાથી તે તે દર્શનોનો ભેદ પ્રવર્ત્યો છે. એ વાત દૃષ્ટાંતથી સમજાવવા શ્લોકના ઉત્તરાર્દ્ધનો અંતિમ ભાગ છે.

એનું તાત્પર્ય એ છે કે દશ્ય-ઘટાદિ એક હોવા છતાં મેઘવાળી રાતમાં ખૂબ જ થોડી માત્રામાં એનું ગ્રહણ થાય છે. મેઘરહિત રાત્રિએ એ જ દશ્યનું થોડું વધારે ગ્રહણ થાય છે. આવી જ રીતે મેઘસહિત દિવસમાં અને મેઘરહિત દિવસમાં દશ્યના ગ્રહણમાં વિશેષતા સ્પષ્ટ છે. તેમ જ એ દશ્યને જોનાર ચિત્તવિભ્રમવાળો (સગ્રહ) અને ચિત્તવિભ્રમથી રહિત (અગ્રહ) હોય તો ય દશ્યગ્રહણમાં ફરક પડે છે. આવી જ રીતે એ દશ્યને જોનાર બાળક હોય અને યુવાન હોય (બાલથી ભિન્ન) તોય દશ્યગ્રહણમાં વિશેષતા હોય છે. કારણ કે એક મુગ્ધ હોય છે અને બીજામાં વિવેક હોય છે. આ રીતે જ જેની આંખમાં દોષ(ખામી) છે અને જેની આંખમાં દોષ નથી (ગુણ છે) એવા ઉપહત લોચનવાળા અને અનુપહત લોચનવાળા દશ્ય જોનારા હોય તોય દશ્યગ્રહણમાં ફરક પડતો હોય છે. તેવી રીતે જ યોગની દૃષ્ટિમાં ભેદ સમજી લેવો જોઇએ. એ ભેદને લઇને આ દર્શનોનો ભેદ છે - આ પ્રમાણે યોગાચાર્ય કહે છે.

પરંતુ જેમણે રાગદ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ ગ્રંથિનો ભેદ કર્યો છે, એવા સ્થિરાદિ દૃષ્ટિવાળા (પાંચમી છઠ્ઠી સાતમી અને આઠમી દૃષ્ટિવાળા) યોગી જનોને એવો ભેદ વર્ત્તાતો નથી. કારણ કે તેઓને તે તે વિષયને અનુસરી નયાનુસારી બોધ હોય છે. આવા યોગી જનો ઉપદેશાદિની જે પ્રવૃત્તિ કરે છે તે પરાર્થ માટે થાય છે. કારણ કે તેઓને શુદ્ધ બોધ હોય છે. તેઓ આગ્રહ વિનાના, મૈત્રી વગેરે ભાવનાથી ભાવિત અને ગંભીર આશયવાળા હોય છે. ચારાને ચરનારો અને સંજીવનીને નહિ ચરનારો જે છે તેને ચરાવનારની નીતિથી આ યોગી જનોની પ્રવૃત્તિ એકાંતે પરાર્થકારિણી હોય છે... ઇત્યાદિ 'યોગદૃષ્ટિ એક પરિશીલન' થી સમજી લેવું જોઇએ. ॥૨૦-૨૪॥

દૃષ્ટિસામાન્યનું સ્વરૂપ વર્ણવાય છે અને તેનો વિભાગ કરાય છે–

**सच्छ्रद्धासङ्गतो बोधो, दृष्टिः सा चाष्टधोदिता ।**
**मित्रा तारा बला दीप्रा, स्थिरा कान्ता प्रभा परा ।।२०-२५।।**

सच्छ्रद्धेति—सच्छ्रद्धया शास्त्रबाह्याभिप्रायविकलसदूहलक्षणया सङ्गतो बोधो दृष्टिः, तस्या उत्तरोत्तरगुणाधानद्वारा सत्प्रवृत्तिपदावहत्वात् । तदुक्तं—"सच्छ्रद्धासङ्गतो बोधो दृष्टिरित्यभिधीयते । असत्प्रवृत्तिव्याघातात् सत्प्रवृत्तिपदावहः ।।१।।" इति । सा चाष्टधोदिता मित्रा तारा बला दीप्रा स्थिरा कान्ता प्रभा परा चेति ।।२०-२५।।

"સત્શ્રદ્ધાથી સંગત એવા બોધને દૃષ્ટિ કહેવાય છે. તેના આઠ પ્રકારો શાસ્ત્રમાં જણાવાયા છે, જેનાં અનુક્રમે મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા અને પરા - આ નામો છે." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે પૂર્વે ચોવીસમા શ્લોકથી દૃષ્ટિભેદનું કારણ વર્ણવીને આ શ્લોકથી દૃષ્ટિનું સ્વરૂપ જણાવવા સાથે તેનો વિભાગ કરાય છે.

સત્શ્રદ્ધાથી સંગત એવો બોધ દૃષ્ટિ છે. શાસ્ત્રથી બાહ્ય(વિપરીત) અભિપ્રાયથી વિકલ (રહિત) એવા સદૂહ(સદ્વિચારણા) સ્વરૂપ સત્ શ્રદ્ધા છે. અસત્ એવી શ્રદ્ધાનું ગ્રહણ ન થાય એ માટે અહીં સત્ શ્રદ્ધાનું ઉપાદાન કર્યું છે. પોતાની ઇચ્છાને આશ્રયીને જે વિચારણા થાય છે, તેને અસત્ શ્રદ્ધા કહેવાય છે. તેના વ્યવચ્છેદ માટે અહીં સત્ શ્રદ્ધાનું ઉપાદાન કર્યું છે, જે શાસ્ત્રાનુસારી વિચારણા સ્વરૂપ છે. પોતાના અભિપ્રાયથી જે વિચારાય છે તે સત્ શ્રદ્ધા સ્વરૂપ ન હોય એ સમજી શકાય છે. સત્ શ્રદ્ધાથી સંગત જે બોધ-અવગમ(સમજણ) છે - તેને દૃષ્ટિ કહેવાય છે. માત્ર જ્ઞાનને અહીં દૃષ્ટિ તરીકે વર્ણવવામાં આવતું નથી. જાણવું અને સમજવું : આ બંન્નેમાં જે ભેદ છે તેને સમજનારા જ્ઞાન અને બોધમાં જે ભેદ છે તેને સમજી શકે છે. બોધને દૃષ્ટિ તરીકે વર્ણવવાનું કારણ એ છે કે, બોધ; ઉત્તરોત્તર ગુણનું આધાન કરી સત્પ્રવૃત્તિના સ્થાનને પ્રાપ્ત કરાવે છે.

'યોગદૃષ્ટિસમુચ્ચય' (શ્લો.નં.૧૭)માં આ અંગે જણાવ્યું છે કે "અસત્પ્રવૃત્તિનો વ્યાઘાત (રોકવું તે) કરવા વડે સત્પ્રવૃત્તિના સ્થાનને પ્રાપ્ત કરાવનારો સત્શ્રદ્ધાથી સંગત એવો જે બોધ છે, તેને દૃષ્ટિ કહેવાય છે." અહીં શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિને અસત્પ્રવૃત્તિ કહેવાય છે અને શાસ્ત્રથી અવિરુદ્ધ એવી પ્રવૃત્તિને સત્પ્રવૃત્તિ કહેવાય છે. પ્રથમ ત્રણ ગુણસ્થાનક સુધી અવેદ્યસંવેદ્યપદ

[જ્યાં વેદ્ય(સંસારાદિના હેતુ)નું સંવેદન નથી તે] હોય છે. તેનો પરિત્યાગ થવાથી ચોથા ગુણસ્થાનકે વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ દૃષ્ટિથી થાય છે. પાંચમી વગેરે દૃષ્ટિઓ (૫ થી ૮) વેદ્યસંવેદ્યપદસ્વરૂપ હોવાથી; ત્યાંનો બોધ અવેદ્યસંવેદ્યપદનો પરિત્યાગ કરાવી વેદ્યસંવેદ્યપદને પ્રાપ્ત કરાવનાર બનતો નથી. તેથી તાદૃશપદને સત્પ્રવૃત્તિપદ તરીકે વિવક્ષિત કર્યા વિના પરમાર્થથી શૈલેશીપદને જ સત્પ્રવૃત્તિપદ તરીકે વિવક્ષિત કર્યું છે. તેથી સત્શ્રદ્ધાસંગત બોધ સાક્ષાત્ કે પરંપરાએ શૈલેશી અવસ્થાનો પ્રાપક હોવાથી કોઇ દોષ નથી. શ્લોકના ઉત્તરાર્દ્ધથી તાદૃશ બોધસ્વરૂપ દૃષ્ટિનો વિભાગ કરાય છે. અર્થાત્ નામમાત્રથી જ તેના પ્રકારો જણાવ્યા છે. મિત્રા તારા બલા દીપ્રા સ્થિરા કાંતા પ્રભા અને પરા : આ આઠ પ્રકારો દૃષ્ટિના છે. ॥૨૦-૨૫॥

દૃષ્ટાંતમાત્રથી દૃષ્ટિઓનું નિરૂપણ કરાય છે–

**तृणगोमयकाष्ठाग्निकणदीपप्रभोपमा ।**
**रत्नतारार्कचन्द्राभा क्रमेणेक्ष्वादिसन्निभा ॥२०-२६॥**

तृणेति–मित्रा दृष्टिस्तृणाग्निकणोपमा, न तत्त्वतोऽभीष्टकार्यक्षमा, सम्यक्-प्रयोगकालं यावदनवस्थानाद् । अल्पवीर्यतया ततः पटुस्मृतिबीजसंस्काराधानानुपपत्तेः, विकलप्रयोगभावाद्भावतो वन्दनादिकार्यायोगादिति । तारा दृष्टिर्गोमयाग्निकणसदृशी, इयमप्युक्तकल्पैव, तत्त्वतो विशिष्टस्थितिवीर्यविकलत्वाद्, अतोऽपि प्रयोगकाले स्मृतिपाटवासिद्धेस्तदभावे प्रयोगवैकल्यात्, ततस्तथातत्कार्याभावादिति। बला दृष्टिः काष्ठाग्निकणतुल्या, ईषद्विशिष्टा उक्तबोधद्वयात्, तद्भावेनात्र मनाक् स्थितिवीर्ये, अतः पटुप्राया स्मृतिः, इह प्रयोगसमये तद्भावे चार्थप्रयोगमात्रप्रीत्या यत्नलेशभावादिति । दीप्रा दृष्टिर्दीपप्रभासदृशी, विशिष्टतरा उक्तबोधत्रयाद्, अतोऽत्रोदग्रे स्थितिवीर्ये, तत्पट्व्यपि प्रयोगसमये स्मृतिः, एवम्भावतोऽप्यत्र द्रव्यप्रयोगो वन्दनादौ, तथाभक्तितो यत्नभेद-प्रवृत्तेरिति प्रथमगुणस्थानकप्रकर्ष एतावानिति समयविदः । स्थिरा च भिन्नग्रन्थेरेव सा च रत्नाभा, तदवबोधो हि रत्नभास्समानः, तद्भावोऽप्रतिपाती प्रवर्धमानो निरपायो नापरपरितापकृत् परितोषहेतुः प्रायेण प्रणिधानादियोनिरिति । कान्ता ताराभा, तदवबोध-स्ताराभास्समानः, अतः स्थित एव प्रकृत्या निरतिचारमत्रानुष्ठानं शुद्धोपयोगानुसारि विशिष्टाप्रमादसचिवं विनियोगप्रधानं गम्भीरोदाराशयमिति । प्रभाऽर्काभा,

तदवबोधस्तरणिभास्समानः, सद्ध्यानहेतुरेव सर्वदा, नेह प्रायो विकल्पावसरः, प्रशमसारं मुखमिह, अकिञ्चित्करण्यत्रान्यशास्त्राणि समाधिनिष्ठमनुष्ठानं, तत्सन्निधौ वैरादिनाशः, परानुग्रहकर्तृता, औचित्ययोगो विनेयेषु, तथाऽवन्ध्या सत्क्रियेति । परा तु दृष्टिश्चन्द्राभा, तदवबोधश्चन्द्रचन्द्रिकाभास्समानः, सद्ध्यानरूप एव सर्वदा, विकल्परहितं मनः, तदभावेनोत्तमं सुखम्, आरूढारोहणवन्नानुष्ठानं प्रतिक्रमणादि, परोपकारित्वं, यथाभव्यमवन्ध्या क्रियेति । तथा क्रमेण मित्राद्यनुक्रमेणेक्ष्वादिसन्निभा दृष्टिः, इक्षुरसकक्कवगुडकल्पाः खल्वाद्याश्चतस्रः खण्डशर्करामत्स्यण्डवर्षोलकसमाश्चाग्रिमा इत्याचार्याः । इक्ष्वादिकल्पानामेव रुच्यादिगोचराणां संवेगमाधुर्यभेदोपपत्तेः, नलादिकल्पानामभव्यानां संवेगमाधुर्यशून्यत्वादिति ॥२०-२६॥

"તૃણ (ઘાસ), ગોમય (છાણાં), કાષ્ઠના અગ્નિકણની અને દીપપ્રભાની ઉપમાવાળી તેમ જ રત્ન, તારા, સૂર્ય અને ચંદ્રની આભા જેવી કાંતિવાળી, ઇક્ષુ(શેલડી) વગેરે જેવી ક્રમે કરી મિત્રા તારા બલા દીપ્રા વગેરે દૃષ્ટિઓ છે." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. એના ભાવાર્થને સ્પષ્ટ કરતાં ટીકામાં જણાવ્યું છે કે મિત્રાદૃષ્ટિ તૃણના અગ્નિના કણની ઉપમાવાળી છે. અર્થાત્ એ મિત્રાદૃષ્ટિનો બોધ તૃણના અગ્નિકણ જેવો અત્યંત અલ્પ અને અલ્પસ્થિતિવાળો હોય છે. તાત્ત્વિક રીતે એથી કોઇ અભીષ્ટ કાર્યની સિદ્ધિ થતી નથી. કારણ કે યથાસ્થિત પ્રવૃત્તિના આરંભકાળ સુધી તે બોધનું અવસ્થાન નથી. તૃણના અગ્નિના કણના પ્રકાશમાં જે કોઇ પણ પ્રવૃત્તિની શરૂઆત કરીએ ત્યાં તો તે અગ્નિ જેમ બુઝાઇ જાય છે તેમ અહીં પણ સારી રીતે પ્રવૃત્તિનો આરંભ કરીએ ના કરીએ ત્યાં તો બોધ જતો રહે છે. તેથી અભીષ્ટ કાર્યની નિષ્પત્તિ માટે અહીં સામર્થ્ય રહેતું નથી. તેથી અલ્પ સામર્થ્યના કારણે અત્યંત ઉત્કટ એવી સ્મૃતિના બીજભૂત સંસ્કારોના આધાનની ઉપપત્તિ થતી નથી. આ રીતે વિકલ પ્રયોગ(ભલીવાર વિનાનો)ના કારણે અહીં વંદનાદિ અનુષ્ઠાનો ભાવથી થતાં નથી. પરંતુ દ્રવ્યથી થાય છે.

તારાદૃષ્ટિ છાણાના અગ્નિના કણ જેવી છે; અર્થાત્ આ દૃષ્ટિનો બોધ ગોમયાગ્નિકણ જેવો છે. આ દૃષ્ટિ પણ મિત્રાદૃષ્ટિ જેવી જ છે. સહેજ ફરક છે. પરંતુ એથી તાત્ત્વિક દૃષ્ટિએ કોઇ વિશિષ્ટ કાર્યની સિદ્ધિ થતી નથી. વિશિષ્ટ સ્થિતિ અને વીર્ય(સામર્થ્ય)ની વિકલતાને લઇને સ્મૃતિની પટુતા(દૃઢતા) સિદ્ધ

થતી નથી. અને તેથી તેના અભાવે પ્રયોગ(પ્રવૃત્તિ)ની વિકલતાના કારણે તે કાર્યનો અભાવ થાય છે અર્થાત્ વિવક્ષિત કાર્ય થતું નથી.

બલાદૃષ્ટિનો બોધ કાષ્ઠના અગ્નિકણ જેવો છે. પહેલી અને બીજી દૃષ્ટિના બોધની અપેક્ષાએ થોડો વિશિષ્ટ એવો અહીં બોધ છે. તેને લઇને અહીં બોધની સ્થિતિ અને વીર્ય થોડું અધિક હોય છે. તેથી લગભગ અહીં પટુ સ્મૃતિ હોય છે. યોગની પ્રવૃત્તિના પ્રયોગકાળમાં સ્મૃતિ વિદ્યમાન હોવાથી યોગની પ્રવૃત્તિના અર્થની પ્રીતિને કારણે તેમાં થોડો પ્રયત્ન થાય છે.

ચોથી દીપ્રાદૃષ્ટિ દીપપ્રભાજેવી છે. અહીં દીપની પ્રભા જેવો બોધ હોય છે. આ પૂર્વેની ત્રણેય દૃષ્ટિ કરતાં અહીં વિશિષ્ટતર બોધ હોય છે - એ સમજી શકાય છે. આથી અહીં બોધની સ્થિતિ અને વીર્ય(ઉલ્લાસ-સામર્થ્ય) ઉદગ્ર(ઉત્કટ) હોય છે. તેથી યોગપ્રવૃત્તિ વખતે પટુ પણ સ્મૃતિ હોય છે. આમ હોવા છતાં વંદનાદિની પ્રવૃત્તિ દ્રવ્યથી થાય છે. પરંતુ પ્રયત્નવિશેષથી તેવી ભક્તિના કારણે પ્રવૃત્તિ થાય છે. તેથી પ્રથમ ગુણસ્થાનકની અહીં પરાકાષ્ઠા હોય છે - એમ આગમના જાણકારોનું કહેવું છે.

સ્થિરાદૃષ્ટિ તો જેમણે ગ્રંથિભેદ કર્યો છે એવા ભિન્નગ્રંથિક જીવોને હોય છે. તે દૃષ્ટિ રત્નપ્રભાજેવી હોય છે. અર્થાત્ અહીં અવબોધ રત્નની આભા જેવો હોય છે. તે ભાવ અપ્રતિપાતી, ઉત્તરોત્તર વધતો, અપાયથી રહિત, પરિતાપને નહિ કરનારો, આત્માને સંતોષ ઉપજાવનારો અને પ્રાયઃ પ્રણિધાનાદિ આશયને ઉપજાવનારો હોય છે. કોઇ તથાવિધ નિકાચિત કોટિનાં કર્મોનો ઉદય ન હોય તો આ દૃષ્ટિનો અવબોધ પ્રણિધાનાદિને અવશ્ય ઉત્પન્ન કરે છે.

કાંતાદૃષ્ટિ તારાજેવી છે. અર્થાત્ તારાઓની પ્રભા જેવો કાંતાદૃષ્ટિનો બોધ છે. તેથી તે અહીં સ્થિત જ છે. સ્વભાવથી જ અહીં યોગાનુષ્ઠાન અતિચારથી રહિત હોય છે. શુદ્ધ ઉપયોગને અનુસરનારું, વિશેષ પ્રકારના અપ્રમાદની સહાયવાળું, વિનિયોગ નામના આશયની પ્રધાનતા(મુખ્યતા)વાળું એ અનુષ્ઠાન ગંભીર અને ઉદાર આશયવાળું હોય છે. સાતમા ગુણસ્થાનકના પ્રકર્ષને પ્રાપ્ત કરવા માટેની યોગ્યતા લગભગ અહીં પ્રાપ્ત થાય છે.

સૂર્યની પ્રભા જેવો બોધ જેમાં છે તે સૂર્યજેવી સાતમી દૃષ્ટિ છે. સૂર્યની કાંતિ જેવી કાંતિ છે જેમાં એવી આ દૃષ્ટિ સદાને માટે સદ્ધ્યાનનું કારણ બની

રહે છે. પ્રાયઃ કરી અહીં વિકલ્પનો અવસર નથી. આ પ્રભાદૃષ્ટિમાં પ્રશમના સારવાળું સુખ છે. બોધ આત્મસાત્ થવાથી અહીં પ્રવૃત્તિ માટે બીજા શાસ્ત્રના આલંબનની આવશ્યકતા રહેતી નથી. ચિત્તની સ્વસ્થતા સ્વરૂપ સમાધિમય અનુષ્ઠાન આ દૃષ્ટિમાં હોય છે. અહીં આ દૃષ્ટિથી સંપન્ન યોગીના સાંનિધ્યમાં હિંસકાદિ જીવોના વૈરાદિનો નાશ થાય છે. બીજાની ઉપર અનુગ્રહ કરનારા અને વિનેયો(શિષ્ય)ને વિશે ઔચિત્યને આચરનારા એવા આ યોગીઓની ક્રિયા ચોક્કસ જ ફળદાયિની હોય છે.

આઠમી પરાદૃષ્ટિમાં તો ચંદ્રની પ્રભા જેવો બોધ હોય છે. અહીં સદાને માટે સદ્ધ્યાન હોય છે. આ દૃષ્ટિમાં વિકલ્પથી રહિત મન હોવાથી ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે. ચઢેલાને જેમ ચઢવાનું હોતું નથી તેમ અહીં પ્રતિક્રમણાદિનું અનુષ્ઠાન હોતું નથી. કારણ કે તત્સાધ્ય ફળ અહીં સિદ્ધ હોય છે. સામા જીવોની યોગ્યતા મુજબ પરોપકારને કરનારા આ યોગી જનોની ક્રિયા નિશ્ચિત વિના વિલંબે ફળને આપનારી હોય છે.

આ રીતે સામાન્યથી આઠ સદ્દૃષ્ટિઓનું નિરૂપણ કર્યું. એમાંની પ્રથમ ચાર દૃષ્ટિઓમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી. એ ચાર દૃષ્ટિઓના સુદીર્ઘકાળ પછી તેની પ્રાપ્તિ પાંચમી દૃષ્ટિમાં થાય છે. તેથી મિત્રાદિ ચાર દૃષ્ટિઓ યદ્યપિ સદ્દૃષ્ટિઓ નથી. પરંતુ તે સદ્દૃષ્ટિઓની કારણ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરવા દ્વારા તે પ્રથમ ચારે દૃષ્ટિને સદ્દૃષ્ટિ જણાવી છે. આ આશયને ગર્ભિત રીતે આ શ્લોકના ચોથા પાદથી જણાવ્યો છે. એનો આશય એ છે કે ઈક્ષુ (શેલડી) વગેરે જેવી અનુક્રમે મિત્રાદિ દૃષ્ટિઓ છે. ઈક્ષુ જેવી મિત્રાદૃષ્ટિ, તેના રસ જેવી તારાદૃષ્ટિ, કક્કબ જેવી બલાદૃષ્ટિ અને ગોળજેવી દીપ્રાદૃષ્ટિ છે. ખાંડજેવી સ્થિરાદૃષ્ટિ, શર્કરાજેવી કાંતાદૃષ્ટિ, મત્સ્યણ્ડીજેવી પ્રભાદૃષ્ટિ અને વર્ષોલકજેવી છેલ્લી પરાદૃષ્ટિ છે. આથી સમજી શકાશે કે શેલડી વગેરે જેમ રસાદિ સ્વરૂપે પરિણમે છે, તેમ મિત્રાદિ દૃષ્ટિઓ તારાદિ દૃષ્ટિઓ સ્વરૂપે પરિણમે છે. શેલડી વગેરેની મધુરતાની જેમ અહીં મિત્રાદિ દૃષ્ટિઓમાં માર્ગ પ્રત્યેની રુચિ વગેરે વિષયોના સ્વરૂપમાં સંવેગ(મોક્ષની અભિલાષા) સ્વરૂપ માધુર્યવિશેષ ઉપપન્ન છે. જો મિત્રાદિ દૃષ્ટિઓના વિષયમાં એવું માધુર્ય હોય જ નહિ તો અંતિમ દૃષ્ટિમાં પણ એ નહિ જ આવે. નલાદિ(વનસ્પતિવિશેષ)જેવા અભવ્યાત્મામાં

ક્યારે ય એવું સંવેગમાધુર્ય આવતું નથી. સદાને માટે તેઓ સંવેગાદિમાધુર્યથી શૂન્ય હોય છે... ઇત્યાદિ સમજી લેવું જોઇએ. ॥૨૦-૨૬॥

આ દૃષ્ટિ સામાન્યથી સકલયોગીઓના દર્શનમાં હોય છે, તેથી તે જેવાઓને જેવી હોય છે તે જણાવાય છે–

**यमादियोगयुक्तानां, खेदादिपरिहारतः ।**
**अद्वेषादिगुणस्थानां, क्रमेणैषा सतां मता ॥२०-२७॥**

यमादीति–यमादयो योगाङ्गत्वाद्योगाः । यथोक्तं–"यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावङ्गानि योगस्येति" [२-२९] तैर्युक्तानां, खेदादीनां ध्यानाभिधानस्थले प्रोक्तानां योगप्रत्यनीकाशयलक्षणानां परिहारतोऽद्वेषादयो येऽष्टौ गुणाः । तदुक्तम्–"अद्वेषो जिज्ञासा शुश्रूषा श्रवणबोधमीमांसाः । परिशुद्धा प्रतिपत्तिः प्रवृत्तिरष्टाङ्गिकी तत्त्व इति" । तत्स्थानां तत्प्रतिबद्धवृत्तीनां क्रमेणैषा दृष्टिः मता भगवत्पतञ्जलिभदन्तभास्करादीनां योगिनां मतेष्टा ॥२०-२७॥

"યમ, નિયમ આદિ યોગથી યુક્ત અને અદ્વેષ જિજ્ઞાસા વગેરે ગુણથી સહિત એવા જીવોને ખેદ ઉદ્વેગ વગેરે દોષના પરિહારથી અનુક્રમે મિત્રા તારા... વગેરે દૃષ્ટિઓ પતંજલિ વગેરે વિદ્વાનોએ માની છે." - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિ : આ યોગસૂત્રમાં (૨-૨૯) જણાવ્યા મુજબ આઠ યોગનાં અંગ છે. તે યોગનાં અંગોને ઉપચારથી યોગ તરીકે જણાવ્યાં છે. એ એક એક અંગ વખતે અનુક્રમે મિત્રાદિ આઠ દૃષ્ટિમાંથી એક એક દૃષ્ટિ હોય છે. અર્થાત્ યમસ્વરૂપ યોગ મિત્રાદૃષ્ટિમાનને હોય છે. તારાદૃષ્ટિ નિયમવાનને હોય છે. આ રીતે તે તે યોગના અંગવાળાને તે તે દૃષ્ટિ હોય છે.

સાલમ્બનાદિધ્યાન-અધિકાર પ્રસંગે શ્રી ષોડશક પ્રકરણમાં (૧૪-૩) વર્ણવેલા ખેદ ઉદ્વેગ ક્ષેપ ઉત્થાન ભ્રાંતિ અન્યમુદ્ રુગ્ અને આસંગ : આ આઠ યોગપ્રતિબંધક દોષો છે. એમાંથી ખેદનો પરિહાર કરનારને મિત્રાદૃષ્ટિ હોય છે. ઉદ્વેગનો પરિહાર કરનારને તારાદૃષ્ટિ હોય છે. એ રીતે યોગના અવરોધક તે તે દોષને દૂર કરવાથી ક્રમાનુસાર તે તે દૃષ્ટિ પ્રાપ્ત થતી હોય છે. આ રીતે શ્રી ષોડશકપ્રકરણમાં (૧૬-૧૪) વર્ણવેલા અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, બોધ,

મીમાંસા, પરિશુદ્ધ પ્રતિપત્તિ અને પ્રવૃત્તિ : આ યોગને અનુકૂળ આઠ ગુણો છે. અદ્વેષાદિ તે તે ગુણમાં રહેલાને તે તે દૃષ્ટિ અનુક્રમે હોય છે. પ્રત્યેક દૃષ્ટિના વર્ણન વખતે યોગનાં તે તે અંગો, પ્રતિબંધક દોષો અને સાધક ગુણોનું વર્ણન કરાશે. અહીં સામાન્યથી તેનું સ્વરૂપ નીચે જણાવ્યા મુજબ જાણવું.

અહિંસાદિ પાંચ યમ છે. શૌચ સંતોષ તપ સ્વાધ્યાય અને ઈશ્વરનું ધ્યાન : આ પાંચ નિયમ છે. સુખકારક સ્થિર પદ્માસનાદિ, આસન છે. શ્વાસપ્રશ્વાસની સ્વાભાવિક ગતિનો અભાવ, પ્રાણાયામ છે. વિષયના વિકારોની સાથે ઈન્દ્રિયોનું ન જોડાવું તે, પ્રત્યાહાર છે. મનની સ્થિરતા, ધારણા છે. ધ્યાન, ચિત્તની એક વિષયમાં એકાગ્રતા સ્વરૂપ છે અને ધ્યેયમાં લીનતા સ્વરૂપ સમાધિ છે.

ક્રિયામાં પ્રવૃત્તિના અભાવની કારણ સ્વરૂપ શ્રાન્તતા, ખેદ છે. ક્રિયામાં સુખનો અભાવ, ઉદ્વેગ છે. પ્રવૃત્તિના વિષયથી અન્યત્ર ચિત્તનું જવું તે ક્ષેપ છે. ચિત્તની અપ્રશાંતવાહિતા, ઉત્થાન છે. ભ્રમસ્વરૂપ ભ્રાંતિ છે. પ્રવૃત્તિના વિષયથી બીજા વિષયમાં હર્ષ, અન્યમુદ્ છે. પ્રવૃત્તિનો ભંગ કે તેમાં પીડા, રુગ્ છે અને આસક્તિસ્વરૂપ આસંગ છે.

તત્ત્વ પ્રત્યે અપ્રીતિનો અભાવ, અદ્વેષ છે. તત્ત્વ જાણવાની ઈચ્છા, જિજ્ઞાસા છે. તત્ત્વશ્રવણની ઈચ્છા, શુશ્રૂષા છે. તત્ત્વ સાંભળવા સ્વરૂપ શ્રવણ છે. તત્ત્વનો અવગમ, બોધ છે. તત્ત્વની સદ્‌વિચારણાને મીમાંસા કહેવાય છે. તત્ત્વનો ભાવપૂર્વકનો નિશ્ચય પરિશુદ્ધ પ્રતિપત્તિ છે અને તત્ત્વવિષયક અનુષ્ઠાન સ્વરૂપ પ્રવૃત્તિ છે. આ આઠ પ્રકારે તત્ત્વની પ્રાપ્તિ થાય છે... ઈત્યાદિ યાદ રાખવું. ઉપર જણાવ્યા મુજબ એક યોગ(યોગાંગ) એક દોષનો પરિહાર અને એક ગુણની પ્રાપ્તિ તે તે દૃષ્ટિમાં અનુક્રમે હોય છે. ॥૨૦-૨૭॥

ઉપર જણાવ્યા મુજબ તે તે દૃષ્ટિ કોને હોય છે તે જણાવ્યું. હવે એમાં બે વિભાગને આશ્રયીને તેના આશ્રયાદિ જણાવાય છે–

**आद्याश्चतस्रः सापायपाता मिथ्यादृशामिह ।**
**तत्त्वतो निरपायाश्च, भिन्नग्रन्थेस्तथोत्तराः ।।२०-२८।।**

आद्या इति–आद्याश्चतस्रो मित्राद्या दृष्टय इह जगति मिथ्यादृशां भवति । सापायपाता दुर्गतिहेतुकर्मबलेन तन्निमित्तभावादपायसहिताः । कर्मवैचित्र्याद् भ्रंशयोगेन

सपाताश्च । न तु सपाता एव, ताभ्यस्तदुत्तरभावादिति । तथोत्तराश्चतस्रः स्थिराद्या दृष्टयो भिन्नग्रन्थेस्तत्त्वतः परमार्थतश्च निरपायाः । श्रेणिकादीनामेतदभावोपात्तकर्मसामर्थ्ये हि तस्यापायस्यापि सद्दृष्ट्यविघातेन तत्त्वतोऽनपायत्वाद्वज्रतण्डुलवत्पाकेन तदाशयस्य कायदुःखभावेऽपि विक्रियानुपपत्तेः । योगाचार्या एवात्र प्रमाणम् । तदुक्तं–"प्रतिपात-युताश्चाद्याश्चतस्रो नोत्तरास्तथा । सापाया अपि चैतास्ताः प्रतिपातेन नेतराः ।।१।।" इति ।।२०-२८।।

"પહેલી ચાર દૃષ્ટિઓ મિથ્યાદૃષ્ટિઓને હોય છે. તે અપાયસહિત અને ચાલી જવાવાળી હોય છે. ત્યાર પછીની છેલ્લી ચાર દૃષ્ટિઓ તાત્ત્વિક રીતે અપાય વિનાની ભિન્નગ્રંથિક આત્માઓને હોય છે." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે મિત્રા તારા બલા અને દીપ્રા : આ ચાર દૃષ્ટિઓ આ જગતમાં મિથ્યાદૃષ્ટિઓને હોય છે. દુર્ગતિગમનમાં કારણભૂત કર્મના બળે તેમાં(દુર્ગતિગમનમાં) નિમિત્ત બનવાથી આ ચારેય દૃષ્ટિઓ અપાયવાળી (અપાયસહિત) છે અને કર્મની વિચિત્રતાના કારણે એ દૃષ્ટિઓ જતી રહેતી હોવાથી પાતસહિત હોય છે. આ ચારેય દૃષ્ટિઓ અવશ્ય પડવાના સ્વભાવવાળી જ હોય છે એવું નથી. કારણ કે ઉત્તર ચાર દૃષ્ટિઓમાં આ ચાર દૃષ્ટિઓ પરિણમનારી હોય છે. મિત્રાદિ દૃષ્ટિઓ અવશ્ય પતન પામનારી હોય તો તે સ્થિરાદિ દૃષ્ટિઓ રૂપે ક્યારેય નહીં થાય. તેથી મિત્રાદિ ચાર દૃષ્ટિઓ સપાત જ છે એવું નથી. ક્વચિત્ કર્મની વિચિત્રતાએ તે પતન પામનારી હોવાથી સપાત પણ છે.

સ્થિરા કાંતા પ્રભા અને પરા દૃષ્ટિ તો જેમણે ગ્રંથિભેદ કર્યો છે એવા આત્માઓને જ હોય છે. તાત્ત્વિક રીતે (પરમાર્થથી) તે દૃષ્ટિઓ અપાયથી રહિત છે. સ્થિરાદૃષ્ટિને પ્રાપ્ત કર્યા પછી પણ શ્રેણિક મહારાજાદિને જે અપાય(નરકગમનાદિ) પ્રાપ્ત થયા તે, સ્થિરાદિ દૃષ્ટિઓની પ્રાપ્તિના અભાવકાળમાં ઉપાત્ત અશુભ કર્મના સામર્થ્યના કારણે થયા હતા. સ્થિરાદિ દૃષ્ટિના કારણે એ અપાય પ્રાપ્ત થયા ન હતા. આવા અપાયની વિદ્યમાનતામાં પણ તેમની સદ્દૃષ્ટિઓનો વિઘાત(નાશ) થયો ન હોવાથી વસ્તુતઃ એ અપાય અનપાય જ છે. વજ્રના ચોખા ગમે તેટલા રાંધીએ તોય તેનો પાક થતો ન હોવાથી ત્યાં જેમ વસ્તુતઃ પાક હોવા છતાં પાક નથી. તેની જેમ અહીં પણ શારીરિક દુઃખ હોવા છતાં શ્રેણિકમહારાજાદિના આશયમાં કોઇ વિકૃતિ આવી

ન હતી. અહીં આ રીતે અપાયસહિતત્વ હોવા છતાં નિરપાયત્વનું જે રીતે નિરૂપણ છે તેમાં યોગાચાર્યો જ પ્રમાણભૂત છે... ઇત્યાદિ વિચારવું જોઇએ. આ વિષયમાં યોગદષ્ટિસમુચ્ચયના શ્લોક નં.૧૯થી જણાવ્યું છે કે - "પહેલી ચાર દૃષ્ટિઓ સંભાવનાની અપેક્ષાએ પ્રતિપાતવાળી છે. તેવી છેલ્લી ચાર દૃષ્ટિઓ નથી. પ્રતિપાતને લઇને પહેલી આ ચાર દૃષ્ટિઓ જ અપાયવાળી છે. છેલ્લી ચાર દૃષ્ટિઓ પ્રતિપાતના કારણે અપાયવાળી નથી..." ઇત્યાદિ યોગદષ્ટિસમુચ્ચયથી સમજી લેવું જોઇએ. ॥૨૦-૨૮॥

ઉપર જણાવ્યા મુજબ સ્થિરાદિ દૃષ્ટિઓ પ્રતિપાતાદિથી રહિત છે તો ભવાંતરમાં ચારિત્રાદિ ફળનો અભાવ કેમ થાય છે ? કારણ કે કારણની વિદ્યમાનતામાં કાર્યનો અભાવ સંગત નથી. તેથી કાર્યના અભાવે તેના કારણભૂત દૃષ્ટિનો પણ અભાવ માનવો જોઇએ... આ શંકાનું સમાધાન કરવા માટે જણાવાય છે—

**प्रयाणभङ्गाभावेन, निशि स्वापसमः पुनः ।**
**विघातो दिव्यभवतश्चरणस्योपजायते ॥२०-२९॥**

प्रयाणेति—प्रयाणस्य कन्यकुब्जादावनवरतगमनलक्षणस्य भङ्गाभावेन निशि रात्रौ स्वापसमः पुनर्विघातः प्रतिबन्धः दिव्यभवतः स्वर्गजन्मनः सकाशाच्चरणस्य चारित्रस्योपजायते ॥२०-२९॥

"પ્રયાણના ભંગના અભાવ વડે રાત્રીએ ઊંઘવા જેવો ચારિત્રનો વિઘાત દિવ્યભવના કારણે થાય છે." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે કોઇ એક માણસે કન્યકુબ્જ વગેરે નગર તરફ અનવરતપણે પ્રયાણ કર્યું હોય ત્યારે રાત પડવાથી કોઇ સ્થાને ઊંઘી જાય છે. છતાં એના પ્રયાણનો ભંગ થયો છે - એમ જેમ મનાતું નથી તેમ અહીં પણ રાત્રીના શયનની જેમ દેવભવના કારણે (અર્થાત્ તાદશ પ્રતિબંધકના કારણે) ચારિત્રનો વિઘાત થાય છે. દૃષ્ટાંતમાં જેમ રાત્રી વીત્યા પછી સવારે પ્રયાણ શરૂ થાય છે તેમ અહીં પણ દિવ્યભવ પૂરો થયા બાદ ચારિત્રનો યોગ થઇ જાય છે. આથી સમજી શકાશે કે દૃષ્ટિના અભાવે ચારિત્રનો અહીં વિઘાત નથી પરંતુ દિવ્યભવાદિના કારણે છે. તેથી દૃષ્ટિનો અપ્રતિપાત સંગત જ છે. ॥૨૦-૨૯॥

ઉપર જણાવેલા દૃષ્ટાંતને પ્રસ્તુત અર્થમાં ઘટાવાય છે–

**तादृश्यौदयिके भावे, विलीने योगिनां पुनः ।**
**जाग्रन्निरन्तरगतिप्राया योगप्रवृत्तयः ॥२०-३०॥**

तादृशीति–तादृशि स्वर्गगतिनिबन्धने सरागचारित्रदशावति (दशाभाविनि) औदयिके भावे प्रशस्तरागादिरूपे विलीने पुनर्योगिनां जाग्रतो या निरन्तरा गतयस्तत्प्राया योगिनां प्रवृत्तयो भवन्ति । अक्षेपेणैव मोक्षपुरप्राप्त्युपपत्तेस्तथाविधकर्मरूपश्रमाभावेन तदपनयनार्थस्वापसमस्वभावेनाविलम्बादिति भावः ॥२०-३०॥

"તેવા પ્રકારનો ઔદયિકભાવ વિલીન થયે છતે જાગતા માણસની નિરંતર ગતિ જેવી યોગની પ્રવૃત્તિઓ થાય છે." - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે દેવગતિનું કારણ ઔદયિકભાવવિશેષ છે. સરાગચારિત્રવાન આત્મામાં પ્રશસ્તરાગાદિસ્વરૂપ જે ભાવ છે તે ઔદયિકભાવના કારણે દેવગતિ પ્રાપ્ત થાય છે. આવા પ્રકારનો ઔદયિકભાવ જ્યારે વિલીન થાય છે ત્યારે યોગીઓની યોગપ્રવૃત્તિઓ શરૂ થાય છે. જાગતા માણસની અવિરતપણે થનારી પ્રવૃત્તિઓ જેવી એ પ્રવૃત્તિઓ છે. એવી પ્રવૃત્તિથી યોગીઓને વિના વિલંબે મોક્ષની પ્રાપ્તિ થાય છે. રસ્તે જતા થાક લાગવાથી રાત્રે ઊંઘીને થાક - શ્રમ દૂર કરી સવારે પ્રયાણ કરનાર માણસને જેમ પોતાના ઈષ્ટ સ્થાનની પ્રાપ્તિ વિલંબ વિના થાય છે તેમ તેવા પ્રકારના કર્મસ્વરૂપ શ્રમના અભાવથી કે જે શ્રમને દૂર કરવા માટે નિદ્રાના જેવા સ્વભાવરૂપ છે, તેનાથી મોક્ષપ્રાપ્તિમાં વિલંબ થતો નથી. જે કાર્ય જેટલા કાળે થવાનું હોય તેટલા કાળે તે કાર્ય થાય તો તે વિના વિલંબે જ થયું છે - એ સમજી શકાય છે. કાર્યની ઉત્પત્તિમાં જે જે અવરોધ છે તે તે અવરોધને દૂર કરવાનું, કાર્યસિદ્ધિનું જ અંગ છે. તેથી તત્પ્રયુક્ત વિલંબ વસ્તુતઃ વિલંબ નથી... ઈત્યાદિ વિચારવું જોઈએ. ॥૨૦-૩૦॥

પહેલી ચાર દૃષ્ટિઓ મિથ્યાદૃષ્ટિઓને હોય છે - તે જણાવ્યું. હવે મિથ્યાત્વની કેવી અવસ્થામાં હોય છે - તે જણાવાય છે. કારણ કે મિથ્યાત્વની અવસ્થા તો અનાદિની છે–

**मिथ्यात्वे मन्दतां प्राप्ते, मित्राद्या अपि दृष्टयः ।**
**मार्गाभिमुखभावेन, कुर्वते मोक्षयोजनम् ॥२०-३१॥**

मिथ्यात्व इति–मिथ्यात्वे मिथ्यात्वमोहनीये कर्मणि मन्दतां प्राप्तेऽपुनर्वन्धकत्वादिभावेन । मित्राद्या अपि दृष्टयश्चतस्रः । किं पुनः स्थिराद्या इत्यप्यर्थः । मार्गाभिमुखभावेन मार्गसाम्मुख्येन द्रव्ययोगतया मोक्षयोजनं कुर्वते । चरमावर्तभावित्वेन समुचितयोग्यतासिद्धेः ॥२०-३१॥

કહેવાનો આશય એ છે કે જીવમાત્રની મિથ્યાત્વની અવસ્થા અનાદિકાળની હોવાથી મિત્રાદિ ચાર દૃષ્ટિઓ ત્યારની કેવી અવસ્થામાં પ્રાપ્ત થાય છે : આવી શંકા સહજ છે. યોગની દૃષ્ટિઓ મોક્ષની સાથે આત્માને જોડી આપે છે તેથી જ તેને યોગની દૃષ્ટિઓ પણ કહેવાય છે. પરંતુ મિથ્યાત્વકાળે પ્રાપ્ત થનારી પ્રથમ ચાર દૃષ્ટિઓ મિથ્યાત્વના કાળમાં આત્માને મોક્ષની સાથે કઇ રીતે જોડે... આ શંકા પણ ઉદ્ભવી શકે છે. તેના સમાધાનને જણાવવા આ એકત્રીસમો શ્લોક છે.

તેનો અર્થ એ છે કે - "મિથ્યાત્વ મંદ થયે છતે મિત્રાદિ ચાર દૃષ્ટિઓ પણ આત્માને માર્ગાભિમુખ ભાવ દ્વારા મોક્ષની સાથે જોડી આપે." એનું તાત્પર્ય સ્પષ્ટ છે કે અપુનર્બંધકાદિ દશાને પામવાથી મિથ્યાત્વમોહનીયકર્મ મંદતાને પ્રાપ્ત થયે છતે મિત્રા તારા બલા અને દીપ્રા : આ ચાર દૃષ્ટિઓ પણ જીવને; માર્ગને અભિમુખ કરવા દ્વારા મોક્ષની સાથે જોડી આપે છે. સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ જ આત્માને મોક્ષની સાથે જોડી આપે છે એવું નથી. સ્થિરાદિ દૃષ્ટિઓ આત્માને મોક્ષની સાથે જોડી આપે જ. પણ આ રીતે મિત્રાદિ ચાર દૃષ્ટિઓ પણ દ્રવ્યયોગસ્વરૂપે (ભાવના કારણ સ્વરૂપે) આત્માને મોક્ષની સાથે જોડી આપે છે. ચરમાવર્ત્તકાળમાં મિત્રાદિ દૃષ્ટિઓની પ્રાપ્તિ થતી હોવાથી યોગને ઉચિત એવી યોગ્યતાની સિદ્ધિ થાય છે... ઇત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ॥૨૦-૩૧॥

મિથ્યાત્વની મંદતાને લઇને મિત્રાદિ દૃષ્ટિઓ મોક્ષનું કારણ બને છે - એમાં સૂત્રાનુસારિતા જણાવાય છે–

**प्रकृत्या भद्रकः शान्तो, विनीतो मृदुरुत्तमः ।**
**सूत्रे मिथ्यादृगप्युक्तः, परमानन्दभागतः ॥२०-३२॥**

प्रकृत्येति–अत उक्तहेतोः सूत्रे जिनप्रवचने प्रकृत्या निसर्गेण । भद्रको निरुपमकल्याणमूर्तिः । शान्तः क्रोधविकाररहितः । विनीतोऽनुद्धतप्रकृतिः । मृदुर्निर्द-

म्भः । उत्तमः सन्तोषसुखप्रधानः । मिथ्यादृगपि परमानन्दभाक् निरतिशययोगसुखभाजनमुक्तः शिवराजर्षिवदिति ॥२०-३२॥

"મિથ્યાત્વની મંદતાને કારણે મિત્રાદિ ચાર દૃષ્ટિઓ પણ આત્માને મોક્ષની સાથે જોડી આપે છે તેથી નિસર્ગથી જેઓ ભદ્રક શાંત વિનીત મૃદુ અને ઉત્તમ છે એવા મિથ્યાદૃષ્ટિ પણ પરમાનંદના ભાજન બને છે." - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનો આશય સમજી શકાય છે કે જેઓ મિથ્યાદૃષ્ટિ હોવા છતાં સ્વભાવથી જ અનુપમ કલ્યાણની મૂર્તિ સ્વરૂપ છે, ક્રોધના વિકારથી રહિત છે, વિનીત એટલે કે ઉદ્ધત સ્વભાવ વગરના છે, દંભરહિત છે અને સંતોષના સુખને જ મુખ્ય માનનારા છે; તેઓ સર્વાતિશાયી એવા મોક્ષસુખના ભાજન બને છે.

મિથ્યાત્વની મંદતામાં સ્વભાવથી જ જેઓ ઉપર જણાવ્યા મુજબ ભદ્રકતાદિ ગુણો ધરાવતા હોય તેમની યોગને ઉચિત એવી યોગ્યતા અંગે કોઈ વિવાદ નથી. પોતાનું નિરુપદ્રવ સ્વરૂપ, કષાયના વિકારનો અભાવ, નિર્દમ્ભાવસ્થા અને વાસ્તવિક સંતોષસુખનું પ્રાધાન્ય... વગેરે ગુણના જેઓ નિસર્ગથી જ સ્વામી છે; તેઓને યોગ્ય પૂ. ગુરુદેવશ્રીનો યોગ મળતાંની સાથે તેમની એ યોગ્યતા ફળની ઉત્પાદિકા બનતી હોય છે. શિવરાજ ઋષિ... વગેરે આત્માઓના જીવનનો વિચાર કરવાથી એ વાત સમજી શકાય છે. મિથ્યાત્વની અવસ્થામાં પણ અવધિજ્ઞાન (વિભંગજ્ઞાન) જેવા જ્ઞાનને પામવા સુધીની સાધના કર્યા પછી પણ તેમનું મિથ્યાત્વ ગયું ન હતું. પરંતુ શ્રી વીતરાગ પરમાત્માનો પરિચય થતાં જ તેમને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. સ્વભાવસિદ્ધ એ ગુણોથી અભિવ્યક્ત થયેલી એ યોગ્યતા આત્માને પરમાનંદનું ભાજન બનાવે છે - એ પરમાર્થ છે. એને યાદ રાખી એવી યોગ્યતાને પ્રાપ્ત કરવા દ્વારા આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા. ॥૨૦-૩૨॥

**॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां योगावतारद्वात्रिंशिका ॥**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

Tejas Printers
AHMEDABAD M. 98253 47620